(૬) મરહુમ શેઠ રૂશતમજી નાદરશાહ એદલજી દીનશાહના પુણ માટે રૂ૨૪૫૬૮ આપ્યા તેમાં મરહુમના પીતા નાદરશા દીનશાહ રૂ૧૦૦૦૦, મરહુમનાં બેહેસતનશીન માતાજી ખરશેદબાઈ તરફથી રૂ૫૦૦૦, મરહુમના વીધવા ડોસીબાઈ રૂ૧૦૦૦, મરહુમના બેન બચુબાઈ ફીરોજ તથા ડા૦ ફીરોજ ભરયા રૂ૧૦૦૦, મરહુમના ભાઈ હોરાંગ રૂ૧૦૦૦, મરહુમના ભાભી ખોરશેદબાઈ હોરાંગ નાદરશાહ રૂ૧૦૦૦, મરહુમના ભાઈ મીનોચેર રૂ૧૦૦૦, મરહુમના ભાઈ ફરદુનજી રૂ૧૦૦૦, મરહુમના ભાઈ દીનશાજી રૂ૧૦૦૦, મરહુમના ફુઈ નવાજબાઈ હોરમજી કાવશાજી રૂ૫૦૧, મરહુમના મમાઈ રતનબાઈ જમશેદજી ચીનાઈ રૂ૫૦૦, બાઈ ગુલબાઈ તથા શેઠ સોરાબજી જ. ચીનાઈ રૂ૩૦૧, બાઈ મહેરબાઈ તથા શેઠ કુંવરજી કાવશાજી ભરયા રૂ૧૦૦, બાઇ રતનબાઈ તથા શેઠ જાંગીર જ. ચીનાઈ રૂ૨૦૧, બાઇ હીરાંબાઈ તથા શેઠ હોરમજી જ. ચીનાઈ રૂ૧૦૦, બાઈ આવાબાઈ અરદેશર મારકર રૂ૨૭૫, શેઠ રતનજી જમશેદજી ચીનાઈ રૂ૩૫, શેઠ સોરાબજી ડોસાભાઈ મારકર રૂ૨૫, શેઠ પેસતનજી ડોસાભાઇ મારકર રૂ૨૫, શેઠ હોરાંગ સોરાબજી ચીનાઈ રૂ૨૫, એક જરથોસ્તી રૂ૨૫, બાઈ શીરીનબાઈ રૂશતમજી મારકર રૂ૨૦૧, શેઠ રૂસતમજી ડોસાભાઈ મારકર રૂ૧૦૧, શેઠ દોરાબજી રૂસતમજી મારકર રૂ૨૫, બાઈ સુનાબાઈ દોરાબજી મારકર રૂ૨૫, શેઠ નરીમાન રૂસતમજી મારકર રૂ૨૫, બંદેખોદા રૂ૨૫ અને બાકીના રૂપયા જુદા જુદા ખેસીઓએ ભરીયા હતા; ઉપલી રકમમાંથી રૂ૧૦૦૦ પુનાના દખમાની મરામત કરવા માટે આપ્યા હતા, જ્યારે બાકીની રકમ કરાંચી ખાતે મરહુમ શેઠ એદલજી દીનશાએ સથાપેલાં ફંડોના ટ્રસટી સાહેબોને સવાધીન કરવામાં આવશે કે તેમાંથી તેઓની મરજીમાં આવે તેવો તેનો ઉપયોગ કરે. જ્યારે મરહુમ શેઠ રૂસતમજીના પાછલી રાતના ઉઠમણા વખતે બાઈ નાલીબાઈ કેખશરૂ તથા ડા૦ કેખશરૂ ના. સપેનસરે રૂ૨૦૧ ભરયા હતા.

(૫) મરહુમ બાઇ સુનાબાઈ રૂસતમજી દમણીયાના પુણ માટે રૂ૧૩૬૮ ધરમખાતે આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૧૦૧, મરહુમના ધણી રૂસતમજી રૂ૫૦૧, મરહુમના બેટા ફરામરોજ રૂ૧૦૧, મરહુમના સસરા મરહુમ શેઠ ફકીરજી મા. દમણીયા તેમજ મરહુમના સાસુજી મોતીબાઇની પુંજીમાંથી રૂ૧૦૧, શેઠ નવરોજજી ફકીરજી દમણીયા તથા બાઇ નાજાંમાય ન. દમણીયા રૂ૧૦૧, મરહુમ શેઠ ફકીરજી કાવશાજી બીલપુડીવાળા તથા બાઈ ધનબાઈજી ફ. બીલપુડીવાળા રૂ૫૧, શેઠ પેસતનજી માણેકજી દમણીયા તથા કુટુંબ રૂ૩૧, મરહુમ શેઠ ભીખાજી મા. દમણીયાનાં ધણીયાણી દીનબાઈ તથા છોકરા માણેકજી અને છોકરાંઓ રૂ૩૧, બાઈ પીરોજબાઈ ફકીરજી દમણીયા રૂ૨૫, શેઠ જાંગીરજી રૂસતમજી દારૂવાલા રૂ૫૧ અને બાકીના રૂપયા જુદા જુદા ખેસીઓએ ભરીયા હતા. એ રૂ૧૩૬૮ નીચલા ફંડોમાં આપયા હતા:—પારસી જનરલ હાસપીટાલમાં રૂ૮૦૦, હમાબાઇ પીટીટ પારસી ગરલસ આરફનેજમાં રૂ૧૦૦, ગરીબ જરથોસતીઓનાં જમન ફંડમાં રૂ૧૦૦, મુંબઇનાં રવાનોને અવલમંજલ પુગાડવાનાં ફંડમાં રૂ૫૧, મોરાઉરનની અગીયારીનાં ફંડમાં રૂ૪૫, ગરીબ જરથોસતીઓનાં આંધળાં લુલાની ધરમશાળાનાં ફંડમાં રૂ૨૫, નવસારીનાં અવલમંજલ પુગાડવાના ફંડમાં રૂ૨૫, નવસારીનાં ગરીબ જરથોસતીઓને મદદ કરવાના ફંડમાં રૂ૨૫, અંજુમનનાં આતશબેરામનાં મુકતાદ ફંડમાં રૂ૨૫, સેંટ જોન એમબયુલંસ પારસી લેડીઝ નરશીંગ ડીવીઝનને રૂ૨૫ અને બાકીના રૂપયા જુદા જુદા ફંડોમાં આપયા હતા.

(ન) મરહુમ શેઠ ફરામજી હીરાજી વાનીઆના પુણ માટે રૂ૧૩૬૭ ધરમ ખાતે આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૧૦૧, મરહુમનાં ધણીઆણી માણેકબાઈ રૂ૧૦૧, મરહુમનાં દીકરા હીરાજી અને વહુ આઇમાએ અને છોકરાંઓ રૂ૭૫, મરહુમનાં દીકરા બમનજી અને વહુ મેહેરબાઈ અને છોકરાંઓ રૂ૭૫, મરહુમનાં બેહેસતી ભાઈ દાદાભાઈના બેટાઓ અને વહુઓ રૂ૧૦૧, શેઠ માણેકજી પાલનજીની કં. રૂ૫૦૧, શેઠ માણેકજી અને સાળી ડોસીબાઇ માણેકજી વલાટી રૂ૭૫, શેઠ માણેકજીનાં બેટાઓ અને બેટીઓ રૂ૪૫, શેઠ બેહેરામજી નવરોજજી કરનજીઆ રૂ૫૧, શેઠ સોરાબજી શાહુના અને ધણીઆણી દીનબાઈ રૂ૫૧, બાઇ ગુલબાઈ માણેકજી ડાકટર રૂ૨૫ અને બાકીના રૂપયા જુદા જુદા ખસીઓએ ભરીયા હતા; એ રૂ૧૩૬૭ નીચલા ફંડોમાં આપયા છે:—ડા૦ બહાદુરજીની શેનેટરીયમમાં દવાદારૂનાં ફંડમાં રૂ૧૦૧, પુનાના દખમાની આગળ બગીચો કરવાના ફંડમાં રૂ૧૦૧, ઝોરાસ્ત્રીયન બીલડીંગ ફંડમાં રૂ૫૦, ડા૦ દાજી હસતકનાં પારસી બેકારી ફંડમાં રૂ૫૦, ઈંડસ્ત્રીયલ ઈનસ્ટીટયુટ ફંડમાં રૂ૨૫, હુનર ઉદયોગ ફંડમાં રૂ૨૫, કેળવણી ફંડમાં રૂ૨૫ અને ચેરીટી ઓરગેનીઝેશન ફંડમાં રૂ૨૫, ડા૦ માસીનાની હાસપીટલમાં રૂ૫૦, ડા૦ પારેખની હાસપીટલમાં રૂ૫૧, ડા૦ કેરાંવાળાની હાસપીટલમાં રૂ૫૧, પારસી જનરલ હાસપીટલમાં રૂ૫૧, બાઇ શીરીનબાઈ કામાના વાંદરાના કોનવેલેસંટ હોમમાં રૂ૨૫, સર જમશેદજી જીજીભાઈ સ્કુલના ભોજન ફંડમાં રૂ૨૫, શેઠ ગાનજીની અગીઆરીમાં હોલ બાંધવાનાં ફંડમાં રૂ૫૦૧, નવસારી ખાતે કકલીઆ કુટુંબનાં ગહમબાર ફંડમાં રૂ૧૦૦ ની વોર લોન વ્યાજ વાપરવા, સેવાસદન ફંડમાં રૂ૨૫ અને બાકીના રૂપયા પરચુટણ ફંડોમાં આપ્યા હતા.

(૫) મરહુમ શેઠ કાવસજી પેસતનજી હકીમજીના પુણ માટે રૂ૧૬૪૩૫ આપયા, તેમાં મરનારની પુંજીમાંથી રૂ૧૦૦૦ની લોન ટકા ૩॥ ની, મરનારના મરહુમ પીતાજી પેસતનજી ર. હકીમજીના ધરમ ખાતાંમાંથી રૂ૭૦૦ ની લોન ટકા ૩॥ ની, મરનારના મરહુમ માતાજી સુનાબાઈની પુંજીમાંથી બહેન ધનબાઇજી પે. હકીમજી તરફથી રૂ૩૦૦૦ ની લોન ટકા ૩॥ ની આપી કે એનું વ્યાજ દવીએર ગામમાં દરેક મહીનાના પહેલા ગહમબારની નયાત કરવા વાપરવું, મરનારનાં બેહેન ધનબાઈજી પે. હકીમજીએ રૂ૧૦૦૦૦ની લોન ટકા ૩॥ ની આપી કે એનું વ્યાજ મરહુમ બાઇ કાવસજીની નઇપતે શંકેર ગામની અગીયારીમાં સુખડ, કાથી દીવો તથા નીભાવ વગેરેને માટે વાપરવું, મરનારના ભાઈ તથા પાલક દીકરા મેરવાનજી પે. હકીમજીએ રૂ૫૮૦ ની લોન ટકા ૩॥ ની, મરનારનાં ભોજાઈ મહેરબાઈ મેરવાનજી હકીમજીએ રૂ૩૦૦ ની લોન ટકા ૩॥ ની, મરનારનાં ભત્રીજીઓ જરબાનુ, દીનબાનુ, તથા સુનામાય મેરવાનજી હકીમજીએ રૂ૨૦૦ની લોન ટકા ૩॥ ની, મરનારના બહેન શીરીનબાઈ અરદેશર કલીઆણીવાળા રૂ૨૦૦, શેઠ અરદેશર શાપરજી કલીઆણીવાળા રૂ૧૦૦, બાઈ તેહમીના બહમનશાહ સીધવા રૂ૫૦, શેઠ સોરાબજી અરદેશર કલીઆણીવાળા રૂ૫૦, મરનારના ભાઇ હોરમસજી પે. હકીમજીએ રૂ૨૫ દાદીશેઠના આતશબેહેરામના ગહમબારના ફંડમાં, બાઈ જરબાઇ હોરમસજી હકીમજીએ રૂ૨૫

બનાજીના આતશબેહેરામના ગહમબારના ફંડમાં, શેઠ બેહેરામ મેરવાન ઈરાની રૂ૧૦૧, મરનારના ભાઇ નશરવાનજી પે. હકીમજી રૂ૫૧, શેઠ જમનશાહ હોરમજી સીધવા રૂ૨૫ અને બાકીના રૂપયા જુદા જુદા ખેસીઓએ આપયા હતા.

(ફ) મરહુમ શેઠ શાપુરજી અરદેશર ગજ્જરના પુણ માટે રૂ૨૨૮૧ ધરમ ખાતે આપયા તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦, મરહુમના ધણીઆણી રતનબાઇ રૂ૧૦૦, મરહુમના દીકરા જાંગીરજી તથા બાઈ માણેકબાઈ જાં. ગજ્જર રૂ૫૦૦, મરહુમના દીકરા શાવકશાહ તથા બાઈ ધનબાઈજી રૂ૫૦, મરહુમના દીકરા બેહેસતનશીન અરદેશરની પુંજીમાંથી રૂ૫૦૦, મરહુમના દીકરા જાંગીરજીના છોકરાંઓ શીરીનબાઇ, ફરામરોજ પેસતનજી તથા જાલેજર રૂ૫૦૦, મરહુમના દીકરા જાંગીરજીના જમાઇ ડા૦ કેખશરૂ સો. પટેલ તથા બાઈ શીરીનબાઈ કે. પટેલ રૂ૨૫, મરહુમના દીકરા જાંગીરજીના વેવાઇ સોરાબજી દાદાભાઈ પટેલ તથા વેવાણ ડોસીબાઇ રૂ૫૧ અને બાકીના રૂપયા જુદા જુદા ખેરીઓએ ભરીયા હતા: એ રૂ૨૨૮૧ નીચલા ફંડમાં આપયા છે:—ખેરગામના જેનરલ ફંડમાં વયાજ વાપરવા રૂ૧૦૦૦, બ. ડી. પીટીટ પારસી જેનરલ હાસપીટાલના એનડાઉમેંટ ફંડમાં રૂ૫૦૦, રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં રૂ૧૫૧, આંધલા, લુલાના ફંડમાં રૂ૧૦૦, ઝોરાસ્ત્રીયન બીલડીંગ ફંડમાં રૂ૧૦૦, સર જ. જી. સકુલમાં રૂ૧૦૦, જમશેદજી પીટીટ આરફનેજમાં રૂ૧૦૦, આવાબાઈ પીટીટ આરફનેજમાં રૂ૧૦૦, જામે જમશેદના ગરીબોના ફંડમાં રૂ૫૦, બાઈ શીરીનબાઈ કામાના કોનવેલેસંટ હોમમાં રૂ૫૦ અને નરીસાલારના ફંડમાં રૂ૩૦.

(બ) મરહુમ બાઇ પીરોજબાઇ દારાશા મંચેરજી કાપડીઆનાં પુણ માટે રૂ૫૧૯૧ આપયા, તેમાં બાઇ પીરોજબાઈની પુંજીમાંથી રૂ૫૦૦, મરહુમના ધણી દારાશા રૂ૧૦૦૦, મરહુમના દીકરાઓ સોરાબજી તથા મંચેરજી અને વહુઓ તેહમીના સોરાબજી તથા તેહમીના મંચેરજી રૂ૫૦૦, મરહુમના ભાઈ સોરાબશા હોરમસજી દાંતરા તથા ભોજાઇ કુંવરબાઈ સોરાબશા તથા છોકરાંઓ રૂ૮૦૦, મરહુમના ભત્રીજા રુસ્તમ સો. દાંતરા રૂ૨૦૦, મરહુમના ભાઈ ધનજીશા હો. દાંતરા રૂ૭૦૦, મરહુમના ભાઈ અરદેશર હો. દાંતરા તથા ભોજાઈ પીરોજબાઈ તથા છોકરાઓ રૂ૭૦૦, મરહુમના દેર કાવસજી મં. કાપડીયા રૂ૧૦૧, મરહુમના દેરાણી ધનબાઈજી કા. કાપડીયા રૂ૫૧, મરહુમના દેર ખરશેદજી મં. કાપડીયા રૂ૫૧, અને મરહુમના દેર ધનજીશાહ મં. કાપડીયા રૂ૨૫ મલી રૂ૪૬૨૮ ભરૂચની પારસી પંચાયતને આપ્યા કે એનું શું કરવું તે હવે પછી જણાવવામાં આવશે. આ રકમમાંથી ભરૂચના જમશેદ બાગમાં ઉતારૂઓ સાર પીવાના પાણી માટે એક ટાંકુ બાંધવાનો વીચાર રાખવામાં આવયો છે. મરહુમના ધણી દારાશાહે રૂ૫૧ અંકલેશ્વરના પારસી પંચાતના ફંડમાં, શેઠ ખરશેદજી જ. ભરૂચાએ રૂ૨૫ ભરૂચની હુમાવાળાની અગીઆરીના ફંડમાં, મરહુમના વેવાઈ કાવસજી રતનજી આરટીનનાએ રૂ૨૫, ભરૂચના કોટના કાંઠા ઉપરની અગીઆરીના ફંડમાં, મરહુમના ભાણેજ બમનજી તથા એદલજી તથા નશરવાનજીએ રૂ૨૫ ભરૂચના રૂવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં, શેઠ મનચેરશા સોરાબજી વખારીઆએ રૂ૨૫ બે ફંડોમાં, મરહુમ શેઠ જમશેદજી નરીમાનજી કાપડીઆ તરફથી રૂ૨૫ ત્રણ ફંડોમાં અને બાકીના રૂપયા જુદા જુદા ખેસીઓએ પરચુટણ ફંડોમાં આપયા હતા.

(ભ) મરહુમ શેઠ પેસતનજી દોરાબજી દાદાચાનજીના પુણ માટે રૂ૧૨૦૧ ધરમખાતે આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૬૦૦, મરહુમના ધણીઆણી ધનબાઈજી રૂ૧૦૦, મરહુમના છોકરાઓ દીનશાજી, ફીરોજશાહ, જમશેદજી અને નસરવાનજી રૂ૩૦૦, મરહુમના કાકાનાં દીકરા ખા૦ બા૦ ડાકટર પાલનજી તથા કાકાની દીકરી ભીખાઇજી પા. દાદાચાનજી તથા તેવણના છોકરાંઓ રૂ૧૨૫ અને બાકીના રૂપયા જુદા જુદા ખેસીઓએ ભરીયા હતા; એ રૂ૧૨૦૧ નીચલા ફંડોમાં આપયા હતા:—નવસારીના મીનોચેર હોમજીની દરેમેહેરનાં નીભાવ ફંડમાં રૂ૧૨૫, એ દરેહમેહેરના સવાબ ખાતાંનાં ફંડમાં રૂ૧૨૫, એ દરેહમેહરના મુકતાદનાં ફંડમાં રૂ૧૨૫, પુણાની બઝમે રોજે બેહેરામમાં રૂ૨૦૦, નવસારીનાં રવાનોને અવલમંજલ પોહોંચાડવાનાં ફંડમાં રૂ૫૦, મુંબઈનાં રવાનોને અવલમંજલ પોહોચાડવાના ફંડમા રૂ૫૦, નવસારીના દોરાબજી નાનાભાઈ મેહેતા સુવાવડખાનામાં રૂ૩૦, નવસારીની ર. ફ. દાબુ પારસી જનરલ હાસ્પીટલમાં રૂ૩૦, મુંબઈની બ. દો. પીટીટ પારસી જનરલ હાસ્પીટલમાં રૂ૩૦, ડા૦ માસીનાની હાસપીટલમાં રૂ૩૦, ચાર સાપનાં ગંબારનાં ફંડમાં રૂ૩૦ અને બાકીના રૂપયા પરચુટણ ફંડોમાં આપયા હતા.

(મ) મરહુમ ખાન સાહેબ પાલણજી રતનજી પટેલનાં પુણ માટે રૂ૧૦૦૫ આપ્યા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૩૫૧, મરહુમનાં ધણીયાણી બાનુંબાઇ રૂ૧૫૧, મરહુમના દીકરા સોરાબ રૂ૫૧, મરહુમના દીકરા નોશીરવાન રૂ૧૦૧, મરહુમના દીકરા કએકોબાદ રૂ૧૦૧, મરહુમના દીકરા બેહરામ રૂ૧૦૧, મરહુમના દીકરી રોશનક રૂ૧૦૧ અને બાકીના રૂપ્યા ખેશીઓએ ભરાયા હતા. એ રૂપ્યા કયા આપવા તે હવે પછી જણાવવામાં આવશે.

(ય) મરહુમ બાઇ દીનબાઈ જાંહગીરજી બેગાના પુણ માટે રૂ૩૩૨૦ ની રકમ તેમના ખેશીઓએ ભરી હતી, જે નીચલા ફંડોમાં આપી છે:—ઉરણની અગયારીનાં નીભાવ ફંડમાં રૂ૨૫૪, સુરતની ઓરફનેજમાં રૂ૧૦૦૦ ની લોન આપી કે તેનું વયાજ મરહુમની દર વરસની બાજ કરી છોકરાઓને જમાડવાંમાં લેવું, દીવાના ગરીબ પારસીઓના ફંડમા રૂ૧૦૦૦ વ્યાજ વાપરવા, મુંબઈના જરથોસતીઓનાં અવલમંજલના ફંડમાં રૂ૧૦૦૦ અને જામે જમશેદના ગરીબ જરથોસતીઓને મદદ કરવાના ફંડમાં રૂ૬૬.

(ર) મરહુમ બાઈ કુંવરબાઈ પેસતનજી બોઈસના પુણ માટે રૂ૨૧૧૨ આપ્યા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦, મરહુમના વહુ તેહમીના તથા છોકરાઓ રૂ૧૦૦૦, શેઠ રુસતમજી તથા નરારવાનજી નાનાભાઈ બાઇસ રૂ૫૦૦, [illegible] શીરીનબાઈ પેસતનજી બોઇસ તથા છોકરાઓ રૂ૧૦૦, મરહુમ શેઠ જમશેદજી એદલજી બાઈસના છોકરાઓ રૂ૫૦, [illegible] તથા શેઠ અરદેશર સાગરજી કલ્યાણીવાળા રૂ૧૦૦, બાઈ મનીજેહ પેસતનજી બાઈસ રૂ૨૫, બાઈ ખોર[illegible] સતારાવાળા રૂ૨૫, મરહુમના ભત્રીજાના એક બેટી રૂ૨૫, મરહુમ બાઈ હીરાબાઇના છોકરાઓ રૂ૨૫, શેઠ નાનાભાઈ ફ. બાઈસની પુંજીમાંથી રૂ૫૧, શેઠ ખરશેદજી કાવસજી મોદી રૂ૨૫, શેઠ એદલજી દાદાભાઈ નાનજીના છોકરાંઓ દાદીબા, રતનજી તથા નાદરશાહ રૂ૨૫, ડા૦ રતનશાહ દીનશાજી દલાલ રૂ૨૫, શેઠ પીરોજશાહ માણેકજી ઝવેરી રૂ૨૫ અને બાકીના રૂપયાજુદા જુદા ખેસીઓએ ભરીયા હતા.

(૯) મરહુમ બાઈ મેહેરબાઈ હોરમજી આલબલેશના પુણ્ય માટે રૂ૩૭૬૦૦ આપ્યા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦૦, મરહુમના ધણી હોરમસજી રૂ૧૦૦૦૦, મરહુમની દીકરી મોતીબાઈ ફરદુનજી ધ. આલબલેશ રૂ૪૦૦૦, મરહુમની દીકરી શીરીનબાઈ હી. આલબલેશ તથા જમાઈ હીરજીભાઈ દાદાભાઈ આલબલેશ રૂ૨૦૦૦, મરહુમની દીકરી રતનબાઈ કે. મોદી તથા જમાઈ કેખશરૂ અરદેશર મોદી તથા દીકરાઓ કાવશજી અને રૂસતમજી રૂ૩૦૦૦, મરહુમની દીકરી દીનબાઈ એદલજી અ. મોદી રૂ૨૫૦૦, મરહુમની દીકરી ભીખાઈજી જ. ચીનાઈ તથા જમાઈ જમશેદજી અરદેશર ચીનાઈ તથા છોકરીઓ માણેકબાઈ, શીરીનબાઈ અને રતનબાઈ રૂ૨૫૦૦, મરહુમની દીકરી ખરશેદબાઈ હોરમશજી આલબલેશ રૂ૨૦૦૦, મરહુમના દીકરા બેજનજી તથા ધણીઆણી સુનાબાઈ તથા છોકરાંઓ ખરશેદબાઈ, રૂસતમજી, બમનજી અને એદલજી રૂ૧૫૦૦, મરહુમના દીકરા ફરામજી તથા ધણીઆણી માણેકબાઈ રૂ૧૫૦૦, બાઈ પીરોજા એદલજી મોદી રૂ૨૦૦૦, શેઠ કાવશા બેજનજી આલબલેસ રૂ૧૦૦, બાઈ ધનમાય હોરમસજી દાદીશેઠ તથા જમાઈ ડા૦ હોમી જાંગીરજી દાદીશેઠ રૂ૧૦૦, બાઈ મીઠીબાઈ બેજનજી આલબલેશ રૂ૧૦૦, શેઠ જમશેદજી બેજનજી આલબલેશ રૂ૧૦૦, બાઈ હીરાંબાઈ બમનજી આલબલેશ રૂ૫૧, શેઠ બમનજી હીરજીભાઈ આલબલેશ રૂ૫૧, શેઠ જમશેદજી હીરજીભાઈ આલબલેશ રૂ૫૧, બાઈ ખરશેદબાઈ કેખશરૂ મોદી રૂ૫૧, મરહુમ શેઠ ડોસાભાઈ દાદાભાઈ આલબલેશ અને ધણીઆણી દીનબાઈ અને છોકરાઓ એદલજી અને દાદાભાઈએ રૂ૧૫૦ ધ. એ. આલબલેશનાં દવાખાનામાં, શેઠ બમનજી ડોસાભાઈ આલબલેશ રૂ૫૧, બાઈ કુંવરબાઈ અરદેશર ચીનાઈ રૂ૨૫, બાઈ પીરોજબાઈ હોરમજી દાદીશેઠ રૂ૨૫, બાઈ રતનબાઈ જમશેદજી મોદી રૂ૨૫, શેઠ અરદેશર હોરમજી મામા તથા ધણીઆણી દીનબાઈ તથા છોકરાંઓએ રૂ૫૧ ડા૦ માશીનાની હાસપીટલમાં, શેઠ પીરોશા હોરમજી મામા તથા ધણીઆણી જરબાઈ રૂ૩૫, શેઠ બાપુજી અરદેશર ચીનાઈ રૂ૫૧, બાઈ મેહેરબાંઈ બરજોરજી દારૂખાનાવાળા રૂ૨૫, શેઠ નશરવાનજી ભીખાજી પટેલ રૂ૫૧, બાઈ દીનબાઈ નશરવાનજી મોદી રૂ૨૫, બાઈ ગુલબાઈ તથા શેઠ હોરમસજી પે. મામાની પુંજીમાંથી દીકરી રતનબાઈએ રૂ૭૫ પરચુટણ ફંડોમાં, મરહુમના બહેન પીરોજબાઈ તથા બનેવી મેરવાનજી એદલજી ચીનાઈની પુંજીમાંથી રૂ૫૧ સર જમશેદજી જીજીભાઈ સકુલના ભોજન ફંડમાં, શેઠ પીરોજશાહ મેરવાનજી ચીનાઈ તથા ધણીઆણી રતનબાઈએ રૂ૫૧ પરચુટણ ફંડોમાં, શેઠ રૂસતમજી ભીખાજી મામા તથા ધણીઆણી મેરબાઈએ રૂ૨૫ સર જમશેદજી જીજીભાઈ સકુલના ભોજન ફંડમાં, શેઠ જાંગીરજી મેરવાનજી ચીનાઈ તથા ધણીઆણી આઈમાયએ રૂ૨૫ પરચુટણ ફંડોમાં, બાઈ શીરીનબાઈ તથા ખાવીંદ ફરદુનજી એદલજી વાહાડીયાએ રૂ૨૫ પરચુટણ ફંડોમાં, શેઠ અરદેશર નશરવાનજી મોદી તથા ધણીઆણી રતનબાઈ રૂ૨૦૦ અને બાકીના રૂપીઆ ખેસીઓએ પરચુટણ ફંડોમાં આપ્યા હતા.

(૧) મરહુમ બાઈ ગુલબાઈ ધનજીશાહ અંકલેશ્વરીઆના પુણ્ય માટે રૂ૩૧૫૪ આપયા તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦, મરહુમના ધણી ધનજીશા રૂ૧૧૦૦, શેઠ માણેકશા ધ. અંકલેસ્વરીયા રૂ૨૫૦, શેઠ જાહાંગીરજી ધ. અંકલેસ્વરીયા રૂ૧૦૦, શેઠ રૂસતમજી ધ. અંકલેસ્વરીયા રૂ૫૦, શેઠ એદલજી ધ. અંકલેસ્વરીયા રૂ૫૦, બાઈ ખરશેદબાઈ ધ. અંકલેસ્વરીયા રૂ૫૦, બાઈ તેહમીના ધ. આંકલેસ્વરીયા રૂ૫૦, બાઈ જરબાનું ધ. અંકલેસ્વરીયા રૂ૫૦, બાઈ સીરીનબાઈ ધ. અંકલેસ્વરીયા રૂ૫૦, શેઠ સેહરીબાઈ એ. અંકલેસ્વરીયા રૂ૨૫, શેઠ સોરાબજી એ. અંકલેસ્વરીયા રૂ૨૫, શેઠ મોટાજી એ. અંકલેસ્વરીયા રૂ૨૫, બાઈ કુંવરબાઈ ના. શેઠના રૂ૫૧, બાઈ આલીબાઈ અ. વાડીયા રૂ૧૦૧, શેઠ અરદેશર ડો. વાડીયા રૂ૧૦૧, બાઈ જરબાનું વાડીયા રૂ૨૫, બાઈ પીરોજબાઈ અ. વાડીયા રૂ૨૫, બાઈ મોટીબાઈ ડો. વાડીયા રૂ૨૫, શેઠ ફરદુનજી ડો. વાડીયા રૂ૨૫, શેઠ ફરામરોજ ડો. વાડીયા રૂ૨૫, બાઈ આયમાય શા. ડુંગાજી રૂ૨૫, બાઈ ધનબાઈ ખ. ડુંગાજી રૂ૨૫, બાઈ આવાબાઈ ખ. ડુંગાજી રૂ૨૫, શેઠ હોરમસજી માણેકજી સોંગનપોરીયા રૂ૨૫, શેઠ કાવસજી અ. અંકલેસ્વરીયા રૂ૨૫, શેઠ જમશેદજી ન. જીતવાલા રૂ૨૫ અને બાકીના રૂપયા જુદા જુદા ખેસીઓએ ભરીયા હતા.

(૧૧) મરહુમ બાઈ ધનબાઈ બેહરામજી નાણાવટીના પુણ્ય માટે રૂ૨૩૦૧ આપયા, તેમાં ખા૦ બા૦ ડાકટર બેહરામજી હો. નાનાવટી રૂ૧૦૦૦, બાઈ ધનમાઈની પુંજીમાંથી રૂ૫૦૦, મરહુમના દીકરાઓ ફરેની અને બચુબાઈ રૂ૫૦૦, મરહુમના બાવા આદરજી ન. નાનાંવટી તથા માતાજી કુંવરબાઈ રૂ૫૦, મરહુમના ભાઈ સોરાબજી આ. નાનાંવટી રૂ૨૫, મરહુમના બેન મોટીબાઈ તથા દીનબાઈ તથા શીરીનબાઈ રૂ૩૫, ડા૦ ફરામજી દાદાભાઈ નાનાવટી રૂ૨૫ અને બાકીના રૂપયા જુદા જુદા ખેસીઓએ ભરીયા હતા. એ રૂપયા કયા આપવા તે હવે પછી જણાવવામાં આવશે.

(૫) બાઈ આઈમાય ફરામજી કઠોકનાં પુણ્ય માટે રૂ૬૧૫૩ ધરમખાતે આપ્યા, તેમાં મરનારના ભરથાર ફરામજી રૂ૧૦૦૦, મરહુમની પુંજીમાંથી રૂ૧૦૦૦, મરહુમના દીકરા ખરશેદજી રૂ૩૦૦, મરહુમના દીકરા મેરવાનજી રૂ૨૨૫, મરહુમના દીકરા સોરાબજી રૂ૨૨૫, મરહુમના દીકરા દાદાભાઈ રૂ૨૨૫, મરહુમના દીકરા જાલભાઈ રૂ૨૨૫, મરહુમના દીકરી ગુલબાઈ ફરામજી પુનાના ડાકટર રૂ૨૨૫, બાઈ કુંવરબાઈ સોરાબજી મરચંટ રૂ૨૨૫, બાઈ મમાઈ શાવકશાહ માલેગામવાળા રૂ૨૨૫, બાઈ બાનુબાઈ મનચેરશાહ ખ. દાદાભાઈ ખાનસાહેબ રૂ૨૨૫, વહુ રતનબાઈ ખરશેદજી કઠોક રૂ૨૨૫, બાઈ જાઈજી મેરવાનજી કઠોક રૂ૨૨૫, બાઈ ગુલબાઈ સોરાબજી કઠોક રૂ૨૨૫, બાઈ આવાંબાઈ દાદાભાઈ કઠોક રૂ૨૨૫ મલી કુલે રૂ૫૦૦૦ની લોન ટકા ૩॥ની ડા૦ માસીના હોસપીટલમાં મરનારને નામનું ખાતું પાડી એક અલાહેદું બીછાનું કરી ગરીબ દરદીઓને વાપરવા સારૂ આપયા, બાઈ મેહેરબાઈ ખરશેદજી ફ. મરચંટે રૂ૨૫ આંધળાં પાંગળાંઓના ફંડમાં, શેઠ ફરામજી જ. કઠોકે રૂ૩૭૫ તેમાંથી બે. જી. ઈનસટીટયુટના ફંડમાં રૂ૧૦૦, બ. દી. પાટીટ પારસી જનરલ હાસપીટલમાં રૂ૧૦૦, દેવલાલીના ગરીબ દરદીઓને દવા આપવાના ફંડમાં રૂ૨૫, બુશાવળના જરથોસતી છોકરાઓની નીશાળમાં રૂ૨૫, પારસી ફીવર હાસપીટલમાં રૂ૨૫, બાઈ શીરીનબાઈ કામા કોનવેલેસંટ હોમમાં રૂ૨૫, રવાનોને અવલમંજલ પુગાડવાના ફંડમાં રૂ૨૫, ઝોરાસ્ટ્રીયન બીલડીંગ ફંડમાં રૂ૨૫ અને ડુંગરવાડીપર રાતના ભણતર ચાલુ રાખવાના ફંડમાં રૂ૨૫, બાઈ ગુલબાઈ ફરામજી પુનાના ડાકટરે રૂ૫૦ લાનોલીના નસેસાલારના ફંડમાં, શેઠ ફરામજી મ. પુંજીના ડાકટરે રૂ૨૫ લાનોલીના

નસેસાલારના ફંડમાં, મરહુમ શેઠ અરદેશર હીરજીભાઈ માલેગામવાળા તથા બાઇ કુંવરબાઈ અ. માલેગામવાળાએ રૂ૨૫ દવીયેરની અગીયારીમાં, શેઠ શાવકશાહ અ. માલેગામવાળાએ રૂ૨૫ દવીયેરની અગીયારીમાં, મરહુમ બાઈ માણેકબાઈ હીરજીભાઈ વાછાએ રૂ૫૦ અને મરહુમ શેઠ હીરજીભાઈ બરજોરજી વાછાએ રૂ૫૦ મલી રૂ૧૦૦ બે. જી. ઈનસટીટયુશનના ભોજન ફંડમાં, બાઈ આવાંબાઈ જમશેદજી બાટલીવાળાએ રૂ૨૫ હમાબાઈ ફ. પીટીટની છોકરીઓની આરફનેજમાં, શેઠ અરદેશર દાદાભાઈ બાટલીવાળાએ રૂ૨૫ હ. ફ. પીટીટની છોકરીઓના આરફનેજમાં, બાઈ ધનબાઈજી કાવશજી શરાફે રૂ૨૫ કાવસજી મેરવાનજી શરાફના દેવલાલી ડા૦ બહાદુરજી સેનેટેરીયમના એનડાઉમેંટ ખાતાંમાં, બાઈ ડોસીબાઈ રૂસતમજી બાટલીબોઈએ રૂ૨૫ જશન કમીટી ફંડમાં, મરહુમ શેઠ એદલજી હોરમસજી બાટલીવાળાએ રૂ૭૫ એમાંથી ડીસાના ફંડમાં રૂ૨૫, શીરીનબાઇ કામા કોનવોલેસંટ હોમમાં રૂ૨૫ અને સંજાન જશન ફંડમાં રૂ૨૫, બાઈ નવાજબાઈ દાદાભાઈ શરાફે રૂ૫૦ પરચુટણ ફંડોમાં, શેઠ દાદાભાઈ બેહેરામજી શરાફે રૂ૨૫ પરચુટણ ફંડોમાં, બાઈ ધનબાઈજી પીરોજશાહ પાલીસવાળાએ રૂ૫૧, શેઠ પીરોજશાહ ન. પાલીસવાળાએ રૂ૨૫ અને બીજાઓએ ભરેલા રૂ૨૯ મલી રૂ૧૦૫ માંથી રૂ૧૦૦નો ઝોરાસ્ત્રીયન બીલડીંગનો શેર ૧ વયાજ વાપરવા આપેંચા અને રૂ૫ શેઠ સો. હો. રાનજીની અગીયારીના હોલ ફંડમાં.

(સ) શેઠ સોરાબજી ફરામજી ગજ્જડરના પુણ માટે રૂ૭૪૨૬ ધરમખાતે આપ્યા તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૩૦૦૦, મરહુમના દીકરા નશરવાનજી રૂ૧૫૦૦, શેઠ નશરવાનજીનાં ધણીઆણી ગુલબાઈ તથા છોકરાઓ રૂ૫૦૦, મરહુમના દીકરા જાલભાઇ, ધણીઆણી દીનબાઇ અને છોકરાઓ રૂ૨૦૦, મરહુમના દીકરા ફીરોઝશાહ તથા ધણીઆણી હીરાંબાઈ રૂ૨૦૦, મરહુમના દીકરા રૂસતમજી તથા ધણીઆણી ફરેની રૂ૨૦૦, મરહુમના દીકરા કેખશરૂ રૂ૨૦૦, મરહુમના દીકરી આઈમાએ તથા શેઠ દીનશાહજી પાલનજી મીસ્ત્રી રૂ૨૦૦, મરહુમના દીકરી દીનબાઈ તથા શેઠ બરજોરજી કા. કંત્રાકટર રૂ૨૦૧, શેઠ ફીરોઝ ખરશેદજી ગેઠના રૂ૫૦૦, શેઠ સોરાબજી ડોસાભાઈ પટેલ રૂ૨૫, મરહુમના માતાજી સુનાબાઈ ફ ગજ્જર રૂ૨૫, બાઇ બાઈઆઇજી પાલનજી હોરામેહેતા રૂ૫૧, બાઈ ધનબાઈજી રતનજી જસાવાળા રૂ૨૫, બાઈ ડોસીબાઈ કાવસજી કંત્રાકટર રૂ૫૧, શેઠ પેસતનજી અરદેશર કુપર તથા ધણીઆણી ભીખાઇજી રૂ૨૫, એક ખેશી રૂ૫૧, શેઠ દોરાબજી હોરમજી ગજ્જર રૂ૨૫, શેઠ નાદરશાહ દોરાબજી ગજ્જર રૂ૧૦૧, ચીખલી ગામની જરથોસતી અંજુમન રૂ૫૧, શેઠ અરદેશર જમશેદજી બીલીમોરીયા રૂ૩૧, શેઠ પેસતનજી સોરાબજી લાલકાકા રૂ૧૦૧ અને બાકીના રૂપ્યા જુદા જુદા ખેસીઓએ ભરીયા હતા; એ રૂ૭૪૨૬ નીચલા ફંડોમાં આપ્યા હતા:—ચીખલી ગામની શેઠો ફરામજી તથા દોરાબજી હોરમજી ગજ્જરની અગીઆરીના નીભાવ ફંડમાં રૂ૨૨૦૦, ચીખલી ગામની ગજ્જરની અગીઆરીના ત્રસ્ટીઓને રૂ૨૦૦૦ આપ્યા કે એના વયાજમાંથી મરહુમ શેઠ સોરાબજીની વરસીને દીને અગીઆરીમાં બાજ વીગેરે કીયા કરી ગામનું જમણ ધારા મુજબ કરવું, સર જમશેદજી જીજીભાઈ સકુલના ભોજન ફંડમાં રૂ૫૦૦, બેરામજી જીજીભાઈ સકુલના ભોજન ફંડમાં રૂ૫૦૦, કદમીઓના ધંબાર ફંડમાં રૂ૧૦૦, શેઠ ન. મા. પીટીટવાળા દીવાનાના ફંડમાં રૂ૧૦૦, મુંબઈના જરથોસતી રવાનોને અવલમંજલ પોહચાડવાના ફંડમાં રૂ૧૦૦, ડા૦ માસીનાની હાસપીટલમાં રૂ૧૦૦, પારસી જનરલ હાસપીટલમાં રૂ૧૦૦, ઝોરાસ્ત્રીઅન એસોસીએશનનાં ફંડમાં રૂ૨૦૦, ગરીબ જરથોસતીઓને અનાજ આપવાના ફંડમાં રૂ૧૦૦, થાણાના રવાનોને અવલમંજલ પોંહચાડવાના ફંડમાં રૂ૪૦, બાઈ હમાબાઇ પીટીટવાળી છોકરીઓની ઓરફનેજમાં રૂ૨૫, દવીએર ગામની અગીઆરીમાં રૂ૫૦, જરથોસ્તની દીશા પ્રાઈઝ ફંડમાં રૂ૨૦૦, મુંબઈના ડુંગરવાડીપર ભાગુનર કરવાના ફંડમાં રૂ૧૦૦, ઈગતપોરના જરથોસતી દખમાના ફંડમાં રૂ૫૦, કેશમીરની આરામધાહના ફંડમાં રૂ૧૦૦, દેવલાલીની ડા૦ બહાદુરજી સેનીટરીયમના દવાદારૂનાં ફંડમાં રૂ૫૦, ચાંટશેડની રાનજીની અગીઆરીના હોલ બાંધવાના ફંડમાં રૂ૩૦, નવસારીની શેઠ દા. કા. તાતા એંગલો વરનાકયુલર સકુલમાં વયાજમાંથી દર વરસે મરહુમને નામે ઇનામ અથવા સકોલરશીપ આપવા રૂ૭૦૦, ચીખલીની સકુલમાં રૂ૨૫, સોલાપુરની જરથોસતી અનજુમનની અગીઆરીના નીભાવ ફંડમાં રૂ૫૧.

(હ) મરહુમ બાઇ આઈમાય મેહેરવાનજી મુલ્લાના પુણ માટે રૂ૧૯૪૪ આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૧૦૦૧, મરહુમના બેટા ખા૦ બા૦ માનેકજી રૂ૫૦૧, મરહુમના બેટી આવાંબાઈ તથા જમાઈ રૂશતમજી નવરોજી દોરડી રૂ૧૦૧, મરહુમના બેટી જાઈજી તથા જમાઇ જમશેદજી એ. સકલાતવાળા રૂ૫૧, મરહુમના બેટી નાઈજીના છોકરાંઓ રૂ૫૧, ખા૦ સા૦ ધનજીશાહ નો. અવારયા તથા ધણીઆણી પીરોજબાઇ રૂ૫૧ અને શેઠ હોરમજી એ. બીલીમોરીયાએ રૂ૨૫ મલી રૂ૧૭૮૧ કયા આપવા તે હવે પછી જણાવવામાં આવશે. જયારે ખેશી તથા મીતરોએ ભરેલા રૂ૧૬૩ માંથી નાગપોરની દરેમેહેરમાં રૂ૮૯, ધરમશાળાના ફંડમાં રૂ૫૨, બગીચા ફંડમાં રૂ૧૭ અને હેદરાબાદના દસ્તુર બેરામજીવાલા દોખમાના ફંડમાં રૂ૫.

(ળ) મરહુમ શેઠ ખરશેદજી જીવાજી સુનાવાલાના સુરત ખાતે થયલા ઉઠમણા વખતે મરહુમની પુંજીમાંથી રૂ૧૦૦૦ ની રકમ ધરમખાતે આપી હતી.

(ક્ષ) મરહુમ ડા૦ જમશેદજી બેરામજી વીમાદલાલના નવસારી ખાતે થયલાં ઉઠમણા વખતે મરહુમના પુણ માટે લગભગ રૂ૭૦૦૦ ની રકમ ધરમખાતે આપવામાં આવી હતી જે કયા આપવી તે હવે પછી જણાવવામાં આવશે.

(જ્ઞ) મરહુમ બાઈ આવાબાઈ સોરાબજી દાંતરાના પુણ માટે રૂ૧૮૫૭ આપ્યા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૧, મરહુમના બાવા કરનલ ડા૦ સોરાબજી હો. દાંતરા તથા માતાજી કુવરબાઈ અને ભાઇઓ તથા બહેનો મલી રૂ૫૦૧, મરહુમના કાકા અરદેશર હો. દાંતરા રૂ૨૦૧, મરહુમના કાકા ડા૦ ધનજીશાહ હો. દાંતરા રૂ૨૦૧, મરહુમના ફુઈ પીરોજબાઈ દા. કાપડીઆ રૂ૧૦૧, મરહુમના ફુવા દારાશાજી મ. કાપડીઆ તથા છોકરાઓ રૂ૧૦૧, મરહુમના માસી આવાબાઈ કા. અંકલેશરીઆ રૂ૨૫, મરહુમના માસી ભીખાઈજી દી. ડુંગાજી રૂ૫૧ અને ખેસીઓએ ભરેલા રૂ૩૮ મલી રૂ૧૭૨૭ ભરૂચની પારસી પંચાયતને આપ્યા કે એ રૂપ્યાનું શું કરવું તે હવે પછી જણાવવામાં આવશે; જયારે ખેસીઓએ ભરેલા રૂ૧૩૦ ભરૂચની પારસી પંચાયતના પરચુટણ ફંડોમાં આપ્યા હતા.

(A) મરહુમ શેઠ કુવરજી સી. ભરૂચાના મઉ ખાતે થયલા ઉઠમણા વખતે મરહુમના સગાવાહલાઓ તેમજ દોસ્ત આસનાઓ વગેરે તરફથી લગભગ રૂપયા નવ હજારની રકમ આપવામાં આવી હતી જે કયા આપવી તે હવે પછી જણાવવાંમાં આવશે.

(B) મરહુમ શેઠ માણેકજી મેરવાનજી મેહેતાના પુણ માટે રૂ૧૧૩૯ ધરમખાતે આપયા, તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૧, મરહુમનાં વીધવા તથા દીકરા હોરમસજી તથા દીકરીઓ તરફથી રૂ૫૦૧, મરહુમના જમાઈ રૂસતમજી જહાબવાલા રૂ૫૧ અને બાકીના રૂપીઆ જુદા જુદા ખેસીઓએ ભરીયા હતા; ઉપલા રૂ૧૧૩૯ માંથી બ. દી. પીટીટ પારસી જનરલ હાસ્પીટલમાં રૂ૫૦૦ની નોટ આપી કે તેનું વયાજ ચાલુ ખરચમાં વાપરવું બાકીના રૂ૬૩૯ કયા આપવા તે હવે પછી જણાવવામાં આવશે.

(C) મરહુમ શેઠ દારાબશાહ પાલનજી પલમબરના પુણ માટે રૂ૪૩૦૯૩ આપયા, તેમાં મરહુમની પોતાની પુંજીમાંથી રૂ૫૦૦૧, મરહુમના બાવા પાલનજી રૂ૧૦૦૦૧, મરહુમના માતાજી મેહેરબાઈ રૂ૩૦૦૧, મરહુમના ધણીઆણી આઈમાય રૂ૩૦૦૧, મરહુમના બેટી નરગઝ રૂ૧૦૦૧, મરહુમના બેટી મેહેરબાંઈ રૂ૧૦૦૧, મરહુમના બહેન ધનમાય હોરમસજી તથા બનેવી હોરમસજી જમસેદજી બીલીમોરીઆ તથા બેટા જાલ રૂ૩૦૦૧, શેઠ જમશેદજી હોરમસજી બીલીમોરીઆ રૂ૫૧, બાઈ નવાજબાઈ જ. બીલીમોરીઆ રૂ૨૫, શેઠ અરદેસર જ. બીલીમોરયા રૂ૩૦૦૧, બાઈ સીરીનબાઈ અરદેસર બીલીમોરીઆ રૂ૧૦૦૧, શેઠ દોરાબજી અરદેસર બીલીમોરીઆ રૂ૩૦૦૧, બાઈ બાનુબાઇ દોરાબજી બીલીમોરીઆ રૂ૧૦૧, શેઠ બરજોરજી અરદેસર બીલીમોરીઆ તથા ધણીઆણી રાણીબાઈ રૂ૫૦૧, બાઈ જરબાઈ પીરોજશા સરાફ રૂ૧૦૧, શેઠ કેકી દારાસા બીલીમોરીઆ રૂ૧૦૧, શેઠ કેખસરૂ અરદેસર વકીલ તથા ધણીઆણી સેહેરબાનું રૂ૩૧, મરહુમના સસરા બહમનજી હોરમસજી ભરૂચા તથા સાસુ ધનબાઇજી તથા કુટુંબ રૂ૫૦૧, શેઠ હોરમસજી પેસ્તનજી બીલીમોરીઆ રૂ૧૦૦૧, શેઠ બરજોરજી કાવસજી પટેલ ઇછાપોરીઆ રૂ૫૦૧, શેઠ દાદીબા હોરમસજી બીલીમોરીઆ તથા ધણીઆણી ગુલબાઈ તથા કુટુંબ રૂ૫૦૧, શેઠ કાવસજી જમસેદજી બીલીમોરીઆ તથા ધણીઆણી જીલુબાઈ રૂ૧૦૧, શેઠ બહમનસા જમસેદજી બીલીમોરીઆ તથા ધણીઆણી ધનબાઇજી રૂ૫૧, શેઠ પીરોજસા જમસેદજી બીલીમોરીઆ તથા ધણીઆણી ધનબાઇ રૂ૧૦૧, શેઠ કાવસજી સો. અડાજણીઆ રૂ૧૦૧, મરહુમના માસી સાકરબાઇ નવરોજજી સંતોક રૂ૧૦૧, મરહુમના કુઈ હીરાંબાઈ સોરાબજી કુપર રૂ૧૦૧, મરહુમના કુઇના દીકરા એદલજી સો. કુપર રૂ૫૧, મરહુમના મામા ખોદાબકખસ નવરોજજી સંતોક રૂ૨૫, મરહુમના મામાના દીકરી બાનુબાઈ ખો. સંતોક રૂ૩૧, મરહુમના મામા નસરવાનજી ન. સંતોક રૂ૨૫, શેઠ કાવસજી પાલનજી ઇચ્છાપોરીઆ રૂ૨૫, શેઠ સોરાબજી જમશેદજી પેસીનઃ રૂ૫૧, શેઠ માણેકજી સાપુરજી અડાજણ્યા રૂ૩૧; શેઠ બરજોરજી પીરોજસા ભરૂચા રૂ૫૧, બાઈ પીરોજબાઈ બરજોરજી ભરૂચા રૂ૫૧, શેઠ માણેકજી બરજોરજી ભરૂચા રૂ૫૦, શેઠ સોરાબજી બરજોરજી પીરોજસા રૂ૨૫, શેઠ રૂસ્તમજી પેસ્તનજી બીલીમોરીઆના છોકરાંઓ રૂ૩૧, શેઠ બમનજી એદલજી ભરૂચા તથા દારૂવાલા રૂ૨૫, મરહુમના સાલી મોઠીબાઈ તથા સાડુ દાદીબા ખરસેદજી રૂ૫૧, શેઠ મેહેરવાનજી બેહેરામજી પલંબર રૂ૨૫, શેઠ રૂસ્તમજી નસરવાનજી બીલીમોરયા તથા ધણીઆણી જીલુબાઈ રૂ૫૧, શેઠ નશરવાનજી પેસ્તનજી વાધલા કુપર રૂ૩૦૧, શેઠ પેસ્તનજી નસરવાનજી પાવરી રૂ૫૧, શેઠ ફરામરોજ મેરવાનજી ગારડા રૂ૧૦૧, શેઠ બાપુજી સોરાબજી પટેલ રૂ૧૦૧, શેઠ ખરસેદજી લીમજીભાઈ દારૂવાળા રૂ૫૦૧, શેઠ અરદેસર મેરવાનજી માડન સોલીસીટર રૂ૫૧, શેઠો જીવનજી લીમજીભાઈ એલાવવાલા તથા એદલજી લી. એલાવવાલા રૂ૫૦૧, બાઈ પેરીન દારાં મીરજા રૂ૩૦૧, શેઠ પીરોજસા પેસ્તનજી મીસ્રી રૂ૧૦૧, શેઠ સોરાબજી જમશેદજી ભરૂચા તથા લાકડાંવાલા રૂ૧૦૧, શેઠ ફીરોઝ જે. મુલ્લાંફીરોજ રૂ૫૧, શેઠ જહાંગીરજી ફરામજી જીજીના રૂ૫૧, શેઠ અરદેસર ફરામજી ધાસવાલા રૂ૧૦૧, મરહુમના માસી માણેકબાઈ રૂસ્તમજી અડાજણ્યા રૂ૫૧, શેઠ નવરોજજી રૂસ્તમજી અડાજણીઆ રૂ૫૧, શેઠો રતનજી તથા મનચેરજી સાપુરજી ટાટા રૂ૨૫, શેઠ રૂસ્તમજી જીવનજી ઘોરખોડુ રૂ૫૦૧, શેઠ સાવકસા દીનસાજી દાવર રૂ૧૦૧, શેઠ સોરાબજી રતનજી કંત્રાકટર રૂ૧૨૫, શેઠ રતનજી સોરાબજી કંત્રાકટર રૂ૧૦૧, શેઠ નંનચેરજી પાલનજી કંત્રાકટર રૂ૫૧, શેઠ હોરમસજી રતનજી કંત્રાકટર રૂ૫૧, બાઇ બચુબાઇ નાનાભાઈ પલમબર રૂ૨૫, મરહુમના માસા આદરજી માણેકજી ઇચ્છાપોરીઆ રૂ૨૫, શેઠ એદલજી હોરમસજી અડાજણ્યા રૂ૨૫, શેઠ આદરજી એદલજી સરકારી તથા કોયમેન રૂ૨૫, શેઠ રતનજી માણેકજી રતનાગર રૂ૩૧, શેઠ મેહેરવાનજી દીનસાજી બીલીમોરીઆ રૂ૨૫, શેઠ મનચેરજી ભીમજીભાઈ કરંજીયા રૂ૨૫, શેઠ રતનજી પેસતનજી કરંજીયા રૂ૨૫, શેઠ કાવસજી મંનચેરજી કાડાઆ રૂ૨૫, મરહુમના માસા નવરોજજી ધનજીભાઇ કરંજીયા તથા માસી નવાજબાઇ રૂ૨૫, શેઠ ડોસાભાઈ હોરમસજી કંત્રાકટર રૂ૩૧, શેઠ શોરાબજી ફરામજી કલ્યાણીવાલા રૂ૨૫, શેઠ કેખસરૂ કાવસજી અડાજણીઆ રૂ૧૦૧, શેઠ માણેકજી રૂસતમજી પટેલ રૂ૫૧, મરહુમની ઓફીસનો પારસી સ્ટાફ રૂ૩૭૫, શેઠ જાલભાઈ બેજનજી કાંગા રૂ૧૦૧, શેઠ વ[illegible]જી અરદેસર તારાપોરવાલા રૂ૫૧, શેઠ સોરાબજી ફરામજી ભરૂચા રૂ૫૧, બાઈ ધનબાઈજી નસરવાનજી કરઈ રૂ૫૧, ડા૦ નવરોજજી જમસેદજી બીલીમોરીઆ તથા ધણીઆણી તેહેમીના રૂ૫૧, મરહુમના માસી ખરસેદબાઈ નવરોજજી રૂ૨૫, શેઠ નસરવાનજી સોરાબજી ગજદર રૂ૧૦૧, શેઠ મેહેરવાનજી એદલજી કાદાંવાલા તથા ધણીઆણી જરબાઇ તથા કુટુંબ રૂ૫૦૧, અને બાકીના રૂપ્યા જુદા જુદા ખેસીઓએ ભરયા હતા. એ રૂપ્યા કયા આપવા તે હવે પછી જણાવવામાં આવશે.

(D) મરહુમ શેઠ રતનજી જીવણજી હમાવાલાના પુણ માટે રૂ૫૩૯૭ આપ્યા તેમાં મરહુમની પુંજીમાંથી રૂ૫૦૦૦ની રકમ ભરૂચની પારસી પંચાયતને આપી કે એની શી વ્યવસ્થા કરવી તે હવે પછી જણાવવામાં આવશે, જયારે મરહુમના ખેસીઓએ ભરેલા રૂ૩૯૭ ભરૂચની પારસી પંચાયતના જુદા જુદા ફંડોમાં આપ્યા હતા.

# ધરમના મકાનો.

**સુરતની ખુલ્લી મુકાયલી શેઠ તમનાની ધરમશાળા**—સુરત ખાતે નાનપરાની મરહુમ શેઠ કાવશજી રૂસતમજી તમનાની ધરમશાળા બીશમાર થવાથી તેને નવેશરથી બાંધી તઇયાર થવાથી તેને ખુલ્લી મુકવાની ક્રીયા રોજ ૧૩ મો માહા ૨ જા ને દીને કરવામાં આવી હતી. શરૂઆતમાં એ ધરમશાળાને લગતો ટુંક હેવાલ આપતા જણાવ્યું હતું કે, નજદીક સો વરસની આ જુની ધરમશાળા છે અને એનું મકાન નાનપરાના રહેનાર બેહેદીન કાવશજી રૂસતમજી તમનાએ સને ૧૮૧૮ માં પોતાના ખરચે બાંધવાનું શરૂ કરયું હતું પણ તેટલા એવણનું મરણ નીપજવાથી મરહુમના ભાણેજ શેઠ પાલનજી કાવશજી અડુગર તે સુરત શેહેરના માજી કોટવાલ મરહુમ શેઠ બેજનજી પાલનજી કોટવાલના બાવાએ અધુરૂ રહી ગયલું કામ પાર ઉતારયું અને મરહુમ શેઠ કાવસજી તમનાની છમસીને દીવસે યાને તા૦ ૨૬ મી જુલાઇ સને ૧૮૧૯ ને રોજે એ મકાન ઇજાવી ખુલ્લું મુકયું હતું. એ પછી તા૦ ૭ મી ઓગષ્ટ સને ૧૮૪૫ ને રોજે એ ધરમશાલાના મકાનને સુરતના રહીશ મરહુમ શેઠ મેરવાનજી હોરમસજી ફ્રેઝરે પોતાના ખરચે દુરસ્ત કરાવયું અને મકાનની ઉત્તર દીશા તરફનો મોટો ગાલો જમીન વેચાતી લઈ પોતાના ખરચે બાંધી ધરમશાલા ઇજાવી ખુલ્લી મુકી હતી. સને ૧૮૮૯ માં ધરમશાલાની દુરસ્તી કરવાની જરૂર જણાવાથી સુરત નાનપરાની અંજુમનના ખરચે તેને દુરસ્ત કરાવી હતી, અને ધરમશાલાના પુરવ દીશા બાજુના ઓટલા ઉપર મરહુમ શેઠ આદરજી બીખાજી ઇલાવા અથવા રોસવાલાના પુન માટે તેમના કુટંબે પથ્થર જડાવ્યા હતા. આ ધરમશાલા પાછી બીસમાર થવાથી અને કેટલાક સાહેબોની ખંતીલી કોશેશથી સારી રકમ એકઠી થઇ હતી તેથી હમણાના વખતને બંધમેસ્તું એક માલ અને કુસાદે હોલે સાથનું મકાન અસલ જગાએ બાંધવામાં આવ્યું છે. ધરમશાલાની સાથે લગન વગેરે પ્રસંગે વાપરવા માટે એક મકાનની જરૂર હતી તેથી મરહુમ શેઠ આદરજી જીવણજી ડેપ્યુટીના સાહેબજાદાઓએ "આદરજી ડેપ્યુટી હોલ" અને મરહુમ શેઠ એદલજી પાલનજી લાલકાકાના કુટુંબે "લાલકાકા હોલ" ધરમશાલાના માલ ઉપર ઉત્તર અને દક્ષીણ બાજુએ લગન અને એવાં બીજા પ્રસંગ માટે ઉતારા સારૂ કુશાદે રૂમશ બાંધયા છે તે માટે અનુક્રમે રૂ૨૫૦૦ અને રૂ૨૨૫૭ ની રકમો આપી છે. ધરમશાલાની ઉત્તર તરફની ચેહલી બાંધવાના ખરચમાં બાઇ બાનુબાઇ તે મરહુમ શેઠ ફરામજી હોરમસજી કોમીસેરીએટવાલાના વીધવાએ રૂ૩૦૦૦ આપયા છે. જ્યારે પશ્ચીમ તરફની ચેહલી બાંધવામાં મરહુમ શેઠ ફરામજી નસરવાનજી ગયારાના પુણ્ય માટે તેમની પુંજીમાંથી રૂ૧૦૦૦ આપયા છે. વળી શેઠ રતનશા ન. ગયારાએ ફંડમાં સારી રકમ આપી સર અવસરે વાપરવા માટે વાસણ વગેરે ભેટ આપયા છે. એક કુવો બાઇ આઇમાય સોરાબજી સોડાવોટરવાલાએ બંધાવ્યો છે. ધરમશાલા બાંધવાના ફંડમાં રૂ૩૦૨૮૫ ભરાયા છે જ્યારે આ મકાન બાંધવા પાછલ આસરે રૂ૩૨૦૦૦ ખરચાયા છે. આ કામમાં મદદ કરનારાઓનો તેમજ નાણા ભરનારાઓનો ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો. આ ધરમશાલાના મકાનમાં બાહરનાં તથા અંદરનાં ભાગોમા નીચલી તખતીઓ મારેલી છેઃ—શ્રી દાદાર અહુરમજદની મદદ હોજો. મરહુમ શેઠ કાવશજી ર. તમના રોજ ૨૫ મો માહા ૪ થો શે. ૧૧૮૮ તા૦ ૨૭મી જાનેવારી ૧૮૧૯ ને દીને સુરત નાનપુરા મધે બેહસ્તનસીન થયેલા તેઓનાં પુનને માટે તેઓના ભાણેજ મરહુમ શેઠ પાલનજી કાવશજી અડુગરે પ્રથમ આ ધરમશાલા બંધાવીને રોજ ૨૫ માહા ૧૦ મો શે. ૧૧૮૮ તા૦ ૨૬મી જુલાઇ ૧૮૧૯ ને દીને ઇજાવી કુલ્લે જરથોસ્તીઓના જાહેર વપરાશ માટે ખુલ્લી મુકી હતી.—મરહુમ શેઠ મહેરવાનજી હોરમજજી ફ્રેજરે પાછલથી પોતાના ખરચે એ ધરમશાલાનો ઉત્તર દશા તરફના મોહટા ઓટલાવાલો ગાલો વધારી મકાનને ઘટતી મરામત કરી રોજ ૧૪ માહા ૧૧ શે. ૧૨૧૪, તા૦ ૭ આગસ્ટ ૧૮૪૫ ને દીને ધરમશાલાને બીજીવાર ઈજાવી હતી.—દાદાર અહુરમજદની મદદ હોજો મરહુમ શેઠ ફરામજી હોરમસજી કોમેસરીએટવાલાની અશો યાદમાં તેમના વીધવા બાઇ બાનુબાઈ ફરામજી કોમેસરીએટ-

વાલાએ મરહુમના પુન સવાબ અરથે આ ઉત્તર બાજુની ચેલી રૂ૩૦૦૦)ની મદદ આપી બંધાવી આપી છે, રોજ ૧૩ માહે ૨ સને ૧૨૮૬,—તા૦ ૨૩ માહે ૧૦ સને ૧૯૧૬. પાક દાદાર હોરમઝદની મદદ. બેહેસ્તનસીન શેઠ ફરામજી નશરવાનજી ગ્યારાની અશો યાદમાં આ વીંગ બાંધવામાં તેમના તરફથી રૂ૧૦૦૦) એક હજારની મદદ મલી છે. રોજ ૧૩ મો માહા ૨ સને ૧૨૮૬, તા૦ ૨૩ માહા ૧૦ સને ૧૯૧૬ અને આદરજી જીવણજી ડેપ્યુટી હોલ–બહેસ્તનશીન શેઠ આદરજી જીવણજી જન્મ રોજ ૨૭ માહા ૧ ય૦ જ૦ સને ૧૨૦૧ તા૦ ૨૮ માહ ૧૦ સને ૧૮૩૧, જેઓ સુરતમાં રોજ ૩૦ માહ ૫ સને ૧૨૮૪ ય૦જ૦ તા૦ ૮ માહ ૨ સને ૧૯૧૫ ને દીને ગુજર પામયા હતા તેમના પુનને માટે તેઓના કુટુંબે તેઓની પુંજીમાંથી અને પોતાના તરફથી મલી રૂ૨૫૦૦ નો ફાલો આપી આ હોલ બંધાવવામાં મદદ કરી છે.

**દેવલાલી ખાતે ખુલ્લી મેલાયલી દરેહમહેર**—દેવલાલી ખાતે સીકનદરાબાદના જાણીતાં શેહેરી બાઇ રતનબાઇ જમશેદજી ચીનાઇએ બંધાવી આપેલી નવી દરેહમહેર હજીને ખુલી મેલવાની ક્રીયા એક મોટા મેલાવડા સનમુખ દેવલાલી અંજુમનના પ્રમુખ શેઠ જાહાંગીર બેરામજી મરઝબાનના પ્રમુખપણા હેઠળ રોજ ૧૭ મો માહા ૨ જાને દીને કરવામાં આવી હતી. પુણાવાલા દસ્તુરજી સરદાર કેકોબાદ આદરબાદ દસ્તુર નોસીરવાનની દેખરેખ હેઠળ આતશના નુરી કેબલાને નવા મકાનમાં પરથવામાં આવયા હતા અને ઘટટી ક્રીયા સાથે તખતનશીન કરવા પછી જશનની ક્રીયા કરવા બાદ સરદાર દસ્તુરજી કેકોબાદે વાયજ કરતાં જણાવ્યું કે આપણા મોતેબર મહઝબમાં ફરમાવ્યું છે કે જે કોઇ પોતાના ભાઇબંધ માટે કરવાને શકતીવાન હોય તેણે તેનો લાભ આપવો જોઇએ. બાઇજી રતનબાઇ જમશેદજી ચીનાઇએ આ કશબાના રહીશોને તેમજ હવા ખાવા આવનારાઓને દરેક સુખ સગવડ કરી આપયાં છે જેનું ફળ તેવણને ઘણું સારૂં મલશે. આ પછી બાઈ રતનબાઇના વડા બેટા નવાબ સોરાબ જંગ બહાદુર અને તેવણના ભાઇઓને શાલો એનાયત થઇ હતી. જ્યારે દસ્તુરજીને એક શીયાલ અને શેઠ પેસ્તનજી દોરાબજી મારકરને એક શાલ તથા સોનાનું ઘડીયાલ છેડો અને શેઠ જાહાંગીર બેરામજી મરઝબાનને શીયાલ બાઇ રતનબાઇ તરફથી એનાયત કરવામાં આવી હતી. એ બાદ નવાબ સોરાબ જંગ બહાદુરે બાઇ રતનબાઇ તરફથી અંજુમન પત્ર વાંચયો હતો, તેમાં એવણને આપેલા માન માટે ઉપકાર માની જણાવ્યું હતું કે આ પાક અગયારીનું મકાન તેની જગા સાથે એવણે પોતાની પુંજીમાંથી રૂ૩૫૫૦૦ ના ખરચે બંધાવી જરથોસ્તીઓના વપરાસ માટે ભેટ આપયું છે. અગીયારીમાં પાંચો ગેહમાં સુખડ ચડે તેનો બંદોબસ્ત કીધો છે અને એક ગેહમાં એવણને નામે અને બીજી ગેહમાં એવણના ધણીને નામે ન્યાસ કરી સુખડ ચહડાવે તે સારૂ રૂ૨૦૦૦ ના ૪ ટકાના બોંડો બાઇ રતનબાઇએ આપયા હતા તેમજ ત્રણ ગેહોમાં સુખડ ચડાવવા માટે એવણના દીકરા શેઠ જાહાંગીરજીએ રૂ૧૦૦૦, વહુ બાઇ રતનબાઇ જા. ચીનાઇએ રૂ૧૦૦૦, અને એવણના મરહુમ દીકરા દોરાબજી તરફથી રૂ૧૦૦૦ મલી રૂ૩૦૦૦ ના ૪ ટકાના પોરટ ટ્રસ્ટના બોંડો આપયા હતા. એ ઉપરાંત બાઇ રતનબાઇએ રૂ૧૬૫૦૦ ના ૪ ટકાના બોંડો અને રૂ૧૦૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોનો મલી કુલે રૂ૨૬૫૦૦ નું જુદુ ટ્રસ્ટ કરી બ્યાજ વાપરવા આપયા છે તેમજ એવણના મરહુમ બાઇ શેઠ એદલજી દીનશાહ સી. આઇ. ઇ. કરાંચીવાલાએ તથા એવણના ભાણેજ શેઠ નાદરશાહ એદલજી દીનશાહે એ બંનેએ મલીને એવણના મરહુમ ધણી શેઠ જમશેદજીના ઉઠમણામાં ભરેલા રૂ૧૦૦૦૦ ના વ્યાજમાંથી દર વરસે રૂ૩૦૦ મરહુમ શેઠ એદલજી દીનશાહના ધરમખાતાના ટરસ્ટીઓ આ પાક મકાનના ટરસ્ટી સાહેબોને આપતા રહેશે, તેથી અગીયારીને લગતા ખરચો જેવાકે કાઠી, બતીનું તેલ, બે મોબેદોનો ખરચ, વાહીટ વોશ કરવા તથા બાજ આફ્રગાન કરવા વગેરેના ખરચમાં વ્યાજ વાપરવું. સેવટે આ મકાન બાધવામાં મદદ કરવા માટે શેઠ જાહાંગીર બેરામજી મરઝબાનનો, શેઠ ફરામજી રતનજી સરવેયરનો અને શેઠ પેશ-

તનજી ડોશાભાઇ મારફરનો ઉપકાર માન્યો હતો. એ પછી શેઠ જાહાંગીર બેરામજી મરઝબાને દસ્તુરજી કેકોબાદનો તથા મકાન બંધાવી આપનાર બાઇ રતનબાઇ ચીનાઇનો ઉપકાર માની આ મકાન વીશે વીવેચન કરતાં જણાવ્યું કે દેવલાલીમાં ઘણી વસ્તી વધી જવાથી ખરેખર એક જરથોસ્તી સંસથાન બન્યું છે. બાઈ રતનબાઇ બામજીએ રૂ૭૦૦૦ ખરચી દોખમું બંધાવ્યું ત્યારથી ધર્મના મકાનની જરૂર જણાઈ હતી. બાઇ રતનબાઇ ચીનાઇને આ વાતની ખબર પડી અને એવણના ભત્રીજા મારફતે મેં સંદેશાહો ચલાવ્યા હતા. શરૂઆતમાં રૂ૨૦૦૦૦ સુધીના ખરચમાં આતશ દાદગાહ કરવાનો વીચાર હતો પણ પાછળથી આતશ આદરાન બનાવવાનું નકી કીધું હતું જે માટે બાઈ રતનબાઇએ એકલે હાથે રૂ૭૭૦૦૦ ખરચ્યા છે. એવણે જાવેદાન સુધીની યાદગારી ઉભી કીધી છે અને જેઓ અહીં ભણવા આવશે તેઓ બાઇ રતનબાઇને દુવા દેશે. શેઠ ફરામજી રતનજી સરવેયરે જાતી દેખરેખથી આ મકાન ઉભુ કરવા મેહેનત લીધી છે તે માટે અમારી અંજુમન તરફથી ઉપકાર માનું છું. તેમજ આ મકાન બંધાવી આપનાર બાઇ સાહેબ રતનબાઇએ કરેલી સખાવત માટે સ્તુતી કરી દેવલાલીની અંજુમન તરફથી એવણને એનાયત કરવાનું માનપત્ર વાંચી સંભલાવી ચાંદીની કાસકેટ સાથે બાઇ રતનબાઇને એનાયત કીધું હતું. વલી વેસટરન ઇંડયા મોટર ત્રાનસપોરટ કંપનીવાળા શેઠ એચ. એમ. મેહતાએ પોતાની કંપનીના બાર મોટર વેગનો મુંબઇમાં પરેલ, મજગામ વગેરે લતાના રહીશોને સવારના બોરીબંદરના સ્ટેશન ઉપર લાવવા વાપરવા આપયા હતા તે માટે તેઓનો તેમજ પારસી એમબયુલનસના ૨૪ વોલનટીયરોએ બજાવેલી સેવા માટે તેઓનો ઉપકાર માની જણાવ્યું કે બાઇ રતનબાઇની એક તસવીર આ મકાનમાં મુકવામાં આવી છે. એ પછી નવાબ સોરાબ જંગ બહાદુરે શેઠ જાહાંગીર મરઝબાનનો તેમજ હાજર રહેલાઓએ લીધેલી તસ્દી માટે ઉપકાર માની બોલ્યા કે બાઇ રતનબાઇ આખા મકાનમાં એક નવી સેતરંજી મુકવાનો વીચાર રાખે છે. દેવલાલીની અંજુમનના એક ટરસ્તી શેઠ સોરાબજી ખરશેદજી ઘોંડીએ કેટલુંક વીવેચન કરીયા બાદ દેવલાલીની અંજુમન તરફથી દસ્તુર કેકોબાદને એક શીયાલ તેમજ શેઠ જાહાંગીર મરઝબાને બજાવેલી અનેક સેવાઓ માટે એવણને એક શીયાલ એનાયત કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો. એ દીને દેવલાલી જવા સારૂ સવારના બે સ્પેસીયલ ત્રેનો દોડાવવામાં આવી હતી. જે સાંજે પાછી ફરી હતી. અગીયારીના કંમપાઉન્ડમાં બે મોટા માંડવા ઉભા કીધા હતા, જેમાના એકમાં હાજર રહેલાઓ માટે ખાવાની ગોઠવણ રાખી હતી. વલી શેઠ પેસતનજી પાવરીએ ફી લઇ પરોણાઓને જમાડવાની હમેશ મુજબની સંતોષકારક ગોઠવણ કીધી હતી.

**ભરૂચની નારયલવાલાની દરેહમહેરને લગતો બંધાયલો નવો હોલ.**—ભરૂચની બહારકોટની હાથીબારની શેઠ નાળીએરવાલાની દરેહમહેરની આથમણી બાજુની જમીન ઉપર બાંધવામાં આવેલો નવો હોલ તેમજ મરહુમ સર ફીરોજશાહ મે. મેહતાની સબી એજ હોલમાં ખુલ્લી મેલવાની ક્રીયા મુંબઇવાલા શેઠ અરદેશર શાપુરજી 'નારીએરવાલાના પ્રમુખપણા હેઠલ રોજ ૨૫મો માહા ૨ જાના દીને સાંજે કરવામાં આવી હતી. શરૂઆતમાં જશનની ક્રીયા કરવા પછી ભરૂચની પારસી પંચાયેતના ટરસ્ટી ખા૦ બા૦ આદરજી મ. દલાલે ટુક તવારીખ કહેતા જણાવ્યું કે આ દરેહમહેરનું મકાન લગભગ ૧૩૩ વરસ ઉપર નારીયલવાલાના કુટુંબના વડીલ તરફથી બંધાયું હતું અને તે નાહનું પડવાથી તથા તેની બજુની આઠમણી જગા શેઠ હોરમજી બાનાના વારેસો શેઠો રૂશતમજી, ડોશાભાઇ અને હીરાજીએ ભેટ આપવાથી તેમજ શેઠ અરદેશર શાં. નારીયલવાલાના માતાજી બાઇ વીરબાઇજીના થયલા ઉઠમણામાં ભરાયલા અને સરઅવસરે નારીયલવાલાના કુટુંબ તરફથી મલેલી બક્ષેસોની રકમમાંથી આ દરેમેહરેને લગતો નવો હોલ લગભગ રૂ૪૦૦૦ ને ખરચે બાંધવામાં આવ્યો છે. એ રૂપયા સાડા ત્રણ ટકાની લોનમાં રોકેલા છે અને હાલે વેચતા નુકશાન થાય તેથી સારો વખત આવતા સુધી એ લોન રહેવા દઇ પંચાયતને બાજે રૂપયા આપી

ખરચ્યું કીધો છે. એ હોલને "બાઇ વીરબાઇજી શાપુરજી નારીયલવાલા હોલ" એવુ નામ રાખ્યું છે. એ પછી એ હોલ તેમજ નારીયલવાલા કુટુંબને ખરચે બનાવેલી સર ફીરોઝશાહ મે. મેહતાની સુખી શેઠ અરદેશર શાપુરજી નારીયલવાલાએ ખુલ્લી મુકી બા૦ બા૦ આદરજી અને એવણુના ભાઇ શેઠ રતનજી જે ભારે મેહેનત લે છે તેના વખાણુ કરી ઉપકાર માન્યો હતો. સેવટે શેઠ અરદેશરને અંજુમન તરફથી એક શીયાલ એનાયત થવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

**ડા૦ પારખની હાસપીટલનું ખુલ્લું મુકાયલું નવું મકાન**—ડા૦ પારખની હાસપીટલ માટે સેનડહરસ્ટ રોડ ઉપર બાંધવામાં આવેલું નવું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા એક મેલાવડા સનમુખ રોજ ૧૭ મો માહા ૩ જાને દીવસે સાંજે પાંચ વાગે કરવામાં આવી હતી. શરૂઆતમાં જશનની ક્રીયા કરવા બાદ મકાન ખુલ્લું મેલાયલું જાહેર કરવામાં આવ્યું હતું. આ હાસપીટલનું મકાન સરસ રસ્તા ઉપર આવેલું હોવાથી ત્યાનું હવાપાણી ખુશનુમાં છે. આ નવું મકાન ત્રણ મજલાનું છે. અને તેમાં ૫૦ બીછાનાઓની ગોઠવણ રાખેલી છે. દરદીઓને લાવ લઇજાવ કરવા સારૂ મકાનમાં એક લીફ્ટ મુકેલી છે. હાસપીટલની સઘળી ગોઠવણ ઘણી મનમાનતી રીતે કરવામાં આવી છે જેથી દરેક વાતની સગવડ થઇ પડશે. આ હાસપીટલનાં ધરમદા વોરડોને માટે જુદા જુદા ગ્રહસ્થો તથા બાનુઓ તરફથી લગભગ રૂપ્યા ત્રીશ હજારની રકમ મકાન ખુલ્લું મેલાયાને દીવસે મલી છે.

**સીમલાની આરામગાહની બંધાયલી દીવાલ**—સીમલા ખાતેની પારસી આરામગાહની દીવાલનો પાયો નાખવાની ક્રીયા એક મેલાવડા સનમુખ રોજ ૨૪ મો માહા ૩ જા ને દીને કરવામાં આવી હતી. શરૂઆતમાં એક ત્રસ્ટી શેઠ બેરામજી જીવણજી વરીયાવાએ કેટલોક હેવાલ કહેતા જણાવ્યું કે મરહુમ શેઠ બેરામજી મેરવાનજી મલબારી સીમલા ખાતે રોજ ૩ જો માહા ૧૧ મો ય. સને ૧૨૮૧ ને દીને મરણ પામવાથી તેવણને આ આરામગાહમાં ભુમીદા કીધા હતા. એ મરહુમ નરની યાદમાં એવણના વીધવા બાઇ ધનબાઇજીએ સીમલાની જરથોસ્તી અંજુમનને રૂ૫૦૦૦ આપ્યા કે રૂ૩૦૦૦ માંથી ફરતો પુશ્તો બાંધી, રથાનની ગાડી મુકવા તથા માળીનું ઘર બાંધવા વગેરેનો ખરચ કરવો. શેઠ પીરોજશાહ બમનજી પીટીટે રથાનની ગાડી આપવા જણાવ્યું છે. સીમલામાં પેહલું જરથોસ્તી મરણુ ૧૮૫૨ માં થયું હતું અને તે વખતે આરામગાહની જગયા નહી હોવાથી પુરાણા વેપારી શેઠ હીરજીભાઇએ ઘણી મેહેનતે જગા મેલવી જરથોસ્તી અંજુમનને સ્વાધીન કરી છે તેથી એ શેઠનો તેમજ એવણના સાહેબજાદા શેઠ દીનશાહનો તથા બીજી મદદ કરનારાઓનો ઉપકાર માનીયે છીએ. એ પછી શેઠ દીનશાહ હીરજીભાઇએ પાયાનો પથર ગોઠવાયલો જાહેર કરી પોતાને આપેલા માન માટે ઉપકાર માનીયા બાદ શેઠ દીનશાહ મેરવાનજીએ રૂ૧૦૧ આપેલા જાહેર કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો. આ બાંધકામો તૈયાર થવાથી મરહુમ શેઠ બેરામજીની બાજને દીવસે યાને રોજ ૩ જો માહા ૧૧ માને દીને જશનની ક્રીયા કરી ખુલા મુકવામાં આવ્યા હતાં. શેઠ પેસતનજી ફરામજી કામાએ બાઇ ધનબાઇએ કરેલી સખાવત માટે ઉપકાર માની જણાવ્યું કે શેઠ કેખશરૂ સોરાબજીએ ફંડમાં રૂ૧૦૧ અને ચેરાગ મુકવા માટે એક ફાનસ ભેટ આપયું છે.

**તેહરાનમાં ખુલ્લી મુકાયલી દરેહમેહર**—ઇરાનમાં આવેલા તેહરાન શેહરમાં દરેહમેહરનું બાંધવામાં આવેલું નવું મકાન હજી તેને ખુલ્લું મુકવાની ક્રીયા શેહેનશાહી રોજ ૨૬ મો માહા ૩ જો અને માહા ૪ઠો કદમીને દીને કરવામાં આવી હતી. તેહરાનમાં આજદીન સુધી એકબી દરેહમેહર હતી નહી. એ દરેહમેહર ખુલ્લી મુકાયાને દીવસે મુંબઇથી ઘણા જરથોસ્તીઓ તરફથી સુખડ વગેરે મોકલાવવા માટે નાણાની મદદ કરવામાં આવી હતી તેમજ એ દીને મુંબઇથી નીભાવ ફંડ માટે રૂ૧૦૦૦ ની રકમ મોકલી હતી. એ મકાન બાંધવા માટે ઉભા કીધેલાં ફંડમાંથી મકાન બંધાઇ ન શકવાથી બાકીના જોઇતા નાણા તેહરાનમાં વસ્તા ઇરાની જરથોસ્તીઓએ પોતપોતામાં ઉગરાનું કરી લગભગ ૭૬૦૦ તુમાન એકઠા કીધા હતા તેથી મકાન બંધાઇ તૈયાર થયું હતું. જશન વગેરેની ક્રીયા કરી દરેહમેહરને ખુલ્લી મુકાયલી જાહેર કરી પ્રસંગને અનુસરતી વાયજો કરવામાં આવ્યા પછી મેલાવડો વીસરજન થયો હતો.

**સુરતની પારસી જનરલ હાસપીટલ અને સુવાવડખાનાના પાયા નાખવાની થયલી ક્રીયા**—સુરત ખાતે શાહપોરમાં આવેલા પારસી આરફ્નેજની સામે "બાઇ ગુલબાઇ નશરવાનજી મેહતા સુરત પારસી મેટરનીટી હાસપીટાલ" અને "ધી રૂશતમજી ધનજીભાઈ તારાચંદ સુરત પારસી જનરલ હાસપીટલ"ના પાયાઓ નાખવાની ક્રીયા રોજ ૧ લો માહા ૪ થો યાને તા૦ ૧૦ મી દીસેમબરે સુરતની પારસી પંચાયતની આગેવાની હેઠલ પંચાયતના ચેરનશીન ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલના પ્રમુખપણા હેઠલ કરવામાં આવી હતી. શરૂઆતમાં જશનની ક્રીયા કરવા પછી શેઠ બેજનજી માણેકજી જંબુસરીઆ વકીલે જણાવ્યું કે સુવાવડખાનાના કામની શરૂઆત શેઠ સોરાબજી પેમાસતરે કરી હતી અને તેના મકાન માટે કરાંચીના જાણીતા સ્હીશ ખા૦ બા૦ નશરવાનજી રૂશતમજી મેહતાએ રૂ૨૫૦૦૦ આપયા છે તેમજ મુંબઈવાલા શેઠો કાવસજી તથા પેસતનજી ધનજીભાઇ તારાચંદે અને બાઇ રતનબાઇ સોરાબજી કાટપીટીયાએ પોતાના મરહુમ ભાઈ રૂશતમજી ધ. તારાચંદની પુજીમાંથી રૂ૪૦૦૦૦ હાસપીટલના મકાન માટે આપયા છે. આ બંને કામો ખા૦ બા૦ બરજોરજી વકીલની મેહનત, ઉલટ અને ખંતથી હમેશ મુજબ પાર પડશે. સુવાવડખાનાની ઘણી જરૂર જણાઈ હતી અને સુરત શહેર ઉપરાંત અડાજણ, શીગણપોર વગેરે ઘણા ગામોના લોકો પણ લાભ લઇ શકશે, તેમજ જનરલ હાસ્પીટલની જરૂર છે તેબી થોડા વખતમાં પાર પડશે. એ પછી સુવાવડખાનાનો તેમજ જનરલ હાસપીટલનો પાયો નાખવાની ક્રીય ખા૦ બા૦ બરજોરજી ન. વકીલે કરવા બાદ એવણે લંબાણથી ભાષાણ કરતાં પોતાને આપેલા માન માટે ઉપકાર માની જણાવ્યું કે શેઠ સોરાબજી ડો. પેમાસતરે પોતાને ખરચે શેહેરોમાં ફરી લગભગ રૂપયા ચઉડ હજાર એકઠા કીધા હતા, જે સુરતની પારસી પંચાયતને આપયા હતા તે પછી પંચાયત તરફથી લગભગ રૂપયા નવ હજાર બીજા વધુ ભરાયા છે અને આજ દીને રૂ૩૩૪૪ ભરાયા છે, એ રકમ સુવાવડખાનાનો ખરચ ચલાવવા પુરતી નથી. એ ઉપરાંત ખા૦ બા૦ નશરવાનજીએ મકાન માટે રૂ૨૫૦૦૦ આપયા છે તેમજ રૂ૪૦૦૦૦ શેઠ રૂશતમજી તારાચંદના પુણ માટે હાસપીટલ બાંધવા મલ્યા છે જેને માટે ફંડ પુરતું નથી. સુવાવડખાના પાસે જનરલ હાસપીટલનું મકાન બાંધવામાં આવશે. સુવાવડખાનામાં ૧૫ ઓરડા રહેશે તેજ મુજબ હાસપીટલમાં ૨૩ ઓરડા થશે. ૨૪ થી ૩૦ બેડ સુવાવડખાનામાં રાખશું. સુવાવડખાના માટેની જમીન તથા તેની સાથનો બંગલો મયુનીસીપાલીટી પાસેથી લીધા છે એ પાછલ રૂ૧૭૦૦૦ નો ખરચ થયો છે. બંગલાનો ઉપયોગ ડાક્ટરના રહેવા માટે થશે. કતેરા વંગેરે પાછળ રૂ૧૨૦૦ થયા છે અને બાગ બનાવવા રૂ૫૦૦૦ થશે એટલે લગભગ ખરચ રૂ૨૫૦૦૦ નો થવા જશે. નરસ તથા નોકરોના મકાન માટે બીજા રૂપ્યા બાર હજાર જોઇશે. એ પછી મેલાવડો વીસરજન થયો હતો.

**નવસારીની બઝમે જશને રૂજે બેહેરામના મકાનનો નખાયલો પાયો**—શેઠ રૂશતમજી નાનાભાઇ બોઇસ તરફથી નવસારીની બઝમે જશને રૂજે બેહેરામની મંડળી માટે બાંધવામાં આવનારા મકાનનો પાયો નાખવાની ક્રીયા એક મેલાવડા સનમુખ ડા૦ સોરાબજી પાલનજીના પ્રમુખપણા હેઠળ રોજ ૪ થો માહા ૪ થાને દીને કરવામાં આવી હતી. સેક્રેટરી શેઠ દીનશાહ કુવરજી ભાગલીઆએ રીપોરટ વાંચતાં જણાવ્યું કે શેઠ રૂશતમજીએ પોતાના મરહુમ બેન બાઇ હીરાબાઇ તથા મરહુમ બંધેવી શેઠ માણેકજી સોરાબજી મોદીની યાદમાં રૂ૭૦૦૦ આપ્યા છે અને બઝમના ફંડમાંથી રૂ૩૦૦૦ ઉમેરી રૂ૧૦૦૦૦ ને ખરચે નવું મકાન બાંધવામાં આવશે અને એનું નામ "મોદી બાગ" રાખયું છે. એ પછી બાઇ બચામાય રૂશતમજી બાઇસે પાયો નાખવાની ક્રીયા કરવા બાદ પ્રમુખ ડા૦ સોરાબજીએ શેઠ રૂશતમજીની સખાવત માટે સતુતી કરી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

**વલસાડ ખાતે ખુલ્લું મુકાયલું કન્યાશાળાનું મકાન**—ખા૦ સા૦ કાવસજી ધનજીભાઇ ધનબુરાએ વલસાડ ખાતે બંધાવી આપેલું મયુનીસીપલ ગરલસ સકુલનું મકાન છોકરીઓની સંખયા વધવાથી નાનું પડવાથી એવણે પોતાના મરહુમ માતાજી બાઇ હીરાંબાઇના નામનું એક નવું મકાન જુનાની પડોશમાં રૂ૭૦૦૦ ને ખરચે બંધાવી આપયું હતું, તેને ખુલ્લું મુકવાની ક્રીયા કલેકટર મી૦ હડસને રોજ ૨ જો માહા ૯ ઠાને દીને સાંજે કરી હતી. મયુનીસીપલ સકુલ

કમીટીના ચેરમેન મી૦ સુકલે રીપોર્ટ વાંચયો હતો તેમાં ખા૦ સા૦ કાવસજીની ઉદારતાના વખાણ કરી જણાવ્યું કે હાલમાં શીખતી છોકરીઓની સંખયા ૨૯૦ ની છે જે લગભગ સાત વરસમાં વધીને બેવડી થયલી છે. એ પછી મી૦ હડસને મકાન ખુલ્લું મુકી જણાવ્યું કે સકુલમાં છોકરીઓનો જે વધારો થયો છે તે વલસાડની આબાદી અને વસતીના વધારાને આભારી છે. સેવટે ખા૦ બા૦ કાવસજીની સખાવત માટે ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

**ઉડવાડા ખાતે ખુલ્લું મેલાયલું સ્કુલનું મકાન**—શેઠ જીજીભાઇ દાદાભાઇ ચેરીટી ફંડનાં ત્રસટી સાહેબો તરફથી ઉડવાડા ખાતે ભાડેના મકાનમાં અંગ્રેજી સ્કુલ સ્થાપવામાં આવી હતી. એ સ્કુલ માટે નવું બંધાયલું મકાન ખુલ્લું મેલવાની ક્રીયા સુરતના કલેકટર મી૦ હડસને તા૦ ૨૦ મી ફેબરવારી યાને રોજ ૧૩ મો માહ ૬ ઠા ને દીને કરી હતી. શરૂઆતમાં સ્કુલને લગતો રીપોર્ટ વાંચવામાં આવ્યો હતો, તેમાં જણાવ્યું હતું કે ૧૯૦૬ માં ઉદવાડાની સમસત અથોરનાન અંજુમન તરફથી શેઠ જીજીભાઇ દાદાભાઇના ધરમખાતાના ત્રસટીઓ ઉપર અરજી મોકલી એંગલો વરનાકયુલર શાળા સથાપવાની અરજ કરવાથી નીશાળ ઉઘાડવામાં આવી હતી. તે વખતે ત્રીશ છોકરાઓ હતા, જેઓને ગુજરાતી બીજી ચોપડીથી ઈંગ્રેજી બીજા ધોરણ સુધીનું શીક્ષણ આપવામાં આવ્યું હતું અને દર વરસે એક એક વધુ ઉપલો કલાસ ઉઘાડવામાં આવ્યો હતો. હાલમાં પંચાવણ છોકરાઓ છે અને અંગ્રેજી પાંચમાં કલાસ સુધી શીખવવામાં આવે છે. બાલકોને મુફ્ત કેળવણી આપવા ઉપરાંત સકોલરશીપો આપવામાં આવે છે જેથી દર વરસે આ નીશાળ પાછળ રૂ૧૫૦૦ નો ખરચ થાય છે. આ શાલા માટે સુખ શાંતીના નીયમ મુજબ આ નવું મકાન બંધાઇ તૈયાર થયું છે. એની બાજુએ દરીયા કીનારા તરફનો જમીનનો ટુકડો શેઠ સોરાબજી દાદાભાઇ દુબાશે દીવાલ બાંધવા સારૂ આપ્યો છે, જે ધરમખાતાના ખરચે બાંધવામાં આવશે. મોબેદ ભીખાજી દીનયારજી ઉનવાલાએ આપેલી મદદ માટે ઉપકાર માન્યાબાદ શેઠ રૂસતમજી નાનાભાઇ બેહરામજી જીજીભાઇએ મકાન ખુલ્લું મુકવાની અરજ કરી હતી. કલેકટર મી૦ હડસને મકાન ખુલ્લું મેલાયલું જાહેર કરવા પછી ભાષાણ કરતાં જણાવ્યું કે નવી સ્કુલની ગોઠવણો ઘણી સારી છે અને પારસી કોમ સખાવત માટે જાણીતી છે અને તે એક અસાધારણ દરજજો ધરાવે છે. આ સુંદર મકાન માટે ત્રસટીઓને તથા એનજીનીયર મી૦ ઉનવાળાને મુબારકબાદી આપું છું. આ પછી ઉદવાડા અંજુમન તરફથી એક શીયાલ તથા માનપત્ર શેઠ રૂશતમજી ના. બે. જીજીભાઇને કલેકટરના હાથે એનાયત કરવામાં આવ્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

**ડા૦ કેરાંવાલાની હાસપીટલ નવા મકાનમાં**—ડા૦ કેરાંવાલાની હાસપીટલ અને સુવાવડખાતું જે ગીરગામ લેમીંગટન રોડ ઉપરના મકાનમાં હતું ત્યાં અગવડ પડવાથી ખેતવાડી મેન રોડ ઉપર કામા બાગની સામેના મકાનમાં તા૦ ૨૮ મી ફેબરવારી યાને રોજ ૨૧ મો માહા ૬ ઠા ને દીને લઇ જવામાં આવી છે. એ નવું મકાન ઘણું કુસાડે તેમજ સગવડભરેલું અને હાલના સુખશાંતીના દરેક નીયમ જળવાય તેવી ગોઠવણ કરવામાં આવી છે. એમાં મોટી સંખ્યામાં દરદીઓને રાખવાનો બંદોબસ્ત કીધો છે.

**સકર ખાતે ખુલ્લી મેલાયલી દરેહમેહર**—સકર ખાતે જમશેદી નવરોઝે યાને રોજ ૧૨ મો માહા ૭ માને દીને આતશદાદગાહ પરથવાની ક્રીયા કરવામાં આવી હતી. શરૂઆતમાં જશન કરવા બાદ શેઠ અરદેશર એદલજીના પ્રમુખપણા હેઠળ દરેહમેહરના પંથકી પેસતનજી જમશેદજી ઉનવાલાએ આતશના નુરી કેબલા વીષે ટુંક વાયજ કરી હતી. એ પછી ફંડના સેકરેટરી શેઠ માણેકજી મનચેરજી ભરૂચાએ રીપોર્ટ વાંચ્યા બાદ જોઈંટ સેકરેટરીઓ શેઠો માણેકજી અને હોરમજી મ. ભરૂચાએ આપેલી કીમતી મદદ માટે ઉપકાર માની એવો શેઠોને શીયાળ શેઠ પીરોશાહ મે. ગોલવાલાએ એનાયત કરી હતી તેમજ અંજુમન તરફની ભેટ એઓને આપયા બાદ પંથકી ઉનવાલાને અંજુમન તરફથી શીયાલ ઓઢાડવામાં આવી હતી. મરહુમ શેઠ ડોશાભાઇ પાલનજીની કંપની તરફથી મારીક રૂપયા પાંચના ભાડાથી દાદગાહના વપરાસ માટે મકાન આપયું છે. એ મકાનના રીપેરકામ માટે અંજુમનનાં ફંડમાંથી રૂ૨૨૦૦ નો ખરચ કરવામાં આવ્યો હતો, જેમાં શેઠ નાદરશાહ એ. દીનશાહે રૂ૫૦૦ આપ્યા હતા. આ કામમાં મદદ કરનારાઓનો ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

**કરાંચી ખાતે ખુલ્લું મેલાયલું સરઅવસરે વાપરવાનું મકાન**—શેઠ રૂશતમ બેહરામ ઇરાનીએ પોતાના માતાજી મરહુમ બાઇ જરબાનુની યાદમાં કરાંચી ખાતે નસાખાનાની કુશાદે જગામાં મરણની ચાર દીવસની ક્રીયાકામ કરવા માટે એક મકાન બંધાવી આપયું છે, તે

ખુલ્લુ મેલવાની ક્રીયા રોજ ૨૩ મો માહા ૭ મા ને દીને કરવામાં આવી હતી. શરૂઆતમાં જશનની ક્રીયા કરવા પછી શેઠ જમશેદજી નશરવાનજી મેહતાએ કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે કરાંચી ખાતે કેટલાક પારસી કુટુંબો ચેલીઓ ઉપર દુરવંદો સાથે રહે છે અને જ્યારે રવાન થાય ત્યારે ક્રીયા કામ થઇ શકતું નથી તેથી શેઠ રૂસ્તમ ઇરાનીએ રૂ૫૦૦૦ મારા ઉપર મોકલાવ્યા કે નસાખાનાના કમપાઉન્ડમાં એક "સીઝદે ગાહે રવાન" નામનું મકાન બંધાવવું. તે ઉપરથી અંજુમનના ત્રસટી સાહેબોની સંમતી લઇ આ મકાન બાંધવામાં આવ્યું છે. આ મકાન શેઠ રૂસ્તમ તરફથી પંચાયતના ત્રસટીઓને સવાધીન કરયું અને તેઓએ હમેશના વપરાસ માટે રીપેર કરતા રહેવું. એ પછી અંજુમનના પ્રેસીડંટ શેઠ ફ્રામરોજ પંઠકીએ કેટલુંક વીવેચન કરી અંજુમનના ત્રસટીઓ તરફથી સવાધીન લઇ શેઠ રૂસ્તમનો અંજુમન તરફથી ઉપકાર માનીયા બાદ મેલાવડો વીસરજન થયો હતો. આ મકાનના આગલા વરંડાની ભીતપર નીચે મુજબ તખતી મારી છેઃ—"સીઝદે ગાહે રવાન—આ મકાન કરાંચીની પારસી અનજુમનના લાભ માટે એક જરથોસતીએ મરહુમ બાઇ જરબાનુ બેહરામ ખેરબાદી ઇરાનીની અશો યાદમાં બંધાવી આપ્યું છે. રોજ દેપદીન માહ મહેર યજદેજરદી સને ૧૨૮૬ તા૦ ૧ લી એપ્રીલ ૧૯૧૭."

**જલાલપોર ખાતે હાસપીટલનો નખાયલો પાયો**—નવસારીના સ્ટેશનની પાસે આવેલા બ્રીટીશ હદના જલાલપોર ગામમાં તા૦ ૩ જી એપ્રીલે ખુલ્લી મુકાયલી ડીસપેનસરી નજદીક એક હાસપીટલ સ્થાપવામાં આવનાર છે, એ હાસપીટલના મકાનનો પાયો નાખવાની ક્રીયા તા૦ ૩ જી એપ્રીલે યાને રોજ ૨૫ મા માહા ૭ માને દીને સુરતના કલેકટર મી૦ ડબલ્યુ. એફ. હડસને કરી આ મકાન બંધાવનાર શેઠ ગારડાજી વગેરેની સખાવત માટે સ્તુતી કરી હતી. શેઠ સોરાબજી બરજોરજી ગારડાજીએ રૂ૨૫૦૦ આપવાથી એ હાસપીટલને એવણનું નામ આપવામાં આવશે અને એમાં પાંચ બીછાનાની ગોઠવણ રાખી છે. એ હાસપીટલમા એક મરદોનો વારડ બાંધવા માટે મરહુમ શેઠ એદલજી બ. મુલ્લાં ત્રસટ ફંડમાંથી રૂ૧૦૦૦ અને સ્ત્રીઓનો એક વારડ બાંધવા માટે બાઇ ડોશીબાઇ આદરજી કોટવાલે રૂ૭૫૦ આપ્યા છે. આ વારડોને એઓના નામો આપવામાં આવશે. નામદાર સરકાર તરફથી મકાનો બાંધવા માટે સરખી રકમો આપવામાં આવશે.

**અમદાવાદના દખમાનો તાણો પુરવાની થયલી ક્રીયા**—અમદાવાદ ખાતે બાંધવામાં આવનારા નવા દખમાનો તાણો પુરવાની ક્રીયા એક મેલાવડા સનમુખ રોજ ૩૦ મો માહા ૭ મો યાને તારીખ ૮ મી એપ્રીલ ને વાર રવીને દીને સવારના કલાક ૮–૩૦ ના અમલે કરવામાં આવી હતી.

**પુણાનું ખુલ્લું મુકાયલું ભંડારકર એોરીયનટલ રીસરચ ઇનસ્ટીટયુટ**—પુણા ખાતે ધી ભંડારકર એોરીયેનટલ રીસરચ ઇનસટીટયુટ ખુલ્લું મુકવાની ક્રીયા નામદાર ગવરનર લોરડ વીલીંગડને એક મોટા મેલાવડા સનમુખ તા૦ ૬ ઠી જુલાઇ યાને રોજ ૨૯ મો માહા ૧૦ માને દીને કીધી હતી. નામદાર ગવરનરે લંબાંનથી ભાષાણ કરતાં જણાવયું કે આ ઇનસટીટયુટના સ્થાપવાથી સંસકરૂત અને તેને લગતાં સાહીતયની જાળવણી તથા ખીલવણી કરવાને બની આવશે. સર દોરાબ તાતા અને સર રતન તાતાની મુખ્ય મદદથી આ ખાતું સ્થાપવાને બન્યું છે. સર દોરાબજીએ રૂ૧૦૦૦૦ અને સર રતન તાતાએ રૂ૫૦૦૦ આપવાથી બાંધવામાં આવનારા હોલને મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી તાતાનું નામ આપવામાં આવશે.

**વાચ્છાગાંધીની દરેમેહેર ખુલી મુકાઇ**—ચોપાટી ઉપર આવેલી શેઠ વાચ્છાગાંધીની દરેમેહેર જે ૧૮૫૮ માં પરથાવવામાં આવી હતી, તેમાં ફેરફાર કરવાની જરૂર જણાવવાથી આતશ આદરાનને ખસેડવામાં આવયા હતા. સઘળું સમારકામ પુરું થવાથી આ આતશ આદરાંનને સહવારના જશન કરીને પાછા પરથવાની ક્રીયા રોજ ૧ લો માહા ૧૧ મા ને દીને કરવામાં આવી હતી. ચોપાટી તેમજ ગામદેવીમાં પારસીઓની વસતી વધવાથી આ દરેમેહેરનો હમણા સારો ઉપયોગ થવાથી એના નીભાવ ફંડમાંથી લગભગ રૂ૧૫૦૦૦ નો ખરચ કરી મકાનમાં ઘટતા ફેરફારો અને સમારકામ કરવામાં આવયું છે. એ દરેહમેહરનો વહીવટ શેઠ બાપુજી નશરવાનજી વાચ્છાગાંધી ચલાવે છે અને એના કારોબારમાં સારી કાળજી લે છે. આ દરેહમેહરના સઘળા ક્રીયાકામો કદમી ટોળાના વડા દસતુરજી દીનશાહ ઘરડાના વડપણ હેઠળ કરવામાં આવે છે અને એોવણનો સંબંધ લગભગ ૫૦ વરસ થયાં ચાલુ છે.

**ભરૂચ ખાતે કનયાશાળાનું બંધાયલું મકાન**—ભરૂચની મયુનીસીપાલીટી હસતક

ચાલતી નીશાળો માટે મકાનોની જરૂર જણાવવાથી એક મકાન બંધાઇ તઇયાર થવાથી તેને ખુલ્લું મુકવાની ક્રીયા તા૦ ૩૦ મી આગસટે યાને રોજ ૨૪ મો માહ ૧૨ મા ને દીને સાંજે કલેકટર મી૦ બલેથ વેઇટે એક મેળાવડા સનમુખ કીધી હતી. શેઠ હોરમજી નવરોજી ડુંગાજીએ પોતાના કુટુંબ તરફથી મકાન ખુલ્લું મુકવાની અરજ કરતાં જણાવયું કે તેવણના બપાઇ બાઇ જીવીબાઇ એકસો બચાં કચાંઓના વડીલ તરીકે ભાગયશાલી બાનું હતાં અને કેળવણીના હીમાયતી હતાં, તેથી તેઓનું નામ કાયમ રાખવા હમારા કુટુંબે વાજબી ધારયું હતું. મી૦ બલેથ વેઇટે મકાન ખુલ્લું મુકી ડુંગાજી કુટુંબને ધનયવાદ આપી કેળવણી સંબંધી વીવેચન કીધું હતું. આ મકાન બાંધવાના ખરચમાં ડુંગાજી કુટુંબે રૂ૨૦૦૦ ની રકમ આપવાથી એ કનયાશાળાને "બાઇ જીવીબાઇ પેશતનજી અસબાજી ડુંગાજી મયુનીસીપલ કનયાશાળા" એવું નામ આપયું છે.

બેલગામ ખાતેની શેઠ પેસતનજી ખુ. બોઇસવાલી દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી તે નવેસરથી બંધાઇ ગયે વરસે પરઠાયું છે. તેમાં દાદગાહ સ્થાપેલા છે, એ મકાન તેમજ ખોરશેદ અને રતન હોલ ઉપર નીચે મુજબ પાંચ તખતીઓ મારેલી છે.—શ્રી દાદાર અહુરમઝદની મદદ હોજો. આ મકાન શેઠ પેસતનજી ખુરસેદજી બોઇસે પોતાના બહેસતનશીન ભાઇઓ એદલજી તથા નાનાભાઇ ખુ. બોઈસના પુણને માટે બંધાવી શ્રી બેલગામની જરથોસ્તી અંજુમનને દેરેહમેહર તથા જરથોસ્તી મુસાફરોને ઉતારા સારૂ વાપરવા ઇનાયતી ને આજ રોજે અરપણ કીધું છે. "શ્રી બેલગામ રોજ ૨૪ દીન ઇઝદ માહ ૩ જો ખોરદાદ શેહેનશાહી ૧૨૬૧ ઇઅજદેઝરદી વાર બુધ તા૦ ૯ મી ડીસેમબર ૧૮૯૧ ઇસવી."—" આ ધરમખાતું સરદાર ખાન બહાદુર ડાકટર દસતુર શમસુલ ઓલમા હોશંગજી જામાસપજી જામાસપ આશાના તે દખણના વડા દસ્તુરજી સાહેબની આગેવાની હેઠળ ઉભું થયું છે જેઓએ ઉપલે દીને ઇજવાની ક્રીયા કરી ખુલ્લું મેલ્યું છે. આ દરેહમેહરનું પવીત્ર મકાન ઘણુંજ પુરાણું થયાથી તેમજ ગુંબજ વીગરેની ગોઠવણ નહી હોવાથી તમામ નવેસરથી સુધારી શ્રી બેલગામની પારસી જરથોસતી અજુમનનાં ફંડમાંથી તથા બોઇસ કુટુંબીઓએ મલી રૂ૬૦૦૦ નો ખરચ કરી ગુંબજ વીગેરે બંધાવીને તેમાં પવીત્ર આતશ પાદશાહને પુણાના વડા દસતુરજી સાહેબ કેકોબાદ આદરબાદ દસતુર નોશરવાને ફરીથી ક્રીયાઓ કરીને તખ્તનશીન કીધાં છે. શ્રી બેલગામ શેહેનશાહી રોજ ૨૪ મો દીન માહા ૬ ઠો સહરેવર સને ૧૨૮૫ ય૦ તા૦ ૩ જી મારચ ૧૯૧૬ ને વાર શુકર.—"ખોરશેદ હોલ"—આ હોલ તેના વરેન્દા અને પોરટીકો સાથે મરહુમ માનવંત ડા૦ ખુરસેદજી પેસતનજી ખુરસેદજી બોઇસ જેવણ શેહેનશાહી રોજ અમરદાદ માહ શહરેવર ૧૨૭૯ તારીખ ૧૬મી ફેબરવારી ૧૯૧૦ ને વાર બુધે બેલગામ મધે બહેસ્ત મુકામ થયા, તેવણ તરફના ભકતીભાવ અને ફીદાગીરીની પવીત્ર યાદ જાલવવા માટે તેઓના ખેશીઓ અને શ્રી બેલગામની સમસ્ત પારસી જ૦ અંજુમન તથા દેશાવરના જરથોસ્તી દોસત આશનાઓએ રૂ૧૨૦૦૦ ખરચીને બંધાવી શ્રી બેલગામની પારસી જરથોસ્તી અંજુમનના સરઅવસરના વપરાસ માટે, સરદાર કેકોબાદ આદરબાદ (પુણાવાલા)ને હાથે ખુલ્લો મેલાવી સવાધીન કરવામાં આવ્યો છે. શ્રી બેલગામ શેહનશાહી રોજ દેપદીન દાદાર માહ શહેરેવર સને ૧૨૮૫ યઝદેઝરદી ને વાર ગુરૂ તા૦ ૨ જી મારચ ૧૯૧૬.—રતન હોલ—આ હોલ અત્રેની દરેહમેહેરને લગતા જુના હોલને નવેસરથી સુધારા વધારા કરી રૂ૪૫૦૦ ને ખરચે શેઠો રૂસતમજી તથા નશરવાનજી નાનાભાઇ ખુરસેદજી બોઇસે પોતાના મરહુમ બાઇ રતનજી જેવણ મુંબઈ મધે શહેનશાહી રોજ મારેસપંદ માહ તીર સને ૧૨૮૦ તા૦ ૯ મી જાનેવારી ૧૯૧૧ ને વાર સોમને દીને બેહસ્ત મુકામ થયા તેમની પવીત્ર યાદમાં શ્રી બેલગામની પારસી જ૦ અનજુમનના સરઅવસરના ખાણાપીણાના ઉપ્યોગ માટે ફરનીચર, બતીઓ, વાસણો વીગેરે સરવે સામગ્રી સાથે સરદાર દસ્તુરજી કેકોબાદ આદરબાદ (પુણાવાલા)ને હાથે ખુલ્લો મેલાવી અત્રેની અંજુમનને સવાધીન કરયો છે. શ્રી બેલગામ શાહેનશાહી રોજ દેપદીન દાદાર માહા શહરેવર સને ૧૨૮૫ યઝદેઝરદી ને વાર ગુરૂ તા૦ ૨ જી મારચ ૧૯૧૬. આ દરેહમેહરના કમપાઉન્ડની પથ્થરની દીવાલ, રેલીંગ તથા ગેટો સુધા શેઠો રૂસતમજી તથા નસરવાનજી નાનાભાઇ બોઇસે રૂ૧૫૦૦ નો ખરચ કરી પોતાના મરહુમ ખેશીઓના પુણને માટે ધરમાદા બંધાવી આપી છે. શ્રી બેલગામ શાહેનશાહી રોજ દેપદીન દાદાર માહ શહરેવર સને ૧૨૮૫ યઝદેઝરદીને વાર ગુરૂ તા૦ ૨ જી મારચ ૧૯૧૬. આ કુવો બહેસ્તનશીન બાઇ નાંજામાય રૂસતમજી બોઇસના પુણને માટે ખાવીંદ રૂશતમજી નાનાભાઈ બાઇસે બંધાવી શ્રી બેલગામની પારસી જરથોસતી અંજુમનના વપરાસ માટે આપ્યો છે. બેલગામ શેહેનશાહી રોજ મેહર ઇજદ માહ દેહ દાદાર સને ૧૨૮૫ યઝદેઝરદી વાર શુકર તા૦ ૨૩ મી જુન ૧૯૧૬.

# ખેતાબ.

આપણી નામદાર બ્રીટીશ રાજ્ય કરતી કોમના નવા બેસતાં સને ૧૯૧૭ ના સાલની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા પારસીઓને બી એનાયત થયા હતાઃ—અતરેના જાણીતા શેહેરી શેઠ હોરમજી અ. વાહાડીયા, બેરીસટરને કયસરે હીંદનો સોનાનો ચાંદ અને નાગપુરવાલા ઓનરેબલ શેઠ માણેકશાહ બે. દાદાભાઇના ધણીયાણી બાઇ જરબાઇને કયસરે હીંદનો રૂપાનો ચાંદ એનાયત થયો હતો. શેઠ અરદેશર નવરોજી, ઓનરરી માજીસ્ટ્રેટ અને બેલગામની મયુનીસીપાલીટીના માજી પ્રેસીડંટને, શેઠ રૂસતમજી દોરાબજી કુપર, બીકાનેર સટેટના કાઉનસીલના માજી મેમબરને અને શેઠ પેસતનજી દીનશાહ દસ્તુર, કરાંચી કરનસી ઓફીસના ત્રેઝરરને ખાન બહાદુરનો ખેતાબ મલયો હતો, જ્યારે શેઠ જમશેદજી રૂસતમજી ભરૂચા, જાવરાના નામદાર નવાબના ચીફ સેક્રેટરીને, શેઠ અરદેશર ફરામજી રેમર, કવેતાના મીલીટરી એકાઉનટંટસ ડીપારટમેંટના સુપરીનટેંડન્ટને અને શેઠ સોરાબજી પાલનજી, મીલીટરી એકાઉનટંટસ ડીપારટમેંટના એકાઉનટંટ જેવણુ પુરવ આફ્રીકામાં ફીલડ સરવીસ ઉપર છે તેવણને ખાન સાહેબનો ખેતાબ મલ્લો હતો.

અમદાવાદના જાણીતા શેહેરી ખાન બહાદુર નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઇ. ને તા૦ ૧૨ મી ફેબરવારીને દીને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો, એની સનદ તા૦ ૨૯ મી જુન ૧૯૧૭ ને દીને આપવામાં આવી હતી.

નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાની ૫૩ મી શાલગ્રેહનો મુબારક દીવસ તા૦ ૪ થી જુનને દીવસે પડવાથી તેની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા પારસીઓને મલ્યા હતાઃ—

નામદાર ગવરનર જનરલની ધારાસભાના મુંબઇ તરફના પ્રતીનીધી ઓનરેબલ શેઠ દીનશાહ એદલજી વાચ્છાને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

આશામવાલા કરનલ હોરમજી એદલજી બનાતવાલા આઈ. એમ. એસ. ને સી. એસ. આઇ યાને કંપેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઈંડયાનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

મુંબઈની પારસી પંચાયતના સેક્રેટરી સમસુલ ઓલમાં એરવદ ડાકટર જીવણજી જમશેદજી મોદી બી. એ., પી. એચ ડી. ને સી. આઇ. ઇ. યાને કંપેનીયન ઓફ ધી ઈંડયન એમપાયયરનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ કાવશજી હોરમજી કાતરક, કરાંચીના વેપારી અને ઓનરરી મેજીસ્ટરેટને, ડા૦ જાહાંગીર ખરશેદજી દાજીને, વરધાવાલા શેઠ જાહાંગીર ખરશેદજી કામા, બેરીસ્ટરને અને શેઠ દીનશાહ માણેકજી કાબાપેસી, મુંબઇના પોસ્ટ ઓફીસોના સુપ્રીંટેનડંટ અને પોસ્ટ માસ્ટર જનરલના પરસનલ એસીસટંટને ખાન બહાદુરનો ખેતાબ મલયો હતો, જ્યારે સતારાવાલા શેઠ ધનજીશાહ બમનજી કુપરને, શેઠ દીનશાહ બરજોરજી બેહરામજી જેટપુરના ચીફ મેડીકલ હાફીશરને, બલુચીસ્તાનવાલા શેઠ કેકોબાદ તેહસીલદારને, શેઠ દાદાભાઈ દીનશાહને અને શેઠ રૂસતમજી હોરમજી પુનેગર, મુંબઇના મીંટ માસતરના બીજા મદદનીશને ખાન સાહેબનો ખેતાબ મલ્યો હતો.

લેફ્ટનંટ (તબીબ) એરચ રતનજી ફરામજી દાજુને હાલ ચાલતી યુરોપની લડાઈ અને મેસોપોટેમીયાના મેદાનેજંગમાં સારી સેવા બજાવવા માટે મીલીટરી કરોસનો ચાંદ એનાયત થયો હતો.

દખણ હેદરાબાદવાલા નવાબ સર ફરેદુનજંગ બહાદુરને "દવલા"નો ખેતાબ નામદાર નીઝામે એનાયત કરયો હતો.

વડોદરાવાલા ડૉ૦ ધનજીભાઇ હોરમસજી મહેતાએ એમબયુલનસના કામની બજાવેલી સેવાની પીછાનમાં એવણને "ડોનાત"નો રૂપાંનો ચાંદ એનાયત થયો હતો. તેઓએ લગભગ પંદરથી વીસ એમબયુલંસને લગતા ગુજરાતી પુસ્તકો રચી તેની સેંકડો ચોપડીઓ ઇનામમાં આપી છે તેમજ લગભગ ૭ હજાર નકલો જેમની કીંમત લગભગ પાંચ હજારની થવા જાય છે તે સેંટ જોન એમબયુલનસ એસોસીએશનની હીંદી શાખાને ભેટ કરી છે. ડા૦ મેહેતાની આ સેવા માટે નામદાર મહારાજા ગાયકવાડે ગયે વરસે "રાજરતન" નો ચાંદ એવણને એનાયત કરયો હતો. વળી માજી વાઇસરાય લોરડ હારડીંગની સહી સાથનો હીંદી કાઉનસીલે બે વરસ ઉપર તેમની ઉપર ઉપકાર પત્ર મોકલયો હતો.

# ઓહદા—નેમણુક—વગેરે.

ખા૦ બા૦ ગુસતાદજી ધનજીશાહ કાપડીયાને મુંબઇ સરકારના જાહેર બાંધકામ ખાતાના સામાન્ય શાખાના મદદનીશ સેક્રેટરી નેમયા હતા.

શેઠ એદલજી જમશેદજી ઝીનવાલાને મુંબઈ સરકારના જનરલ, કેળવણી મરીન અને એક્લી- ઝીએસટીકલ ડીપારટમેંટસના એસીસટંટ સેક્રેટરી નેમયા હતા.

ખા૦ બા૦ રૂશતમ બમનશાહ વકીલને મુંબઇ સરકારના મેહેસુલી અને નાણાં ખાતાંના વધારાના મદદનીશ સેક્રેટરી તેમજ ગયા નવેમબરમાં સીટી ઈમપરૂવમેંટ ટ્રસટના સ્પેસીયલ કલેકટર નેમ્યા હતા.

શેઠ કેખુશરૂ સોરાબજી ફરામજી (મદ્રાસવાલા)ને મધ્ય વીભાગના સુપ્રીંટેનડીંગ એનજીનીયર, શેઠ બરજોરજી એદલજી વાછાને સધરન ડીવીઝનના સુપ્રીંટેનડીંગ એનજીનીયર અને ખા૦ બા૦ જાલ ડોશાભાઈ દુબાશને નોરધન ડીવીઝનના સુપ્રીંટેનડીંગ એનજીનીયર નેમયા હતા. જ્યારે શેઠ બેહેરામશાહ ફીરોઝશાહ કાપડયાને બાલા શીનોરના નવાબે પોતાના રાજયમાં સ્ટેટ એનજીનીયર નેમયા હતા.

શેઠ માણેકજી દોરાબજી કાંગાને મુંબઇની સમોલ કોઝીઝ કોરટના કામ ચલાઉ ચોથા જડજ, શેઠ પી. જે. તાલયારખાનને થાણાના સેશનસ જડજ, શેઠ કાવશાહ ખરશેદજી સુનાવાલાને ભુસાવલની સમોલ કોઝીઝ કોરટના જડજ અને શેઠ બેહરામશાહ રૂશતમજી ભાયાને મઉના એડી શનલ જડજ નેમ્યા હતા.

શેઠ હોરમઝદીયાર ફીરોઝ દસ્તુર બેરીસટરને મુંબઇના કામચલાઉ ચોથા પ્રેસીડનસી મેજી- સટરેટ નેમયા હતા.

મુંબઇના ઓનરરી મેજીસ્ટરેટો તરીકે નીચલા પારસીઓને નેમયા હતાઃ—સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, ડા૦ અરદેશર દાદાભાઇ મોદી, ડા૦ એદલજી માણેકજી મોદી, ડા૦ નાદીરશાહ એચ. ઇ. સુખયા, ડા૦ નાનાભાઇ નવરોજી કાતરક, ડા૦ રૂશતમજી નાનાભાઈ રાણીના, ડા૦ શાવક સોરાબજી બાટલીવાલા, ખા૦ બા૦ જમશેદજી રૂશતમજી દેશાઇ, ઓ૦ શેઠ ફીરોઝ ખરશેદજી શેઠના, શેઠો બેરામજી નવરોજી ગામડયા, ધનજીભાઇ બમનજી પીટીટ, નવરોજી સોરાબજી બંગાલી, ફીરોઝ બી. આર. મોદી, ફરદુનજી જમશેદજી પારખ, ફરામજી દોરાબજી ફરામજી પાંડે, ફરામરોજ રૂસતમજી જોશી, જેહાંગીર એદલજી દાવર, જેહાંગીર રતનજી દુબાશ, જમશેદજી માણેકજી ફ. પટેલ, રૂશતમ પેસતનજી મસાની, રૂસતમ સોરાબજી પાઉંવાલા, શાવક રતનજી બમનજી, શાપુરજી બહમનજી બીલીમોરીઆ અને સોરાબજી એદલજી વેરડન.

ઓનરરી મેજીસ્ટરેટો તરીકે જુદા જુદા જીલ્લાઓમાં નીચલા પારસીઓને નેમયા હતા, તેમાં અમદાવાદ જીલ્લામાં સરદાર ખા૦ બા૦ રૂસતમજી જહાંગીર વકીલને, બરૂચ જીલ્લામાં શેઠો જમશેદજી રૂસતમજી વખારીયા, જહાંગીર દીનશાહ દલાલ, સોરાબજી ફરામજી કાપડીયા, જમશેદજી નશર- વાનજી જીનવાલા અને બમનશાહ જામાસજીને, પંચમહાલ જીલ્લામા શેઠ મેરવાનજી હીરજીભાઇ કોહાવાલાને, થાણા જીલ્લામા શેઠો બાપુજી કાવશજી દીવેચા, મેરવાનજી નવરોજી આંટીયા, કાવસજી નાનાભાઇ અને બેહરામજી જહાંગીરજી તારાપોરવાળાને, અહમદનગર જીલ્લામાં શેઠ દારાબશાહ એદલજી નગરવાલાને, પુના જીલ્લામાં કરનલ ખા૦ બા૦ દીનશાહ ડોશાભાઇ ખંબાતા વી. ડી. અને શેઠ દીનશાહ ડોસાભાઇ સાંગાને, સતારા જીલ્લામાં શેઠો ધનજીશાહ બમનજી કુપર અને જમશેદજી ફરામજી ખરાસને, સોલાપુર જીલ્લામાં શેઠો એરચશાહ ફરામજી શેઠનાને, બેલગામ જીલ્લામાં ખા૦ બા૦ અરદેશર નવરોજજી અને શેઠ જહાંગીર નવરોજી આંટીયાને, ધારવાડ જીલ્લામાં શેઠો ડી. ડી. પદમજી અને મેરવાનજી સોરાબજી કરાકાને, કનારા જીલ્લામાં ખા૦ સા૦ દાદાભાઇ રતનજી બલસાર- વાલાને, કોલાબા જીલ્લામાં ખા૦ બા૦ હોરમસજી માણેકજી બીવડીવાલા અને શેઠ બેજનજી માણેકજી હોડીવાલાને અને રાયપુર જીલ્લામાં શેઠ હોરમજી પાલનજી તારાપોરવાલાને ઓનરરી મેજીસ્ટરેટ નેમયા હતા.

શેઠ ફીરોઝ બેરામજી મલબારી બેરીસટરને હાઇ કોરટના પ્રોથોનોટરી અને ટેસ્ટેમેંટરી તથા એડમીરલટીના રેજીસ્ટ્રાર, શેઠ ઇ. જે. દાવરને ત્રીજા ડેપયુટી રેજીસ્ટ્રાર અને કમીશનર, શેઠ દોરાબ એન. ડી. ખંડાલાવાળા બેરીસટરને બીજા ડેપયુટી રેજીસ્ટ્રાર અને કમીશનર, શેઠ નશરવાનજી દી. ગરડાને એપેલેટ સાઇડના રેજીસ્ટ્રાર અને શેઠ મેરવાનજી એ. રાંદેલીયાને મદદનીશ રેજીસ્ટ્રાર નેમયા હતા.

નવા જે. પી. યાને જસટીસ ઓફ ધી પીસ તરીકે ડા૦ જમશેદજી નશરવાનજી ડગન, શેઠો બાપુજી નવરોજજી સકલાતવાળા, બેજનજી માણેકજી હોડીવાળા, દીનશાહ હોરમસજી વાણીયા, હોરમસજી જહાંગીર ભાભા, નવરોજી હોરમસજી કંત્રાકટર, ફીરોઝશાહ નશરવાનજી દારૂવાળા અને મનચેરશાહ કાવશજી ગઝદરને નેમયા હતા.

ડા૦ હોરમજી માણેકજી માસીનાને યુનીવરસીટીના ઓરડીનરી ફેલો, ડા૦ એન. એ. એફ. મુસને સાયનસની ફેકલટીના ડીન તથા સર તેમુલજી ભીખાજી નરીમાનને તબીબી ફેકલટીના ડીન ડીકસ અને શેઠ એચ. જે. ભાભાને એકાઉનટંટોની બોરડના સભાસદ નેમયા હતા.

મુંબઇની પારસી ચીફ મેટરીમોનીયલ કોરટના ડેલીગેટો તરીકે શેઠો શાપુરજી બમનજી ખીલીમોરીયા, સોરાબજી ખરશેદજી ઘોંડી, દારાબશાહ બમનજી દુબાશ અને રૂસ્તમજી એન. વાચ્છા-ગાંધીને તેમજ સુરતની મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે સરદાર બમનજી અરદેશર દલાલ, ખા૦ બા૦ ફરામજી દીનશાહ કામદીન, શેઠો એદલજી બેરામશાહ હોડીવાલા, નવરોજી બમનજી વકીલ અને ફીરોજશાહ કાવશજી કરંજાવાળાને નેમયા હતા.

ખા૦ બા૦ કાવશજી જમશેદજી પેટીગરાને ક્રીમીનલ ઇનવેસટીગેશન ડીપારટમેંટના કામ-ચલાઉ પોલીસ સુપ્રીનટેનડંટ, શેઠ મેરવાનજી રતનશાહ પારખને કનારાનાં ડેપયુટી પોલીસ સુપ્રીન-ટેનડંટ અને શેઠ રતનશાહ કુવરજી ચોધરીને રાજકોટ સ્ટેટના પોલીસ સુપ્રીનટેનડંટ નેમયા હતા.

ડા૦ નોશીરવાન ગુસતાસ્પને લારખાનાના ડીવીઝનલ ફોરેસટ હાકીમ નેમયા હતા.

ડા૦ નવરોજી જમશેદજી વજીફદારને સીંધના કામચલાઉ કેમીકલ એનેલાઇઝર નેમયા હતા.

શેઠ ફરામજી બરજોરજી ગારડાને ધરમપોર સ્ટેટના દીવાન અને શેઠ જાહાંગીર બરજોરજી સંજાનાને બાલાસીનોર રાજના દીવાન નેમયા હતા.

શેઠ નશરવાનજી બેજનજી દમરીને મહીકાંઠાના હજુર ડેપયુટી એસીસટંટ પોલીટીકલ એજંટ નેમયા હતા.

શેઠ અરદેશર રતનજી વાહાડયા બેરીસટરને માઇસોરની માહારાજા કોલેજમાં ફીલસોફીના પ્રોફેસર, શેઠ પજદેઝરદ દાદાભાઇ થાનેવાલાને ગુજરાત કોલેજના બોટેનીનાં પ્રોફેસર, શેઠ માણેક-શાહ હોરમજી દાદાચાનજીને યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરીકાની ઇનટરનેશનલ યુનીવરસીટીના નોન રેસીડનટ પ્રોફેસર અને કોમરસના એકઝામીનર, શેઠ કેખશરૂ અરદેશર બાલાને અમદાવાદની પ્રેમ-ચંદ રાયચંદ ત્રેનીંગ કોલેજના પ્રીનસીપલ, શેઠ બહાદુરજી મેરવાનજી બહાદુરજીને મુંબઇના એલ-ફીનસ્ટન હાઇ સ્કુલના કામચલાઉ પ્રીનસીપલ અને શેઠ બરજોરજી માણેકજી સુતરીયાને અમદા-વાદની રણછોડલાલ છોટાલાલ હાઇ સ્કુલના હેડ માસતર નેમયા હતા.

શેઠ કેખુશરો રૂસ્તમજી વાછાને ગોનડલ પોરબંદર રેલવેમાં સ્ટોરકીપર નેમયા હતા.

શેઠ બરજોરજી અરદેશર એંટીને ભાવનગર સ્ટેટના હીસાબી ખાતાંના ઉપરી અધીકારીના ઓધા ઉપર કામચલાઉ નેમયા હતા.

શેઠ ફીરોઝ એસ. તાલ્યારખાનને ભોપાળ સ્ટેટના વેપાર ઉદયોગ ખાતાંના ડીરેકટર નેમયા હતા.

કવેતાના રહીશ શેઠ બી. આર. કરંજીઆને આશરે ચાર વરસ ઉપર શીરાઝમાં ઇરાનના લશકરમાં લેફટનંટની પદવીએ રાખ્યા બાદ તુરકોના રખડતા ટોલાઓના ખાન સાથે બહાદુરીથી લડવાથી કેપટન બનાયા હતા. તે પછી શીરાઝનું મયાગેઝીનમાં આગ લાગવાથી ભડકામાંથી એવણે ચાર હાકીમોને બહાદુરીથી બચાવવાથી તેહેરાનથી શેનશાહે મુબારકબાદીનો તાર મોકલીયો હતો. એવણ હમણા મેજરના ઓધા ઉપર છે.

ઓનરેબલ સર દીનશાહ એદલજી વાચ્છાને મુંબઇની મીલ ઓનરસ એસોસીએશનના પ્રમુખ તથા શેઠ એન. બી. સકલાટવાલા, સર ડી. એમ. પીટીટ બારોનેટ, શેઠ કાવસજી જાહાંગીર, શેઠ જાહાંગીર બ. પીટીટ, શેઠ સી. એન. વાડયા અને શેઠ એન. એન. વાહાડયાને મેમબર નેમયા હતા.

શેઠ મેરવાનજી ડી. એમ. જીજીભાઇને ઓડીટરસ સરટીફીકેટો માટેની અરજીઓની તપાસના કામમાં સરકારને મદદ કરવા સ્થાપેલી ઓડીટરસ કાઉનસીલના મેમબર નેમયા હતા.

શેઠ ડી. એન. બહાદુરજી બેરીસટરને મુંબઇની ગવરમેંટ લૉ સ્કુલના વીઝીટરોની બોરડના મેમબર નેમયા હતા.

શેઠ ફ્રામરોજ ધનજીશાહ મેહતાને લંડનના ઇનસટીટયુટ ઓફ મીકેનીકલ એનજીનીયરસે એસોસીએટ મેમબર અને શેઠ પેસતનજી એદલજી અસપારને લંડનના એનજીનીયરસે એસોસીએટ મેમબર ચુંટી કાઢયા હતા.

ડા૦ રતનશાહ ટેમુલજી નરીમાન, શેઠ બેરામજી આર. બી. જીજીભાઇ અને ડા૦ એસ. એસ. બાટલીવાળાને મુંબઇની મયુનીસીપાલ કારપોરેશનની સ્ટેનડીંગ કમીટીના મેમબરો, શેઠ જમશેદજી માણેકજી આંટીઆને સુરત તથા રાંદેરની મયુનીસીપાલીટીના પ્રેસીડંટ અને ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલને ભરૂચની ડીસ્ટરીકટ લોકલ બોરડના પ્રેસીડંટ નેમયા હતા.

શેઠ હોરમજી કાવસજી દીનશાહને એડનના બારાના ત્રસ્ટી નેમયા હતા.

શેઠ પી. જે. તાલીયારખાનને વાંદરા, સાનટાક્રુઝ અને બોરીવલીની ટાઉન પલેનીંગ યોજનાઓની લવાદીના ત્રીબ્યુનલના પ્રમુખ નેમયા હતા.

શેઠ જાહાંગીર મે. વાહાડયાને લંડનના ઇંડીયન ત્રેડ કમીશનરના મદદનીસ નેમયા હતા.

ડા૦ ફીરોઝ સી. ભરૂચા, ખા૦ બા૦ ડાકટર એરચ શેહરીયારજી ભરૂચા, ખા૦ બા૦ ડાકટર નશરવાનજી હોરમજી ચોકસી, ડા૦ સોરાબ ખરશેદજી નરીમાન અને ડા૦ રૂસતમજી નાનાભાઇ રાણીનાને બોમબે મીડીકલ કાઉનસીલના મેમબર નેમયા હતા.

શેઠ અરદેશર નશરવાનજી મોદી અને ડા૦ જી. નીકલસનને ડા૦ માસીનાની હાસપીટલના ત્રસ્ટી નેમયા હતા.

ડા૦ જેહાંગીર બેરામજી દોરડી એફ. આર. સી. એસ. એ નવસારીની શેઠ ર. ફ. દાબુ પારસી જેનરલ હોસપીટલનાં મેડીકલ ઓફીસર તરીકેનો હોદ્દો સ્વીકારી આ વરસે ચારજ લીધો છે. એ હાસપીટલના ટરસ્ટી તરીકે શેઠ હોરમજી જમશેદજી કોટવાલને અને કારોબારી તરીકે એરવદ દોરાબજી રૂશતમજી દસ્તુર મેહરજીરાણાને નેમયા હતા.

મુંબઇની સરકારી લેબોરેટરીના સીનીયર એસીસટંટ સરજયન ડા૦ અરદેશર કાવસજી ટરનરને પહેલા મદદનીશ કેમીકલ એનેલાઇઝર અને ડા૦ એન. જે. વજીફદારને મુંબઇ સરકારના બીજા એસીસટંટ કેમીકલ એનેલાઇઝર નેમયા હતા.

લેફટનંટ કરનલ એમ. પી. ખરેગાતને મુંબઈની કોમન તુરંગ અને હાઉસ ઓફ કરેકશનના તબીબ નેમયા હતા.

ખા૦ બા૦ શાપુરજી માણેકજી મેહતાને અલીબાગના સીવીલ સરજયન નેમયા હતા.

ડા૦ સોરાબજી ડોશાભાઇ નાદરશાહને મેદાનમાંના ધરમના દવાખાનાના તબીબ નેમયા હતા.

ખા૦ બા૦ ફ્રામજી દીનશાહ કામદીનને સુરતની પારસી પંચાયતના ટરસ્ટી અને શેઠો ખરશેદજી માણેકજી બરઠી, સોરાબજી બીખાજી ગજડર અને બાપુજી જીવણજી ગજડરને ગણદેવીની જરથોસ્તી અંજુમનના ટરસ્ટીઓ નેમયા હતા.

મુંબઇની પારસી પંચાયતના ટરસ્ટી સાહેબોની ચુંટણી કરનારાં અંજુમન કમીટીના સોના મંડળના રજીસટરો 'એ' તરફથી શેઠ ડોશાભાઇ બેજનજી મોતીવાળાને અને 'ડી' રેજીસ્ટર તરફથી શેઠ નશરવાનજી પેસતનજી મુનસીને ચુંટી કાઢયા હતા.

ડા૦ ફ્રરદુનજી નશરવાનજી બીશનીને મુંબઇની શેઠ મેવાવાળાની દરેમેહરના ટરસ્ટી તેમજ ખા૦ બા૦ ટેમુરસ કાવશજી મોદી બેરીસ્ટર, ખા૦ બા૦ ફરામજી દીનશાહજી કામદીન, શેઠો મીનોચેહર ખુરશેદબાઇ ખાન સાહેબ, અને કેખશરૂ ભકા વકીલને સુરતની ગોટીની દરેમેહરના ટરસ્ટીઓ નેમયા હતા.

ખા૦ બા૦ ફ્રરદુનજી મનચેરજી દસ્તુરને જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળીના ઓ૦ સેક્રેટરી નેમયા હતા.

શેઠ શાપુરજી બેરામજી કાતરકને જરથોસ્તી ધરમ અને ક્રીયાઓ ઉપર એતેકાદ વધરાવનારી મંડળીના ઓ૦ સેક્રેટરી નેમયા હતા.

શેઠ જીજીભાઇ એમ. દીવેચાએ મુંબઇના પારસી જીમખાનાના ઓ૦ સેક્રેટરી તરીકે બજાવેલી લાંબી સેવાઓની પીછાનમાં એવણુને ઓનરરી લાઇફ મેમબર નેમયા હતા.

શેઠ બાપુજી બી. લામને દેવલાલી બહાદુરજી સેનેટરીઅમની કારોબાર મંડળીના સેક્રેટરી અને શેઠ જાહાંગીર એમ. મેહતાને મેમબર નેમયા હતા.

હાંગકાંગ ઝોરાસ્ત્રીઅન કલબના શેઠ શેરાબજી ધનજીભાઇ શેઠનાને પ્રેસીડંટ, શેઠ દીનશ કાવશજી ખરાશને સેક્રેટરી, શેઠ પેશતનજી નાનાભાઇ કુપરને ત્રેઝરર તથા શેઠો દીનશા કાવશજી શેઠના અને એજનજી પાલનજી તવરીઆને મેમબર નેમયા હતા.

શેઠ રતનશાહ દા. કાલાપેસીને મુંબઇમાં ફોરેન મેલ સરવીસના સુપ્રીનટેનડંટ નેમયા હતા.

શેઠ કાવશજી પાલનજી કોટવાલને લંડનની ઇંડયન સોશીયલ કલબના મેમબર નેમયા હતા.

---

## કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વગેરે.

મી૦ શાવકશાહ દા. શરોફે લંડનની રોયલ સોસાયટી, લેંકેશાયર યુનીયન ઓફ ઇનસટીટયુટસ વગેરેની પરીક્ષાઓ પસાર કરી લંડન ને મેનચેસટરના કેટલાક પ્રોફેસરો તરફથી પ્રાઇઝો તથા સરટીફીકેટો મેળવયાં હતાં.

એમ. બી. બી. એસ. ની ડીગ્રી માટેની પરીક્ષામાં ગયા અકટોબરમાં બધા મલી હાજર થયલા ૯૪ ઉમેદવારોમાંથી ૭૧ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—બીજા વરગમાં બાઇઓ આવાંબાઈ જાહાંગીર દોઠી અને ગુલબાઇ પીરોશાહ પટેલ તથા મેસરસ મેહરજીભાઇ ફ્રરદુનજી બીશની, નવલ માણેકજી દોટીવાલા, સોરાબ દીનશાજી જીનવાળા, નરીમાન સોરાબજી કોટવાળ, એરચશાહ બરજોરજી મજગામવાળા, ફીરોઝશાહ હોરમસજી મેહતા, જાલ એદલજી ધનજીભાઇ અને સોરાબજી હોરમજી ઉમરીગર; આમાં પસાર થયલાં બાઇ આવાંબાઇ જાહાંગીર દોઠીને બાલકીશના સુદ્દમજી પ્રાઇઝ, કવીન એમપ્રેસ સીલવર મેડલ, ૧૮૮૩ નાં મેડીકલ વીમેન ફોર ઇનડયા ફંડની સકોલરશીપ, લેડી રે સીલવર મેડલ અને બાઇ હીરાંબાઇ પેસતનજી હોરમસજી કામા ગોલ્ડ મેડલ મલ્યાં હતાં. જયારે એજ પરીક્ષામાં ગયા એપ્રીલમાં બધા મલી હાજર થયલા ૮૩ માંથી ૪૮ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતાઃ—બીજા વરગમાં મી૦ જાલ જમશેદજી નાદરશાહ અને વરગ વગરનામાં મી૦ હોરમસજી દીનશાહ કાલાપેસી.

ઇનટરમીડીએટ એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં પસાર થયલાં બાઇ મેહરાં અરદેશર પોરઠવાળાને સર જેમસ ફરગયુસન સકોલરશીપ અને લેડી રે મેડીકલ સ્કોલરશીપ મલી હતી.

એલ. એમ. એંડ એસ. ની ડીગ્રી માટેની પરીક્ષામાં ગયા અકટોબરમાં હાજર થયલા ૨૨ ઉમેદવારોમાંથી ૧૪ પસાર થયા હતા, તેમાં પારસીઓમાં બીજા વરગમાં મી૦ કેખશરૂ દોરાબજી પાલખીવાલા હતા. જયારે એજ પરીક્ષામાં ગયા એપ્રીલમાં હાજર થયલા ૧૪ માંથી ૧૦ જણાએ પસાર થયા હતા, તેમાં બીજા વરગમાં નીચલા પારસીઓ હતાઃ—મેસરસ પેસોતન જીવનજી અપુ, જમશેદ બેહરામશા દલાલ અને ફીરોઝ શેરાબજી પાસકલ.

મુંબઇની કોલેજ ઓફ્ ફીઝીશીયન અને સરજ્યનસની એમ. સી. પી. એંડ એસ. ની પરીક્ષામાં ડા૦ બમનજી પેસતનજી દારૂવાળા અને એલ. સી. પી. એંડ એસ. ની પરીક્ષામાં મી૦ અરદાલીરાફ્ દીનશાહ એદલબેહરામ પસાર થયા હતા.

બેરીસટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ સોરાબજી શાપુરજી અડાજનીયા, શીઆવક્ષ કેખશરૂ એનજીનીયર અને વીકાજી ફ્રરામજી વીકાજી.

સોલીસીટરની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૩૯ ઉમેદવારોમાંથી ૭ જણાઓ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ હોરમસજી સી. કેપટન, હોરમજી એફ. મુલ્લાં અને મનચેરજી જે. ગાંધી.

એલ. એલ. બી. ની પરીક્ષામાં ગયા અકટોબરમાં બધા મલી હાજર થયલા ૨૪૮ ઉમેદવારોમાંથી ૯૪ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—બીજા વરગમાં, મેસરસ કેખશરૂ મેરવાનજી આંટીયા, જાહાંગીર સોરાબજી બાપાસોલા, ફરોખ એરચ ભરૂચા, હોરમજી એરચશાહ કુપર, નાદીર દીનશાહ દાલાસ, માણેક અરદેશર દાવર, એદલજી ભીખાજી ઘાસવાળા, કુવરજી રૂશતમજી જશાવાળા, ગયોમરઝ હોશંગ કોટવાલ, માણેક ફીરોઝશાહ લાલા, પેસતનજી નાનાભાઇ મુસ અને ખરશેદ ટેમુરસ પાવરી; જયારે એજ પરીક્ષામાં ગયા મારચમાં હાજર થયલા ૧૯૯ ઉમેદવારોમાંથી ૬૪ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ ફરદુનજી દોરાબજી કાંગા અને જાહાંગીર જમશેદજી નગરવાળા. આમાં પસાર થયલા મી૦ પેસતનજી નાનાભાઇ મુસને શેઠ મનચેરજી નવરોજજી બનાજી સ્કોલરશીપ મલી હતી.

મી૦ એન. કે. ચોકસી સીલોન ખાતે કાયદાની સેવટની પરીક્ષામાં પસાર થયા હતા.

એમ. એ. ની નવા કાનુનો મુજબની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૬ ઉમેદવારોમાંથી ૭ પસાર થયા હતા તેમાં પારસીઓમાં બાઇ પીરોજા જમશેદજી પાઉવાલા હતાં. જયારે જુના કાનુનો મુજબની એજ પરીક્ષામાં હાજર થયલા ૧૦૪ ઉમેદવારોમાંથી ૫૬ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતા:—બીજા વરગમાં મી૦ નવરોજી અરદેશર દાવર અને પાસ વરગમાં બાઇ માણેકબાઇ મેરવાનજી મેહતા તથા મેસરસ જાહાંગીર અરદેશર કામા, દારાબશાહ માણેકજી દારૂવાળા, નસરવાનજી ફીરોઝશાહ કામા અને શાવક પાલનજી ઘીવાળા.

બી. એસ. સી. ની નવા કાનુનો મુજબની પરીક્ષામાં હાજર થયલા ૬૫ ઉમેદવારોમાંથી ૩૪ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતા:—પેહલા વરગમાં મેસરસ નાદીરશા પેસતનજી તલાટી, ફીરોઝ ગુસતાદજી દલાલ, દારાશાહ રતનશા એદીબામ અને દીનશાહ ફીરોઝશાહ મુલ્લાં, બીજા વરગમાં મેસરસ મનચેરજી નશરવાનજી કામા, જેહાંગીર જીવાજી ગાંધી, પેસતનજી માણેકજી ખોદાયજી, કેખશરૂ રૂસતમજી ભરૂચા, બમનજી નવરોજી વકીલ, ખોદાબક્ષ નશરવાનજી ફોરબસ અને પીરોજ રૂસતમજી પંથકી, પાસ વરગમાં મી૦ દારાશાહ રતનજી એંટી.

મેસરસ બેરામ કેખશરૂ વાહાડયા અને રૂશતમ જમશેદજી ગજડર કલકતાની બી. એસ. સી. ની પરીક્ષામાં પસાર થયા હતા. મી૦ વાહાડયાએ બી. એસ. સી. ની કોલેજની ટેસટ પરીક્ષા પેહલે નંબરે પસાર કરી એક સીલવર મેડલ મેલવ્યો હતો.

બી. એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૨૦૧ ઉમેદવારોમાંથી ૬૯૬ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—બાઇઓ આઇમાય બેરામજી રૂશતમજી, ભીખાઇજી નાનાભાઇ કાતરક, રોદાબે ખરશેદજી દેશાઇ, ધનબાઇ નશરવાનજી વકીલ, બચુબાઇ ફીરોઝશાહ કામા અને પરીન આદરજી મસાની તથા મેસરસ કેખશરૂ પેસતનજી પટેલ, શીયાવક્ષ સોરાબજી ખંબાતા, કેકોબાદ કેખશરૂ લાલા, જાહાંગીર સોરાબજી વોરડન, હોમી ધનજીશાહ મીસતરી, કેખશરૂ બાપુજી ડાકટર, હોરમજી ગુસતાદજી કાપડયા, મેરવાનજી ફરામજી મુકાદમ, એચ. પી. ભાભા, જાલ હીરજીભાઇ લેનટીન, બલેજર રૂશતમજી સંજાણા, બહાદુરજી ફીરોઝશાહ વકીલ, બરજોર હોશંગજી

વકીલ, ડોશાભાઇ જમશેદજી પરેલવાળા, મીનોચેર માણેકજી બીલીમોરીયા, ફ્રામરોજ નવરોજી બનસા, પેસતનજી અરદેશર કામા, ફ્રામરોજ ફરેદુનજી હીરજી ખુરશેદ, કેકી સોરાબજી કાંગા, કેખશરૂ ખરશેદજી મરચંટ, માણેકજી દીનશાહજી મીસતરી, નાદીર રૂશતમજી વાંકડયા, તેહમુરસ નવરોજી દસ્તુર, રૂશતમજી હોરમજી કાંગા, જમશેદજી એદલજી કુતાર, રૂસતમજી બેરામજી સંજાના, નોશેરવાન અસપંડીઆર મેહેરવાન, દારાશાહ સોરાબજી સુરતી, બેરામશાહ શાપુરજી દેશાઇ, ફ્રામરોઝ જાહાંગીર ઘડીયાળી, રૂશતમજી ફરામજી તીતીના, જાહાંગીર મનચેરશા રાણીના, ધનજીશાહ નાદીરશાહ કાપડયા, ફ્રામરોઝ ધનજીભાઇ મસાની, ફ્રામજી જમશેદજી પટેલ, હીરજી રૂશતમજી ડાકટર, ફ્રામજી માણેકજી સહીયાર, કેકોબાદ દીનશાહ શેઠના, દારા ખરશેદજી કરાકા, હોમી માણેકજી શરાફ, એરચ એદલજી દુબાશ, ફ્રામજી જમશેદજી જસીયા, ફ્રામજી એદલજી કાપડયા, કાવશ ફ્રામજી બેશવાળા, નોઝર ફરેદુનજી મરઝબાન, બેરામજી કાવશા મેહતા, હોમી ડોશાભાઇ મીસ્ત્રી, તેહમુરસ્પ રૂશતમજી મુલ્લાં, નશરવાનજી ખરશેદજી સહીયાર, એદલજી પેસ્તનજી સ્પેનસર, મનચેરશાહ જાહાંગીરજી સુખડવાલા અને ખરશેદજી ફ્રામજી વાહાડયા. આમાં પસાર થયલા મી૰ તેહમુરસ નવરોજી દસ્તુરને શેઠ ફીરોઝશાહ મેરવાનજી જીજીભાઈ સ્કોલરશીપ મલી હતી.

મી૰ નશરવાનજી પેસતનજી ચાહેવાળાએ કલકતા યુનીવરસીટીની બી. એ. ની પરીક્ષા પસાર કરી ગોલડ મેડલ મેલવયો હતો.

વડોદરા કોલેજની પ્રીવીઅસની પરીક્ષામાં બાઇએ કુંવરબાઇ બી. કામા અને દીનબાઇ રૂશતમજી ડાકટર પસાર થયાં હતાં.

ઇનટરમીડીએટ આરટસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૫૬૪ ઉમેદવારોમાંથી ૯૫૩ પસાર થયા હતા, એમાં ૫૧ પારસીઓ હતા, જેમાં નીચલી ૬ પારસી બાનુઓ હતી :—બાઇઓ પોરૂચીસતી જમશેદજી નાદરશા, મીથાં અરદેશર તાતા, ગુલબાઇ નશરવાનજી વકીલ, ગુલેસતાન જમશેદજી બાહાદુરજી, નવાજબાનુ રૂસતમજી પંથકી અને મેહરાં નવરોજી પટેલ. આમાં પસાર થયલા મી૰ જમશેદજી કાવશજી કાતરકને શેઠ ફરામજી સોરાબજી ભાવનગરી સ્કોલરશીપ મલી હતી.

મેત્રીકયુલેશનની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૫૪૧૬ ઉમેદવારોમાંથી ૧૮૭૪ પસાર થયા હતા, તેમાં ૧૯૫ પારસીઓ હતા. બધી મલી હાજર થયલી ૧૬૪ બાનુઓમાંથી ૬૮ પસાર થઇ હતી, તેમાં નીચલી ૨૫ પારસી બાનુઓ હતી જે ઉપલા ૧૯૫ પારસીઓમાં સમાઇ જાય છે :—બાઇઓ શીરીન બેરામશા આઇબારા, ખોરશેદ જાલભાઇ ભરડા, નાજાં શાવકશા ચોકશી, બપઇ અરદેશર કનત્રાકટર, મનીજેહ દીનશા દારૂવાલા, પીરોજા કુંવરજી દારૂવાલા, આલાં બાપુજી ડાકટર, બાનુ ધનજીશા ગજદર, શેહેરાં બાપુજી ગારડ, કુમી એદલજી કાપડીયા, શીરીન માણેકજી મોગરેલીયા, પેરીન દીનશા મોતીવાળા, હીલ્લા હોસંગશા નાણાંવટી, આલાં નવરોજી પટેલ, જરબાઇ પીરોજશા પાવરી, મેહેરાં માણેકશા પોંચખાનાવાળા, પીરોજા માણેકજી સાહેર, નાજાં માણેકજી સંજાના, પુતલીબાઇ દીનશા શેઠના, મની હીરજીભાઇ સરવેયર, બાનુ શાપુરજી વકીલ, ગુલ્લા મુલ્લાંફીરોઝ, રતન સોરાબજી સાંગા, શીરીન સોરાબજી અને નાજાં જમશેદજી કાપડયા. આમાં પસાર થયલા મી૰ અરદેશર હોરમજી દસ્તુરને સર દીનશાહ મા. પીટીટ પેહલા બારોનેટ સ્કોલરશીપ અને બાઇ જરબાઇ ફીરોઝશાહ પાવરીને ચેટફીલડ પ્રાઇઝ મલ્યું હતું.

સ્કુલ ફાઇનલની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ દારાબશાહ અરદેશર ડુમસીઆ, રૂશતમજી શાપુરજી ફીટર, ફ્રામરોજ બેરામજી ગાડીવાલા, મેરવાન ખોદાદાદ ઇરાની, મીનોચેહર ખોદાદાદ ઇરાની, જાલભાઇ ફીરોઝસાહ બલસારા, હોરમજી જાહાંગીર દારૂવાલા, ખરશેદ અરદેશર દોટીવાલા, હોમી ફરેદુન કાપડીયા, મહીયાર પેસતનજી કાપડીયા, પીરોશાહ જમશેદજી માણેકશાના, ફીરોઝશાહ માણેકજી રાંદેરીયા, નાદર અરદેશર સબાવાલા અને માણેકજી ફરેદુનજી વાડયા.

બી. ઈ. સીવીલ યાને બેચેલર ઓફ સીવીલ એનજીનીયરીંગની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૬૮ ઉમેદવારોમાંથી ૪૫ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—પેહેલા વરગમાં મી૰ મરઝબાન કાવશજી માસતર, બીજા વરગમાં મેસરસ મેરવાનજી શાપુરજી આંટીયા, એદલજી કુંવરજી ભરૂચા, જમશેદજી બમનજી બોઈસ, કેરશાસ્પ હોરમજી દસ્તુર, નરીમાન રતનજી ગ્રીન, જીજીભાઇ સોરાબજી જાગુસ, ફરામરોઝ દાદાભાઇ મીસતરી, ફરામરોઝ અરદેશર નાદરશાહ, હોરમજદીયાર મીનોચેર રાત્ર અને રૂશતમજી બરજોરજી સંજાણા.

એનજીનીયરીંગ (સીવીલ) ની બીજી પરીક્ષામાં પસાર થયલા મી૰ જાહાંગીર નાદીરશાહ વકીલને શેઠ નશરવાનજી જાહાંગીરજી વાહાડયા સ્કોલરસીપ મલી હતી.

મીકેનીકલ ઇજનેરની ફરસ્ટ કલાસની પરીક્ષામાં મેસરસ પાલનજી સોરાબજી ભરૂચા, એરચશાહ કેખશરૂ દસ્તુર, દીનશાહ બરજોરજી બગટ અને અરદેસર રૂશતમજી વજીફદાર; મીકેનીકલ ઇજનેરની સેકન્ડ કલાસની પરીક્ષામાં મેસરસ બરજોરજી ખરશેદજી દારૂવાલા, મેરવાનજી ભીખાજી વાડયા, ફરામજી જમશેદજી ગોદીવાળા, ફરામજી એદલજી દારૂવાળા, જાહાંગીર ધનજીભાઈ કેરાંવાળા, નવરોજી સોરાબજી ગાંધી, હોરમજી કાવશજી પટેલ, બેરામજી રતનજી કરકરયા, નશરવાનજી નવરોજી મેહતા, દીનશાહ કાવશજી દારૂવાળા અને નાદીરશાહ પેસતનજી સુખડવાલા; મીકેનીકલ ઇજનેરની થરડ કલાસની પરીક્ષામાં મેસરસ લવજી એ. મીસતરી અને સોરાબજી બરજોરજી દાદાચાનજી પસાર થયા હતા.

બી. એ. જી. યાને બેએલર ઓફ એગ્રીકલચરની ખેતીવાડીને લગતી ડીગ્રી માટેની પરીક્ષામાં બધા હાજર થયલા ૩૦ ઉમેદવારો પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:-મેસરસ કેખશરૂ પેસતનજી ચીનાઇ, કાવશજી કુંવરજી કંત્રાકટર, બરજોર બેરામજી જામાસ્પજીના અને રૂશતમ મેરવાનજી માસતર.

ટેકનીકલ કોલેજની ઇલિકત્રીકલ એનજીનીયરીંગની છેલ્લા વરસની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ બરજોરજી વીકાજી વખારીયા, અરદેશર ફરામજી કામા, રૂસતમ પેસતનજી શેઠના, નશરવાન અરદેશર સોલન, રૂસતમ એદલજી ડાકટર, મેરવાનજી માણેકજી ખંબાતા, પીરોજશાહ એદલજી પટેલ, મીનોચેહેર એદલજી ઘડીઆળી અને દીનશાહ હીરજીભાઇ તારાપોરવાલા.

મુંબાઇની સર જે. જે. સ્કુલ ઓવ આરટ મધે લેવાયલી આરકીટેકચરની એડવાનસડ પરીક્ષામાં મેસરસ શીયાવક્ષ કાવસજી પસતાકીયા, કેરશાસપ ભીખાજી તારાપોરવાલા અને પીરોશા રૂસતમજી ટરનર; ડરોઇંગ અને પેનટીંગની એડવાનસડ પરીક્ષામાં બાઇઓ શીરીન દીનશાહ દાવર અને કુમા ફરામજી તારાપોરવાલા તથા મી૰ હોરમસજી રૂસતમજી કાપડીયા; ડરોઈંગ શીક્ષકની પરીક્ષામાં બાઇઓ નવાજબાઇ અરદેશર પ્રીંટર અને તેહમીના અરદેશર પ્રીંટર પસાર થયાં હતાં.

ડરોઇંગ અને આરટની પરીક્ષાઓને ગયે વરસથી મુંબઇ સરકારે નવાં ધોરણ ઉપર મુકીને લેવાનું ચાલુ કરયું છે, તેમાં આરકીટેકચરની એડવાનસ પરીક્ષામાં મેસરસ અરદેશર નવરોજી ગીલડર, ફરામરોઝ નવરોજી ગીલડર, સોરાબજી બરજોરજી નાદોડવાળા અને જમશેદજી બમનજી તવડયા; ડરોઇંગ ટીચરસ સરટીફીકેટની પરીક્ષામાં મીસ તેહમીના પાહલનજી એનજીનીયર (એવણને ડરોઇંગમાં ઇનામ મલ્યું હતું) અને ઇનટરમીડીયટ ડરોઇંગ ગ્રેડ એકઝામીનેશનમાં બાઇ બાનુ ભીખાજી મુલ્લાંએ ફતેહ મેલવી ડીઝાઇનમાં પહેલું ઇનામ મેળવયું હતું.

બેચેલર ઓવ કોમરસની ડીગ્રી માટેની પરીક્ષામાં નીચલા પારસીઓ હતા:-એડવાનસ એકાઉનટીંગ અને ઓડીટીંગમાં મેસરસ એરચ જમશેદજી દસ્તુર, મીનોચેર શાપુરજી જોશી અને હોશંગ નવરોજી મેહતા.

નાગપોરવાળા મી૰ મીનોચેહર ફરામજી મનચેરજી સુનાવાળાને મધ્ય પ્રાંતની સરકારે નાગપુરની વીકટોરીયા સાયનસ કોલેજમાં સાયનસનો ચઢતો અભયાસ કરવા માટે સ્કોલરશીપ આપી હતી.

# ગયે વરસે બનેલા પરચુટણ જાણવાજોગ બનાવો.

મુંબઇ મ્યુનીસીપાલીટીના એસીસટંટ એકઝીકયુટીવ એનજીનીયર શેઠ કેખશરૂ પેસતનજી ભેદવાર લાંબી નોકરી બજાવી ગયા એપ્રીલમાં રીટાયરડ થવાથી એવણુના માનમાં તા૦ ૧૪ મી જુલાઇને દીને મુંબઇના સીવીલ એનજીનીયરો તેમજ એમના મીત્રો અને વખાણનારાઓ તરફથી તાજમાહલ હોટેલમાં ખાણુનો એક મેલાવડો કરવામાં આવયો હતો. એસીસટંટ એકઝીકયુટીવ એનજીનીયર શેઠ મનચેરજી એદલજી જોશીએ એક માનપત્ર તથા ટી સેટ શેઠ ભેદવારને એનાયત કરી એવણુના ભલા ગુણો માટે કેટલુંક વીવેચન કીધું હતું.

શેઠ માણેકજી મનચેરજી ભરૂચાએ મુંબઇની બોંબે ત્રેડીંગ કંપનીના એકાઉનટંટ અને કેશીયર તરીકે ૨૫ વરસ સુધી બજાવેલી લાંબી નોકરી માટે તા૦ ૧ લી મારચે એક મેલાવડો કરી એ કંપનીના મેનેજર મી૦ વાન રાઇકોમના હાથે હાઉશ સ્ટાફે શેઠ માણેકજી તથા એવણુના ધણીયાણીને સોનાના છેડાઓ ભેટ કીધા હતા અને કંપનીએ સારી જેવી રકમનો ચેક આપ્યો હતો, જ્યારે વેપારીઓ તરફથી વીંટી વગેરેની ભેટ થઇ હતી.

શેઠ ફરામજી દાદાભાઇ લાલકાકા મુંબઇની મેસરસ ડબલ્યુ. એંડ આર. ગ્રાહમની હાઉસમાં ૪૫ વરસ થયા છે અને કનસાઇનમેંટ ખાતાના વડાનો ઓધો ભોગવે છે તેવણુને લાંબી નોકરીની પીછાનમાં તા૦ ૬ ઠી મારચે એ હાઉસમાં વડા મેનેજર મી૦ પેતનના હાથે સુનાનું ઘડીયાળ ભેટ આપવામાં આવ્યું હતું.

શેઠ મનચેરજી ખરશેદજી મીસતરી ૪૧ વરસની નોકરી બજાવી રીટાયરડ થવાથી બોમબે ચેમબર ઓફ કોમરસના સ્ટાફે તા૦ ૧૧ મી નવેમબરે ઓ૦ મી૦ વેરડલો મીલનના પ્રમુખપણા હેઠળ મેળાવડો કરી સુવેનીર તરીકે સીલવર પલેટ એનાયત કરી હતી અને એવણે બજાવેલી સેવાઓ માટે સ્તુતી કરી પ્રમુખે કમીટી તરફથી સારી રકમનો ચેક ભેટ આપ્યો હતો.

અલીગઢ સનાતન ધરમ સ્કુલના હેડ માસટર એરવદ ખુરશેદજી શાપુરજી દાબુને લખનોની જરથોસ્તી અંજુમને તા૦ ૫ મી અકટોબરને દીને મોતી મહેલમાં એક મેલાવડો શેઠ જમશેદજી દાદાભાઇ પાઘડીવાળાના પ્રમુખપણા હેઠળ કરી માનપત્ર તથા પરસ એનાયત કરી હતી, જયારે બીજા ગ્રહસ્થોએ શીયાલો ભેટ આપી હતી.

કલકતા સેકન પ્રેસીડનસી બી. વાલનતીયર રાયફલવાળા સારજંટ ધનજીશાહ પેસતનજી તલાટીને લોંગ સરવીસ મેડલ મલ્યો હતો. એ ચાંદ પેહેલા જરથોસતી તરીકે ૩ વરસ ઉપર શેઠ એમ. સી. ગઝદરને મલ્યો હતો.

શેઠ હોરમજી તાંતરા પોતાની વીકટોરીયા નાટક કંપનીને લઇને મધરાસ ગયા હતા, ત્યાં કરેલા કેટલાક ધરમાડા ખેલોની આવક ફંડોમાં આપવાથી તા૦ ૨૧ મી નવેમબરે કરેલા ખેલ વખતે એક સોનાનો ચાંદ રાજા બદરા અલ્લમે અને બીજો સોનાનો ચાંદ જસટીસ અબદુલ રહીમ એનટર-ટેઇન્મેન્ટ કમીટીએ તેમજ રોયલ ઠીએટરના માલેકોએ એક ચાંદીનું કપ સાસર અને ચાંદીના મુંડની લાકડી શેઠ તાંતરાને ભેટ કીધી હતી. એજ મુજબ કોલંબો ખાતે તા૦ ૨૦ મી ફેબરવારીએ કરેલા ખેલની આવક સીલોન ઇંડીયન વોર ફંડમાં આપવાથી એ ફંડની કમીટીએ એક સોનાનો ચાંદ અને તા૦ ૬ ઠી મારચે કરેલા ખેલ વખતે સીલોનની પારસી અંજુમને એક હીરાજડીત સોનાનો ચાંદ શેઠ તાંતરાને ભેટ આપીયો હતો.

ડા૦ એરામજી દાદાભાઇ રાણાએ નવસારીની સંસકરત પાઠશાળા સારૂ થયલા ધર્માદા ખેલમાં આપેલી મદદ માટે સુનાનો ચાંદ એવણુને ગયા અકટોબર માસમાં પાઠશાળા તરફથી ભેટ આપ-વામાં આવયો હતો.

બાઇ બાનુબાઇ ફીરોઝ દી. ગોરવાળાને ઇંડોરમાં ભરાયલા હુનરકલાના પ્રદરસનમાંથી એક સોનાનો અને રૂપાનો ચાંદ તથા બે સરટીફીકેટ તેમજ ઉદવારયા ગરલ્સ સ્કુલમાંથી પેંટીંગ અને કાચકામ માટે પેહેલું ઇનામ મલ્યું હતું.

વડોદરા ખાતે ગયા ડીસેમબરમાં ભરાયલાં હુનર ઉદયોગ અને ખેતીવાડીના પ્રદરશનમાંથી શેઠો બાલીવાલા અને હોમીને ચશમા માટે સોનાનો ચાંદ, બાઇ આઇમાય બેહેરામશાહ જાગોસને ભરતકામ માટે રૂપાંનો ચાંદ અને શેઠ અરદેશર પેસતનજી અમનજીને ચીત્રકળા માટે સરટીફીકેટ અને બરોનઝ મેડલ મલ્યા હતા.

માઇસોર ખાતે ભરાયલાં એકઝીબીશનમાંથી બાઇ પરીન જાહાંગીરજી માઇસોરવાલાને ભરતકામ માટે મેડલ અને ઇનામ અને બાઇ શીરીન જાહાંગીરજી માઇસોરવાલાને બલાઉઝ ભરવા માટે ઇનામ મલ્યું હતું.

શેઠ જાહાંગીર એસ. વારડનને ૧૯૧૬ માં રમાયલી કવોડરેંગયુલર ક્રીકેટ મેચોમાં સારો દેખાવ કરવા માટે એક સોનાનું ઘડયાલ વીકટોરયા બેકરીવાળા શેઠ શીયાવક્ષ એ. આર. કનફેકશનરે આપ્યું હતું તેમજ એવણના વખાણનારાઓએ બીજાં બે સોનાનાં ઘડીયાલો ભેટ આપ્યાં હતાં.

શેઠ દોરાબશાહ એદલજી નગરવાલાને ખાનસાહેબનો ખેતાબ સને ૧૯૧૬ ના જુનમાં એનાયત થવાથી તેની ખુશાલીમાં અહમદનગરની જરથોસ્તી અંજુમને તા૦ ૯ મી જાનેવારીને દીને ધનાપટેલ હોલમાં એક મેલાવડો કરી ચાંદીની કાસકેટમાં એક માનપત્ર એનાયત કીધું હતું.

કરાંચીના જાણીતા શેહેરી ખા૦ બા૦ કાવશજી હોરમજી કાતરકને નામદાર સરકારે ખાનબહાદુરનો ખેતાબ બક્ષયો તેની ખુશાલીમાં કરાંચીની યંગમેન ઝોરાસ્ત્રીયન કલબે તા૦ ૭ મી જુલાઇએ રાતે ખાનાનો મેલાવડો કરી માનપત્ર એનાયત કીધું હતું, જે વખતે ખા૦ બા૦ કાવશજીએ કરેલી સખાવતોની તારીફમાં કેટલુંક વીવેચન કરી એવણને મલેલા ખેતાબ માટે મુબારકબાદી આપી હતી. વળી ખા૦ બા૦ કાવશજીના માનમાં તા૦ ૧ લી સપટેમબરે કરાંચીના પારસી જીમખાનાના મેંબરો તરફથી ગારડન પારટીનો મેલાવડો કરવામાં આવ્યો હતો. ઓનરરી સેક્રેટરી શેઠ જેમી નશરવાનજી મેહતાએ ખા૦ બા૦ કાવશજીની તારીફમાં વીવેચન કરતાં જણાવ્યું કે તમારી સખાવત કરવાની, વેપારી કુનેહની તથા તમારા મલતાવડા સ્વભાવની પીછાન સરવે જાણ્યુ઼ કરે છે. તમારા ધણીયાણીને નામે પારસીઓ માટે એક ચાલ બંધાવી છે અને તમારે નામનો કાતરક સ્વીમીંગ બાથ છે. સારવજનીક ઉપયોગ માટે લેડી ડફરીન હાસપીટલમાંનાં સુવાવડખાનાના નીભાવ માટે રૂ૫૦૦૦૦ આપયા છે. તમારી સખાવતની પારસી કોમ કદર બુજે છે તેમજ નામદાર સરકારે કદર બુજી તમુને ખાન બહાદુરનો ખેતાબ એનાયત કીધો છે, તેની ખુશાલી જાહેર કરવા આજે એકઠા મલ્યા છઇએ. ખોદા તમુને પુર તંદરોસ્તી બક્ષે અને હવે પછી એથી પણ વધારે ઉપયોગી સખાવતી કામો કરતા રહેશો એવી દુવા ગુજારીએ છીએ. ખા૦ બા૦ કાવશજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માની જણાવ્યું કે મને મલેલા ખેતાબ પછી મેલાવડાઓ કરવામાં આવ્યા છે તે માટે તેમજ આજે પારસી ઇનસટીટયુટે આપેલા માન માટે ઉપકાર માનુછું. મારી નાકેશ શકતી મુજબ લોકોના ફાયદા માટે થોડું ઘણું કીધુ છે તેની કદર બુજવાથી મને ખુશાલી ઉપજે છે. અને કોમની સેવા વધારે કરવામાં મને ઉતેજન મલશે. યંગમેનશ ઝોરાસ્ત્રીયન એસોસીએશનને એક મકાનની જરૂર હોવાથી તે માટે આજે રૂ૨૦૦૦૦ ની રકમ આપુ છુ. એ પછી મેલાવડો વીસરજન થયો હતો.

મુંબઇની પારસી પંચાયતના સેક્રેટરી સમસુલ ઓલમાં એરવદ ડાકતર જીવણજી જમશેદજી મોદી, બી. એ., પી. એચ ડી. ને નામદાર શેહેનશાહ જયોરજની સાલગ્રેહની ખુશાલીમાં એમની જરથોસતી ધરમ સાહીતય તેમજ પુરવના સાહીલની સેવાઓની પીછાનમાં સી, આઇ, ઇ, ના

નામીચા ખેતાબની માનભરેલી નવાજેશ કરવામાં આવી હતી. એ માટે સમસુલ ઓલમાં એરવદ જીવણજીને ચોતરફથી મુબારકબાદી આપવામાં આવી હતી તેમજ જરથોસતી ભાઇબંધ મંડળી, અથોરનાન મંડળ વગેરે તરફથી મુબારકબાદી આપનારા ઠરાવો પસાર કરી એવણ ઉપર મોકલાવ્યા હતા.

અમદાવાદના જાણીતા શેહેરી ખાં૦ બા૦ નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઈ. ને મલેલા સર નાઇટના નામીચા ખેતાબ માટે સઘલી ગમથી મુબારકબાદીઓ આપવામાં આવી હતી. તા૦ ૧૮ મી ફેબરવારીએ અમદાવાદની અગીયારીમાં ખાં૦ બા૦ સરદાર રૂશતમજી જાહાંગીર વકીલના પ્રમુખપણા હેઠલ મલેલી જરથોસ્તી અંજુમનની સભામાં સર નવરોજીને મુબારબાદી આપી માનપત્ર આપવાનો તેમજ તા૦ ૨૧ મીએ મળેલી અમદાવાદના શેહેરીઓની જાહેર સભામાં માતપત્ર વગેરે આપવાનો ઠરાવો પસાર થયા હતા. વળી પુણાના સર દી. એમ. પીટીટ પારસી જીમખાનાના સભાસદોએ ઇવનીંગ પારટીનો એક મેલાવડો તા૦ ૨૬ મી આગરટે કરી સર નવરોજીને માનપત્ર એનાયત કીધું હતું.

એડવોકેટ ઓફ ઇંડયાના રીપોરટર શેઠ દીનશાહ હોરમજી વાણીયાને નામદાર સરકારે જસટીસ ઓફ ધી પીસ નેમવાથી એવણુને મુબારકબાદી આપવા મુંબઇના છાપાના રીપોરટરો તથા જરનાલીસ્ટો તરફથી ખાણાનો એક મેળાવડો તા૦ ૧૪ મી અકટોબરે રાતે ખેતવાડી બાટલીવાલાની વાડીમાં કરવામાં આવ્યો હતો. ખાણા ઉપર ટાઇમસ ઓફ ઇંડયાના રીપોરટર શેઠ નવરોજી એમ. દુમસીયાએ શેઠ દીનશાહની સલામતી લેવાડતાં એવણ પોતાના માયાલુ સ્વભાવથી છાપામંડલ સાથે સંબંધ રાખનારાઓને દરેક વખતે કાલજી અને ખંતથી મદદ કરે છે તે વીશે સ્તુતી કરી એવણુના વખાણુ કીધા હતા. તે પછી કેટલાક સાહેબોએ વીવેચન કરવા બાદ મેળાવડો વીસરજન થયો હતો.

શેઠ ડી. એન. પટેલે પત્રકાર, કથાકાર તરીકે કરેલી સેવાઓની કદરશનાસીમાં એવણુના મીત્રો તથા વખાણુનારાઓએ એક મેળાવડો બાલીવાળા ગ્રાંડ થીએટરમાં તા૦ ૨૯ મી એપ્રીલે બપોરના કરયો હતો. આ પ્રસંગે એમપ્રેસ નાટક મંડળીએ ગામડેની ગોરીનો ખેલ રજુ કીધો હતો. ખેલની અધવચે શેઠ બરજોરજી ફરામજી ભરૂચાએ શાહનામાનાં વાંચનો તથા કીરતનો મુંબઇ તેમજ દેશાવરો ખાતે શેઠ પટેલ કરે છે તે માટે એવણુની સ્તુતી કરી એવણે કથાકાર સંગીતકાર લેખે બજાવેલી સેવાઓ માટે વીવેચન કરી જણાવ્યું કે એક ફંડ ઉભું કરવામાં આવ્યું છે જેમાં આ ખેલની આવક ઉમેરી શેઠ પટેલને એક પરસ આપવામાં આવશે. એ પછી કેટલાક ગ્રહસ્થોએ એવણુની તારીફમાં વીવેચનો કરવા બાદ શેઠ રૂસતમજી બેરામજી જીજીભાઇના ધણીયાણીએ રૂપાંની એક કાસકેટ, કદરસનાસી પત્ર અને પરસ શેઠ પટેલને એનાયત કરવા બાદ શેઠ પટેલે પોતાને આપેલાં માન માટે સરવેનો ઉપકાર માનીયો હતો.

ગ્રાંટરોડની એરવદ દોરાબજી મીઠાઈવાળાની દરેહમેહરની રોજ ૯ મો માહા ૯ મા ને દીને પહેલી સાલગ્રેહની ખુશાલીમાં જશન કરવા પછી એ દરેહમેહરના પંથકીઓ એરવદ બરજોરજી કાવશજી ભાઠેનાએ અને બેટા એરવદ માણેકજીએ પોતાની જાતી મેહનત અને ખંતથી ગોદાવરા મોબેદોના સવતંત્ર આલાતની કીયા જે અગાઉ કરવામાં નહી આવેલી તે એવણુની દેખરેખ હેઠળ એ દરેહમેહરમાં કરવામાં આવી તે માટે ઉપકાર માની એ બંને સાહેબોને દરેહમેહરના ટરસ્ટીઓ, ગ્રાંટરોડવાસીઓ, તેમજ બીજા કેટલાક સાહેબોએ એકેકી શીયાલ એનાયત કીધી હતી.

સમસુલ ઓલમા દસ્તુરજી દારાબજી પેશોતનજી સંજાણા પોતાના ધણીયાણી બાઇ શીરીનબાઇ સાથે ઉડવાડે ગયા હતા, તે તકનો લાભ લઇ તા૦ ૨૯ મી નવેમબરે આતશબેહરામમાં એક મેળાવડો કરી અથોરનાન અંજુમન તરફથી એક શીયાલ દસ્તુરજી ખુરશેદજીએ તથા બીજી શીયાલ પોતા તરફથી આપી હતી. તે પછી મુંબઇના વાહાડયાજીના આતશબેહરામનાં મોબેદો તરફથી એક માનપત્ર તથા શીયાલ દસ્તુરજી દારાબજીને એનાયત કરવા બાદ દસ્તુરજી દારાબજીએ બીજે દીને નવજોતની થયલી કીયામાં દસ્તુરજી ખુરશેદજીને એક શીયાલ ઓઢાડી હતી.

ઉદવાડાના ડા૦ નશરવાનજી દો. દસ્તુરની શેહાદી મુંબઇમાં તા૦ ૨૪ મી જાનેવારીએ થઇ તેની ખુશાલીમાં ઉદવાડા અંજુમન તરફથી એવણુને શીયાલ, સોનાનું ઘડીયાલ સાથ પરસ દસ્તુર ખુરશેદજી મીનોચેરજીએ ભેટ કીધી હતી તેમજ દસ્તુર ખુરશેદજીને બી શીયાલ ઓઢાડવામાં આવી હતી. બીજે દીને ઉદવાડાના મોબેદો તરફથી શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં એક મેળાવડો સમસુલ ઓલમા દસ્તુરજી દારાબજી પેશોતનજી સંજાણાની આગેવાની હેઠળ કરી દસ્તુરજી

ખુરશેદજીને એક શીયાલ સાથ માનપત્ર તેમજ દસ્તુરજી પેશોતનજી મીરઝાંને અને શેઠ એદલજી બરજોરને એકેકી શીયાલ એનાયત થઇ હતી.

નવસારીના પબલીક પ્રોસીક્યુટર એરવદ દીનશાહ દાદાભાઇ મુલાંએ નવસારીમાં બગર સાથ અંજુમન સામે ય. ૧૨૫૮ માં સથાપાયલી અગીયારીના કેશમાં વરસો સુધી બાહોશીથી લડત ચલાવી બગર સાથ અંજુમનની બજાવેલી સેવા માટે એવણના માનમાં રોજ ૧૫ મે માહા ૫ માને દીને મેલાવડો કરી વડા દસ્તુરજી કેકોબાદજીએ બે શીયાલ ઓઢાડી હતી.

ગ્રાંટરોડ પર આવેલી બાઇ ડોશીબાઇ રૂશતમજી માસતરની માલેકી હેઠલ ચાલતી પ્રીટેનીયા ગરલસ સ્કુલની સીલ્વર જુબીલીનો મહોતસવ ઉજવવા માટે તેમજ એ પ્રસંગે વીદયારથીઓને ઇનામો વેંહચી આપવાનો એક મેલાવડો વીકટોરીયા થીએટમાં તા૦ ૨૨ મી ફેબરવારીને દીને શેઠ હોરમજી કાવશજી દીનશાહ એડનવાળાના પ્રમુખપણ હેઠળ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં વીદયારથીઓએ ગાયન, ડરીલ વગેરે કરવા પછી સ્કુલના માલેક બાઇ ડોશીબાઇએ રીપોરટ વાંચતાં જણાવ્યું હતું કે ૨૫ વરસ ઉપર આ સ્કુલની સ્થાપના કરી હતી અને હાલમાં ૧૭૫ છોકરીઓ અભયાસ કરે છે અને સરકાર તરફથી રૂ૭૦૫ ની ગ્રાંટ મલે છે જે હમણા વધવાનો સંભવ છે. સ્કુલમાં ગુજરાતી, અંગ્રેજી, દરોઇંગ અને ભરત શીવણ કામ ઘણી સરસ રીતે શીખવવામાં આવે છે. એ પછી શેઠ હોરમજીએ લંબાણથી ભાષણ કરતા બાઈ ડોશીબાઇની કન્યા કેળવણીની ખીલવણી કરવા માટેની એકલા હાથની જહેમત અને સેવાની પીછાન કરી એ સ્કુલને સંતોસકારક હાલતમાં લાવવા માટે એવણને મુબારકબાદી આપી ફતેહમંદ વીદયારથીઓને ઇનામો વેહેંચી આપ્યા બાદ શેઠ એદલજી દો. તલાતીએ પ્રમુખનો ઉપકાર માની કેટલુંક વીવેચન કરવા પછી વીદયારથીઓ અને શીક્ષકો તરફથી એક વીંટી બાઇ ડોશીબાઇને ભેટ કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

નવસારીની સર કાવશજી જાહાંગીર મદરેસાની ૬૦ માં વરસની જુબીલીનો મોહોતસવ તા૦ ૬ ઠી અકટોબરે પડવાથી સાંજે જશનની ક્રીયા કરવા પછી સુબા મી૦ રામલાલ હીરાલાલના પ્રમુખપણા હેઠળ એક મેલાવડો કરવામાં આવ્યો હતો. એ વખતે સ્કુલના સેકરેટરી શેઠ ફરદુનજી માણેકજી કાંગાએ સ્કુલને લગતી કેટલીક વીગત આપતાં જણાવ્યું કે મદરેસાની સ્થાપના ૭૫ વીદયારથીઓથી થઇ હતી. લગભગ ૩૫૦ જણા મેટરીક થયા છે. શરૂઆતનું ફંડ રૂ૬૩૦૦ જેટલું હતું તે હમણા સવા લાખ જેટલું થયું છે. એ પછી ફતેહમંદ વીદયારથીઓને ઇનામો વેંહચ્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

નામદાર જડજ સર દીનશાહ ધનજીભાઇ દાવર તા૦ ૨૯ મી જુલાઇ ૧૯૧૬ ને દીને બેહેસતનશીન થયા હતા. એવણના મરણ માટે દલગીરી જાહેર કરવા અને મરણની નોંધ પંચાયતના દફતરમાં લેવાને તેમજ મરહુમ શેઠની યાદગારી માટેની હીલચાલ કરવાને તા૦ ૩ જી ડીસેમબર ૧૯૧૬ ને દીને સાંજે શેઠ દાદીશેઠના આતશબેહરામમાં નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટના પ્રમુખપણા હેઠળ અંજુમનની જાહેર સભા મલી હતી. સર જમશેદજીએ ભાષણ કરતાં જણાવ્યું કે સને ૧૯૮૫ નું શાલ જાણીતા પુરૂશોના મરણ સંબંધમાં ઘણું કમનશીબ નીવડયું છે, તેમાં સર દીનશાહના નીપજેલાં મરણ માટે આપણી દલગીરી દેખાડવાને ભેગા મલ્યા છે. કોમના ભલાં માટે એવણ તીક્ષણ દાઝ ધરાવતા અને હાઇ કોરટને પોતાની કાબેલયતથી દીપાવી હતી. વગેરે વીવેચન કરવા પછી સર દીનશાહના મરણ માટે દલગીરી દરસાવનારો તેમજ પંચાયતના દફતરમાં નોંધ લેવાનો તથા મરહુમના દીકરા શેઠ જાહાંગીર ઉપર દીલાસાપત્ર મોકલી આપવાના ઠરાવો પસાર થયા હતા.

પારસીઓ ઇરાનમાંથી હાંદેસાના મારેલા નીકળી આવી હીંદ સરજમીનમાં સંજાન ખાતે પહેલવેહલો મુકામ તીર મહીનાના બમન રોજે કીધો હતો, તે મહાન અને ઇતીહાસીક બનાવની યાદમાં એક જશનની ક્રીયા મુંબઇની જશન કમીટીની આગેવાની હેઠળ રોજ ૧ લો માહા ૪ ઠા ને દીને સંજાન નગરીની યાદગાર ભુમી ઉપર જરથોસતીઓના એક મોટા મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. જશનની ક્રીયા ઉદવાડાવાળા દસ્તુરજી ખુ. મીનોચેહરજીએ કરવા પછી જશન કમીટીના પ્રમુખ શેઠ જાહાંગીર જમશેદજી વીમાદલાલે "પારસીઓ અને સંજાન" એ વીશય પર એક ભાષણ કરતાં જણાવયું કે આપણા ન્યાગાનોને સંજાન ખાતે ઉતરવાને બારસોને એક વરસ પુરા થયા છે. જુદા જુદા ગામોના દસ્તુરજી સાહેબોએ આજે સાથે મલીને જશન કર્યું તે એક યાદગાર બનાવ છે.

એ પછી સમસુલ ઓલમાં દસ્તુરજી દારાબજીએ પ્રસંગને અનુસરતું કેટલુંક વીવેચન કરી શેઠ જાહાંગીર વીમાદલાલને એક શીયાલ તેમજ ઉડવાડાના દસ્તુરજી ખુરશેદજીએ બીજી શીયાલ એનાયતકરી હતી.

દમણનું દોખમું જુનું થવાથી સરકારી જમીન લેવા માટે દમણની જરથોસ્તી અંજુમને ૧૯૧૩ ની તા૦ ૧૩ મી ડીસેમબરે ગોવાના માજી ગવરનર જેનરલની દમણમાં મુલાકાત લીધી હતી. તેવણે પટતું કરવાને કહેવાથી દમણની અંજુમનના સરનશીન શેઠ જાલભાઇ દોરાબજી ભરડાએ રીંગનવાડા ગામમા આવેલી જમીન આપવાની માગની તા૦ ૨૧ મી ડીસેમબર ૧૯૧૫ ને દીને કરવાથી ૨૭૪૬૦ ચોરસ વાર જેટલો જમીનનો ટુકડો રૂ૧૪ ના વારસીક નામને ભાડે અંજુમનને સ્વાધીન કરવામાં આવયો હતો. જે સંબંધીની સઘળી કારસાજી દમણના જાણીતા શેહરી પ્રોફેસર અરદેશર શોરાબજી પોસ્ટવાળાએ કરીને પાર ઉતારવાથી દમણના જરથોસ્તીઓએ તા૦ ૪ ઠી જુને એવણના મકાનમાં ભેગા મલીને પ્રો૰ અરદેશરનો ઉપકાર માન્યો હતો. એ પછી તા૦ ૬ ઠી જુને નામદાર ગવરનર જેનરલ પોરટુગલ જવાથી દમણની અંજુમને ચાંદીના કાસકેટ સાથે એક માનપત્ર એનાયત કીધું હતું.

નામદાર મરહુમ સર દીનશાહ માણેકજી પીટીટ પેહલા બારોનેટનું સંગેમરમરનું બાવલુ ભાટયા બાગમાં ખુલ્લું મેલવાની ક્રીયા તા૦ ૮ મી ફેબરવારીને દીને નામદાર ગવરનર લોરડ વીલીંગડને એક મેલાવડા સનમુખ કરી હતી. જે વખતે ઓનરેબલ શેઠ ફીરોઝ સી. શેઠનાએ નામદાર સર દીનશાહની તારીફમાં વીવેચન કરતાં જણાવ્યું કે એવણ ઘણા સાહસીક હતા અને એવણની નાતજાતના તફાવત વગરની બોહોલી સખાવત જગજાણીતી છે, જે લગભગ પાંતરીસ લાખ રૂપ્યાની થવા ગઇ છે. વળી એવણે જાહેરમાં ઘણો આગેવાન ભાગ લઇ નામદાર સરકાર તથા પ્રજાનું સારૂ માન મેલવ્યું હતું અને એવણને બારોનેટના મોટા માનવંત ખેતાબથી નવાજવામાં આવ્યા હતા. આવા એક લાયક શેહેરીના મરણ પછી એક જાહેર સભા શેરીફે ટાઉન હાલમાં તા૦ ૧૯ મી આગસ્ટ ૧૯૦૧ ને દીને બોલાવી હતી, જ્યાં મરહુમ નરની યાદગારી રાખવા માટે ઉઘાડેલાં ફંડમાંથી એક સંગેમરમરનું બાહાવલું બનાવવામાં આવ્યું છે. એ પછી નામદાર ગવરનરે બાવલું ખુલ્લું મેલાયલું જાહેર કરવા બાદ મરહુમ નામદાર સર દીનશાહની તારીફમાં લંબાનથી વીવેચન કરવા પછી મલાવડો વીસરજન થયો હતો.

ખા૦ બા૦ આદરજી મ. દલાલ અને શેઠ રૂશતમજી હો. વખારીયાની તસવીરો ભરૂચની વખારીયા] દરેહમેહરમાં રોજ ૧૭ મો માહ ૪ થાને દીને, ખા૦ બા૦ ડાકટર ડોશાભાઇ પેસતનજીની સબી સુરતની મ્યુનીસીપલ હોલમાં રોજ ૧૦ મો માહા ૭ માને દીને, શેઠ કાવશજી મા. રૂ. બનાજીની સબી કલકતાની બનાજીની દરેહમેહરમાં રોજ ૨૯ મો માહા ૮ માને દીને, મરહુમ શેઠ બમનજી દીનશાહજી પીટીટની સબી જે એવણના ધણીયાણી બાઇ ગુલબાઇએ ભેટ આપેલી તે સુરતના શેહનશાહી આતશબેહરામમાં ગયા નવેમબર મહીનામાં, તેમજ શેઠ બમનજીની બાઇ હીરાંબાઇએ ભેટ આપેલી સબી મુંબઇની શેઠ મેવાવાળાની દરેહમેહરમાં રોજ ૧૭ મો માહા ૪ થાને દીને, મરહુમ શેઠ જાહાંગીર સોરાબજીની તસવીર મુંબઇના થીઓસોફીકલ હોલમાં રોજ ૨૩ મો માહા ૨ જાને દીને, મરહુમ દસ્તુરજી રૂશતમજી જમશેદજીની તસવીર સુરતના શેહેનશાહી આતશબેહરામમાં રોજ ૨૭ મો માહા ૨ જાને દીને, મરહુમ દસ્તુરજી નશરવાનજી કેખશરૂની સબી સુરતના શેહેનશાહી આતશબેહરામમાં રોજ ૨૦ મો માહા ૪ થાને દીને, મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાંની સબી નવસારીના આતશબેહરામમાં રોજ ૧૯ મો માહા ૭ માને દીને, મરહુમ સર પીરોશાહ મેરવાનજી મેહતાની સબી મુંબઇની પ્રેસીડનસી એસોસીએશનમાં રોજ ૨૫ મો માહા ૭ માને દીને અને મરહુમ સર દીનશાહ ધનજીભાઇ દાવરની સબી ભરૂચની હોમાવાળાની દરેહમેહરમાં રોજ ૨૨ મો માહા ૧૧ માને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

સીમલાની મેશરસ મોરટન કું૦ ના મેનેજર શેઠ નશરવાનજી નવરોજી મુનશીએ સાત જાણીતા માણસોની તવારીખ એક પોસટ કારડ ઉપર લખી તેઓને ભેટ આપી છે. હાલના વાઇસરાય લોરડ ચેમસફરડની તવારીખ કારડ ઉપર ૭૭૧૮ અક્ષરમાં લખી વચમાં એ નામદારનો ફોટો મુકયો હતો અને એ નામદારના જનમ દીવસે ભેટ મોકલ્યો હતો, જે માટે ઉપકાર માનનારો કાગળ વાઇસરાયના પ્રાઇવેટ સેક્રેટરી તરફથી એવણને મલ્યો છે.

# જાણીતા જરથોસ્તીઓના મરણો.

ખાન બહાદુર ડા૦ રતનજી રૂશતમજી દાદીના ૬૩ વરસની વયે રોજ ૨૫ મો માહા ૧ લાને દીને હારટ ફેલ થવાથી વાંદરા ખાતે મરણ પામ્યા હતા. મરહુમે ૧૮૭૩ માં મેટરીકની અને ૧૮૭૮ માં એલ. એમ. એંડ એસ. ની તબીબી પરીક્ષા પસાર કરી હતી. એવણુની મદદનીશ સરજયન તરીકે મુંબઇમાં જેનરલ ડયુટી ઉપર ૧૮૭૮ માં નેમણુક થઇ હતી. તે પછી ઉરન, સાદરા, વલસાડ વગેરે શેહેરોમાં તબીબ તરીકે એવણુને નેમ્યા હતા. થોડા વખત સુધી મુંબઇમાં સર જમશેદજી તેમજ ગોકળદાસ હાસપીટલમાં મદદનીશ સરજયન નેમાયા હતા. છેલ્લે વાંદરાના સરકારી દવાખાનામાં નેમાયા પછી એક દહાયકો સુધી ઓધો ભોગવી પાંચ વરસ થયાં રીટાયરડ થયા હતા. ડા૦ દાદીના જયાંબી તબીબ તરીકે નેમાતા ત્યાંની મ્યુનીસીપાલીટીમાં એવણુની નેમણુક થતી હતી. એવણુને ૧૮૯૭ માં ખાન સાહેબનો તથા બીજે વરસે ખાન બહાદુરનો ખેતાબ એનાયત થયો હતો અને સુલેહના અમલદારબી નેમાયા હતા.

શેઠ પેસતનજી બરજોરજી મેહતા ૮૦ વરસની વયે રોજ ૨૬ મો માહા ૧ લાને દીને નવસારી ખાતે મરણ પામ્યા હતા. સચીનના હાલના નવાબના પીતાજીને ગાદીએ બેસાડયા તે વખતે તેવણ સગીર હોવાથી નામદાર સરકારે એક અમલદાર તરીકે એવણુની નેમણુક કીધી હતી અને મરહુમે સારો કારોબાર ચલાવવાથી દીવાન નેમ્યા હતા. રીટાયર થયા ત્યારે નવાબે શીયાલ અને વીંટી આપવા ઉપરાંત પ્રજા તરફથી માનપત્રો અને શીયાલો મરહુમને એનાયત થઇ હતી. એ પછી એવણ નવસારીમાં આવી વસ્યા હતા અને મરહુમને ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે નામદાર ગાયકવાડે નેમયા હતા. વળી એવણ નવસારીની સરની સ્કુલના અને બઝમે જશને રૂઝે હોરમઝદના પ્રેસીડંટ હતા.

ડા૦ બરજોરજી હોરમજી દાંતરા ૬૧ વરસની વયે રોજ ૧ લો માહ ૨ જાને દીને હારટ બંધ થવાથી મરણ પામયા હતા. એવણે ૧૮૭૩ માં મેત્રીકયુલેશનની અને ૧૮૮૧ માં એલ. એમ. એંડ એસ. ની પરીક્ષા પસાર કીધી હતી. એવણ કોટની ધરમની ડીસપેનસરીના ઘણા વરસો સુધી તબીબ હતા તેમજ ખાનદેશ મીલસ, સુંદરદાસ મીલ વગેરે બીજી કંપનીઓના ડીરેકટર અને એલફીનસટન ક્રીકેટ કલબના પ્રમુખ હતા.

શેઠ ફરામરોજ રૂ. ઉનવાળા જલગામ ખાતે ૩૫ વરસની વયે રોજ ૯ મો માહ ૩ જાને દીને મરણ પામયા હતા. એવણે ૧૮૯૭ માં મેત્રીક થઇ પ્રીવીયસની પરીક્ષા પસાર કરી પુણાની ઈજનેરી કોલેજમાં જોડાયા હતા. કોલેજના ત્રીજા વરસના અભયાસ દરમયાન એવણુને કોલેજના ફેલો નેમયા હતા. ૧૯૦૩ માં એલ. સી. ઇ. ની પરીક્ષા પસાર કરી બરકલી મેડલ તથા સ્કોલરશીપો મેલવી હતી. ૧૯૦૪ માં સરકારી નોકરીએ જોડાઇ થાના, ખેડા વગેરે જીલ્લામાંબી નોકરી કરી હતી. ૧૯૧૩ થી એકઝીકયુટીવ એનજીનીયરના ઓધા ઉપર એવણુની વારંવાર નેમણુક થતી હતી.

શેઠ દીનશાહ દોરાબજી મીસતરી ૮૨ વરસની વયે રોજ ૨૪ મો માહા ૩ જાને દીને મરણ પામયા હતા. એવણે ઇજનેર અને આરકીટેકટનો ધંધો ચાલુ કરી પોતાના હાથે પલાનો બનાવી સર જમશેદજી સ્કુલ બીલડીંગ, અંજુમનનું આતશબેહરામ, વગેરે ઘણી બીલડીંગો બાંધી હતી. તેમજ દેશાવરોના ધરમના મકાનોના પલાનો કાંઇબી દામ લીધા વીના બનાવી મોકલાવતા હતા ૧૮૯૬ માં સુરતનું ગોપીપુરાનું પોતાનું ઘર મયુનીસીપાલીટીને સ્કુલ માટે ભેટ આપયું હતું. ઉડવાડામાં ૧૯૦૧ માં ધરમશાળા અને તેની બાજુમાં પોતાના મરહુમ બેટા ફરદુનની યાદમાં જમણો વગેરે માટે ફરદુન બાગ નામનું મકાન બંધાવ્યું હતું. ૧૮૯૦ માં મરહુમને વેલાતની સોસાયટી ઓફ આરકીટેકટોના મેમબર અને ૧૯૦૧ માં સુલેહના અમલદાર નેમ્યા હતા.

શેઠ મનચેરજી ફરામજી તંબોલી ૭૫ વરસની વયે રોજ ૨૫ મો માહા ૪ થાને દીને મરણ પામ્યા હતા. એવણે પોતાના મમાવા સાથ મોતીનો તેમજ રૂ, સુતરનો વેપાર કીધો હતો. શેઠ મેહરવાનજી ફ. પાંડે ચેરીટી ફંડના ૧૮૮૨ થી મરણ સુધી સેક્રેટરી હતા. ૧૮૯૩ માં સોરાબ

વુલન મેન્યુફેકચરીંગ કં૦ ના લીકવીડેટર તરીકે ઘણી બાહોસીથી કામ બજાવી એ મીલને પાછી લીકવીડેશનમાંથી ખેંચી લઇ તેના એજંટોને સ્વાધીન કરી હતી.

શેઠ રૂસતમજી દોરાબજી બીલીમોરીયા ૬૪ વરસની વયે રોજ ૪ થે માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. શરૂઆતમાં મુંબઇની જુદી જુદી સ્કુલોમાં નોકરી કરવા પછી જ. ન. પીટીટ આરફનેજમાં તેની શરૂઆતથી જોડાયા હતા. એવણને અંકગણીતનું જ્ઞાન સારૂં હોવાથી ૧૮૭૫ અને ૧૮૮૭ માં અંકગણીતની ચોપડીઓ બહાર પાડી હતી. એવણે જુદાં જુદાં વરતમાન પત્રો અને ચોપાન્યામાં ઘણી બાબદો ઉપર લખાણો કીધાં હતાં.

શેઠ જમશેદજી બેહરામજી કાંગા ૬૩ વરસની વયે રોજ ૫ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૬૮ માં મેટરીકની, ૧૮૭૪ માં બી. એ. ની અને ૧૮૮૩ માં એલ. એલ. બી. ની પરીક્ષાઓ પસાર કરી ઉમરાવતીમાં એક ફતેહમંદ વકીલ તરીકે ધંધો ચલાવતા હતા. ૧૯૦૫ માં બીરારની પારસી મેટરીમોન્યલ કોરટના ડેલીગેટ નેમાયા હતા. ગળાંના નાસુરનું દરદ થવાથી સારવાર માટે મુંબઇ આવ્યા હતા અને થોડા વખત પછી મરણ નીપજયું હતું.

શેઠ નસરવાનજી બેરામજી ફ્રારબસ ૬૬ વરસની વયે રોજ ૬ ઠો માહા ૬ ઠા ને દીને મરણ પામયા હતા. જાણીતા સોલીસીટરો મેસરસ કરેગી, લીનચ અને ઓવનની પેહેડીમાં જોડાઇ મરહુમ પોતાની બાહોશી તથા ચાલાકીથી વધી મેનેજીંગ કલારકના મોટા ઓધા ઉપર અવ્યા હતા અને પોતાની લાયકી તથા ખંતથી ઘણી સારી નામના મેલવી હતી. એ પેહેડીમાં ૨૩ વરસ નોકરી કરવા પછી એવણને પેહલા સર દીનશાહ પીટીટના સલાહકાર અને સેક્રેટરી નેમવામાં આવયા હતા. ૧૯૧૧ માં એવણના એક બેટા શેઠ બેરામજી સોલીસીટર થવાથી મેસરસ ફ્રારબસ એંડ કંપનીને નામે સોલીસીટરની હાપીશ પોતાના દીકરા સાથે કાઢી ઘણી બહોશીથી મુકદમાઓનું કામ ચલાવતા હતા. એવણના બીજા બેટા શેઠ દોરાબજી સોલીસીટર થવાથી એ પેહેડીમાં જોડાએલા છે.

શેઠ લવજી મેરવાનજી વાડયા, બેરીસ્ટર ૬૨ વરશની વયે રોજ ૨૫ મો માહા ૬ ઠા ને દીને અમદાવાદ ખાતે મરણ પામયા હતા. એવણે ૧૮૮૬ માં કેમબ્રીડજ યુનીવરસીટીની બી. એ. ની અને ૧૮૮૭ માં બેરીસ્ટરની પરીક્ષા પસાર કરી અમદાવાદ ખાતે બેરીસ્ટર તરીકે ફતેહમંદીથી ધંધો ચલાવવા માંડયો હતો. ૧૮૯૧ માં અમદાવાદની ગુજરાત કોલેજના લોના લેકચરર અને ૧૮૯૨ માં મયુનીસીપલ તથા તાલુકા બોરડના સભાસદ તરીકે એવણની નેમણુક થઇ હતી. ૧૮૯૮ મા મરહુમને ગાયકવાડી રાજ્યમાં ધારાના હીમાયતી તરીકે કામ કરવાની પરવાનગી મલી હતી.

નવાબ ફ્રામરોઝ જંગ બહાદુર ૬૦ વરસની વયે હૈદરાબાદ ખાતે રોજ ૯ મો માહા ૭ માને દીને મરણ પામયા હતા. એવણનું નામ ફ્રામજી જમશેદજી મુનસી હતું. શરૂઆતમાં નામદાર નીઝામ સરકારના રેવન્યુ સરવે ખાતામાં રહી પાછલથી તાલુકદારના ઓધાઓપર નેમાઇ અવલ તાલુકદાર થયા હતા. સેવટે એવણને સુબાનો ચહડતો ઓધો મલ્યો હતો અને ૩૨ વરસ સુધી નોકરી કરી ૪ વરસ ઉપર રીટાયરડ થયા હતા. શેઠ ફ્રામજીને ૧૮૯૦ ની તા૦ ૯ મી ડીસેમબરે નામદાર નીઝામ તરફથી નવાબનો ખેતાબ મલવાથી નવાબ ફરામરોઝ જંગ બહાદુર તરીકે ઓલખાતા હતા.

શેઠ હોરમજી દાદાભાઇ સંતોક ૫૮ વરસની વયે રોજ ૧૨ મો માહ ૭ માને દીને મરણ પામયા હતા. શરૂઆતમાં મુંબઇ સમાચારમાં રીપોરટર તરીકે રહી સબ એડીટર થયા હતા. જ્ઞાન વરધક, વીદયા મીત્ર વગેરે ચોપાન્યામાં તેમજ ઘણા પેપરોમાં સારા લખાણો કરતા હતા. ૧૮૮૩માં સ્ટેમપ ખાતામાં નોકરીએ રહયા પછી કસતમ ખાતાંમાં ચીફ ઇનસપેકટર અને કામચલાઉ સુપરવાઇઝર તરીકે છેલ્લા નેમાયા હતા. ૧૮૮૯ માં થીઓસોફીક સોસાયટીમાં જોડાઈ તેના ત્રેઝરર તથા કારોબારી મંડળના સભાસદ તરીકે સારી સેવા બજાવી હતી.

શેઠ ડોસાભાઇ બેજનજી મોતીવાલા ૬૯ વરસની વયે રોજ ૨૫ મો માહા ૭ માને દીને મરણ પામયા હતા. ૧૮૭૦ માં હાઇ કોરટમાં એસીસટંટ ટરાનસલેટર તરીકે રહયા પછી એપેલેટ સાઇડમાં તેમજ ઓરીજીનલ સાઇડમાં ત્રાનસલેટર તરીકે ચાલાકીથી કામ બજાવવાથી ૧૯૦૦ માં

ચીફ ત્રાનસલેટર અને ઇનટરપ્રેટરનો ઓધો મળ્યો હતો, તે માન સાથ ભોગવી ૩૫ વરસની લાંબી નોકરી બજાવી ૧૯૦૫ માં રીટાયરડ થયા હતા. મરહુમે શેઠ ફ. કા. બનાજીની પવઇ ઇસટેટના રીસીવર તરીકે ૧૯૦૪ થી ઘણી બાહોશીથી કામ કરી આમદાનીમાં સારો વધારો કરી આપ્યો હતો. એવણની થાંસાની ગોલી, મરદાની દવા ઘણી જાણીતી છે જે દવા સસતી કીમતે વેચતા હતા.

બાઇ મહેરબાઇ હોરમસજી એદલજી આલબલેસ ૮૨ વરસની વયે રોજ ૩૦ મે માહા ૯ માને દીને પોતાના મકાનમાં મરણ પામયાં હતાં. એવણ પારસી પંચાયતના માનવંત માજી અકાબર શેઠ હોરમસજીનાં ધણીયાણી થતાં હતાં જેવણ સાથ એ મરહુમ અસરાફ બાઇએ ૭૭ વરસ સુધી સંસાર સુખ ભોગવયું હતું, અને પોતાની સાદાઇ, મીલનસાર સ્વભાવ તથા પરોપકારી લાગણીથી પોતાના ખેશાવંદોમાં માન પામવા ઉપરાંત પોતાની આસપાસ ઓહોળું મીત્રમંડળ ઉભું કરયું હતું. બાઇ મેહેરબાઇ લાંબી હઇયાતી ભોગવી ત્રણથી ચાર પેઢીનું સુખ જોઇ બાલગોપાલના આશીશ મેળવીને આ જહાન છોડી ગયાં છે. લગન પ્રસંગે શેઠ હોરમસજીની વય માત્ર ૬ વરસની હતી જયારે બાઇ મહેરબાઇ પાંચ વરસના હતાં. બાઇ મહેરબાઇ ઉદાર દીલગુરદો ધરાવતાં હતાં અને એવણ ઘણી છુપી સખાવતો કરતાં હતાં.

શેઠ એદલજી જમશેદજી ખોરી બેરીસટર, ઇંગલાંડ મધે ૭૦ વરસની વયે રોજ ૩ જો માહા ૧૦ માને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૬૫ માં મુંબઇની મેટરીકયુલેશનની અને ૧૮૮૨ માં ઇંગલંડની બેરીસટરની પરીક્ષા પસાર કરી હતી. એવણે બીજાઓ જોડે ૧૮૬૫ માં અરેબીયન નાઇટસનો ગુજરાતીમાં તરજુમો કરી એ પુસતકમાં છપાવી બહાર પાડયો હતો અને ૧૮૮૦ માં પ્રાણીવીદયા નામનું પુસ્તક પ્રગટ કીધું હતું. વીકટોરીયા નાટક મંડળી તરફથી એવણનો ૩૩૦૦ ના ઇનામનો લખેલો રૂશતમ અને સોરાબના દાસતાનનો નાટક ભજવી બતાવવામાં આવ્યો હતો. એવણે નુરજેહાન, ખોદાબક્ષ, વગેરે નાટકો રચી પ્રગટ કીધા હતા. જ્ઞાન પ્રસારક મંડળીના કારોબારી હતા અને એ મંડળી તરફથી તેમજ બીજાં ઘણા ભાષાણો કીધાં હતાં. એવણે કેટલાંક વરસ સુધી સીંગાપોર ખાતે બેરીસ્ટરનો ધંધો ફતેહમંદીથી ચલાવ્યા પછી ઇંગલાંડ જઇ વસ્યા હતા.

શેઠ સોરાબજી ફરામજી ગઝદર ૭૦ વરસની વયે રોજ ૧ લો માહા ૧૧ માને દીને મરણ પામયા હતા. મેસરસ તાતા સનસની પેહડીમાં મુકાદમીનું કામ કરવા માંડયું હતું અને એવણ પોતાના સારા ગુણો અને પરમાણીકપણાથી તાતા શેઠોનું મુકાદમીને લગતું સરવે કામકાજ મેલવી શકયા હતા. મરહુમ ઘણા મલતાવડા સ્વભાવના અને નમાના હતા તેથી બોહલું મીત્ર મંડળ એકઠું કીધું હતું. એવણના વડવાઓએ ચીખલી ગામમાં બંધાવેલી દરેહમેહર બીસમાર થયાથી ત્રણ વરસ ઉપર બંધાવી આપી હતી.

શેઠ રૂસતમ ફીરોઝશાહ મોદી ૪૦ વરસની વયે રોજ ૯ મો માહ ૧૧ માને દીને મરણ પામયા હતા. એવણ ૧૮૯૭ માં બી. એ. અને બીજે વરસે એમ. એ. થઇ ૧૯૦૧ માં એલ. એલ. બી. થયા હતા. એ પછી ૧૯૦૮ માં સોલીસીટર થઇ મેસરસ ક્રાફરડ બ્રાઉનની પેહેડીમાં સોલીસીટર તરીકે જોડાયા હતા.

શેઠ નવરોજી હોરમજી કુપર ૬૦ વરસની વયે રોજ ૯ મો માહા ૧૧ માને દીને મરણ પામયા હતા. એવણે એલફીનસટન કોલેજમાં અભયાસ કરી ૧૮૮૦મા બી. એ. ની પરીક્ષા પસાર કીધી હતી. લગભગ બે દહાયકા સુધી અતરેની જ. ન. પીટીટ પારસી આરફનેજમાં પ્રીનસીપાલનો માન ભરેલો ઓધો ભોગવ્યો હતો. અને એના કામમાં ઘણો આગેવાની ભરેલો ભાગ લઇ એ આરફનેજને ઘણી કીમતી મદદ કીધી હતી. ૧૯૧૨ માં અતરેની લેડી સાકરબાઇ પીટીટ જાનવરોની હાસપીટલ અને જાનવરો ઉપરનું ઘાતકીપણું અટકાવનારી મંડળીના સેકરેટરી તરીકે એવણની નેમણુક થઇ હતી. એ ઓધો એવણે મરણ સુધી ભોગવ્યો હતો. મરહુમ ભલા નમાના તથા એકમારગી ગ્રહસ્થ હતા.

શેઠ આદરજી કાવસજી નગરવાળા ૭૦ વરસની વયે રોજ ૧૫ મો માહા ૧૧ માને દીને ખડકી ખાતે મરણ પામ્યા હતા. ખડકી, અહમદનગર અને સોલાપુરના જાણીતા વેપારીઓ તથા કંટરા-

કટરીો શેઠો ખરશેદજી એંડ સનસની પેહેડીના શેઠ આદરજી બાગયા થતા હતા. એ પેહેડીના માલેકો ઉદાર દીલથી દરેક સખાવતી કામોમાં તેમજ જાહેર બનાવો વખતે સારી મદદ કરતા આવ્યા છે અને ૧૮૯૨ માં અહમદનગર ખાતે થયલી મોંઘવારી વખતેબી કીધી હતી. શેઠ આદરજી સોલાપુર અંજુમનના સેક્રેટરી હતા અને ત્યાંની જરથોસ્તી અંજુમનને લગતાં કામોમાં સારો ભાગ લીધો હતો. શેઠ આદરજી કા. નગરવાળાએ અને શેઠો આદરજી મ. દલાલની કંપનીએ આઠ ગાળાની ચાલી ગરીબો માટે બંધાવી ૧૯૦૯ માં ડફરીન હાસપીટલને ભેટ આપી કે એના ભાડાંની આવક ખરચ બાદ જતે હાસપીટલના નીભાવ ખરચમાં વાપરવી.

શેઠ ફરામજી બમનજી જીજીભાઇ ૭૦ વરસની વયે રોજ ૨૪ મો માહા ૧૧ માને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ ૧૮૪૭ માં થયો હતો. એવણે પોતાના બાઇઓ સાથે વેપાર કરવા માંડયો હતો પણ પાછળથી રીટાયરડ લાઇફ ગુજારતા હતા. મરહુમ એક ફ્રીમેશન હતા અને ઘણી લાડજો સાથે સંબંધ ધરાવતા હતા. એવણે જુદી જુદી લાડજોમાં લગભગ રૂપયા વીસ હજારની સખાવત કીધી હતી. વળી લેડી સાકરબાઇ હાસપીટલમાં શેડ બાંધવા રૂ૩૫૦૦, ડા૦ માસીના હાસપીટલમાં રૂ૧૦૦૦, બમનજી પીટીટ હાસપીટલમાં રૂ૫૦૦ આપવા ઉપરાંત એવણની બીજી જાહેર તેમજ ખાનગી સખાવતો બોહોળી હતી અને ગરીબ ગુરબાઓમાં સારી ખેરાત કરતા હતા.

ડા૦ જમશેદજી બેરામજી વીમાદલાલ રોજ ૨૬ મો માહા ૧૧ માને દીને ૮૦ વરસની વયે નવસારી ખાતે મરણ પામ્યા હતા. એવણને ૧૮૬૨ માં જી. જી. એમ. સી. ની ડાકટરની સનદ મલી હતી. તે પછી નવસારી ખાતે તબીબી ધંધો ચલાવાનો શરૂ કીધો હતો અને મુખ્ય કરીને સુવાવડના ડાકટર તરીકે એવણે ત્યાંની પ્રજાની સારી સેવા બજાવી હતી. ૧૮૬૪ માં સર કાવશજી જાહાંગીર રેડીમનીએ પોતાને ખરચે નવસારીમાં એક ધરમતું દવાખાનું ડા૦ જમશેદજીના ઉપરીપણા હેઠળ ઉગાડી ૧૮૬૭ સુધી ચાલુ રાખ્યું હતું. ૧૮૭૩ માં નામદાર ગાયકવાડ સરકારે મરહુમને ઓનરરી મેજીસ્ટરેટ નેમ્યા હતા. ડા૦ જમશેદજી અતરેના જાણીતા સોલીસીટર અને વકતા શેઠ જાહાંગીરના પીતા થતા હતા. એવણે પોતાની હયાતીમાં સારી સખાવત કીધી હતી.

શેઠ દારાબ પાલનજી એ. પદમબર ૩૨ વરસની જવાન વયે રોજ ૧૦ મો માહા ૧૨ માને દીને મરણ પામયા હતા. એવણે ન્યુ હાઇ સ્કુલમાં કેળવણી લઇ કોલેજમાં કેટલોક વખત સુધી અભીયાસ કરવા પછી એવણના પીતાજીના ધીકતા ધંધામાં જોડાયા હતા. એ કેળવાયલા બેટાએ પોતાના પીતાજી સાથે ભાગીદારીમાં સામેલ થતાંજ પોતાના ધંધાને બોહોલા પાયા ઉપર ખીલવી નાખી મુંબઇની મીલો, મોટી મીલકતો તેમજ રજવાડાના ઘણા ભારી કીસમના કામો ફતેહમંદી સાથે ઉપાડી લેવામાં સારી મદદ આપી હતી. એઓ તરફથી મીલકતો બાંધવાની ઇટોનું ગંજાવર કારખાનું ખોલવામાં આવયું છે. છેલી મ્યુનીસીપલ તળાવની ભારી ભીંટ ઉંચકવાનું તેમજ હમણા શરૂ થતી ઇંદરાવેલી હાઇદરો ઇલેકટ્રીકસ વરકસનું એમને મોટું કંત્રાકટ મલ્યું છે. એવણની પેહડી હસ્તક લગભમ ૧૫૦૦ નોકરો કામ કરે છે. પોતાના કામના આવા બોહોલા વધારાને શેઠ દારાબ ઘણી ઉલટ અને કાલજી સાથે પુગી વલતા હતા. એવણ ઘણા નમાના, ભલા અને મીલનસાર સ્વભાવના હતા.

શેઠ દીનશાહ સોરાબજી મોદી ૬૭ વરસની વયે રોજ ૨૧ મો માહા ૧૨ મા ને દીને મરણ પામયા હતા. એવણ ૧૮૬૭ માં મેત્રીક થઇ બે વરસ પછી એફ. ઇ. એ. ની પરીક્ષા પસાર કીધી હતી. ૧૮૭૪ માં ફોરટ હાઈ સ્કુલમાં એક શીક્ષક તરીકે જોડાયા પછી તેના પેહલા મદદનીશ શીક્ષક થયા હતા. એક શીક્ષક તરીકે કાળજી બટાવી વીદયારથીઓને સારૂ શીક્ષણ આપતા હતા તેથી એ સ્કુલ સાથનો સંબંધ છોડવાથી વીદયારથીઓ તથા શીક્ષકોએ એક માનપત્ર તથા સોનાનો ચાંદ એવણને ભેટ આપયો હતો. મરહુમ તે પછી સર સાસુન ડેવીદની મીલના સેક્રેટરી નેમાયા હતા અને થોડુક પર રીટાયરડ થયા હતા. એવણ કેટલાંક ખાતાના ત્રસટી બી હતા.

જાહેર ખબરો.

# ઠગાશો ના.



## દસ્તુર નામે આંખના ડાકટર

## ફકત એકજ છે અને તે

### કોટમાં કાલા પથરની બેંક આગળ

## દીનશાહ એમ૦ દસ્તુર કંપનીની

**પુરાણી પેઢીમાં છે. (અમારા પાટીઆ ઉપર પુરાણી પેઢી જુઓ.)**

જેઓએ લંડન રોયલ સુરશીલ્ડ ઓપથલમીક હોસ્પીતાલમાં લાંબી મુદત રહી "કલીનીકલ એસીસટંટનો ઓધો બજાવી આંખના દરદીઓની દવા, ઇલાજ કરી જાતી અજમાયસ" મેળવી ત્યાંના વીદવાન વડીલ આંખનાં ડાકટરોના લેખીત મતો મેલવ્યાં છે.

હમારા ડાકટર ચસમાંથી આંખની મુશકેલ ખામીઓ સુધારવા આંખ મુફત તપાસે છે, જેવો લાભ મુંબઈમાં ફકત અમારે ત્યાંજ મળે છે. વળી ખાસ બંદોબસ્તથી આંખની દવા તેમજ ઓપરેશન પણ કરતા આવ્યા છે, જે કામ મુંબઇમાં કોઇ પણ ખાતામાં થવું મુશકેલ છે.



**સરવે કરતાં ઓછા ભાવે**

ઉંચી જાતના પથરના ચસમાં તરેહવાર કમાનોમાં, દુરબીનો, નકલી આંખો, તાવ તપાસવાની થરમામીટરો મલશે.

## "લુ-લુ" આંખનાં ટીપાં!

**આંખના દરદોનો તદન ખાત્રી ભરેલો ઠંડક આપનાર અકસીર ઇલાજ છે.**

આંખોનું આવવું, સુજવું, રતાસ, બલત્રા, ખીલ, કીડ, પોપચાનું સુજવું, પાણી ગલવું, અજવાલું ન દેખી શકાય, ઝાંખ, જાલાં, આંખોમા ચીપડા થવા, વલગી જવું, ચાંદા વગેરે આંખનાં દરદો તેમજ નબલી અને થાકેલી આંખો માટે બીન હરીફ સલામત ઇલાજ છે. 'લુ-લુ' આંખનાં ટીપાં છેલ્લી સોધ અને લાંબા વખતની અજમાયસનું પરીણામ છે.

કીંમત રૂ. ૧.

નં૦ ૭૧, એસપલેનેડ રોડ, કોટમાં બોંમબે કલબ સામે, મુંબઇ.

### શા માટે રીબો છો!

હાંફણ, ખાંસી, બ્રોંકાઇટીસ, સસની જેવા જીવલેન સખત અને મુદતનાં દરદોમાં "કાદી"નો એકજ ભાગ તુરત આરામ આપી દરદ મટાડવાને કદી નીશફળ જશે નહીં. કી. રૂ ૧ાા.

Kadi.

નીચલે ઠેકાણેથી તથા બીજા દવા વેચનારા પાસેથી મલશે.

## "ગુંકુ"

ગરમીનો તીક્ષણ રોગ "ગુંકુ"ની ઠંડી પીચકારીથી બીલકુલ વેદના વગર અને કંઇપણ પીવાની દવા વગર ત્રણ દીવસમાં અચુક મટે છે.

**ઢીલ કરશો તો પસતાશો.**

કોપેબા સેનડલ વીગેરે તેલના કેપસુલ અને મીકસચરોથી હોજરી અને ગુરદાનું નખોદ વળે છે; કીં. રૂ ૧. ફાયદો ન થાય તો પઇસા પાછા. ડી. સ્પેસીફીક કં૦

[illegible] કોટ—મુંબઇ.

## શેઠ માણેકજી ફરામજી હોરમજી શેઠના

### મુંબઇના જાણીતા શેઠીયા અને મીલકતદાર.

ઉમર વરસ ૫૦



**જનમ**—રોજ ૧૮ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૩૬ યજદેજરદી,
તારીખ ૭ મી જુન સને ૧૮૬૬ ઈસ્વી,
સંવત ૧૯૨૩ ના જેઠ શુદ ૫ ને વાર શુકર.

**મરણ**—રોજ ૨૩ મો માહ ૩ જો શેહેનશાહી સને ૧૨૮૬ યજદેજરદી,
તારીખ ૨૭ ડીસેમબર સને ૧૯૧૬ ઈસ્વી,
સંવત ૧૯૭૩ ના માગશર શુદ ૮ ને વાર શની.

# શેઠ માણેકજી ફરામજી હોરમજજી શેઠનાનું દુ:ખદાયક મરણ અને તેમનું જનમ ચરીત્ર.

પારસી જરથોસ્તી ગ્રહસ્થો જેઓ જાહેર પુરૂષ તરીકે પોતાના ખાનદાનની મોટાઈ, ધરમીપણું, દયાલુપણું, ખાનગી ઉંચી કારકીર્દી વગેરેથી કોમને સારી રીતે ઉપયોગી થઈ પડી કોમનું માન મેલવવા પામે છે, તેઓમાંના એક મરહુમ શેઠ માણેકજી ફરામજી હોરમજજી શેઠના હતા, જેઓ ગુજસતે સાલમાં ૫૦ વરસની વયે બેહેસ્તનશીન થયા છે, જેની નોંધ લેતાં દલગીરી ઉપજે છે. એમનું શેઠ ખાનદાન કુટુંબ જે પોતાનાં ધર્મીપણા, સખાવત તથા કોમહીતકારીપણા માટે જાણીતું માનીતું છે, તે ઉંચ ખાનદાનના નામીચા શેઠયા શેઠ ફરામજી હોરમજજી બમનજી શેઠનાના એઓ વડા સાહેબજાદા થતા હતા, અને પોતાના પીતાજીની હયાતીમાંજ ગુજર પામ્યા છે. એઓના બપાવા શેઠ હોરમજજીની તેમજ એઓના કાકા શેઠ હીરજીભાઈની કારકીર્દી ઘણી ઝલકતી છે કે જેઓ મુંબઇની પારસી પંચાયતના માનવંત અકાબર તેમજ સર જ. જી. સ્કુલના અધીકારી હતા. મરહુમ શેઠ માણેકજીએ પોતે અત્રે કેળવણી લઇ મેટરીક પસાર કરવા પછી પોતાના પીતાજીની ઓહોલી ઈસ્ટેટોની દેખરેખ રાખતા હતા. એઓ જાતે ધર્મચુસ્ત, સખીતબે, બાહોશ, નમાના ને લાયકીવાળા હતા, અને પોતાના વડીલનાં ધર્મખાતાંના વહીવટોમાં પોતાના પીતાને મદદ કરતા હતા, કે જેઓ હજી હઈયાત છે અને એવણે કીધેલી સખાવત લગભગ ચાર લાખ રૂપ્યા જેટલી થવા ગઈ છે. તેમને બુઢાપામાં પોતાના સપુતના મરણની ગયલી ખોટ અસહ્ય છે, જે માટે કોમમાં વાજબી રીતે જે દીલસોજી તેઓ તરફ ખેંચાઇ છે, તેમાં અમે જીગરથી ભાગ લઈએ છીએ, અને મરહુમ શેઠ માણેકજીના પાક રૂહને પરવરદેગાર બુલંદ બેહેસ્ત બક્ષે એવી દુવા ગુજારીએ છીએ.

શેઠ માણેકજી ફરામજી હોરમજજી શેઠનાનો જનમ મુંબઇમાં રોજ ૧૮ મો રસને યઝદ માહા ૯ મો આદર યઝદ શેહેનશાહી સને ૧૨૩૬ યઝદેજરદી, તારીખ ૭ મી જુન સને ૧૮૬૬ ઈસ્વી, હીંદુઓના સંવત ૧૯૨૩ ના જેઠ શુદ ૫ ને વાર શુકરને દીને થયો હતો, અને એઓ શેઠનું અકાળ મરણ મુંબઇમાં નંબર ૨૫, વોડબી રોડ, એસપલેનેડ ઉપરના બંગલામાં રોજ ૨૩ મો દેપદીન દાદાર, માહા ૩ જો ખોરદાદ અમસાસ્પંદ શેહેનશાહી સને ૧૨૮૬ યઝદેજરદી, તા૦ ૨ જી ડીસેમબર સને ૧૯૧૬ ઇસ્વી, હીંદુઓનાં સંવત ૧૯૭૩ ના માગશર શુદ ૮ ને વાર સનીને દીને નીપજ્યાથી મરણ વખતે એવણની વય ૪૯ વરસ અને ૭ મહીનાની હતી.

શેઠ માણેકજીએ મુંબઈની ફ્રોર્ટ પ્રોપ્રાઈટરી હાઇ સ્કુલમાં કેળવણી લઈ અને ૧૮૮૮ ના સાલની આખેરીએ અતરેની યુનીવરસીટીની મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી હતી. ૧૮૮૯ ના સાલમાં સેંટ જેવીયરસ કોલેજમાં દાખલ થઇ કેટલોક વખત સુધી પોતાનો અભયાસ કરવા બાદ એ કોલેજ છોડી દીધી હતી. એવણે કોલેજ છોડવા પછી પોતાના પીતાજી શેઠ ફરામજીની ઓહોળી ઈસ્ટેટોનો વહીવટ પોતાના પીતાજીની સાથે મલી કીધો હતો. તેને સુધારવા વધારવામાં ઘણીજ કાળજી રાખી પોતાની કીમતી મદદ આપતા હતા, તેમજ એ ઇસ્ટેટોમાં વસનારા ભાડુતોના સુખ સગવડપર ધ્યાન આપી પોતાથી બનતું કરી દરેક રીતની સગવડ કરી આપતા હતા. વળી પોતાના વડવાઓના ધરમખાતાઓના વહીવટમાં પોતાના પીતાજીને દરેક રીતે મદદગાર થઇ પડયા હતા તેથી મરહુમની સલ્લા દરેક બાબદમાં લેવામાં આવતી હતી. પોતાની અકલ હુશીયારીથી કામ કરવાથી પોતાના બુઝરગ પીતાજીને એવણના ઘડપણના વખતમાં શેઠ માણેકજી ઘણા ઉપયોગી થઇ પડયા હતા.

શેઠ માણેકજીને ઇસ્વી સને ૧૮૯૭ ના સાલમાં લંડનની રોયલ સોસાયટી ઓફ આરટના ફેલો તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા. એવણ મુંબઇના શેઠ હોરમજજી બમનજી વાહાડયાજીવાળાં આતશબેહરામના બાજ જશન ફંડનાં ટ્રસ્ટી નેમાયા હતા અને તેના વહીવટમાં સારો ભાગ લઈ મદદ કરતા હતા. એ ઉપરાંત ધી હીંદુસ્તાન પ્રેસ, એડવર્ડ પ્રેસ, એલેકઝાનદ્રા પ્રેસ, તેમજ બીજી જોઈંટ સ્ટોક કંપની તથા મંડળીના ડીરેકટર હતા.

શેઠ માણેકજીની શેહાદી બાઈજી સુનાબાઈ તે અતરેના જાણીતા સખી શેઠયા મરહુમ શેઠ ખરશેદજી ફરદુનજી પારખના દીકરા મરહુમ શેઠ અરદેશરજીની બેટી સાથે તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૯૪ ને દીને મુંબઈમાં ઘણી ધામધુમથી થઇ હતી. એ લગનની ખુશાલીમાં એવણના પીતાજી શેઠ ફરામજીએ રૂપ્યા પાંચ હજારની રકમ તે વખતે ધરમખાતે આપી હતી. એવણને ત્યાં બે બેટાઓની વૃધી થઇ હતી, તેમાં હાલમાં હયાત બેટા મી૦ કેખશરૂ સ્કુલમાં અભ્યાસ કરે છે.

શેઠ માણેકજી વીચારવંત, ઘણા દયાળુ ને મલતાવડા સ્વભાવના હતા. એવણે જો કે માતબર કુટુંબમાં જનમ લીધેલો હોવા છતાં બહુજ સાલેસ અને નમનતાઈવાળા ગ્રહસ્થ હતા તેમજ કોઇનું કામ કરી આપવાને ઘણા આતુર રહેતા હતા.

---

## શેઠ માણેકજીના ઉઠમણાની થયલી કીયા.

મરહુમ શેઠ માણેકજીની પાયદસ્તની કીયા વેળા એક મોટી દબદબાભરી મીજલસ ભેગી મલી હતી. એવણના મરણથી એવણના બુઝરગ પીતાને તેમજ કુટુંબને જે ભારે ખોટ ગઇ છે તે માટે સરવે તરફથી દીલસોજી ખેંચાઈ હતી. બેહેસ્તનશીન શેઠ માણેકજીના ઉઠમણાની ગંભીર કીયા મરહુમ શેઠ મંચેરજી બમનજી શેઠનાની દરેમેહેરમાં પાછલા પોહરના ૩ કલાકે કરવામાં આવી હતી જે વખતે મોટી મીજલસ ભેગી મલી હતી. મરહુમ શેઠ માણેકજીના ઉઠમણાની કીયા

પુરી થવા બાદ એવણુના પુણ્ય માટે મરહુમની પોતાની પુંજીમાંથી તેમજ એવણુના પીતાજી, ધણીયાણી તથા કુટુંબીઓ તરફથી રૂ૪૪૦૦૦ ની નાદર રકમ ધરમખાતે આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું જેની વીગત નીચે મુજબ છેઃ—

| | રૂપીઆ. |
|---|---|
| મરનારનાં બાવા શેઠ ફરાંમજી હોરમજજી બમનજી શેઠનાએ .... | ૩૦૦૦૦ |
| મરનારની પોતાની પુંજીમાંથી .... .... .... .... .... .... .... | ૭૦૦૦ |
| મરનારનાં માતાજી બાઈ જરબાઇ ફરાંમજી હોરમજજી શેઠનાએ .... | ૧૦૦૦ |
| મરનારનાં વિધવા બાઇ સુનાબાઇ માણેકજી ફરાંમજી હોરમજજી શેઠનાએ | ૧૫૦૦ |
| મરનારનાં દીકરા શેઠ કેખસરૂ માણેકજી ફરાંમજી હોરમજજી શેઠનાએ | ૧૫૦૦ |
| મરનારનાં સસરા મરહુમ શેઠ અરદેશર ખરશેદજી ફરદુનજી પારખનાં દીકરાઓ તથા દીકરીઓએ .... .... .... .... .... .... | ૧૦૦૦ |
| મરનારનાં ભાઇ શેઠ હોરમસજી ફરાંમજી હોરમજજી શેઠનાએ .... | ૫૦૦ |
| મરનારનાં બેહેન બાઇ બચુબાઈ સાપુરજી નશરવાનજી ચાંદાભાઈએ .... | ૫૦૦ |
| મરનારનાં બેહેન બાઈ ધનબાઈજી દોશાભાઈ રૂશતમજી શેઠનાએ .... | ૫૦૦ |
| મરનારનાં બેહેન બાઇ હુમાંબાઇ ફરાંમજી હોરમજજી શેઠનાએ .... | ૫૦૦ |
| કુલ્લે .... | રૂ૪૪૦૦૦ |

ઉપલા રૂપ્યામાં કાંઇ વધારો કરી જરથોસ્તીઓને લાભનું એક નવું જુદું ધરમખાતું સ્થાપવાનો મરહુમ શેઠ માણેકજીના બાવા શેઠ ફરામજીનો વીચાર છે.

---

## શેઠ માણેકજીનું કુટુંબ.

શેઠ માણેકજી ફરામજી શેઠનાનું "શેઠ ખાનદાન" કુટુંબ ઘણું પ્રખ્યાત તેમજ નામીચું છે. શેઠ ખાનદાનના વડીલ પેહલવેહલા સ્થાપક પુરૂષ રૂશતમ માણેક નામે સુરતના નામીચા વેપારી અને નવસારીના ભગર સાથના મોબેદોના વંશના હતા. મરહુમ શેઠ માણેકજીના બપાવાના બપાવા બેહેસતનશીન શેઠ સોરાબજી માણેકજીને નામે જાણીતા ગ્રહસ્થ થઇ ગયા છે. એવણુના બીજા દીકરા શેઠ બમનજીએ બંગાલ ખાતેનો અકીક, રેશમ વગેરેનો વેપાર કીધો હતો અને ૬૨ વરસની ઉમરે તા૦ ૨ જી અકટોબર ૧૮૧૬ ને દીને મરણ પામ્યા હતા. એવણુના દીકરા શેઠ હોરમજજી (તે મરહુમ શેઠ માણેકજીના બપાવા) નામીચા શેઠયા તથા વેપારી થઇ ગયા છે, જેવણુ મુંબઇની પારસી પંચાયતના અકાબર, તથા સર જ. જી. પારસી બેનેવોલંટ ઇનસટીટયુશનના અધીકારી તથા તે વેળાના અથોરનાન ટોળાના વડા હતા. તેમજ ૧૮૨૬–૨૭ ની કબીશાની મોટી તકરારો વેળા ઠડેલી શેહેનશાહી કમીટીના સેકરેટરી હતા. શેઠ હોરમજજી તેમજ શેઠ માણેકજી મેરવાનજી શેઠના અને બીજાઓની આગેવાની હેઠળ પુણા ખાતે તા૦ ૨૮ મી એપ્રીલ ૧૮૩૫ ને દીને એક દખમું પરથવામાં આવ્યું હતું જે પાછળ રૂ૫૦૦૦ નો ખરચ થયો હતો જેમાં શેઠો હોરમજજી અને માણેકજીએ મોટો ફાલો આપ્યો હતો. શેઠ હોરમજજી તા૦ ૨૯ મી નવેમબર ૧૮૫૩ ને દીને ૭૧ વરસની ઉમરે મરણ પામ્યા હતા.

એવણના વડા દીકરા શેઠ હીરજીભાઈ (તે મરહુમ શેઠ માણેકજીના કાકા) મુંબઇની પારસી પંચાયતના ટરસ્ટી, સર જં. જી. ઇનસ્ટીટયુશનના તથા બીજી મંડળીઓના અધીકારી હતા. શેઠ હોરમજજી બમનજી વાહાડયાજીના આતશબેહરામના ૧૮૩૪ થી ૧૮૪૯ સુધીના બોયના વારાના રૂ૭૦૦૦ જે શેઠ હીરજીભાઇના બાવાને હસ્તક હતા, તે પછી એમને હસ્તક તેમજ એમના ભાઇ શેઠ ફરામજી (તે મરહુમ શેઠ માણેકજીના પીતાજી) ને હસ્તક લાંબી મુદત સુધી વાંધામાં પડી રહયા હતા. તે રૂપયા એ બંને ભાઇઓએ સાચવીને રૂ૪૨૦૦૦ સુધી વ્યાજે વધારી કીધા હતા, એ રકમ એઓએ પોતાની ખુશીથી ૧૮૮૫ માં બીજા ટરસ્ટીઓને સ્વાધીન કીધી હતી. શેઠ હીરજીભાઈ તા૦ ૨૩ મી સપટેમબર ૧૮૮૮ ને દીને ૮૪ વરસની બુજરેગ વયે બેહેશતનશીન થયા હતા.

સખી વજુદ શેઠ ફરામજી હોરમજજી બમનજી શેઠના જેવણ મરહુમ શેઠ માણેકજીના પીતાજી થાય છે તેવણ ઘણા સખી તેમજ ધરમચુસ્ત છે અને લગભગ તેયાશી વરસની બુઝરેગ વયે પુગેલા છે. એવણનો જનમ રોજ ૨૮ મો જમીયાદ યજદ માહા ૪ થો તેશતર તીર સને ૧૨૦૪ ય૦, તા૦ ૨૬ મી જાનેવારી ૧૮૩૫, સંવત ૧૮૯૧ ના પોષ વદ ૧૩ ને વાર સોમે થયો હતો. પોતાના વડીલોથી મલેલી બહોળી ઇસ્ટેટો એવણ ધરાવે છે અને તેનો સારી રીતે વહીવટ કરે છે. એવણે પોતાની આખી જીંદગી દરમ્યાન પોતાની દોલતનો સદ ઉપયોગ કરી લગભગ ચાર લાખ રૂપ્યાની મોટી નાદર રકમ સખાવતી કામો માટે તેમજ ત્રસ્ટ કરી આપી છે. એમને બે બેટાઓ અને ૪ બેટીઓની વરૂધી થઇ હતી, તેમાં હાલમાં એક બેટા શેઠ હોરમજજી તેમજ ૩ બેટીઓ હયાત છે. શેઠ હોરમજી બમનજી વાહાડયાના આતશબેહરામના બાજ રોજગારના અને મરહુમ શેઠ મનચેરજી બમનજી શેઠનાની બહારકોટની દરેહમેહરના વરસો થયા ટરસ્ટી તરીકે એવણની નેમણુંક કરવામાં આવી છે. વળી ઘણી મંડળીઓને પોતાની પેટરોનેજ આપી તેના લાઇફ મેમબર થયલા છે. એવણ ઘણા નમાના ખાલેશ તથા પરગજુ ખવાસના ગ્રહસ્થ છે, જેવણે પોતાની જુવાનીના વખતમાં ઈસ્વી સને ૧૮૫૭ ના સાલમાં ચેમબરનો બનાવેલો નકલ કરવા લાયક અતી નશીએટ્' આપનારો માહા પુરૂષોના જણમારાના હેવાલના પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો કરી તેની ચોપડીઓ છપાવી લોકોમાં મુફત વેંહચી હતી.

શેઠ ફરામજીએ પોતાના મરહુમ પીતાજી શેઠ હોરમજજી બમનજી શેઠનાની યાદગારી કાયમ રાખવા માટે તારદેવ વાહાડયા રોડ ઉપર ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ ફંડના ટરસ્ટીઓને રૂ૫૦૦૦૦ ને ખરચે એક મોટું કુસાદે મકાન બંધાવી યજદેજરદી સને ૧૨૮૫ ના સાલમાં ભેટ આપયું છે. પુણા ખાતે એવણના મુરંબીઓની આગેવાની હેથલ બંધાયલા દોખમાંની જુની સગડીમાં રૂ૨૫૦૦ ને ખરચે નવું બાંધકામ કીધું છે અને દેશાવરોથી લાવતા રૂવાંનોની ધરમ કીરીઆ કરવા માટે રૂ૧૫૦૦ને ખરચે ઓરડો બંધાવી આપ્યો છે. સને ૧૮૯૦ માં શેઠ ફરામજીએ પોતાના માતાજી બાઈ રતનબાઈના પુણ્ માટે મુંબઇની પારસી પંચાયત હસ્તક ગરીબ

લાચાર જરથોસ્તી વીધવાઓને આશરો આપવા માટેનું નવું ફંડ ચાલુ કરી રૂ૨૦૦૦૦ તેમજ એવણના બેહન સુનાબાઈના પુણ્ માટે ગરીબ જરથોસ્તી છોકરીઓને પરણાવવા આશરો આપવા માટે બીજું નવું ફંડ ચાલુ કરી રૂ૧૫૦૦૦ ભેટ આપયા હતા અને એ બેઉ ફંડોમાં જુદી જુદી વખતે મલી રૂ૧૧૦૦૦ ની વધુ રકમ આપી હતી. એ ઉપરાંત ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસ્પીટલમાં રૂ૫૫૦૦, નવસારીના દાણુ હાસ્પીટલમાં રૂ૩૦૦૦, નવસારીના દોરાબજી મેહતા સુવાવડખાનામાં રૂ૩૫૦૦, સર જમશેદજીની સ્કુલનાં ભોજન ફંડમાં રૂ૧૫૦૦, બેરામજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇનસ્ટીટયુશનમાં રૂ૧૦૦૦, સજાન મેમોરીયલ કોલમ ફંડમાં રૂ૧૦૦૦, જ. ન. પીટીટ આરફનેજમાં રૂ૨૦૦૦, મુંબઇની પારસી પંચાયત હસ્તકના જુદા જુદા ફંડોમાં આપેલા રૂ૧૬૦૦૦ તેમાં લાચાર જરથોસ્તીઓને મુફત અનાજ આપવા માટે રૂ૫૦૦૦ આપ્યા હતા. વળી અગીયારી, સુવાવડખાના, દુકાળ, સંકટ, સ્કુલો, યાદગારી વગેરે બીજા જુદા જુદા પરચુટણ ફંડો, ધરમખાતાઓમાં નાધલી મોટી રકમો આપી છે અને હજી આપયા જાય છે.

શેઠ ફરામજી હોરમજજી શેઠનાએ તેમજ એવણના ભત્રીજી બાઇ બચુબાઈ ડા. શેઠનાએ સાથે મલી રૂ૬૦૦૦ ની કીમતનું મોટું રૂપાનું અફરગાનીયું ૧૮૯૬ માં બહારકોટની શેઠ મનચેરજી બમનજી શેઠનાવાલી દરેહમેહરનાં આતશના કેબલા માટે ભેટ આપયું હતું.

---

શેઠ માણેકજીએ સેંટ ઝેવીયર કોલેજમાં અભીયાસ કીધો હતો, તેથી એવણના મરણ માટે સેંટ ઝેવીટર કોલેજ મેગેઝીનનાં ફેબરવારી ૧૯૧૭ ના અંકમાં સભી સાથે નીચે મુજબ લખાણ કરવામાં આવ્યું છે:—

# MR. MANEKJI FRAMJI SETHNA.

WE regret to have to record the premature death of Mr. Manekji Framji Sethna, on December 2, 1916. Mr. Sethna was born June 7, 1867. After passing his matriculation in the year 1888 from the Proprietary High School, he joined this College in the year 1889.

Mr. Manekji was born in Bombay on 7th June, 1867. He comes of a family known as 'Setnas,' a family held in great esteem and regard in Bombay. His father, Mr. Framji Hormasji Sethna is one of the Parsi Sethias. After leaving school Mr. Manekji attended St. Xavier's College, and during his lifetime he always and invariably bore happy memories and carried pleasant recollections of this his Alma Mater. After his College career, he joined his father in the management of his large estate, and it was here that, the training and education he had in the above College, stood him in good stead. He was unassuming and unostentatious to a degree, and he did such of the good work as fell to his lot in a way which clearly showed

that he was prooι against "the sweet seducing charms of popular applause." He loved the poor, as he loved his God, and was keen about the wants of those who were under the ban of chill penury. He carried a disposition which was genial, a heart warm and sympathetic. He was a typical Zoroastrian of the old school.

Mr. Manekji had enriched his knowledge of the world by his wide travels over India and extensive journeys in Europe. He was, besides, elected in June 1897, in Europe, a member of the Society for the encouragement of arts, manufactures and commerce established in Europe. He died on 2nd December 1916, after a protracted illness, nobly and heroically borne, at his residence 25, Waudby Road. He leaves behind him his aged grief-stricken parents, a widow and an only son and a large circle of sorrowing friends and admirers of all communities.

Mr. Manekji died young, for God willed it so, or it may be a case of "those whom the gods love, die young."

We take from the *Times of India*, December 13, 1916, the following notice of the deceased :—

" Mr. Manekji Framji Sethna who died on December 2, at his residence Waudby Road, Bombay, was the eldest son of Seth Framji Hormasjee Sethna, one of the last great Parsi Sethias. The deceased was the son-in-low of the late Ardaseer Cursetji Fardunji Parkh. His untimely death has evoked great sympathy with the members of both these families—Sethnas and Parakhs. The deceased was a staunch Zoroastrian, he shunned gaieties, was extremely unassuming and always had the well being of his community at heart. Besides his aged father and mother, he leaves a widow, an only son Kaikhosru, one brother and three sisters. He will be greatly missed by a large circle of friends not only of his, but of all communities. During the Oothnama Ceremony, which took place on December 4, a large sum of Rs. 44,000 was declared to be devoted for charity in memory of the deceased by Framji Hormasji Sethna, father of the deceased, and other members of his family. "

The College extends to his bereaved family the deepest sympathy, for this untimely cutting off of one who had won the hearts of all who knew him.

# મરહુમ શેઠ માણેકજી ફરાંમજી હોરમજજી શેઠનાની વંશાવલી.

રૂસતમ માણેક

ફરાંમજી  બમનજી  નવરોજજી

(નવરોજજી)

માણેકજી

પાલક. સોરાબજી

બમનજી—ફરાંમજી—નવરોજજી

(બમનજી)

હોરમજજી

હીરજીબાઈ—ફરાંમજી

(ફરાંમજી)

માણેકજી—હોરમજજી

(માણેકજી)

જમશેદજી—કેખશરૂ.

જાહેર ખબર.

# જાણો-પારસી બાનુઓ ?

## લગનસરા માટે નવી નવાઇઓની સાડીઓ.

**આહમદ ઈ. ઇસાઅલી**

## એમપાયર બીલડીંગ કોટની ગંજાવર દુકાને આવી છે.

દરેક સાડીઓના ડીઝાઈન લેટેસ્ટ ફેશનના છે અને રંગો એવા તો સરસ ભપકા ભરેલા છે કે તમારી સેસ શોભી રહેશે. આજે જરૂર પધારવાની તસ્દી લેશોજી.

## ઉંચાં કસબી ભરતકામ અને ફાંકડી ડીઝાઇનો માટે અમોને સોનાનો ચાંદ મળ્યો છે.

આદરણીની સાડી માટે ફર્સ્ટ કલાસ નમુનો તઇઆર છે.

# શેઠ દાદાભાઇ નવરોજી

## હીંદના મહાન નર અને દેશ ભગત.

ઉમર વરસ ૯૨



**જનમ**—રોજ ૭ મો માહ ૧૨ મો શેહેનશાહી સને ૧૧૯૪ યજદેજરદી,
તારીખ ૪ થી સપટેમબર સને ૧૮૨૫ ઇસ્વી,
સંવત ૧૮૮૧ ના શ્રાવણ વદ ૭ ને વાર રવી.

**મરણ**—રોજ ૨૩ મો માહ ૧૦ મો શેહેનશાહી સને ૧૨૮૬ યજદેજરદી,
તારીખ ૩૦ મો જુન સને ૧૯૧૭ ઇસ્વી.
સંવત ૧૯૭૩ ના આષાઢ શુદ ૧૦ ને વાર સનેઉ.

### હીંદના મહાન દેશભકત અને લોકરક્ષી

# મરહુમ ડાકટર દાદાભાઇ નવરોજી,

## તેમનું અકાળ મરણ તેમજ એક સદીની ઝળકતી કારકીરદી અને વખાણવાજોગ દેશ સેવાઓ.

:ooo:

આજ ૪૮ વરસ થયાં, જયારથી અમારૂં આ ઝોરાસ્ત્રીયન કેલેંડર નીકલવા માંડયું છે ત્યારથી, અમે સંખ્યાબંધ નામાંકીત પારસી જરથોસ્તીઓનાં મરણોની ગમખાર નોંધ, તેઓની ઝલકતી જીંદગીના હેવાલો તથા તશવીરો સાથે લીધી છે. છેલ્લાં ગુજરતે સાલમાં મહાન વીરલાઓના મરણની નોંધ લીધી હતી, અને તેમ કરતાં જણાવ્યું હતું કે એ મહાન પારસી બચ્ચાઓ આપણી કોમના તુરરા અને ઝલકતા સેતારા સમાન થઇ ગયા છે. તેમના પાછલ માત્ર એક વરસની ટુંક મુદતમાં પારસી કોમનો એક વધુ ઝલકતો સેતારો, (શેઠ દાદાભાઇ નવરોજી) અસ્ત પામ્યો છે, અને તેમનાં મરણનો શોક આખા હીંદમાં કરવામાં આવે છે. આ મહાન નર બલકે હીંદના "દાદા" ગઇ તા૦ ૩૦ મી જુનને દીને સાંજે ૯૨ વરસની જઇફ વયે આપણ સઘળાને ગીરફતાર બનાવી શાંતી તથા નીરાંતી વચે આ ફાની જેહાનથી કુચ કરી ગયા છે, કે જે બનાવે કોમ તથા પ્રજામાં એક સખત આંચકો લગાડયો છે, અને ચોગરદમ ઘોર દલગીરી ફેલાવા સાથે એ મરહુમનાં મરણનો ખેદ, તેમના તરફનો ભકતીભાવ તથા તેમનાં ભલાં કુટુંબ તરફ દીલાસો તથા દીલસોજી બતાવવા માટેની અણહદ ચલવલ ચાલી રહી હતી, કે જેવી ચલવલ આ શહેરમાં તો શું પણ આપણા આખા દેશમાં કદાચજ થઇ હશે. અલબતે આ મરણનો ગમ આપણી પારસી જરથોસ્તી કોમને વધારે લાગવો જોઇયે, બલકે લાગ્યો છે. મરહુમ શેઠ દાદાભાઇ એક નામીચા પારસી નર રત્ન થઇ ગયા છે, જેમનો પણ જોડો નથી, અને જેમની જગા પણ ખાલીજ રહેશે. ડા૦ દાદાભાઇ જાત ન્યાતે પારસી જરથોસ્તી હતા, અને પારસી કોમના એક સેતારા જેવા હતા, પણ તેઓ એવી કારકીર્દી ચલાવી ગયા છે, કે જેથી તેઓ એક ખરેખરા નમુનેદાર પહેલી પંકતીના "હીંદી" થઇ ગયા છે, અને તેથી તેમનાં મરણ માટે અખંડ હિંદે શોક કર્યો છે ને હજુ કરે છે. એવણ સ્વદેશ ભકત હતા, અને પોતાની આખી જીંદગી, તન મન ધન સાથે, સ્વદેશ સેવાને અરપણ કીધી હતી, અને પરમારથ કાજે રેલી નાખી હતી. હીંદુસ્તાન દેશને પોતાની માતરૂભુમી ગણી તે દેશના સરવે જણાઓનું કલયાણ કરવા અને એ દેશને લાયક હકો અપાવવા પાછળ મઠયા હતા. એજ રીતે પોતાની જીંદગીની સાંજ સુધી સાત દાયકાના લાંબા વખત વેર પરમારથી કામો કરવામાં એવણ મશગુલ મઠયા રહયા હતા. એ મહાન નરે પોતાનું તમામ બુધી બળ અને ભારે મગજ શકતી આ દેશના ભલા કાજે પરમારથમાજ વાપરી હતી અને પોતાના દીપાયમાન કામોથી પોતાની કોમનેજ નહી, પોતાના શેહરનેજ નહી પણ આખા દેશને સરફરાજ કીધો હતો, તેવા નરના આવા રૂડા કામની પીછાન આપણી કોમજ, નહી પણ આખો દેશ કરે છે. તેમની જીંદગી તથા કારકીર્દીનો અરથ કાઢીએ તો તે એજ છે કે, દાદાભાઇ હતા પેહલા પ્રોફેસર, પહેલા હિંદી, પહેલા દેશભકત, પહેલા સંસારક સુધારક, પેહલા સ્ત્રી કેળવણીના હીમાયતી, પહેલા પાર્લામેંટના હિંદી મેમ્બર, પેહલા કોંગ્રેસમેન, મુંબઇની તથા હિંદની દરેક રાજદ્વારી હિલચાલના પેહલા ચાલાક અગ્રેસર ને રાહબર, વગેરે. એવણની જાહેર જીંદગી સાથે ખાનગી જીંદગી તથા જાતી ગુણો લેતાં, તેમાં પણ દાદા નમુનેદાર ને નકલ કરવા જોગજ થઇ ગયા છે. તેઓ ગોયા સદગુણોનો ભંડાર હતા. તેમની જીંદગી પવિત્ર ને પુજય હતી. સચાઇ અને પ્રમાણીકપણું એ તેમનો મુદ્રાલેખ હતો. જેવા તેઓ દેશભકત તથા રાજભકત હતા

તેવાજ કોમ ભકત, પત્ની ભકત, પુત્ર ભકત, ને સંસાર ભકત પણ હતા. કહો કે તેઓ એક યોગી મનુષ્ય હતા. દરેક લડત લડવામાં તેઓ જેટલા બહાદુર તેટલાજ ધીરા હતા. તેમની લડતો મકકમ તથા મજબુત છતાં, એતફાઇ તથા નાફરમાનીથી મોકલી હતી અને પોતાની લડતને ચીવતપણે વલગી રહયાથી, પોતે વાવેલાં બીજનાં ઝાડ ઉગેલાં અને કેટલેક દરજજે ફલો લાગેલાં જોવાને પણ તેઓ ભાગ્યશાળી થયા હતા. આજના જમાનામાં અસાધારણ એવી લાંબી સુખી જીંદગી ભોગવવા તેઓ પામ્યા તે પણ તેમના એવા સદગુણો તથા પવિત્ર વરતણુકના પ્રતાપેજ; એવા સઘલા સામટા સદગુણોથી બનેલો, સરવ માન્ય, લોકપુજ્ય, લોકરક્ષી, પ્રજાપક્ષી જેવા બહાદુર નર થઇ ગયા છે. તેવો એક મહાત્મા નર પોતામાં ધરાવવા માટે હિંદી પ્રજા, ખાસ કરી પારસી કોમ, વાજબી રીતે માન તથા મગરૂરી લેય છે. તેમના પાક રૂહ માટે આપણે બુલંદ બેહસ્તની શાંતી ઇચ્છી અને પાક પરવરદેગાર તેવણુના અશો રૂહને ખરેજ પેલી જાહાનમાં જાવેદાનની શાંતી બક્ષે એવી દુવા ચાહીશું.

## શેઠ દાદાભાઇની ઝલકતી કારકીરદી અને દેશ સેવાઓની વીગત.

દેશહીતકારી મહાન બુઝરેગ નર અને પારસી કોમના સેતારા મરહુમ શેઠ દાદાભાઇ નવરોજીનો જનમ મુંબઇ મધે માંડવી બંદર આગળ ખડક ઉપરના એક ઘરમાં રોજ ૭ મો અમરદાદ અમસાસપંદ માહા ૧૨ મા અસપંદાદ અમસાસપંદ શેહેનશાહી સને ૧૧૯૪ યઝદેજરદી, તા૦ ૪ થી સપટેમબર ૧૮૨૫ ઇસ્વી ને હીંદુઓના સંવત ૧૮૮૧ ના શ્રાવણ વંદ ૭ ને વાર રવેઉને દીને થયો હતો. એવો શેઠનું મરણ મુંબઇ મધે ખંબાલા હીલ ઉપરના શેઠ માણેકજી સોરાબજી કેપટનના પાલીતાણા હાઉસમાં રોજ ૨૩ મો દેપદીન દાદાર માહા ૧૦ મો દેએ દાદાર શેહેનશાહી અને ૧૨૮૬ યઝદેજરદી, તા૦ ૩૦ મી જુન ૧૯૧૭ ઇસ્વી ને હીંદુઓના સંવત ૧૯૭૩ ના આષાઢ શુદ ૧૦ ને વાર સનેઉને દીને સાંજે પાંચ વાગે પોતાના કુટંબ કબીલા વચે નીપજવાથી શેઠ દાદાભાઇ નવરોજી ૯૨ વરસની બુઝરગ ઉમરે બેહેસતનશીન થયા હતા. ઈંગલાંડથી હીંદુસ્તાનમાં આવી રહયા પછી શેઠ દાદાભાઇએ વેસાવા ખાતે એક દાહેકા સુધી સારી તંદરોસતી ગુજારી હતી પણ મરણની થોડા દીવસ અગાઉ વધતી ગયલી નાતવાનીને લીધે તાવથી પટકાયા હતા તેથી એવણુને ચાંપતી અને કુશળ તબીબી સારવાર માટે મુંબઇમાં લાવવામાં આવ્યા હતા. તબીબોની કાળજીભરી મહેનત છતા હાલત બગડતી ચાલી અને છેલ્લે ખોરાક પણ લઇ શકયા નહી તે છતાં પણ મરણની આગમચના અરધા કલાક સુધી તેઓ સુધીમાં રહયા હતા. મરહુમનો ફરેસતાઇ ખસલત જેવો પરહેજગાર ચહેરો મરણ પછી પણ જેવોને તેવો જલવાઇ રહયો હતો. શેઠ દાદાભાઇ બીછાના ઉપરથી પણ જાહેર અગતયની ખબર જાણવાને આતુર રહેતા હતા. એવણુની બીમારીની ચીતાંતુર બનવાની ખબરે આખા દેશમાં બહુજ દલગીરી ફેલાવી હતી. સઘળે ઠેકાણેથી એવણુની તબીયતનાં સમાચાર જાણવાની ઇંતેજારી બતાવનારા સંખ્યાબંધ તારના સંદેસાઓ તથા કાગલો આવતા રહયા હતાં, તેમાં નામદાર ગવરનર અને લેડી વીલીંગડન તરફથી પણ તાર મારફતે એવણુની ખબર પુછાવવામાં આવી હતી.

## શેઠ દાદાભાઇએ લીધેલી કેળવણી.

શેઠ દાદાભાઇના વડવાઓ નવસારીના ભગર સાથના મોબેદોના પંથના હતા અને તેઓની અટક દોરડી કરી હતી. એવણુના પીતા આ૦ નવરોજી પાલનજી દોરડી ગરીબ અવસથામાંજ એવણુને ચાર પાંચ વરસની ઉમરના મુકી મરણ પામયા હતા જેથી એવણુને ઉધારી કેળવણી આપવાનો સઘળો આધાર એવણુના માતાજી બાઇ માણેકબાઇ ઉપરજ રહયો હતો, જેવણે સારી કેળવણી આપવાની ખાસ સંભાલ રાખી હતી. શેઠ દાદાભાઇના લગન દશ વરસની નાહની વયે બાઇ ગુલબાઇ તે શેઠ સોરાબજી શરાફના બેટી સાથે મુંબઇમાં થયાં હતાં. એવણુને મુંબઇમાં ઇ. સને ૧૮૩૯ માં શેઠ હોરમજી વાડીઆના આતશબેહરામમાં નાવર કરવામાં આવયા હતા.

શેઠ દાદાભાઇએ શરૂઆતમાં અતરેની એલફીનસટન ઇનસટીટયુશનમાં કેળવણી લઇ ૧૮૪૦માં એલફીનસટન કાલેજ મધેથી કલેર સકોલરની પદવી મેલવી હતી. ૧૮૪૨ માં એજ કાલેજમાં નવા સ્થાપેલા નોરમલ સકોલરના વરગમાં પેહલવેહલા એવણને દાખલ કીધા હતા. એવણ સાહી-ત્યમાં તેમજ ગણીતમાં બહુજ હોશીયાર હોવાથી ઘણા ઇનામો મેળવ્યા હતા અને પોતાના તનને ખીલાવવા માટે રમતો બી રમતા હતા. એવણે પોતાની બચગીથીજ અસાધારણ ચંચલાઇ તથા ઝેણુ દેખાડયું હતું તેથી એવણના શીક્ષકોએ મરહુમ માટે બહુજ ઝળકતું ભવીશય ભાખ્યું હતું. એવ-ણની યાદદાસ્ત શક્તી તથા અભયાસ કરવાની કાળજી ખરેજ અદભુત હતી જે એવણને જુવાનીમાં તેમજ બુઢાપણામાં વટીક પોતાના દેશની સેવા બજાવવામાં ઘણી કામ લાગી હતી.

## શેઠ દાદાભાઇની જુદા જુદા ખાતાઓમાં થયલી નેમણુક અને તે સ્થાપવામાં આપેલી મદદ.

શેઠ દાદાભાઇને ૧૮૪૬માં એલફીનસટન ઇનસ્ટીટયુશનના શીક્ષક તથા ૧૮૫૨માં એલફીનસ્ટન કોલેજના ગણીતશાસ્ત્ર અને કુદરતી વીદયાના પ્રોફેસર તરીકે નેમ્યા હતા અને ૧૮૪૮માં સ્થાપાયલી સટુડંટસ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટીની મળેલી પેહેલી સભાના સરનશીન તેમજ તેના ૧૮૫૫ સુધી નાયબ સરનશીન અને એ સોસાયતીએ નેમેલી બુક કમીટીના પ્રમુખ તરીકે નેમ્યા હતા. એ સોસાયટીની બજાવેલી સેવા માટે તા૦ ૧૦ મી એપ્રીલ ૧૮૭૬ ને દીને મળેલી ખાસ સભામાં શેઠ દાદાભાઇને સોસાયટીના આનરરી મેમ્બર નેમી માન આપ્યું હતું. તે પછી એ સોસાયટી તરફથી સ્થાપાયલી ગુજરાતી જ્ઞાન પ્રસારક મંડળીના કેટલુંક સુધી સરનશીન હતા. એ મંડળી તરફથી "જ્ઞાન પ્રસારક" નામે માસીક ચોપાન્યું ૧૮૪૯ ના જુલાઈ માસથી કાઢવામાં આવ્યું તેના પેહલ વેહલા અધીપતી તરીકે એવણે કામ ચલાવ્યું હતું. ૧૮૫૧ માં એવણે રાહનુમાએ માજદયસનાન સભા નામની મંડળી બીજાઓ જોડે સ્થાપી તેના પેહલા બે વરસ સુધી આનરરી સેકરેટરી તરીકે કામ કીધું હતું અને ૧૮૫૨ માં એ સભામાં એક રેસાલો વાંચ્યો હતો. એજ સાલમાં ૫. કા. ઇન-સ્ટીટયુટ ઉભી કરવામાં તેમજ મુંબઇમાં થયલા હુલડ વખતે પારસીઓની ઘણી સારી સેવા બજાવી હતી અને રાસ્ત ગોફતાર પત્ર પેહલ વેહેલું પ્રગટ કરવામાં આગેવાની લઇ તેમાં ઘણા સારા લખાણે શરૂઆતમાં કીધાં હતાં. એજ શાલના આગસ્ટમાં બોમ્બે એસોસીએશન સ્થાપવામાં બીજાઓ જોડે એવણે કીમતી મદદ આપી હતી. ૧૮૫૨ માં ફોટનું ધરમનું દવાખાનું એવણની આગેવાની હેઠલ ચાલું કીધું હતું તેના ૧૮૫૫ સુધી એક ત્રસ્ટી હતા. ૧૮૫૩ ના અકટોબરમાં પારસી નાટક મંડળી ઉભી થઇ હતી તેની કમીટીના એક અધીકારી હતા. ૧૮૫૪ ના નવેમબરમાં રોયલ એશીયાટીક સોસાયટીના મેમબર તરીકે ચુંટાયા હતા. ૧૮૫૫ માં ઇરાન દેશના રહેનારા ગરીબ જરથોસતીઓની હાલત સુધારવા સ્થાપાયલી મંડળીના કામમા આગેવાની લઇ તેની કારોબાર મંડળીના અધીકારી હતા.

શેઠ દાદાભાઇએ ૧૮૪૮ માં મુંબઇમાં સટુડંટસ સોસાયટી હસ્તક ગણીત વીદયા શીખ-વાથી હાંસલ થતા ફાયદા વીષે, ૧૮૫૦ માં એક શીક્ષકની ફરજ વીષે અને ૧૮૫૪–૫૫ માં વરાળ-યંતર વીષે પાંચ ભાશણો કરયાં હતાં. તે મજ ગુજરાતી જ્ઞાન પ્રસારક મંડળી તરફથી અને બીજી ઘણી મંડળી વગેરે તરફથી જુદી જુદી બાબદો ઉપર વીદયતા ભરેલા ભાષાણો કરીયા હતા તથા રેસાલાઓ વાંચી સમજાવ્યા હતા.

## શેઠ દાદાભાઇની ઇંગલાંડની શફરે અને ત્યાં રહી હીંદ માટે આપેલી મદદો.

શેઠ દાદાભાઇ ૧૮૫૫ ની તા૦ ૨૬ મી જુને પેહલ વેહલા ઇંગલાંડ ખાતે વેપાર તથા આડ-તનું કામ કરવાને મેસરસ કામાની કંપનીના નામથી પેહેડી સ્થાપી ગયા હતા. એવણ લંડન ગયા તે વખતે મુંબઇમાં મંડળીઓ તરફથી માનપત્રો એનાયત થયા હતા. તા૦ ૧ લી મારચ ૧૮૫૬ થી એવણને લંડન યુનીવરસીટીની કાલેજમાં ગુજરાતી ભાષાના પ્રોફેસર તરીકે નેમયા હતા.

તા૦ ૧૦ મી નવેમબર ૧૮૫૮ ને દીને ઇંગલાંડથી મુંબઇ આવ્યા હતા અને ત્રણ માસ અંતરે રહી પાછા ઇંગલાંડ ગયા હતા અને લીવરપુલ તથા લંડનમાં પોતાના નામની જુદી વેપારી પેઢી ઉઠી હતી. તા૦ ૩૧ મી અકટોબર ૧૮૬૧ ને દીને યુરોપના જરથોસતીઓનું ધરમનું ફંડ સથાપી ફંડની કમીટીના ૧૮૬૪ થી સુરનશાન તરીકે સારી સેવા બજાવી હતી. ૧૮૬૧ માં શેઠ દાદાભાઇએ લીવરપુલ મધે એ નીબંધ વાંચ્યા હતા જેના ચોપાન્યા છપાવી પ્રગટ કીધાં હતાં, તેમજ લંડન ખાતે જાહેરના ફાયદા સંબંધી કેટલાંક ભાષણોમી કીધાં હતાં.

તા૦ ૯ મી સપટેમબર ૧૮૬૩ ને દીને એવણ મુંબઈ પાછા આવયા હતા અને છ મહીના રહીને તા૦ ૧૪ મી મારચ ૧૮૬૪ ને દીને ત્રીજી વાર લંડન ગયા હતા. જ્યાં આ દેશના વીચાર જાહેર કરવાને લંડન ઇંડીયન સોસાયટી નામની એક મંડળી એવણનાં પ્રમુખપણા હેઠળ ૧૮૬૫માં સથાપવામાં આવી હતી. ૧૮૬૭ માં ઇંગલાંડ મધે સથાપાયલી ઇસટ ઇંડયા એસોસીએશનના કેટલોક વખત સુધી આ૦ સેકરેટરી તરીકે કામ બજાવયું હતું તે વખતે કેટલાક નીબંધો લંડન ખાતે વાંચ્યા હતા. તે પછી ૧૮૬૯ માં મુંબઈ આવ્યા બાદ એવણે એ એસોસીએશનની એક શાખા મુંબઈમાં ઉઘાડીને કેટલાંક ભાષણો કીધાં હતાં અને ૧૮૭૯ માં હીંદુસતાંનની ગરીબાઈ વીષે નીબંધો વાંચ્યા હતા. ચોહીવાર ઈંગલંડ જવા નીકળયા ત્યારે મુંબઇના રહેવાશીઓએ ફ. કા. ઇનસ-ટીટયુટમાં એક માનપત્ર તથા ૨૩૦૦૦૦ ની પરસ ભેટ આપી હતી. ઇંગલંડ ગયા પછી ૧૮૭૦ માં લંડનની સોસાયટી ઓફ આરટસની જાહેર સભામાં હીંદુસતાનની હાજતો તેમજ વેપાર ઉપર નીબંધો વાંચયા હતા. ૧૮૭૩ માં હીંદુસતાનની હાલત વીષેની પારલામેંટરી સીલેકટ કમીટીમાં લંબાણથી સાક્ષી આપી હતી અને એજ શાલમાં ઇંગલંડ ખાતે ઈરાનના શાહ ગયા હતા તેવણને માનપત્ર વગેરે એવણની આગેવાની હેઠળ આપવામાં આવયું હતું.

હીંદુસતાનમાં પાછા આવયા પછી વડોદરાના મહારાજા મલહારરાવના દીવાન તરીકેના મોટા ઓધા ઉપર ૧૮૭૪ માં એવણની નેમણુંક થઈ હતી. તેમજ ૧૮૭૫ માં મુંબઇની મયુનીસીપલ કારપોરેશનના મેમબર તરીકે એવણે સારી સેવા એક વરસ સુધી બજાવી હતી. ૧૮૭૯ ના શાલની આખરીએ પાંચની વાર ઇંગલાંડ ગયા હતા. તે વખતે ૧૮૮૦ માં લંડન મધે હીંદી વજીર ઉપર હીંદુસતાનની ગરીબ હાલત વીષે તેમજ ૧૮૮૧ માં હીંદ દુકાળ કમીશનનાં રીપોરટ ઉપર લંબાણ યાદી લખી મોકલી હતી.

૧૮૮૨ માં મુંબઇ આવ્યા પછી ૧૮૮૩ થી ૧૮૮૬ સુધી મુંબઇની મયુનીસીપલ કારપોરે-શનના મેમબર તરીકે એવણે કીમતી સેવાઓ બજાવી હતી અને ૧૮૮૩ થી શેઠ બેરામજી મલ-બારી સાથે વોઇસ ઓફ ઇંડયા નામનું માસીક ચોપાન્યું પ્રગટ કરવા માંડયું હતું. ૧૮૮૪ મા નામદાર વાઇસરાય લોરડ રીપનની યાદગારીનું ફંડ ઉભું કરવાની આગેવાની શેઠ દાદાભાઇએ લીધી હતી અને તા૦ ૨૦ મી ડીસેમબરે ગવરમેંટ હાઉસમાં લોરડ રીપને પોતાની આગળ બોલાવી, એવણનો ઉપકાર માન્યો હતો. તા૦ ૧૭ મી સપટેંબર ૧૮૮૫ ને દીને નામદાર ગવરનર લોરડ રે ન વખતમાં મુંબઇની લેજીસલેટીવ કાઉનસીલના અધીકારી તરીકે એવણની નેમણુક થઇ હતી અને એજ શાલમાં મુંબઇની મયુનીસીપલ ટાઉન કાઉનસીલના મેમબર તથા મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે એવણ નેમાયા હતા.

તા૦ ૨૬ મી મારચ ૧૮૮૬ ને દીને છઠી વાર ઈંગલાંડ ગયા અને પારલામેંટના મેમ્બર તરીકે હોલબરન શેહરના પ્રતીનીધી તરીકે બહાર પડયા હતા પણ તેમાં ફતેહ પામયા નહી હતા. એવણે હીંદુસતાનની સ્થીતી વીષે એજ સાલમાં ભાષણો કીધા હતા અને મુંબઇ આવવા નીકળયા તે વખતે નોરથ બુરૂક કલબે જયાફત તથા નેશનલ લીબરલ કલબ તરફથી માનપત્ર એનાયત થયું હતું તા૦ ૬ ઠી દીસેમબર ૧૮૮૬ ને દીને મુંબઇ આવયા હતા અને તા૦ ૨૮ મી દીસેમબરે કલકતા ખાતે મળેલી બીજી નેશનલ કોનગ્રેસના પ્રમુખ નેમી એવણને માન આપયું હતું.

તા૦ ૧૧ મી મારચ ૧૮૮૭ ને દીને સાતમીવાર ઇંગલાંડ ગયા હતા. એજ સાલમાં માહારાણીજીની જુબીલીની મુંબારકબાદીનું ઈંગલંડમાં વસતા હીંદીવાનો તરફનું માનપત્ર એવણે વીંડસર કેસલમાં જઈ હાથોહાથ આપયું હતું. ૧૮૮૮ માં ચાંદીના ચલણ માટે તપાસ કરવાને લંડન ખાતે મલેલા બાદશાહી કમીશન સનમુખ જબાની આપી હતી. તેમજ ૧૮૯૧ માં ભરાયલી આરોગયતા શાસ્ત્રની કોનગ્રેસમાં હીંદુસ્તાનના ડેલીગેટ તરીકે બીરાજયા હતા.

શેઠ દાદાભાઇને ૧૮૯૨ ની તા૦ ૭ મી જુલાઇએ પારલામેંટમાં પેહલાજ હીંદીવાન તેમજ પારસી તરીકે ચુંટી કાઢવાથી ઘણુજ અસાધારણુ માન મલ્યું હતું. હીંદુસ્તાનના એક દેશીને પારલામેંટમાં બેસવાનો આ પેહલ વેહલો બનાવ હોવાથી આખા હીંદમાં અને સરવે કોમમાં ઘણીજ ખુશાલી પેડા થઇ હતી. આ માન માટે પોતાનો હરખ જાહેર કરવાને મુંબઇના રહીશોની એક જાહેર સભા પ્રેસીડનસી એસોસીએશનના નોતરાથી તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૯૨ ને દીને ટાઉન હાલમાં સર દીનશાહ માણેકજી પીટીટ પેહલા બારોનેટના પ્રમુખપણા હેઠલ મલી હતી અને શેઠ દાદાભાઇને મુબારકબાદી આપવાનો તેમજ એવણુને ચુંટી કાઢનારાઓનો અને મદદ કરનારાઓનો ઉપકાર માનનારા ઠરાવો પસાર થયા હતા. બીજે વરસે લાહોર ખાતે ભરાયલી નેશનલ કોનગ્રેસના પ્રમુખ તરીકે બીરાજવાને તા૦ ૩ જી ડીસેમબર ૧૮૯૩ ને દીને શેઠ દાદાભાઇ મુંબઇ આવયા તે વખતે ઘણોજ અસાધારણુ ગંજાવર આવકાર એવણુને મલયો હતો. તા૦ ૧૬ મી ડીસેમબરે ટાઉન હાલમાં મુંબઇ તેમજ જુદાં જુદાં શેહેરો અને ગામો તરફથી ડેપ્યુટેશનો સાથે આવેલા અસંખ્યાબંધ માનપત્રો વગેરે આપવાનો ઘણોજ મોટો મેલાવડો ભેગો મલ્યો હતો. જ્યાં મુંબઈની પ્રેસીડનસી એસોસીએશનનું તેમજ બીજી સભાઓ તરફના ૪, ગુજરાંત પ્રાંતના ૧૩ અને દખણુ જીલ્લાના ૫૧ માનપત્રો એનાયત થયા હતા. લાહોર ખાતે ગયા ત્યાં તેમજ રસતે જતા ને આવતા ઘણો સારો આવકાર આપી માનપત્રો એનાયત કરવામાં આવયા હતા. લાહોરથી આવયા પછી મુંબઇની મયુનીસીપાલીટીએ ટાઉન હાલમાં તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૯૪ ને દીને માનપત્ર આપવાનો મેળાવડો કીધો હતો.

તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૯૪ ને દીને એવણુ પાછા ઇંગલાંડ ગયા હતા જયાં પણુ એમના ઇગ્રેજ દોસ્તો તથા વખાણુનારાઓએ પાછો દીલોજાનીભરયો આવકાર આપી મોટું માન આપ્યું હતું. એજ સાલના એપ્રીલ માસમાં ઈંગલંડની કીંગસ ક્રોસ ટેમપરનસ એશોશીએશનના પ્રમુખ તરીકે એવણુની નેમણુક થઇ હતી. પારલામેન્ટમાં બીરાજી હીંદુસ્તાનને લગતા સવાલોમાં ઘણીજ ઉલટ લઈ બહુજ ખંતથી કામ કીધું હતું તેમજ ઘણી બાબદો ઉપર ભાષણો તથા નીબંધો એવણે વાંચ્યા હતા. એવણુને અમેરીકાની ઈંડો અમેરીકન નેશનલ એસોસીએશનના ૧૯૦૬ માં ઓનરરી પ્રમુખ તરીકે ચુંટી કાઢયા હતા. ૧૯૦૬ ના દીસેમ્બરમાં કલકતા ખાતે ભરાયલી ૨૨મી હીંદી નેશનલ કોનગ્રેસના પ્રમુખ તરીકે શેઠ દાદાભાઇ નેમાયલા હોવાથી ઈંગલંડથી ઉપડયા તે વખતે એવણુના માનમાં ખાણાના મેલાવડાઓ થયા હતા. તા૦ ૧૪ મી ડીસેમ્બરે મુંબઇ આવ્યા તે વેળાએ મુંબઇની પંચરંગી પ્રજાએ તેમને બાદશાહી આવકાર આપી ઘણું માન આપ્યું હતું. તા૦ ૨૨ મીએ કલકતે ગયા ત્યારે જતા આવતા મારગમાં સ્ટેશનો ઉપર એવણુને લોકોએ હાજર થઇ માનપત્રો વગેરે એનાયત કરી આદરમાન આપ્યું હતું, તેમજ કલકતા ખાતેબી જરથોસ્તી અંજુમન તથા બીજાઓ તરફથી ખાણાના મેલાવડાઓ તથા માનપત્રો એનાયત થયાં હતાં. મુંબઇમાંબી મંડળીઓ વગેરે તરફથી માનપત્રો એનાયત કરવાના તેમજ ખાણાના મેલાવડાઓ કરવામાં આવ્યાં હતાં. વળી તે વખતના નામદાર ગવરનર લોરડ લેમીંગટને એમને સરકારી મેહલમાં લંચ ઉપર બોલાવ્યા હતા. તા૦ ૧૯ મી જાનેવારીને દીને મુંબઇથી વેલાત જવા ઉપડી ગયા હતા પણ એવણુની તબીયત ઠીક નહી ચાલવાથી એજ સાલની તા૦ ૧૧ મી નવેમબરને દીને મુંબઇ આવી વેસાવા ખાતે રહયા હતા. જયાં તા૦ ૭ મી મારચ ૧૯૧૨ ને દીને તે વખતના નામદાર ગવરનર સર જોરજ કલારકે

એવણુની મુલાકાત લીધી હતી. નામદાર વાઇસરાય લોરડ હારડીંગે તા૦ ૨૪ મી જાનેવારી ૧૯૧૫ ને દીને લીધેલી મુંબઇની મુલાકાત વેળા નામદાર ગવરનર લોરડ વીલીંગડનને સાથે લઇને વેસાવા ખા શેઠ દાદાભાઇની મુલાકાતે જઇને માન આપ્યું હતું.

શેઠ દાદાભાઇને તા૦ ૨૮ મી જાનેવારી ૧૯૧૬ ને દીને મુંબઇ યુનીવરસીટી તરફથી ખાસ કોનવોકેશન ભરી એલ. એલ. ડી. ની ડીગરી એક મોટા મેલાવડા સનમુખ કાવસજી જાહાંગીર હોલમાં નામદાર ચેનસેલર તે મુંબઇનાં ગવરનરે એનાયત કીધી હતી. એ વખતે એવણુને મુંબઇમાં ઘણું મોટું માન સરવે કોમ તરફથી આપવામાં આવ્યું હતું.

શેઠ દાદાભાઇની સાલગ્રેહ તા૦ ૪ થી સપટેમબરે હમેશા પાલવામાં આવતી હતી અને એવણુ પોતાની આખી જીંદગી સુધી હીંદની સેવા બજાવી તેના માનમાં એવણુની ૭૯ મા વરસની સાલગ્રેહની ખુશાલીનો જયંતીનો મેલાવડો તા૦ ૪થી સપટેમબર ૧૯૦૩ને દીને ઓનરેબલ મી૦ ગોકળદાસ કહાનદાસ પારેખના પ્રમુખપણા હેઠળ થયો હતો અને તે પછી દર વરસે એવણુની સાલગ્રેહને દીને પંચરંગી પ્રજા તરફથી હમેશા એવા જયંતીના મેલાવડાઓ એવણુના મરણ સુધી કરવામાં આવતા હતા. જયાં સુભાખીત ભાશણો થવા સાથે એમને મુબારકબાદી તથા દીરઘાયુશ ઇચ્છવામાં આવતા હતા. તેમજ વેસાવાના બંગલે હીંદુ સ્ત્રી મંડલનું ડેપ્યુટેશન મુબારકબાદી આપવા જતું હતું. આવા મેલાવડાઓ મુંબઇ ઉપરાંત હીંદના જુદા જુદા શેહરો, ગામો ખાતેબી કરવામાં આવતા હતા.

શેઠ દાદાભાઇની સબીઓ ૧૮૯૯ માં આતશબેહરામો તથા દરેહમેહરોમાં મુકવામાં આવી હતી, તેમજ શેઠ ફ. કા. ઇનસ્ટીટયુટમાં તા૦ ૨૪ મી નવેમબર ૧૯૦૦ ને દીને એક મેળાવડા સનમુખ એવણુની સબી ઓનરેબલ મી૦ જસટીસ માહાદેવ ગોવીંદ રાનાડેએ ખુલ્લી મુકી હતી એજ સાલમાં તારદેવ તરફ શેઠ દામોદર ગોરધનદાસ સુખડવાલાએ સ્થાપેલી ફ્રી લાયબરેરીને "દાદાભાઇ નવરોજી ફ્રી રીડીંગ રૂમ અને લાયબરેરી" એવું નામ આપયું હતું. વળી શેઠ દામોદરે ચીકલવાડી તરફ ગરીબ દેશીઓના બાળકોની નીશાળ માટે બંધાવેલી ઇમારતને "દાદાભાઇ નવરોજી બીલડીંગ" કરી નામ આપયું છે. જયારે બનારસ ખાતે સ્થાપાયલી હીંદુ ઓરફનેજને દાદાભાઇ નવરોજી ઓરફનેજના નામથી ઓળખવામાં આવે છે.

શેઠ દાદાભાઇએ પોતાની સ્વચ્છ કારકીરદી કાંઇબી સ્વારથ વગર દેશની સેવા અને દેશની ઉનતી પોતાની આખી જીંદગી સુધી કરી હતી. જીંદગીના શરૂઆતના ૩૦ વરસો પોતાના દેશમાંજ કાઢયા હતા અને તે પછીના વરસો ઈંગલાંડમાં કાઢી હીંદની સારી સેવા બજાવી મોટી કીરતી મેલવયા પછી લંડન ખાતે એવણુની તબીયત ઠીક નહી ચાલવાથી પોતાની જીંદગીના બાકીના દીવસો પોતાના દેશમાં ગુજારવાને માટે તા૦ ૧૧ મી નવેમબર ૧૯૦૭ ને દીને મુંબઇ આવી એક દાયકા સુધી જાહેર જીંદગીમાંથી ફારેગ થઇ વેસાવે રહી સારી તંદરોસતી સાથે પુરા કીધા હતા. છેલ્લે જઇફીના કારણે પુખત ઉમરે આ વીર પુરૂશ બેહેશતનશીન થયા હતા. ખોદા એવણુના રૂહને શાંતી બક્ષો !

---

## શેઠ દાદાભાઇની પાયદસ્ત કાઢવાની વેળા દબદબાભરી મલેલી મોટી મીજલશ.

મરહુમ માનવંત બુઝરગ શેઠ દાદાભાઇની પાયદસ્ત બીજે દીને રવીવારે સાંજે કાઢવામા આવી હતી. સરેસ્તા મુજબ પાછલા પોહોરના ૩ વાગે ગેહસારવાની કીયા શરૂ કરવામા આવી હતી. ગેહસારવાની કીયા શરૂ થવા આગમજ પુશકલ લોક આવી મરહુમને સેજદો કરી સેવટનું માન આપી ગયું હતું. પાયદસ્ત વેલા જે ગંભીર દબદબાભરી મીજલસ ભેગી મલી હતી તેવી ભેગી મજેલી ઠઠ મુંબઇમાં અગાઉ કદાચજ નીહાળવામાં આવી હોય એટલી મોટી હતી, જેમાં સઘળી વરણનાં શ્રીમંતો, અગ્રેસરો તેમજ મધ્યમ વરગ અને

ગરીબો બહુ મોટી સંખ્યાંમાં હાજર થયા હતા. મરહુમ દેશભકતને સેવટનું માન આપવા માટે હાજર રહેલાં બાનુઓ તેમજ ગ્રહસ્થોની સંખ્યા સેંકડો નહી પણ હજારોની હશે. પારસીઓ ઉપરાંત હીંદુઓ, યુરોપીયનો તથા મહોમેદનો પણ હતા. લોકોએ બે વાગાથી આવવા માંડયું હતું અને ગેહસારવાની ક્રીયા શરૂ થાય તે આગમજ તો ગોઠવી રાખેલી સઘળી જગાઓ ચીકાર ભરાઇ ગઇ હતી, તે પછી આવનારાઓને રસતાઓ ઉપર તેમજ દરવાજા આગળ ઉભા રહેવાની ફરજ પડી હતી. ગેહસારવાની ક્રીયા ખતમ થતાં પારસીઓ સેજદો કરવા બંગલામાં ગયા હતા, અને સેજદો કરતાં તેમને લગભગ એક કલાક લાગો હતો. પાયદસ્ત એક જબરદસ્ત મોટા હાઠમાર લોકોના સરઘસના આકારમાં નીકળી હતી કે જેવો દેખાવ મુંબઇમાં કદાચજ જોવામાં આવયો હશે. આખે રસતે બંને બાજુએ લોકો મરહુમને સેવટનું માન આપવા ઉભું રહી ગયલું નજરે પડતું હતું. આખે રસતેના બંગલાઓની બારીઓ પણ પારસી બાનુઓ અને ગ્રહસથોથી ઉભાઇ ગઇ હતી. મરહુમ શેઠ દાદાભાઇની લાશની પુઠે પારસીઓજ નહી પણ સેંકડોની સંખ્યામાં બીજી કોમોના લોક પણ ચાલતા ડુંગરવાડી સુધી ગયા હતા. રવાન ડુંગરવાડી ઉપર લઈ આવયા બાદ તયાં હાજર રહેલાંઓએ મરહુમને પાછો સેજદો કરી સેવટનું માન આપયું હતું. ઘણા પારસી બાનુઓ પણ મરહુમને સેવટનું માન આપવા ડુંગરવાડીપર હાજર થયા હતા. ડુંગરવાડીની બંગલી આગળ ભેગી મળેલી ઠઠ સનમુખ કેટલુંક વીવેચન કરતાં સર નારાયણ ચંદાવરકરે જણાવયું કે મારા દેશબંધુઓ યા બીજા બોલોમાં કહું તો હાલના હીંદના મહાનમાં મહાન પુરૂશ દાદાભાઇ નવરોજીના બેટાઓ આજે આખુ હીંદ-મરદો, પુરૂશો તેમજ બાળકો–સઘળી વરણના લોકો, શહેરીઓ, ગામડયાઓ અને હીંદના ખુણે ખુણામાં વસનારાઓ ભારે ખોટ માટે શોકમાં રડે છે. હીંદનો પહેલો સપુત જેનામાં આપણે સરવથી સરસ હીંદી ચરીત્ર જોતા આવયા હતા, તે નર આજે ગુમ થયો છે પણ તેની જીંદગીની હમેશની ખુબી અને કીરતી રહેવા પામી છે અને તે હમેશ ગવાતી રહેશે. શેઠ દાદાભાઇ એકલા હીંદીવાન હતા કે જેવણ હીંદના "દાદા"–પોતાના દેશના પીતા–તરીકે ઓળખાતા હતા. ભવીષના સેતારા તરીકે તેવણે ૭૫ વરસની વાત ઉપર, ધારમીક સંસારી અને રાજદવારી જીંદગીનો પાયો રચ્યો હતો અને ૭૫ વરસ દરમયાન પોતે જે બીયાં રોપયાં હતાં તેના ફળ ચાખયાં હતાં. તેવણે પહેલા પારસી બેરોનેટ સર જમશેદજી જીજીભાઇ તે પારસી કોમના મહાન અકાબરની મદદથી તે બીયાં વાવયાં હતાં. તેમની કારકીરદી દરમયાન, તેવણે જે સઘળું કીધું, જે સઘળું શીખવ્યું તેમાં તેવણ અશો જરથોરત પેગમબરના એક અવતાર જેવા હતા કારણ તેવણ સાચા બોલનારા, સાચા વીચાર ધરાવનારા અને સાચા કામો કરનારા હતા. માત્ર પારસી ભાઇઓજ નહી પણ સઘળી વરણના લોકો દાદાભાઇને પોતાના તરીકે ગણતા હતા. તેવણ ગુજર પામયા છે, છતાં તેમની યાદ કાંઇ ગુજર પામવાની નથી. એ પછી મીજલસ ધીમે ધીમે વીસરજન થઇ હતી. રસતાની બંને બાજુએ મોટારકારોની હાર લાગી હતી, રસના ઉપર બંદોબસત જાળવવાને પોલીસ ઘોડેસવારો તથા સીપાઇની એક ટુકડી હાજર હતી.

## શેઠ દાદાભાઇના ઉઠમણાની થયલી ક્રીયા.

મરહુમ લોકરક્ષી અને દેશહીતકારી મહાન બુજોરગ નર શેઠ દાદાભાઈ નવરોજીના ઉઠમણાની પવીત્ર ક્રીયા પાછલા પોહરે મુંબઇના અંજુમનના આતશબેહરામ સાહેબના કંત્રાકટર હોલમાં દીનદાર જરથોસ્તીઓની મોટી સંખ્યાની હાજરીમાં કરવામાં આવી હતી. ક્રીયા પુરી થયા પછી દસ્તુરજી સાહેબ મીનોચેહરજી જામાસપજી જામાસપઆશાએ મરહુમ અશો નર દાદાભાઇનું નામ પવીત્ર ભણતરોમાં લેવા માટેનો ઠરાવ મીજલસમાં રજુ કરતાં જણાવ્યું કે આપણી જરથોસ્તી કોમના એક હીરા સમાન નર, હીંદના મહાન પુરૂષ, ઝળકતી કારકીરદીના એક સેતારા શેઠ દાદાભાઇ આ જગત છોડી જવાથી તેવણના મરણ માટે દલગીરીમાં આપણી જરથોસ્તી કોમજ નહી પણ આખુ હીંદુસ્તાન ગરકાવ થયું છે અને એ મહાન નરને ખોવા માટે વીલાપ કરે છે. એવણે આખી

જીંદગી પરમારથ કાજે ગાળી છે અને હીંદુસ્તાનને પોતાની માતભુમી ગણી સરવેનું કલયાણ કરવા તથા દેશને લાયક હકો અપાવવા પાછળ મંડયા રહયા હતા. શેઠ દાદાભાઈ એક ભગરીયા અથોરનાન હતા અને અથોરનાન ટોળાના સંગાર સમાન હતા તેમજ પારસી કોમના સેતારા સમાન હતા તેથી ધુપ નીરંગના ભણુતરમાં અને બીજા જાહેર ભણુતરોમાં એ મરહુમ પરોપકારી નરનું નામ કાયમ લેતા રહેવું. આ દરખાસ્તને ટેકો આપતા એરવદ કયેખુશરૂ મહીયાર કુતારે જણાવ્યું કે પારસી કોમ ખરેખર ભાગયશાલી છે કે તે કોમમાં આવો મહાન નર જનમ પામ્યો જે આખા હીંદના દાદાનો એલકાબ મેળવવાને ભાગ્યશાલી થયો હતો. સેવટે આપણે અશો અહુરમઝદ પાસે દોવા ગુજારીશુ કે દાવરે દાદગર મરહુમ શેઠ દાદાભાઇને ગરોથમાનનું અમર સુખ આપે અને તેઓ મીનોઈ જેહાનમાંથી પણ આપણી કોમ ઉપર તથા હીંદ ઉપર નેગેહબાની રાખતા રહી સદા મીનોઈ આશીરવાદો પાંચરતા રહે. એ પછી મીજલશ બરખાસ્ત થઇ હતી.

મરહુમ શેઠ દાદાભાઇના પાછલી રાતના ઉઠમણાની ક્રીયા એવણના ખંબાલા હીલના બંગલામાં નાયબ દસ્તુરજી રૂશતમજી એદલજી સંજાણાની આગેવાની હેઠળ થઈ હતી. ક્રીયા પુરી થયા પછી નાયબ દસ્તુરજી રૂશતમજીએ મરહુમ શેઠ દાદાભાઇનું નામ ભણુતરની ક્રીયામાં લેવાની દરખાસ્ત કરતા મરહુમ અશો નરના ભલા ગુણોની તારીફમાં વીવેચન કરી જણાવ્યું કે આપણો બાપીકો જરથોસ્તી મજહબ ઘણો શરેશટ છે. કુદરત તેમજ માણસાઇ ખવાસના બારીક અવલોકન ઉપર રચાયલો છે તેથીજ કરીને જરથોસ્તી ધરમના સીધાંતો અને ફરમાનોને સીધો તેમજ આડકટરો ટેકો દરેક વીધ્યા તથા સાયનસ તરફથી મલતો રહયો છે. દરેક ક્રીયા દરમ્યાન અશો અહુરમજદને યાદ કરી તેના ગુણો ગાવામાં આવે છે તેમજ અશો નરનારીઓના નેક ગુણો ક્રીયામાં યાદ કરી તેઓની નકલ કરવાની ઇચ્છા મનમાં ઉશકેરવાની છે તેથી મરહુમ શેઠ દાદાભાઈનું નામ આપણી બધી ક્રીયાઓમાં હમેશા લેતા રેહેવું જે માનને એવણ તદન લાયક છે. આ દરખાસ્તને એરવદ જાહાંગીર પેસતનજી ઓયવાળાએ ટેકો આપ્યા બાદ મીજલસ બરખાસ્ત થઇ હતી.

મરહુમ શેઠ દાદાભાઇના ઉઠમણાની ક્રીયાઓ સુરત, ઉડવાડા, મધરાસ, રાજકોટ, નવશારી, ભરૂચ, ભુશાવલ, બીલીમોરા, વલસાડ, તારાપોર, ગણદેવી, નાગપોર, વડોદરા, કરાંચી, ઇલાવ, કરંજ, એરગામ, સકર, ઈનડોર, લાહોર વગેરે ઠેકાણે ત્યાંની જરથોસ્તી અંજુમન તરફથી કરવામાં આવી હતી અને મરહુમ અશો નરનું નામ જાહેર ભણુતરની ક્રીયાઓમાં લેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

## શેઠ દાદાભાઇના માનમાં બંધ રહેલાં ખાતાંઓ.

શેઠ દાદાભાઈના મરણની ખબર ટેલીફોન અને ટેલેગ્રામની મારફતે મુંબઈ શેહેરમાં તથા આખા હીંદમાં સઘળે ઠેકાણે ઝટ ફરી વલી હતી. આ મરહુમ દેશભકતના માનમાં મુંબઇ તથા શેહેરો અને ગામો ખાતેના કેટલાક વેપારીઓએ પોતાનું કામકાજ બંધ કીધું હતું તેમજ દુકાનો, ઓફીસો, સ્કુલો વગેરે એવણના માનમાં બંધ રાખવામાં આવ્યાં હતાં.

મુંબઇમાં કોલાબાનું તૈયાર રૂનું બજાર, વાયદાનું રૂનું બજાર, ચોખાનું બજાર, કરીયાણા બજાર, ચાંદી સોનાના બજારો, કાંદા પપેતાના વેપારીઓની તથા દલાલોની દુકાનો, મોટીનો ધરમનો કાંટો, યંગ ભાટયા લાયબ્રેરી, ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞક ભુલેશ્વર લાયબ્રેરી, માંટુગા એસોસીએશન ફ્રી લાયબ્રેરી, ભગવાનદાસ નરોતમદાસ કપોળ નીવાસ ફ્રી રીડીંગ રૂમ અને લાયબ્રેરી, ભાયખલાની જ. ન. પીટીટ લાયબ્રેરી, ફોરટ ઝોરાસ્ટ્રીયન ગરલસ સ્કુલ, મથરાદાસ કરસનદાસ નાથા ભાટયા હાઇ સ્કુલ, કોટ અને ધોબીતલાવના બલસારા ટયુશન કલાસો, સાજનભાઇ મેરાંલીભાઇની કન્યાશાળા, યંગ લેડી હાઇ સ્કુલ, ગોલવાળા ફોર્ટ ટયુશન કલાસ, બજારગેટ બોયઝ સ્કુલ એંડ ફોર્ટ ઝોરાસ્ટ્રીયન ગર્લસ સ્કુલ, ખેતવાડી જરથોસ્તી ગર્લસ સ્કુલ, જર્ઈન હાઈ સ્કુલ, ગુજરાતી હીંદુ સ્ત્રી મંડળના સ્ત્રી શીક્ષણ વરગો, ઇંડીયન પેસેનજર એંડ ટ્રાફીક રીલીફ એસોસીએશન, ગોલવાળા બ્રધરસનો વીકટોરીયા સ્વીમીંગ બાથ, નેટીવ શેર એંડ સ્ટોક બ્રોકરસ એસોસીએશન, રેશમી કાપડની

દુકાનો, મી૦ અને મીસીસ ડોશાભાઇ ફ. પંથકી તરફથી ચલાવવામાં આવતા એમબ્યુલનસ વર્ગ પારસી એમબ્યુલનસ ડીવીઝનની ડ્રીલ પ્રેકટીસનો કલાસ, વગેરે વગેરે બંધ રાખવામાં આવ્યાં હતાં.

શેઠ દાદાભાઇના મરણની ખબર દેશાવરો ખાતે મલતા એવણના માનમાં નવસારી મેહરજી-રાણા લાયબ્રેરી, બીલીમોરાની ટાટા હાઇ સ્કુલ અને જાહાંગીર બમનજી પીટીટ લાયબ્રેરી, ગણદેવીની લાયબ્રેરી અને હાઈ સ્કુલ, પુનાનું સર દી. મા. પીટીટ પારસી જીમખાનું અને સરદાર દસ્તુર હાઇ સ્કુલ, નારગોલની વાહાડયા હાઈ સ્કુલ, અને તાતા ગરલસ સ્કુલ, ડરબન એંગલો ગુજરાતી સ્કુલ, રંગુનના ચોખાના દલાલોની મંડલી અને બીજા ખાતાંઓ, ઉમરેઠની લાયબ્રેરી, તથા સ્કુલો તેમજ સુરત, ઉડવાડા, ભરૂચ, વલસાડ, કરાંચી, અમદાવાદ વગેરે ઘણા શેહેરોમાં પારસીઓ અને બીજી કોમવાળાઓએ પોતાની દુકાનો, સ્કુલો, લાયબ્રેરીઓ વગેરે ખાતાઓ બંધ રાખવામાં આવ્યાં હતાં.

## શેઠ દાદાભાઇના મરણ માટે આવેલા અસંખ્યાબંધ દીલાસાના સંદેશાઓ.

શેઠ દાદાભાઇના કુટુંબ તરફ દીલાસો દેખાડનારા તારના અસંખ્યાબંધ સંદેશાઓ, યુરોપ તેમજ હીંદ વગેરેના જુદા જુદા દેશાવરો ખાતેથી જાણીતા આગેવાન આશામીઓ, જાહેર મંડળો દેશાવરોની જરથોસ્તી અંજુમનો, તેમજ દેશી રાજવાડાઓ તરફથી મોકલવામાં આવ્યા હતા તેમાંના કેટલાંક નીચે મુજબ છે:—

લંડનથી હીંદી વજીર, સર હરબરટ રોબરટસ અને સર વીલીયમ વેડરબરન તેમજ હીંદુસ્તાન વગેરે ઠેકાણેથી નામદાર વાઇસરાય, મુંબઇના નામદાર ગવરનર લોરડ અને લેડી વીલીંગડન, પંજાબના નામદાર લફટનંટ ગવરનર, વડોદરાના નામદાર માહારાજા, ભાવનગરના નામદાર માહારાજા, બરોડાના દીવાન, રંગુન, કરાંચી, કોલંબો, નવસારી, નીમચ, જોહાનસબરગ, રાજકોટ, કલકતા વગેરે દેશાવરોની જરથોસ્તી અંજુમન, અમદાવાદની બઝમે જશને રૂઝે બેહરામની મંડળી, જોહાનસબરગ પારસી એસોસીએશન, મધરાસ માહાજન સભા, મધરાસ પ્રાંતીક કોનગ્રેસ કમીટી, ભરૂચ મ્યુનીસીપાલીટીના પ્રેસીડંન્ટ સરદાર રા૦ બા૦ મોતીલાલ, બરહેમપુર બાર એસોસીએશનના પ્રેસીડંન્ટ મી૦ વઇકુથનાથ સેન, રંગુનની હીંદુ સોશીયલ કલબ, રંગુન કોનગ્રેસ કમીટી, રંગુનની મલબાર કલબ, મહુવા મહાજન, સહરાનપુરની પીપલસ એસોસીએશન, ભાવનગરની સામળદાસ કોલેજના વીદયારથીઓ અને સટાફ, ભાવનગરના જઇન બોરડીંગ સટુડંટસ, ભાવનગરના શેઠ રાયસીંગજી વીરજી બોરડીંગ સટુડંટસ, સીલોન ઇંડીયન એસોસીએશન, જોહાનસબરગથી ત્રાનસવાલ તામીલ બેનીફીટ સોસાયટી, ત્રાનસવાલ બ્રીટીશ સોસાયટી, વગેરે વગેરે.

## શેઠ દાદાભાઇના મરણ માટે આવેલા અસંખ્યાબંદ દીલાસાના પત્રો.

શેઠ દાદાભાઇના ગમખાર મરણથી હીંદને જે ભારે ખોટ ગઇ છે તે માટે એવણના કુટુંબીઓ ઉપર જાણીતા શેહેરીઓ વગેરેના દીલાસાના પુસકલ પત્રો આવ્યા હતા. એ ઉપરાંત એવણના માનમાં મુંબઇ તેમજ જુદા જુદા શેહેરો, ગામો ખાતેનાં જાહેર મંડલો, ખાતાઓ વગેરે તરફથી તથા દેશાવરોની જરથોસ્તી અંજુમનો તરફથી સભાઓ ભરવામાં આવી હતી અને ત્યાં પોતાની દલગીરી જાહેર કરી દીલસોજીના ઠરાવો પસાર કરી મરહુમના કુટુંબ ઉપર દીલાસાના પત્રો મોકલાવ્યા હતા, તેમાના નીચલા કેટલાક છે:—

મુંબઇના નામદાર ગવરનરની ધારાસભાની બેઠક તા૦ ૨૪ મા જુલાઇને દીવસે બપોરના ૧૨ કલાકે પુનાના કાઉનસીલ હોલમાં નામદાર ગવરનર લોરડ વીલીંગડનના પ્રમુખપણા હેઠળ મલી હતી. એ વખતે ઓ૦ મી૦ હરચંદરાય વીશીનદાસે દરખાસત મેલી કે હીંદના ગ્રાંડ-ઓલ્ડ-મેન મી૦ દાદાભાઇ નવરોજી જેવણે જીંદગી સુધી પોતાની માતરભુમી હીંદની કીંમતી સેવાઓ બજાવી હતી, તેવણના નીપજેલાં મરણ માટે આ કાઉનસીલ પોતાની દલગીરીની લાગણી જાહેર કરે છે. મી૦ હરચંદરાયે જણાવયું કે મી૦ દાદાભાઈ આ કાઉનસીલ સાથ સંબંધ ધરાવતા નહી હતા, તોપણ

તેવણ જેવા એક દેશકભકતનાં મરણ માટે આ કાઉનસીલ પોતાની દલગીરીની લાગણી દરશાવે, તો તે તદન વાજબીજ લેખાશે. મી૦ દાદાભાઈએ વરસો સુધી આ દેશની જે કીમતી અને મહાન સેવાઓ બજાવી હતી, તે કદી વીસરી શકાય તેવી નથી. તેવણે લગભગ અરધી સદી સુધી હીંદનાં ભલાં માટે લડત ચલાવી હતી અને સંખયાબંધ હીલચાલોમાં ભાગ લઇ તેવણે એક સાચા દેશભકત તરીકે પોતાને સાબેત કરી આપયા હતા. એ પછી નામદાર ગવરનરે જણાવયું કે મી૦ દાદાભાઈનાં મરણથી આ દેશે પોતાનો એક મહાન શેહેરી અને ચુનંદો રાજદવારી ગુમાવયો છે. હું તેવણના અંગત સમાંગમમાં આવયો હતો અને તેવણ સાથ હું મીત્રાચારી ધરાવતો હતો. થોડુંક ઉપર વરસોવા ખાતે મી૦ દાદાભાઇની મેં મુલાકાત લીધી હતી. તેવણ વરધ વયે પુગયા હતા, તો પણ જીંદગીની છેલ્લી ઘડી સુધી દેશનાં ભલામાં દરેક ઉલટ લેતા હતા, તેવણે કેલવણીના સંબંધમાં જે મહાન સેવાઓ બજાવી હતી, તેની પીછાણમાં મુંબઇ યુનીવરસીટી તરફથી તેવણને એલ. એલ. ડી. ની ડીગ્રી એનાયત કરવાને યુનીવરસીટી કોનવોકેશન હોલમાં જે ભવય મેળાવડો ભેગો મળયો હતો અને તેનું પ્રમુખસથાન ચેનસેલર તરીકે લેતાં મને ભારે મગરૂરી ઉપજી હતી. બ્રીટીશ પારલામેંટમાં પહેલા હીંદીવાન શહેરી તરીકે દાખલ થઈ તેવણે હીંદની સરજત ઘડનારી શહેનશાહતની કાઉનસીલમાં હીંદના લાભ માટે મોટી લડત ચલાવી હતી વગેરે વીવેચન કરવા બાદ કાઉનસીલે દરખાસ્ત ઉભા થઇ ગંભીર ચુપકીદી વચ્ચે પસાર કીધી હતી.

શેઠ દાદાભાઇના મરણથી સામાન્ય રીતે બ્રીટીશ શેહનશાહતને અને ખાસ કરીને હીંદુસ્તાનને જે ભારે ખોટ ગઇ છે તેની નોંધ લેવા તેમજ મરહુમ મહાન બુઝરગ નરની યાદગારી કાયમ રાખવા માટે શેરીફની મારફતે બોલાવવામાં આવેલી મુંબઇના શેહેરીઓની એક જાહેર સભા ટાઉન હોલમાં તા૦ ૨૪ મી આગસ્ટને દીવસે સાંજે સાડા પાંચ વાગતે નામદાર ગવરનર લોરડ વીલીંગડનના પ્રમુખપણા હેઠળ મલી હતી. નામદાર ગવરનરે ભાષણ કરતાં જણાવ્યું કે આજે એક મહાન શેહેરી અને એક મહાન રાજદવારી નરના મરણ માટે દલગીરી જાહેર કરી તેવણની યાદગારી રાખવા ભેગા મલ્યા છૈએ. એવણના ઉતમ ગુણો, સમજદારી, દુરઅંદેશી અને બાહોશી ઘણી ઉતમ પ્રકારની હતી અને ખંત તથા મેહેનતથી એવું કામ બજાવતા હતા કે જેથી એવણ આખાં હીંદના માનીતા થઈ પડયા હતા. એવણ નીતીનું, સંસારનું અને રાજદવારી જીંદગીનું શીક્ષણ શાખવી ગયા છે. નામદાર ગવરનરે પ્રસંગને અનુસરતું વીવેચન કરયા પછી ઓ૦ સર દીનશાહ એદલજી વાચ્છાએ શેઠ દાદાભાઇના મરણથી ગયલી ખોટ માટે દલગીરીની નોંધ લેવાનો અને મરહુમના કુટંબ ઉપર દીલાસાપત્ર મોકલવાનો ઠરાવ રજુ કીધો હતો, તેને સર નારાયણ ચંદાવરકર અને ઓ૦ સર ફાઝલભાઈ કરીમભાઇના ટેકાથી પસાર કરવા બાદ ઓ૦ શેઠ મનમોહનદાસ રામજીની દરખાસ્તથી અને શેઠ જાહાંગીર જ. વીમાદલાલના ટેકાથી મરહુમની યાદગારી કાયમ રાખવા મેમોરીયલ ઉભું કરવાનો ઠરાવ થયો હતો. સભામાં લગભગ પચીસ હજાર રૂપ્યા ભરાયલા જાહેર થયા હતા. એ પછી સભા બરખાસ્ત થઈ હતી.

શેઠ દાદાભાઇના મરણ માટે દલગીરી જાહેર કરવા તથા તેવણના મરણથી ગયલી ખોટ માટેની નોંધ લેવાને મુંબઇની સરવે કોમની બાનુઓની એક જાહેર સભા તા૦ ૨૦ મી આગસ્ટે સાંજે સ. ટા. પાંચ વાગે એમપાયર ઠીએટર મધ્યે નામદાર લેડી વીલીંગડનના પ્રમુખપણા હેઠળ મલી હતી. નામદાર લેડી વીલીંગડને ભાષણ કરતાં હીંદુસ્તાનના એક માનવંત શેહેરી તરીકે શેઠ દાદાભાઇના મરણથી ગયલી ખોટ માટે દલગીરી જાહેર કરી પોતાના દેશ માટેની ભારે ચાલુ ખંત તેમજ સ્ત્રી કેળવણી માટે દેખાડેલી કાળજી વગેરેની સ્તુતી કરવા બાદ લેડી આઇમાય ‌ધી. મેહતાની દરખાસ્તથી એવણના મરણ માટે દલગીરીનો ઠરાવ પસાર કરી મરહુમના કુટંબ ઉપર મોકલી આપવાનો ઠરાવ થયો હતો.

શેઠ દાદાભાઇના મરણ માટે દલગીરી જાહેર કરવા મધરાસના શહેરીઓની શેરીફે બોલાવેલી જાહેર સભા તા૦ ૨૭ મી આગસ્ટને દીને સાંજના સર સુબ્રામનીયા આયરનાં પ્રમુખપણા હેઠળ મળી હતી, જેમાં શહેરીઓની એક મોટી સંખયાએ હાજરી આપી હતી. શેઠ દાદાભાઇનાં મરણથી દેશને ગયેલી ખોટ માટે દલગીરીની લાગણી જાહેર કરનારો ઠરાવ મી૦ વી. પી. માધવરાવે રજુ કરયો હતો તેમજ મી૦ દેવધરે મહાન દાદાભાઇની ઘટતી યાદગારી જાળવવાને મધરાસ શહેરમાં તેવણનું એક બાવલું ઉભું કરવાની સીફારસ કરનારો બીજો ઠરાવ રજુ કરયો હતો, એ બંને ઠરાવો સભાએ પસાર કરયા પછી નાણાં એકઠાં કરવા માટે કમીટી નેમવાનો ઠરાવ પસાર થયો હતો.

મુંબઇના જાહેર મંડળો જેવા કે ફરસટ એડ એંડ નરસીંગ બ્રધર હુડના અને સેંટ જોન એમબયુલંસ બ્રીગેડના કોસમોપોલીટન વીભાગના હાકીમો તથા સભાસદો, પારસી એમબયુલંસ ડીવીઝનનાં સભાસદો, નેટીવ શેર એંડ સ્ટોક બ્રોકરસ એસોસીએશન, હીંદુ સ્ટુડંટસ ડીબેટીંગ સોસાયટી, ગ્રેન મરચંટસ એસોસીએશન, ગુજરાતી હીંદુ સ્ત્રી મંડળ, જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળી, અથોરનાન મંડળ, પારસી લેખક મંડળ, જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળી, જરથોસ્તી બાઇબંધ મંડળી, રાહનુમાએ માજદયસનાન સભા, બોમ્બે પ્રેસીડનસી એસોસીએશન, સ્ટુડંટસ બ્રધરહુડ, કપોળ સટુડંટસ યુનીયન, ગાયન ઉત્તેજન મંડળી, ડા૦ માસીનાની હાસપીટલ, મુંબઇ યુનીવરસીટીની સેનેટની સભા, બોમબે એડયુકેશનલ કોનફરંસની બીજા દીવસની બેઠક તા૦ ૨૭ જુલાઇએ મુંબઇની યુનીવરસીટીના કોનવોકેશન હોલમાં સર નારાયણ ચંદાવરકરના પ્રમુખપણા હેઠલ મલેલી સભા, મુંબઇની એલફીનસટન કોલેજના હાલના તેમજ આગલા સટાફ અને વીધ્યારથીઓ, મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશન તથા સટેનડીંગ કમીટી, વગેરે મંડળો તરફથી દીલાસાના પત્રો મોકલાવ્યા હતા.

જુદા જુદા દેશાવરો ખાતેની જરથોસ્તી અંજુમનો, જાહેર મંડલો, જેવા કે ભરૂચ, નવસારી, સીમલા, નારગોલ, લાહોર, સુરત, થાણા, એડન, નાટાલ, ઉડવાડા અને વલસાડ વગેરેની જરથોસ્તી અંજુમનો, યુરોપની પારસી એસોસીએશન, કલકતાની બ્રીટીશ ઇંડયા એસોસીએશન, રાંદેર ટાઉન મ્યુનીસીપાલીટી, ભરૂચ સીટી મ્યુનીસીપાલીટી, અને સુરત મ્યુનીસીપાલીટી, નાઇરોબી અને ડરબનના હીંદી રહેવાસીઓ, ડરબનની બોંબે પ્રેસીડંસી એસોસીએશન, પોરટ એલીઝાબેથ બ્રીટીશ ઇંડીયન કાઉનસીલ, એ ઉપરાંત, લંડન, એડીનબરગ, સુરત, નવસારી, ગણદેવી, ઉમરેઠ, રંગુન, લાહોર, બેંગલોર, માઇસોર, લખનો, ભાવનગર, નાગપુર, દીહલી, બાલાઘાત, ચાલીસગામ, વડોદરા ધુલ્યા, બારડોલી, ડરબન, મહુવા, કરાંચી, પુણા, નાદોદ વગેરે દેશાવરો ખાતેના સઘલા શેહેરીઓની મલેલી જાહેર સભાઓ તરફથી દીલાસાના પત્રો આવ્યા હતા.

શેઠ દાદાભાઇના મરણ માટે એવણની તારીફમાં લંડનના વરતમાન પત્રોએ મરહુમ શેઠની વરસો સુધીની સેવાઓની સ્તુતી કરનારા હેવાલો પ્રગટ કીધા હતા, તેમજ હીંદ ખાતેના નીચલા કેટલાક જાણીતા પત્રોએ પોતાના ઉંચા અભીપ્રાયો આપ્યા હતા:—પાયોનીયર, લીડર, અમરીતા બઝાર પત્રીકા, ઈંગલીશમેન, મધરાસ મેલ, મધરાસ ટાઇમસ, ધી હીંદુ, ન્યુ ઇંડયા, ધી જસતીશ, ઇંડીયન પેટ્રીઅટ, ટ્રાઇબયુન, પંજાબી, શીવીલ એંડ મીલીટરી ગેઝેટ, બંગાલી વગેરે વગેરે.

# મુંબઈના નામદાર ગવરનર સાહેબ



## તથા નામદાર માહારાજા ગાયકવાડની ખાસ નેમણુંક હેઠલ

# ફીરોઝ એમ. દસ્તુરની કુંપની.

ગવર્નમેન્ટ ટેલીગ્રાફ ઓફીસ સામે નાં. ૭.

હોરનબી રોડ, કોટ–મુંબઇ.

હમારા મેહેરબાન અને માનવંત આશ્રયદાતાઓને જણાવવામાં આવેછે કે હમારે ત્યાં બોહુલો વધારો ઘરાકોનો થવાથી અને આંખ તપાસાવા માટે તેમને ખોટી થવું પડવાથી હમોએ બીજા આંખના ડાકટર એસ. કે. કોટવાલ L. M. & S. જેવણે લાંબો વખત મુંબઇના જાણીતા આંખના ડાકટર બી. પી. બનાજી F. R. C. S. ના હાથ હેઠલ એસીસ્ટન્ટ તરીકે કામ કરેલું છે તેવણને આખા દીવસ માટે હમોએ ખાસ રોકેલા છે કે જેથી આંખ તપાસાવામાં લોકોને ઘણું ખોટી થવું પડશે નહી.

હમારી ઈંગ્લીશ ડીગ્રી ધરાવનારા અને વિલાયતની તથા વીયેનાની આંખની હોસ્પીટલમાં કામ કરી આવેલા ડાકટર પણ હમેશ મુજબ બપોર પછી હાજર રહેશે તે સાથે હમારા મી. ફીરોઝની હાજરી પણ હમેશ મુજબ ચાલુજ રહેશે.

**હમો પોતે** અમારા **વીજળીથી** ચાલતા **યંતરોમાં** છેલ્લામાં છેલ્લી શોધના **“ક્રીપટોક”** બાઈફોકલ (દુર તથા નજીક જોવા માટે સાંધા વગરના) લેન્સીસ તેમજ **ઉંચી કવોલીટીના** આંખને ઠંડક આપનારા **પેબલ** તથા સફેદ તથા રંગીન **ક્રાઉન ગ્લાસની સીલીન્ડ્રીકલ** તથા **પ્રીઝમેટીક કંમ્પાઉન્ડ સીલીન્ડ્રીકલ** વગેરે દરેક જાતના લેન્સીસ બનાવી આપીએ છીએ. ઉતમ માલ છતાં ભાવ કીફાયત.

આંખની સંભાળને લગતી કીંમતી નુસખાઓ સાથની ચોપડી મુફત મળશે.

BY APPOINTMENT TO

# H. E. Lord Willingdon G. C. S. I.,

## GOVERNOR OF BOMBAY.

## BOMBAY FINE ART GALLERY,

AND

## INDIAN ART EMPORIUM.

## HIGH CLASS PICTURE FRAMING

**Suitable for Palaces and Mansions.**

**Painting and Decorating Palaces, Mansions. Churches and Clubs executed by contracts.**

Exhibition of Pictures by Great Master of English & Foreign Galleries

Photos enlarged from Cart-de-Visite to life size in black & white on canvas & on glass by **European artists at very Moderate rates.**

**A grand display of beautiful Oil paintings & Water colors recently arrived from Exposition de Tableaux Artistes Françáis Paris.**

---

## ANTIQUITIES

**Suitable for Public and private Museums**

*Rare collections of very old Hindi, Chinese & persian Pictures, Manuscripts etc. etc.*

*Also old china of different Chinese Dynasties.*

## Bombay Fine Art Gallery

*69, Esplanade Road, Bombay*

સાહવાર સાંજનું એક દીલખુશ પીણું

# મારશલસ મોખા કૉફી

રૂપીઆ એકમાં
પુરો
૧ રતલ
વજનની ગેરંટી સાથે

દરરોજ
તાજી તાજી
ભુંજવામાં તથા
દલવામાં આવે છે
તદન ભેલસેલ વગરની.

વાપરવાની સમજણ દરેક ટીન ઉપર
આપવામાં આવી છે.

નાતવાનો અને સાજા આદમીઓને એક સરખી ઉપયોગી ને ગુણકારી છે.

દરેક ફેમીલીઓમાં અને હોસપીટાલોમાં છુટથી વપરાય છે.

દરેક વેપારીને ત્યાંથી મળશે.

## ફેરેદુન અને બરજોર,

મલબારીજ સુખડ, કસ્તી, તથા જરમનું સીલવર ને ચાંદીના વાસણોના વેપારી

તે

મારશલસ મોખા કોફીના એકલા એજંટ [illegible]

આતશબેહેરામની સામે, ધોબીતલાવ—મુંબઈ.

# માહા ૧ લો ફરવરદીન શેહેનશાહી સને ૧૨૮૭ યજદેજરદી.

| પારસીઓના તીસે રોજ–તેના નામ સાથે. | વાર. | ઇંગ્રેજી તારીખ | હીંદુ તીથી | કદમી જરથોસ્તીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહ ૨ જો અરદીબેશત સને ૧૨૮૭ યજદેજરદી. ઇ૦ તા૦ ૧૧ મી સપટેમબરથી તા૦ ૧૦ મી અકટોબર ૧૯૧૭ સુધી. હીંદુઓના સંવત ૧૯૭૩ ના અધીક ભાદરવા વદ ૧૦ ને વાર મંગલથી તે દ્વીતીય ભાદરવા વદ ૧૦ ને વાર બુધ સુધી. |
|---|---|---|---|---|
| ૧–અહુરમજદ. | ભોમ. | ૧૧ | ૧૦ | શેહેનશાહી "નોરોજ" (પતેતી) જરથોસ્તીઓનું યજદેજરદી } |
| ૨–બેહમન ... | બુધ. | ૧૨ | ૧૧ | [સને ૧૨૮૭ નું નવું વરસ. માહા ૨ જો કદમી } |
| ૩–અરદીબેશત. | ગુરૂ.. | ૧૩ | ૧૨ | હમકારો, શે૦ રપીથવન ઇજવાનો દીવસ–કદમી અરદીબેસ્ત } |
| ૪–શેહરેવર.... | સુકર. | ૧૪ | ૧૩ | [અમસાસફંદનું જશન. } |
| ૫–સફંદારમદ. | શની. | ૧૫ | ૧૪ | શેઠ નવરોજી ફરદુનજી શી. આઈ. ઈ. ગુજર્યા ૧૨૫૫. |
| ૬–ખુરદાદ..... | રવી.. | ૧૬ | ૩૦ | શેનશાહીઓનો ખોરદાદસાલ (ખાશ લોકોનો નોરોજ,) પેગંબર ] |
| ૭–અમરદાદ... | સોમ. | ૧૭ | ૧ | ચાંદરાત—**ભાદરવો માસ** શેહન- } [જરથોસ્તનો જન્મ દીવસ. } |
| ૮–દેપાદર..... | ભોમ | ૧૮ | ૨ | [શાહી અમરદાદસાલ (વરાવો) } |
| ૯–આદર...... | બુધ. | ૧૯ | ૩ | હમકારો. |
| ૧૦–આવાં...... | ગુરૂ.. | ૨૦ | ૪ | ગણેશ ચતુરથી. |
| ૧૧–ખુરશીદ ... | સુકર | ૨૧ | ૫ | કદમીઓનાં 'મેદીઓજરેમ' ધંમબાર. [ય૦ ૧૨૬૮. } |
| ૧૨–મોહર...... | શની. | ૨૨ | ૬ | દસ્તુર ડાકટર જામાસ્પજી મીનોચેરજી જામાસ્પ આશાના ગુજરયા } |
| ૧૩–તીર ... ... | રવી. | ૨૩ | ૭ | ૧૮૭૫ માં અમદાવાદમાં મોટી રેલ આવી. ઈસ્ટ ઈંડીયા કંપની ] |
| ૧૪–ગોસ... ... | સોમ. | ૨૪ | ૮ | [સ્થાપી, ૧૬૦૦. } |
| ૧૫–દેપમેહર.... | ભોમ. | ૨૫ | ૯ | |
| ૧૬–મેહર ...... | બુધ. | ૨૬ | ૧૦ | |
| ૧૭–શરોશ... ... | ગુરૂ.. | ૨૭ | ૧૧ | હમકારો. બકરી ઇદ. |
| ૧૮–રશને...... | શુકર. | ૨૮ | ૧૨ | |
| ૧૯–ફરવરદીન... | શની. | ૨૯ | ૧૩ | શેહેનશાહી ફરવરદીઆંનનું જશન. પુણામાં શેઠ હો૦ શો૦ ] |
| | | | | { તાડીવાલાની ધરમશાલાને વરશ ૪૯ મું. મુંબઇમાંનાં |
| | | | | મોદી હીરજી વાંછાગાંધીનાં દુખમાંને ૨૪૯ મું, માં૦ ન૦ |
| | | | | શેઠનાવાલાં દખમાને ૧૬૩ મું, ગંદેવીમાંનાં અન૦ દખમાંને |
| | | | | ૧૯૪ મું. નવશારીની મલેશેરની અનજુમનની દરેમેહરને |
| | | | | ૧૧૧ મું. મુંબઇની શેઠ જ૦ દા૦ શોડાવાટરવાલાની અસલ |
| | | | | દાદગાંની દરેમેહરમાં આદરીઆંન પરઠેઆં ય૦ સને ૧૨૫૪. ] |
| ૨૦–બેહરાંમ.... | રવી.. | ૩૦ | ૧૫ | હમકારો. એડનવાલી શેઠ કા૦ દીં૦ની દરેમેહરને વરસ ૭૫. } |
(૬) આ દરેમેહેરનું મકાન પુરાણું થવાથી રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૬૪ ને દીને શેઠ પેસતનજી મેરવાંનજી ગોદીવાલાએ પોતાની મરહુમ બેટી પીરોજબાઈનાં પુણ માટે નવેશરથી બાંધી આપીઉં છે.

(૭) આ દરેમેહેર આગળ યઝદેજરદી સને ૧૧૮૨ માં એરવદ દોરાબજી હોરમજી રાંનજીએ બંધાવી હતી.

(૮) એ દરેમેહેરની પાસે આવેલી મરહુમ શેઠ રૂશતમજી સોરાબજી ભરૂચા તથા ઈંડાવાલાની જુની દરેમેહેરનું મકાન તેના વારશોએ એ વાહાડયાજીવાલી દરેમેહેરની સાથે જોડી નાખીને વાપરવા માટે ધરમ ખાતે આપી દીધાથી એ પુરાણું મકાન મરહુમ ઓનરેબલ શેઠ નવરોજી નશરવાનજી વાહાડયા સી. આઈ. ઈ. એ નવેસરથી બંધાવીને રોજ ૮ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૬૮ ને દીને ઈજાવ્યું હતું.

(૯) આ વાહાડયાજીવાલા આતશ આદરાનનાં કેબલાને પેહલવેહલા લાલબાગના મકાનમાં રોજ ૨૦ મો માહા ૧૧ મો ૧૨૦૩ ને દીને પરઠેલા હતા, તે પછી આ આદરાનના કેબલાને શેઠ વાહાડયાજીના આતશબેહેરામમાં થોડો વખત લઈ જઈ રાખયા હતા. એ પછી લાલબાગની પાસે આવેલી પોતાની જગામાં શેઠ મનચેરજી જમશેદજી વાહાડયાએ નવું મકાન બાંધવા માંડેલું તેટલા એવણ મરણ પામવાથી એવોના બેટાઓ શેઠો નશરવાનજી અનો બરજોરજી મ. વાહાડયાએ રોજ ૨૦ મો માહા ૧૧ મો ય. સને ૧૨૩૨ ને દીને આ નવા બંધાયલા મકાનમાં જુના આતશ આદરાનના કેબલાને પરથાવી તખતનશીન કીધા હતા.

(૧૦) એ મકાન એકસો વરસનું પુરાણુ થવાથી, યઝદેજરદી સને ૧૨૬૬ ના રોજ ૧૭ મો માહા ૨ જો શેનશાહી (જે દીને એ અસલ આદરીયાન પરઠીયાને બરોબર ૧૦૧ મું વરસ ઉગયું હતું તે) ને દીને એ મકાનનાં વારસોએ તે ફરીથી નવું બંધાવીને તેમાં આતશ આદરીયાન પરઠયા હતા. એ મકાન બંધાતાં સુધી તેમાનો કેબલો શેઠ હોરમજી વાહાડયાજીવાળાં આતશબેહેરામમાં એક વરસ વેર લઈ જઈ રાખયો હતો.

(૧૧) આ દરેહમેહર પેહલા મુંબઇના ભીંડીબજારના રસ્તા ઉપર શેઠ બમનજી મે. મેવાવાળાએ પોતાના મરહુમ બેટા સોરાબજીના પુણ માટે રોજ ૧૭ મો માહા ૪ થો ય. સને ૧૨૨૦ ને દીને પરથાવી હતી. પણ એ દરેહમેહર બીસમાર હાલતમાં આવવાથી અને એ મકાનની આજુબાજુથી જરથોસ્તીઓની વસ્તી કમી થવાથી એ દરેહમેહરનું મકાન તથા એના નીભાવવાલું મકાન કોરટની પરવાનગીથી વેચી, તેના અવેજમાંથી ભાયખલા વીકટોરીયા ગારડનસ પાસે બાંધવામાં આવેલા નવા મકાનમાં જુના આતશ આદરાનને શેહેનશાહી રોજ ૧૭ મો માહા ૪ થો ય. સને ૧૨૮૪ ને દીને પાછા તખતનશીન કરી એ દરેહમેહર જાહેર વપડાસ માટે ખુલ્લી મુકવામાં આવી હતી.

(૧૨) આ ભીંડીબજાર મધેની મરહુમ શેઠ મેરવાંનજી માણેકજી પટેલની દરેમેહરનું મકાન પુરાણું થઈ જવાથી યઝદેજરદી સને ૧૨૪૭ માં રોજ ૧૭ મો માહા ૯ મો શેનશાહીને દીને શેઠ નશરવાંનજી માણેકજી પીટીટે પોતાના ધણીઆણી બાઇ દીનબાઈ તે આ દરેમેહરના અસલ બંધાવનાર મરહુમ શેઠ મેરવાંનજી પટેલના બેટીના બેટીને નામે રૂ ૨૫૦૦૦) ખરચીને નવા પાયાથી વધુ કુશાદે બાંધી આપીયું હતું અને રૂ ૩૦૦૦) એ મકાનની મરાંમતને સારૂ અમાનત રાખયા છે.

(૧૩) મરહુમ શેઠ શેહેરીઆરજી કેખશરૂ ઈરાનીએ પોતાના મરહુમ બેતી બાઈ બાનુબાઈના પુણ માટે થાણા ખાતે કદમી રોજ ૬ ઠો માહા ૯ મો સને ૧૨૭૫ ને દીને આતશ દાદગાંહ પરઠાવ્યા હતા. થાણા ખાતે કદમી જરથોસ્તીઓની ઝાઝી વસ્તી નહી હોવાથી એ આતશ દાદગાંહને મજગામની મરહુમ શેઠ ફ૦ ન૦ પટેલની દરેમેહેરમાં લાવી પરઠાવવા એવું શુકરગુજારીનું જશન રોજ ૨૬ મો માહા ૯ મો કદમી ય. સને ૧૨૮૧ ને દીને કરવામાં આવ્યું હતું.

(૧૪) આ દરેહમેહર મજગામમા નવાબના તલાવ આગળ મરહુમ શેઠ નાનાભાઈ જમશેદજી સપલાની નઈયતે તા૦ ૪ થી મે ૧૮૬૭ યાને યઝદેજરદી સને ૧૨૩૬ ના રોજ ૧૪ મો માહા ૮ માંને દીને મરહુમ શેઠ નાનાભાઈની બેહેન મરહુમ બાઈ રતનબાઈ તે સર કાવશજી જાહાંગીરજી રેડીમનીનાં ધણીઆણીની પુંજીમાંથી બાંધવામાં આવી હતી. પાછલથી એનો સરવે વહીવત ઈ૦ સ૦ ૧૮૭૭ માં સર કાવસજી જાંહાગીરજી રેડીમની નાઈટ, સી. એસ. આઈ. એ પોતાને સવાધીન લઇ તેના નીભાવ માટે બંદોબસત કરનાર હતા, તેટલા મરણ પામવાથી એ દરેહમેહરના જાયુક ખરચ માટે સર કાવસજીના એકઝીકયુટરોએ મરહુમની પુંજીમાંથી રૂ. ૨૩૦૦૦ નું તા૦ ૯ મી અકતોબર ૧૮૮૦ ને દીને તરસટડીડ કરી તે મરહુમના બેટા સર જાહાંગીર કાવસજી જાહાંગીરને તરસટી તરીકે સોપ્યું હતું. આ દરેહમેહરનું મકાન મુંબઇના પોરટ ટ્રસટે સરવાજનીક કામ સારૂ સને ૧૨૭૫ માં ખરીદી લીધુ તેમજ એ લતાના બીજા મકાનોબી લઈ લેવાથી

ત્યાંથી થોડે દુર મજગામમાજ મતારપાંખડી તરફ શેઠ પેસતનજી નશરવાનજી ગોદીવાળાએ ભેટ આપેલી જગાપર સર જાહાંગીર કાવશજી જાહાંગીર રેડીમની બારોનેટે બંધાવી આપેલાં નવાં મકાનમાં બેહસતનશીન સર કાવશજી જાહાંગીરનો ૩૦ મા વરસની બાજને દીવસે યાને રોજ ૩ જો માહા ૧૧ મો સને ૧૨૭૭ યઝદેજરદીને દીને જુના આદરીઆન સાહેબના નુરી કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા. આ નવું મકાન બંધાયું તેટલા બે વરસ સુધી રેડીમનીવાલા આતશઆદરીઆનના કેબલાને મજગામની શેઠ ફરામજી ન૦ પટેલની દરેહમેહરમાં રાખવામાં આવ્યા હતા.

(૧૫) આ સોડાવાટરવાળાની દરેમેહેરની સાલગરેહ એક વરસમાં બે વાર પડે છે. તેનો ખુલાસો એમ છે કે પ્રથમમાં એ દરેહમેહેર અરદીબેહેસત મહીનો ને જમીયાદ રોજે દાદગાહના કેબલા સાથે યઝદેજરદી સને ૧૨૪૪ માં સ્થાપેલી હતી. તે પછી યઝદેજરદી સને ૧૨૫૪ નાં ફરવરદીન મહીનો ને ફરવરદીન રોજે એ દરેહમેહેરમાં દાદગાહના કેબલા સાથે આતશ આદરાન સાહેબને સથાપવામાં આવયા હતા.

(૧૬) આ માહીમની દાદગાહની દરેમેહર શેઠ મનચેરજી બમનજી કુપરે રોજ શેહરેવર માહ અરદીબેહસ્ત, અંગરેજી સાલ ૧૮૬૬ ઈસ્વીને દીને બાઈ સાહેબ મોટલાંબાઈનાં ભાડેના બંગલામાં સ્થાપી હતી. એ પછી સુમારે ત્રણ વરસ બાદ શેઠ એદલજી રૂશતમજી સુનાવાલાએ દરેમેહરને પોતાનાં બંગલામાં લઈ જઈ તેનો બધો ખરચ પોતે કરતા હતા. તે પછી ઇસવી સને ૧૮૮૮ માં રોજ ૧૧ મો માહા ૪ થાને દીવસથી ઉપલી દરેમેહરનાં પંથકી એરવદ શાપુરજી જમશેદજી દાજી જેઓ ૧૮૬૬ થી એ દરેમેહરનાં પંથકી હતા તેઓએ પોતે નવું મકાન બંધાવી તેમાં ઉપલા દાદગાહને લઇ જઈને રાખેલા છે અને એવોએ ૧૮૮૬ થી એ દરેમેહરનો ચાલુ ખરચ પોતાના મરણ સુધી કીધો હતો. એવો રોજ ૨૧ મો માહા ૪ થો સને ૧૨૮૦ ને દીને ગુજરી જવાથી અને એવણે પોતાની હઈયાતીમાં એ અગીઆરીના ચાલુ નીભાવ તથા ખરચ માટે દાદરના સ્ટેશન આગળની ઇસ્ટેટ લગભગ મહીને રૂપ્યા બસેંનું ભાડું ઉપજાવેચ તે ટ્રસ્ટ કરી આપી ગયા છે.

(૧૭) એ દરેમેહર પેહેલી યઝદેજરદી સને ૧૧૯૧ માં મોઠ આગળ માઉંટ રોડ ઉપર બાંધેલી હતી પણ ત્યાંથી ખશેડી દાદર ઉપર રોજ ૧૭ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૭૦ ને દીને એના મુતવલીઓએ ફરીથી નવેસરથી મોટો ખરચ કરીને બંધાવી છે.

(૧૮) આ અંકલેશ્વરની અગીઆરીનું અસલ મકાન યઝદેજરદી સને ૯૧૯ માં શેઠ નરશંગ ધમપાલે બંધાવયું હતું. જે પછી યઝદેજરદી સને ૧૨૧૭ માં શેઠ મેહેરવાનજી હોરમજી ફરેજરે તે ફરીથી બંધાવી આપયું હતું. તે પાછુ બીસમાર થવાથી તે તોડી પડાવી બીજું નવું મકાન, મરહુમ બાઈ સાહેબ દીનબાઈ નશરવાનજી પીટીટે પોતાની હઇયાતીમાં પોતાના બેહેસતનશીન જમાઈ શેઠ ફરામજી દીનશાજી પીટીટના પુણ માટે બંધાવાનું શરૂ કીધું હતું પણ તેટલાં બાઇ દીનબાઈનું મરણ નીપજવાથી તેવણના બેટી બાઈ આવાંબાઈ ફરામજી પીટીટે પુરૂં કરી આપીને રોજ ૨૭ મો માહ ૨ જો યઝદેજરદી સને ૧૨૬૯ માં જાહેર વપડાશ માટે ખુલ્લું મેલયું છે. આ દરેહમેહરની ચાલુ નીભાવણી માટે વારશીક રૂ૨૦૦ બાઈ આવાંબાઈ પીટીટ આપતા હતા. પણ બાઈ આવાંબાઇના મરણ પછે તે માટેની કશી જોગવાઇ અંકલેશ્વર અંજુમન ધરાવતી નહી હોવાથી એ આદરાનના ખરચ માટે સને ૧૨૭૯ થી ભરૂચના શેઠો ડુંગાજી કુંટુબીઓ તરફથી રૂ૧૨૫ અને શેઠો મેરવાનજી અને હોરમસજી મંચેરજી કામાએ સથાપેલા ફંડમાંથી રૂ૭૫ દર સાલ આપવાનો બંદોબસત થયો છે.

(૧૯) એ દરેમેહર સને ૧૨૪૬ થી અમદાવાદની અનજુમનને હસતકથી ચાલતી હતી. પણ તે પુરાંણી થઇ ગયાથી અમદાવાદવાળા શેઠો નવરોજી અને જાંગીરજી પેશતનજી વકીલે નવેશરથી રૂ ૨૦૯૭૫) ને ખરચે કુશાદે બાંધીને રોજ ૨૭ મો માહા ૭ મો શેહનશાહી સને ૧૨૫૩ ને દીને ફરીથી ઈજાવી હતી.

(૨૦) આ અમરોલીની દરેહમેહેર પહેલવહેલી ઘણા વરસો અગાઉ મોબેદ દાદા હીરજી વરીઆવાએ દાદગાહની સ્થાપેલી હતી. તે પછી એજ દાદગાહવાલાં ઘરમાં ઈસ્વી સને ૧૮૦૩ ની તા૦ ૨૪ મી નવેમબરે યાને યઝદેજરદી ૧૧૯૩ના રોજ ૧૭ મો માહ ૨ જાને દીને મુંબઈવાલા શેઠ હોરમસજી બમનજી વાડીઆએ આદરીયાનની પરથાવી હતી, એ પછી એ આદરીયાન સુરતના આતશબેહેરામમાં લઈ જવામાં આવયા હતા. ત્યારબાદ ઈ. શ. ૧૮૩૪ યાને યઝદેજરદી ૧૨૦૪ માં એ જુના મકાનની પેહેલીવાર મરામત કરી ફરીથી દાદગાહ એજ વાહાડયાજીએ સ્થાપ્યા હતા. એ મકાન પુરાણું થવાયો શેઠ વાહાડીઆજીના સાહેબજાદાઓએ તા૦ ૩૦ મી અકટોબર ૧૮૩૭ યાને રોજ ૧ લો માહ ૨ જો ય. સને ૧૨૦૭ ને દીને બીજીવારની મરામત કરાવી અસલના દાદગાહ પરથાવ્યા હતા. તે છેક ઈ. સ. ૧૮૯૩ યાને ય. સને ૧૨૬૩ સુધી દરેહમેહેર તરીકે ચાલુ વપરાસમાં હતી. એ જુની દરેહમેહેરના મકાન સામે બીજી જગા ઉપર અમરોલીવાલા શેઠ કાનજીભાઈ દોરાબજી મીઠાઇવાલાએ દરેહમેહેર માટે એક નવું મકાન બંધાવી તે ઈજાવી તેમા રોજ ૯ મો માહ ૪ થો ય. સને ૧૨૬૩ માં આદરયાન પરથાવી ખુલ્લું મુકયું હતું. એ દીનથી જુની દરેમેહરના દાદગાહ આ નવી દરેહમેહેરમાં લાવવામાં આવ્યા હતા. એ વખતથી એ જુની દરેહમેહેરનું મકાન પડત પડી રહયું હતું તે પછી શેઠ નવરોજી કાવસજી વાડીવાલાએ એ જુની દરેહમેહેરના મકાનને સમરાવી આપવાથી એ જુની દરેહમેહેરનું મકાન રોજ ૨૧ મો માહ ૧૧ મો સને ૧૨૮૦ ને દીને પારસીઓના ઉતારા માટે ધરમશાળા તરીકે ખુલ્લું મુકવામાં આવ્યું છે.

(૨૧) આ ઇનડોરની શેઠ ભમગરાવાલી દરેહમેહેરનું મકાન પેહેલા ફકત ધરમકીયા કરવા સારૂ શેઠ હોરમજી માણેકજી ભમગરાએ પોતાના ધણીઆણી મરહુમ બાઇ નવાજબાઇના પુણ માટે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૪૮ ને દીને બાંધી આપી ખુલ્લું મેલ્યું હતું. પાછલથી શેઠ હોરમજીએ પોતાના બાવા મરહુમ શેઠ માકાશાહ રુસતમજી ભમગરાની નઈયતે એ મકાનમાં સને ૧૨૫૧ ના રોજ ૨૬ મો માહા ૯ માને દીને આતશદાદગાહને પરઠીને તખતનશીન કરવામાં આવ્યા હતા. એ દરેહમેહેર જ્યારથી બાંધવામાં આવી છે ત્યારથી એનો ચાલુ ખરચ ઇનડોરની જરથોસતી અનજુમન તરફથી કરવામાં આવે છે.

(૨૨) એ દરેમેહર પેહલાં સને ૧૦૯૧ માં આ૦ કાવશજી ખરશેદજી કામદીન એરાવવાળાએ બંધાવેલી હતી તે બીજી વાર સને ૧૨૧૦માં સુરતવાલા શેઠ મેરવાંનજી હોરમજી ફરેજરે બંધાવેલી હતી, તે પાછી ત્રીજીવાર મુંબઈવાલા શેઠ જમશેદજી બરજોરજી મીસતરીએ રોજ ૭ મે માહા ૪ થે શેહેનશાહી સને ૧૨૩૯ યઝદેજરદીને દીને ફરીથી ફુશાદેથી બંધાવી છે.

(૨૩) આ દરેમેહર પુરાંણી થવાથી મરહુમ દસતુરજી નોશરવાંનજી જા૦ જામાસપઆસાનાના પુતવલી દસ્તુર બેહેમનજી જામાસપજી જામાસપઆસાનાએ રોજ ૨૪ મો માહા ૨ જે સને ૧૨૬૧ ને દીને નવેસરથી બાંધી છે.

(૨૪) એ દરેહમેહર ખા. બા. પેસ્તનજી સોરાબજી ભુજવાલાએ પોતાના મરહુમ પીતાજીના પુણ્ય માટે લગભગ અગીયાર હજાર રૂપીયા ખરચીને બંધાવી આપી હતી. એ દરેહમેહર ઈજાયા આગમચ ત્યાંના માહારાજા રાવ શ્રી ખેંગારજી શવઈ બાહાદુરને દેખાડવામાં આવી હતી. તે પછી પારસી રીત મુજબ ઈજીને પરઠવામાં આવનાર હતી—તેટલામાં એ દરેહમેહરના બંધાવનાર ખા. બા. પેસતનજી ગુજરી જવાથી મરહુમના માસીસાને દીને પહેલાં પરઠવા ધારયું હતું તેથી એ અગીયારીની તખતી ઉપર રોજ ૨૩ મો માહા ૧૦ મો યઝદેજરદી સને ૧૨૭૩ લખેલા છે. પણ કાંઇક ઢીલ થવાથી એ દીને દરેહમેહર પરથવામાં નહી આવી હતી તે પાછલથી મરહુમની વરસીને દીને યાને રોજ ૨૩ મો માહા ૯ મો સને ૧૨૭૪ ને દીને પરથીને ખુલ્લી મેલવામાં આવી હતી.

(૨૫) આ દરેહમેહર અસલ મરહુમ શેઠ ડોશાભાઈ મેરવાનજી વાહાડયાની યાદગારી માટે એવાના ખેશીઓએ બાંધી હતી. તેમાં એક નવો ગુમબજ બાંધવા તથા તેમાં સુધારો વધારો કરવા અને મોબેદોના રહેવાના મકાનમાં રીપેર કરવા માટે યઝદેજરદી સને ૧૨૭૩ માં નજદીક રૂ૬૦૦૦નું એક ફંડ ભેગુ કરી તેમાંથી એ દરેહમેહરનો સઘળો રીપેર ખરચ કરવામાં આવયો હતો. મજકુર દરેહમેહરમાં જ્યાં અસલ આતશ દાદગાહ હતા ત્યાં કરાંચીવાલા શેઠ કાવશજી હોરમસજી કાતરકે પોતાના મરહુમ ધણીઆણી બાઈ શુનાબાઈની નઈયતે, પોતા તરફથી મોટો ખરચ કરી, રોજ ૯ મો માહા ૯ મો યઝદેજરદી સને ૧૨૭૨ ને દીને, યાને એ આદરીયાન સાહેબની ૩૫ માં વરસની સાલગરેહને દીવસે, આતશ આદરીયાન સાહેબ પરઠાવેઆ છે. એ આદરીયાન પરઠયા પછીનો કાઠી સુખડ, તેલ વગેરેનો જે વધુ ખરચ થાય તેને માટે એજ શેઠે બીજા વધુ રૂ૩૦૦૦ એવી શરતે આપીયા છે કે એ રકમના વ્યાજમાંથી એ ખરચ કરવો. એ અગીઆરીનો બીજો ચાલુ ખરચ તો જયારથી એ અગીયારી પરથાઈ છે ત્યારથી અંજુમન તરફથી કરવામાં આવે છે.

(૨૬) આ દરેમેહર અસલ રોજ ૯ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૧૮ માં શેઠ હીરજીભાઈ જમશેદજી બેહેરાનાએ પોતે બાંધેલી હતી પણ તે બીસમાર હાલતમાં આવઆથી ય૦ સને ૧૨૪૪ માં તેમનાં વીધવા બાઈ મેહેરબાઈએ નવેસરથી બાંધી આપીછે. એ દરેહમેહેરનું જુનું મકાન બીશમાર હાલતમાં આવવાથી કરાંચીના રહીશ શેઠ ફરામજી બેરામજી કલેકટરે લગભગ રૂપ્યા ત્રણ હજારને ખરચે ફરીથી સમરાવી આપ્યું હતું તેમજ એ દરેહમેહર માટે કાઠી ખરીદવા રૂપ્યા ત્રણ હજાર વ્યાજ વાપરવાની સરતે આપ્યા હતા. નવું મકાન તઈયાર થવાથી એ દરેહમેહુરની સાલગ્રહને દીવસે યાને રોજ ૯ મો માહ ૮ મો ય૦ સને ૧૨૭૮ ને દીને જશનની ક્રીયા કરી અસલના આતશ આદરાનને ફરીથી તખતનશીન કીધા હતા.

(૨૭) કલકતા ખાતે શેઠ ધ. બે. મેહતાએ પોતાના ખાનગી ઘરમાં દાદગાહની દરેહમેહર ય. સને ૧૨૫૯ માં સ્થાપી હતી. તે પછી મરહુમના વીધવા બાઈ ખરશેદબાઇ તથા બેટા શેઠ રૂશતમજી ધ. મેહેતા સી. આઈ. ઇ. અને કુટુંબે મલી આપેલા રૂ૧૧૦૦૧૦ તેમજ કલકતાની અંજુમને તથા બીજા સાહેબોએ ભરેલા રૂ૬૭૦૦૦ મલી રૂ૧૭૭૦૦૦ માંથી જુનું મકાન રૂ૪૩૦૦૦ ની કીમતે ખરીદી તે ફરીથી નવેસરથી રૂ૪૨૦૦૦ ના ખરચે બાંધવામાં આવ્યું હતું. આ નવું મકાન ઈજી તેમાં આતશ આદરાન સાહેબના કેબલાને તખતનશીન કરી ખુલ્લું મેલવાની કીરીયા શેહેનશાહી રોજ ૧૭ મો માહા ૨ જો સને ૧૨૮૨ ને દીને થઈ હતી. આ નવી દરેહમેહરમાં અસલના દાદગાંહ લાવીને પરથવામાં આવ્યા છે.

(૨૮) કલીયાણી મધે અસલ એક ઘણી પુરાંણી દરેમેહર હતી, પણ તે બીશમાર હાલતમાં આવવાથી મુંબઈવાલા શેઠ એદલજી બેરાંમજી મોદીએ યઝદેજરદી સને ૧૧૫૮ માં તે ફરીથી બંધાવી હતી. તે દરેમેહરમાં આતશઆદરાન નહી હોવાથી કલીઆંણીવાલા શેઠો ભીખાજી જીજીભાઈ શેઠના, ડોસાભાઈ હોરમજી ભીમડીવાલા, ફરદુનજી મેરવાંનજી શરાફ અને હોરમજી માંણેકજી ભીમડીવાલાએ પોતાને ખરચે એ જુની દરેહમેહરમાં ઘટતો ફેરફાર કરી રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૫૦ ને દીને આદરીઆન સાહેબ પરઠાવયા છે, અને તેના ચાલુ ખરચ સારૂ રૂ૭૦૦૦) હલાયદા કહાડયા છે.

(૨૯) આ કવેતાવાલી પુરાંણી અગીઆરીને માટે હેવું છે કે એ માતર દરેહમેહરનું મકાનજ હતું પણ તે દરેહ-મેહર ઈજાવામાં આવેલી નહી હોવાથી છેક યઝદેજરદી સને ૧૨૭૫ માં રોજ ૨૭ મો માહા ૩ જાને દીને કવેતાવાલા જાણીતા શેઠીયા ખા૦ બા૦ બરજોરજી દોરાબજી પટેલ સી. આઈ. ઇ. ને ખરચે ઈજાવીને ખુલ્લી મેલવામાં આવી છે.

(૩૦) આ ચીખલીની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી શેઠ સોરાબજી ફરામજી ગજદરે તથા એમણના બેટા શેઠ નશરવાનજીએ ફરીથી બંધાવી આપેલું નવું મકાન ઈજાવી ખુલ્લું મુકવાની ક્રીયા શેહેનશાહી રોજ ૨૦ મો માહા ૨ જો ય. સને ૧૨૮૪ ને દીવસે કરવામાં આવી હતી.

(૩૧) એ દરેમેહરનું અસલ મકાન ઘણા વરસપર કોઇ સખી જરથોશતીએ બંધાવેલું કેહેવાય છે તે પછી સને ૧૨૩૮માં શેઠ એદલજી રતનજી વ્યાજખોરાએ મકાન પાછું બંધાવી આપ્યું હતું. તે મકાન બીસમાર હાલતમાં આવવાથી જરથો-શતી અનજુમનમાં જાહેર ઉગરાણું કરી આશરે રૂ૯૦૦૦ માંથી એ મકાન રોજ ૩ જો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૧૯ને દીને આતશ દાદગાહ સ્થાપીને નવેશરથી બાંધવામાં આવ્યું હતું. પણ પાછલથી આદરીઆન સ્થાપવા માટે શેઠ કુવરજી કાવશજી તવરીઆએ પોતાના મરહુમ પુત્ર ડાકટર હોરમજીના પુણ્ય માટે રૂ૧૦૦૦૦) દશ હજારની રકમ આપીને ફરીથી નવેસરથી એ મકાનમાં આદરીયાન સ્થાપીને રોજ ૯ મો માહ ૧૦ મો ૧૨૭૦ ને દીને ઈજાવીને ખુલ્લું મેલ્યું હતું.

(૩૨) એ મકાન પુરાંણું થવાથી મુંબઇવાલા શાખીવન્દ બાઈ દીનબાઈ નસરવાંનજી પીટીટે પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજી નશરવાનજી પીટીટનાં પુણને માટે રોજ ૩ જો માહા ૧૦ મો શેહનશાહી ૧૨૬૪ ને દીને ફરીથી બંધાવી આપ્યું છે.

(૩૩) આ દરેમેહેર અશલ ય૦ સને ૧૧૫૦ ની આગમચ દાદગાની બનાવેલી હતી. ત્યાં નવેસરથી આતશ આદરાંનની દરેમેહેર શેઠ રૂશતમજી કાવશજી પટેલે પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી રૂશતમજી પટેલની નઈઅેતે બંધાવીને રોજ ૯ મો માહા ૭ મો શેહનશાહી સને ૧૧૯૮ યઝદેજરદીને દીને પરઠાવી છે.

(૩૪) આં દમણની બાઈ રતનબાઈ કામાવાળી દરેમેહરનું મકાંન ઘણું બીસમાર થઈ જવાથી તે દરેમેહર યઝદેજરદી સને ૧૨૭૬ માં ત્યાંથી સદનતર કાઢી નાખવામાં આવેલી જણાયછે. એ વીષેની લંબાન વીગત યઝદેજરદી સને ૧૨૭૭ ના કેલેનડરમાં દમણની વીગતમાં પાણે ૧૪૯ માં છાપેલી છે.

(૩૫) આ ડુમસની દરેહમેહરનું જુનું મકાન ઘણું બીસમાર હાલતમાં આવવાથી મરહુમ શેઠ પાલનજી રતનજી કંત્રાકટરના પુણ માટે મરહુમના દીકરા શેઠ મનચેરજી પાલનજી કંત્રાકટરે તથા મરહુમના ધણીઆણી બાઇ બાઈઆઈ પાલનજીએ લગભગ રૂપીઆ ૧૨૦૦૦ ના ખરચે ફરીથી નવું મકાન બંધાવી આપ્યું હતું. નવું મકાન ઈજી ખુલ્લું મેલવાની કીયા રોજ ૧૯ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ ને દીને કરી તેમાં અસલના આતશ દાદગાહના કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

(૩૬) આ દરેહમેહેરનું પહેલવેહેલું મકાન ફકત અમષ ક્રીયા કામ માટે યજદેઝરદી સને ૫૫૧ માં નવસારી ખાતે જરથોસતીઓએ જઈ રહયા પછી પરથવામાં આવ્યું હતું. તયાર બાદ મરહુમ બાઈ સાહેબ માહલણબાઈ બેહેદીન બેહરામજીએ પોતાનું એક ઘર આપી તેમાં વધારો કરયો હતો. પણ વસતીના વધવાથી બંને મકાનો નાનાં પડવાને લીધે મરહુમ દેશાઈજી મીનોચેહરજી ખુરશેદજીએ તેમાં મોટો વધારો કરી એ જુનાં મકાનોની સાથે પોતાનાં ખરચથી નવું મકાન રોજ ૧ લો માહા ૫ મો સને ૧૧૬૪ ને દીને બંધાવી અમષ ક્રીયા કામ માટે ખુલ્લું મેલ્યું હતું. એ પછી બાઇ મોટલાંબાઈ જાહાંગીર વાડીઆએ પોતાના મરહુમ બાવા શેઠ જાહાંગીરજી નોશરવાનજી વાહાડયાના પુણ માટે લગભગ રૂપીઆ વીસ હજારને ખરચે એ જુની દરેહમેહરને લગતું બાજુમાં બીજુ નવું મકાન બંધાવી રોજ ૨૬ મો માહા ૮ મો સને ૧૨૨૦ યઝદેજરદી તા૦ ૨૫ મી મે ૧૮૫૧ ને દીને પરઠાવ્યું હતું. વળી એ દરેહમેહરને લગતું બીજુ જુનું મકાન પાછુ નબલી હાલતમાં આવવાથી દેશાઈ કાવશજી એરચજી ગોંડલવાલાએ લગભગ રૂપીઆ સાત હજારનો ખરચ કરી નવેસરથી એ મકાન બંધાવી આપ્યું હતું તથા એમાં એવણનાં ધણીઆણી બાઈ મોતીબાઈએ આતશ દાદગાહ પરઠાવી આતશ રોશન રાખવા સારૂ રૂ. ૪૦૦૦ આપ્યા હતા. આ દેશાઈ કાવસજીવાલુ નવું બંધાયલું મકાન તથા એમાં પરઠેલો આતશ દાદગાહનો કેબલો ખુલ્લો મેલવાની ક્રીયા યઝદેજરદી સને ૧૨૭૬ ના રોજ ૧૭ મો માહા ૧૨ માને દીને કરવામાં આવી હતી. મરહુમ બાઈ મોટલાબાઈ વાહાડયાજીએ બંધાવેલા મકાનનો કેટલોક ભાગ બીસમાર થવાથી તેમાં કેટલોક ફેરફાર અને મરામત મરહુમ બાઈના દીકરા મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહડયા સી. આઈ. ઈ. એ લગભગ રૂપીઆ ૧૫૦૦ ને ખરચે કરાવ્યો હતો, તેને ઈજીને રોજ ૧૨ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ યાને મરહુમ શેઠ નવરોજીના પહેલા મહીનાની બાજને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૩૭) એ દરેમેહેર જે નવસારીના આતશબેહરામની સામે આવેલી છે તેમાં પેહેલે આતશદાદમાં હતા પણ એ પછી રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૮ યજદેજરદીને દીને જરથોસ્તી અનજુમનના ઉમરાતથી રૂપીઆ ચોતરીશ હજારને આશરેનું ફંડ કરીને એ મકાન નવેસરથી બાંધીને તેમાં આતશ આદરાન તખતનશીન કરવામાં આવ્યા છે.

(૩૮) આ નારગોલની દરેમેહરનું અશલ મકાન મુંબઈવાલા શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીનું એકસો વરસ અગાઉ બંધાવેલું હતું, પણ તેનો રોજ માહા શને મલતો નથી. એમાં આતશનો કેબલો નહી હતો, પણ અમથાં ધરમના મકાનમાં ઓબેદો રહીને કીરયા કાંમ કરતા, તેવાનો ગુજારો શેઠ દાદાભાઈનાં બેટી બાઈ શુનાબાઇ દાદાભાઈ વાડીઆએ ઇસ્વી સને ૧૯૧૪ સુધી આપ્યો હતો. તેજ મકાંનમાં પાછલથી રોજ ૧૧ મો માહા ૧૦ મો સને ૧૨૫૧ યજદેજરદીમાં શેઠ માણેકજી રૂશતમજી અને ભાઈઓએ પોતાનાં મરહુમ માતાજી બાઈ માંણેકબાઈનાં પુણને માટે દાદગાં પરઠયાં છે અને તેની બોય દેવાનો, કાઠો તેલ વીગરેનો ખરચ એજ ભાઇઓ ફંડ ઉભું કરીને તેમાંથી પુરો પાડે છે.

(૩૯) આ દરેમેહરમાં પેહલે આતશદાદમાં હતાં, તે પછી પાછળથી રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી શને ૧૨૧૨ ને દીને આતશઆદરાન પરઠેઆ હતા, પણ તે દરેમેહર બીસમાર હાલતમાં આવવાથી પુણેવાલા મરહુમ દસ્તુરજી સાહેબ જામાશપજી એદલજી જામાસ્પઆશાનાના શાહેબજાદાઓએ રોજ ૨૦ મો માહા ૯ મો શને ૧૨૪૬ ને દીને ફરીથી નવેસરથી બાંધીને સ્થાપી છે.

(૪૦) બીલીમોરામાં રોજ ૨૦ મો માહા ૧૦ મો યજદેજરદી સને ૧૧૯૭ યાને તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૨૮ ને દીને મુંબઈવાલા શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીએ આતશ દાદગાંની એક દરેમેહેર બંધાવેલી છે. પણ બીલીમોરામાં એક આતશ આદરીયાનની જરૂર જણાવાથી બીલીમોરાવાલા શેઠો દાદાભાઈ ધનજીભાઇ અને સોરાબજી શાપુરજીએ રૂ.૧૯૭૯૦નો ખરચ કરી એ જુની દરેમેહરની પાસે બીજું એક નવું મકાન બંધાવી તેમાં આતશ આદરીયાન રોજ ૯ મો માહ ૯ મો સને ૧૨૬૮ ને દીને પરઠ્યાં છે. એનો ચાલુ ખરચ અનજુમનને હશતકથી થાય છે પણ તેનાં નીભાવ ખરચ સારૂ ૩૭૦૦૦) મજકૂર શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજીએ આપ્યા છે; તેનાં વેઆજમાંથી આદરોઆંન શાહેબને બોઅે દેવાનું, શુખડ તથા બતી તથા સમારકાંમ તથા સાલગરેહને દીવશે જશન બાજ એવોની તરફથી કરવા જણાવ્યું છે. એ મુજબ મકાન બાંધવાનો, અનામત મેલેલી રકમનો તથા બીજો પરચુટણ ખરચ મલીને એ નવી દરેમેહરપર રૂ ૩૦૦૦૦) તીશ હજારનો ખરચ કીધેલો જણાય છે. વળી અશલની પેલી દાદગાંવાલી શેઠ નવરોજી જમશેદજી

વાહાડયાજીની દરેમેહરનું મકાનબી પુરાણું થવાથી તે એકવાર આગલ અનજુમને સમારયું હતું તે પાછું એજ શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શેઠ રાઅજી શાપુરજી ગબાએ ફરીથી સમારી આપીને રોજ ૨૨ મો માહા ૧૨ મો યજદેજરદી સને ૧૨૭૪ ને દીને જશન કરી ખુલ્લું મેલ્યું છે.

(૪૧) એ દરેમેહર પુરાણી થવાથી નવેસરથી બંધાવીને એ દરેમેહરના મુતવલીઓ શેઠો દીનશાહ ફરદુનજી અને ભાઈઓએ રોજ ૨૬ મો માહા ૨ જો સને ૧૨૬૭ યઝદેજરદીને દીને ખુલી મેલી છે.

(૪૨) આ ભરૂચની શેઠ નારીયલવાલાની દરેમેહર રોજ ૨૩ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને ફરીથી એજ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાલાનાં વારશોએ મોટા ખરચે નવેસરથી બંધાવી છે. આ દરેહમેહરનું મકાન નાખલું પડવાથી તેની આઠમણી બાજુએ શેઠ હોરમજી બાનાના બારસો શેઠો રૂશતમજી, ડોસાભાઈ અને હીરાજીએ ભેટ આપેલી જગા ઉપર બાઈ વીરબાઇજી શાપુરજી નારીએલવાલાના પુણ માટે કુટુંબીઓએ આપેલા રૂપયા માંથી બાંધવામાં આવેલો બાઈ વીરબાઈજી શા. નારીયલવાલા હોલ રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનસાહી સને ૧૨૮૬ ય. ને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૪૩) એ દરેમેહરનું મકાન પુરાણું થવાથી ભરૂચના જાણીતાં ડુંગાજીના ખાનદાનવાલાઓએ શેઠ પેસતનજી અસલાજી ડુંગાજીને નામે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૭૨ ને દીને રૂ૧૫૦૦૦) ના ખરચે ફરીથી બંધાવ્યું છે અને તેના નીભાવ ફંડને માટે બીજા રૂ૧૫૦૦૦) અલાયેદા કાઢી તરશટી નેમેઆ છે. એજ ડુંગાજી ખાનદાનવાલા આ દરેહમેહરનો ચાલુ ખરચ યઝદેજરદી સને ૧૨૪૨ થી કરતા આવ્યા છે. બાઇ આવાંબાઈ ખરશેદજી મં. કામાજી કાપડયાએ એ દરેહમેહરના ત્રસ્ટીઓને દરેહમેહરની સામેનું પોતાનું મકાન બાળવાની કાઠી ભરવા માટે ય. સને ૧૨૭૯ ના ફરવરદીન મહીનામાં ભેટ આપ્યું હતું.

(૪૪) એ દરેમેહર અસલ ૧૧૭૩ નાં રોજ ૧૭ મો માહા ૬ ઠાને દીને શુરતવાલા શેઠ વીરજીભાઈ બમનજીએ દાદગાહની બાંધેલી હતી. એ દરેમેહરનું મકાન પુરાણું થવાથી નવેસરથી ફરીને શેઠો શોરાબજી તથા નવરોજી ફરામજી ધામત તથા મીસ્રીએ બંધાવી આપ્યું હતું અને તેમાં આતશ આદરાન સાહેબને પરઠાવી તખતનશીન કરી એ આદરીઆનની શાલગરેહને દીને ય૦ સને ૧૨૩૧ માં પાછી ખુલ્લી મેલી હતી.

(૪૫) આ ભેસાણની દરેહમેહર શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી વાહાડયાએ પોતાના બંધેવી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે પહેલવેહેલી પરથાવી હતી. એ દરેમેહર જુની થવાથી તથા વસતીથી દુર હોવાથી પારસી વસતીની નજદીકમાં બીજી જગા ઉપર બીજા લોકોના ઉગરાણાથી અને એજ વાહાડયા સાહેબોની મદદથી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાના વીધવા બાઈ બચુબાઇએ પોતાની મરહુમ દીકરી બાઈ ગુલબાઈની યાદગારીમાં નવેસરથી બંધાવી પોતાના ખાવંદ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈએતે રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૬ યઝદેજરદીને દીને પરઠાવી હતી.

(૪૬) આ મઉની દરેમેહર ફરીથી રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૨૮ ને દીને અનજુમનનાં ઉઘરાટથી સમારી હતી પણ તે પાછી વળી તરીજીવાર સમારીને તેનું જશન રોજ ૧૯ મો માહા ૧૨ મો સને ૧૨૫૨ યઝદેજરદીને દીને કરવામાં આવયું હતું.

(૪૭) આ મહુવાની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી અંદેરીવાલા શેઠ અરદેશર ભીખાજી પટેલે પોતાના ધણીયાણી મરહુમ બાઈ રતનબાઈના પુણ માટે જુના મકાનની પાસેજ એક નવું મકાન બંધાવી આપી તેમાં જુના આતશ દાદગાહના કેબલાને પરઠાવી ખુલ્લું મુકવાની કીરીયા રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૮૦ને દીને કરી હતી. એ દરેહમેહરનો નીભાવ તથા મરામતનો ખરચ ત્યાંની અનજુમન કરે છે. જ્યારે જુના મકાનને શેઠ અરદેશરે દરૂસ્ત કરાવી આપવાથી એ જુનું મકાન મોબેદોના રહેવા માટે વાપરવામાં આવે છે.

(૪૮) રંગુનની શેઠ બેજનજી કાવશજી ખંબાતાની અસલ બાંધેલી દરેમેહરનું મકાન પુરાણું થવાથી તથા નાહાનું પડવાથી શેઠો શાપુરજી અને બમનજી કાવશજી કપતાંને રૂ૩૫૦૦૦) ને ખરચે નવેસરથી બાંધી આપીને રોજ ૧૧ મો માહ ૧૨ મો સને ૧૨૯૩ યજદેજરદી એટલે કદમી રોજ ખોરદાદશાલ સને ૧૨૭૪ ને દીને પરથાવેઉ છે.

(૪૯) આ દરેમેહરને ફરીથી રોજ ૨૯ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ દારાશાહના ધણીઆણી બાઈ પીરોજબાઈએ સમારીને ઇજાવી છે, અને તેના ચાલુ ખરચ માટે પણ ગોઠવણ કરી છે.

(૫૦) લાહોરની શેઠ કુપરવાલી દરેમેહેરની પાસે એક ફંડ ઉભું કરી કામચલાઉ બીજી નવી દરેમેહેર ઉભી કરી તેમાં આતશ દાદગાહ સ્થાપીને રોજ ૯ મો માહ ૯ મો ય. સને ૧૨૮૨ ને દીને ખુલ્લી મુકી હતી પણ શેઠ અરદેશર બે. લોંબુવાલાએ પોતાની દરેહમેહરનો બધો વહીવટ અંજુમન હસ્તક સોંપવાથી નવી દરેહમેહર રોજ ૩૦ મો માહા ૧૨ મો ય. સને ૧૨૮૩ થી બંધ થઇ હતી.

(૫૧) આ ઉમરીગરવાલી દરેહમેહર તથા તેની પાસેનું મોબેદોના રહેઠાનનું અનજુમનનું મકાન ઘણી બીસમાર હાલતમાં આવવાથી વડોદરાના રહીસ શેઠ મનચેરજી પેસતનજી પટેલે પોતાને ખરચે નવું મકાન બંધાવી રોજ ૨૦ મો માહ ૯ મો સને ૧૨૭૭ ને દીને ખુલ્લું મેલ્યું હતું.

(૫૨) વડોદરામાં શેઠ સીરવાઈવાળી ધરમશાલામાં એક ઓરડામાં જુદી દરેહમેહર કરવામાં આવી છે. એ બેઉ જગો રોજ ૯ મો માહા ૯ મો સને ૧૨૩૭ યઝદેજરદીને દીને તઇયાર થયાં હતાં પણ એ બંનને રોજ ૨૦ મો માહા ૨ જો સને ૧૨૩૮ ને દીને ઇજાઇ ખુલ્લાં મેલાયાં હતાં. એની મરામત માટે રૂ ૨૦૦૦ શેઠ બેરામજીએ કાઢયા હતા, તેમાં એવણે રોજ ૧૫ મો માહા ૫ મો સને ૧૨૩૯ યઝદેજરદીને દીને મુંબઈ મધે મજગામમાં પોતાના બંગલામાં દરેહમેહર પરથાવી તે દીને બીજા રૂ. ૩૦૦૦ ઉમેરી રૂપયા પાંચ હજાર કરી તેનું વ્યાજ કેટલાક વરસો સુધી વડોદરા ખાતે ખરચ

કરવા મોકલાવ્યું હતું, પણ તે પછી શેઠ બેરામજી તથા એ દરેહમેહર અને ધરમશાલાના વહીવટ કરનારાઓ વચ્ચે વાંધો પડવાથી તેનો મુકદમો ચાર પાંચ વરસ ત્યાંની કોરટમાં ચાલ્યા બાદ કોરટે તેને લગતો વહીવટ કરનારા ત્રણ ગ્રહસ્થોને નેમી તેઓને રૂપ્યા વગેરે સ્વાધીન કરવાનો હુકમ કીધો હતો. પણ એ મકાનોના નીભાવના રૂપ્યા વહીવટ કરનારાઓ પાસે નહીં હોવાથી તેઓમાના શેઠ દાદાભાઈ શાપુરજીએ સને ૧૮૯૨ થી ૧૯૦૬ સુધી પોતાની ગીરેથી ખરચ કરી એ મકાનોનો નીભાવ કીધો હતો. એ પછી બધું સમાધાન થવાથી શેઠ બેરામજીએ તા૦ ૩૦ મી ડીસેમબર ૧૯૦૬ ને દીને એ બેઉ મકાનોના નીભાવ માટે રૂ. ૮૦૦૦ મુંબઈની પારસી પંચાએતના ટ્રસ્ટીઓને આપયા હતા કે તેનું વ્યાજ વડોદરાની કારોબારી કમીટી ઉપર મોકલવું અને તેમાથી એને લગતો યોગ્ય ખરચ કરવો. ઉપર મુજબ નકકી થવા પછી એ અગીઆરી તથા ધરમશાલાની સાલગ્રહ રોજ ૨૦ મો માહા ૨ જો સને ૧૨૭૭ ય૦ ને દીને પડી તે વખતે શેઠ બેરામજી તરફથી જશનની ક્રીયા કરાવ્યા પછી એ બેઉ મકાનો જાહેર વપડાશ માટે પાછાં ખુલ્લાં મેલવામાં આવ્યાં છે. મુંબઈની મજગામવાલી દરેહમેહર ત્યાંથી કાઢી નાખવામાં આવી છે. એ ધરમશાલા બીમાર થવાથી તેન શેઠ બેરામજી તરફથી સમરાવીને રોજ ૧૭ મો માહા ૧ લો ય. ૧૨૮૫ ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

( ૫૩ ) આ વલસાડની દરેહમેહરનાં મકાનમાં અસલ ફકત યોજદાથરેગરીના કામ માટે હીંધોડા દસ્તુર જામાસ્પ ભાઈજીના વખતમાં હતા; તે પછી શેઠ હોરમજી ભી. ચીનાઈએ નવું મકાન ઇ. સ. ૧૮૧૯ માં બંધાવી આપયું હતું. શેઠો ખરશેદજી તથા જાહાંગીરજી હોરમજી ચીનાઈએ એ દરેહમેહરમાં આતશ દાદગાહ તા૦ ૧૩ મી મારચ ૧૮૪૭ ને દીને પરઠાવ્યા હતા. એ મકાન જુનું થવાથી શેઠ નવરોજી જાહાંગીરજી ગામડયાએ બીજી વધુ આજુબાજુની જગા ખરીદી તેપર નવું મકાન બંધાવી ઇજી તેમાં જુના દાદગાને પરઠીને ખુલ્લી મેલવાની કીરીયા રોજ ૩ જો માહા ૨ જો ય. સને ૧૨૮૨ ને દીને કરવામાં આવી હતી.

( ૫૪ ) સરોડા ગામમાં યજદેજરદી સને ૧૨૩૩ની સાલમાં મુંબઈવાલા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે એક દરેહમેહરનું મકાન બંધાવી આપ્યું હતું અને ત્યાં માત્ર ધરમનું ક્રીયા કામ થતું હતું પણ દાદગાં કે આદરીયાન પરથાવેલાં નહીં હતાં, તે પછી એમ બન્યુ કે—ઉમરા ગામમાં રોજ ૨૩ મો માહ ૯ મો યજદેજરદી સને ૧૧૮૦ માં શેઠ બમનજી શોરાબજી કપાવાલાને નામની અને તેમના ખેશી શેઠ ફરામજી નાનાભાઈ ઉમરીગરે મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના ધરમખાતાના તરશટીઓને પાછલથી આપેલી એક રકમના ઉપજતાં વ્યાજનાં ખરચમાંથી ચાલતી એક આદરીયાનની દરેહમેહર હતી પણ ત્યાં જરથોસ્તી વસ્તી ઘટી જવાથી તે ઉપયોગમા આવતી નહીં હતી. તેથી તે આદરીયાન ત્યાંથી ઉઠાવી લઇને સુરતમા માછલીપીઠની વાહડયા કુટુંબવાલી અગયારીમાં લાવી રાખવામાં આવ્યા હતાં. જેનો ચાલુ ખરચ ઉપર કહયું તેમ મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના ધરમખાતાંના તરસ્તીઓ તરફથી કરવામાં આવતો હતો. એ જગોપરબી આદરીયાનની જરૂર નહી જણાવાથી તરસ્તીઓએ આદરીઆનને કોઈ લાયક જગા ઉપર ગોઠવવાના તજવીજમાં હતા. તેવામે ઉપલા સરોડા ગામવાલાં દરેહમેહરની અમથાં મકાનની ખબર પડી કે ત્યા એક આદરીયાનની જરૂર છે તે ઉપરથી અથોરનાનોના ગામે ગામના હદના હક ઉપરથી ઉડવાડેના અંજીઆરુની એક જોડ શરોડાની અગીયારીમાં બોલાવીને તેવોની નાગફતે રોજ ૪ થો શરેહવર માહા ૧૦ મો દેહને દીને જશન કરયું હતું તે પછે રોજ ૩૦ મા માહા ૩ જો સને ૧૨૬૬ યજદેજરદીને દીને પેલાં અસલ ઉમરાગામનાં આદરાનનાં કેબલાને નવેશરથી પરઠીને શરોડાની દરેમેહર ખુલી મેલી છે.

( ૫૫ ) આ સીગનપોરની દરેહમેહર અસલ મુંબઈવાલા શેઠ લવજી નશરવાનજી વાહાડયાએ બંધાવી હતી, તે પછી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાએ રોજ ૧૭ મો માહા ૨ જો ૧૨૧૯ ને દીને બંધાવી હતી. એ દરેહમેહરની પાસે રૂ૬૦૦૦ ની કીમતે મોબેદોને રહેવા માટેનું ઘર શેઠ એદલજી કુવરજી પટેલ એસી બાઈ પીરોજબાઈ માણેકજી પટેલના પુણ માટે બંધાવી રોજ ૧૩ મો માહ ૧૦ મો ય. સને ૧૨૮૦ ને દીને ખુલ્લું મુકયું હતું.

( ૫૬ ) એ સુમારીની દરેહમેહર જુની થવાથી કેટલીક મુદતે ફરીથી સુતરવાલા શેઠ જમશેદજી શોરાબજી ટોપીવાલાએ બંધાવી હતી. તે પછી વળી મુંબઈવાલા શેઠ કુવરજી માણેકજી મુકાદમે રોજ ૧ લા માહા ૮ મો શને ૧૨૮૧ માં આદરાન પરઠીને બંધાવી હતી. તે રેતીમાં પુરાઈ જવાથી તેઓના વારેસ શેઠ રૂશતમજી શાપુરજી મુકાદમે રોજ ૨૦ મો માહા ૪ થો સને ૧૨૩૮ માં પાછી બીજી જગાંપર બાંધીને આતશ આદરાન પરઠેઆં છે.

( ૫૭ ) મુંબઈવાલાં મરહુમ શેઠ દોરાબજી નશરવાનજી મીસતરીએ પહેલાં માત્ર ધરમ ક્રીયા માટે એક મકાન બંધાવ્યું હતું—તે વખતે ઇધોરા મુકાવેલા નહી તથા દાદગાહ પરઠાવેલા નહીં હોવાથી અને એ મકાન બીસમાર હાલતમાં આવવાથી મરહુમના બેટા શેઠ દીનશાહજીએ રૂપ્યા દશ હજારનો ખરચ કરી નવેસરથી એક નવું મકાન બંધાવી તેને ઇજી તેમાં આતશ દાદગાહ પરઠવાની ક્રીયા તથા ઉપરના અરધા ભાગમાં સ્થાપવામાં આવેલી ધી દીનશાહ દોરાબજી મીસતરી લાઇબરેરી અને રીડીંગ રૂમ ખુલ્લો મેલવાની ક્રીયા રોજ ૨૧ મો માહા ૨ જો ય૦ સને ૧૨૭૯ ને દીને થઇ હતી.

( ૫૮ ) આ સુરતની શેઠ બીશનીવાલી દરેહમેહર બીશમાર હાલતમાં આવવાથી એ મકાનની ઉપજનાં વધારામાંથી તથા તેના એક મુતવલી શેઠ ફરામરોજ બેહરામજી બીશનીએ પોતાની તરફના વધુ નાણા ઉમેરી લગભગ રૂપીઆ પંદર હજારના ખરચે નવું મકાન બંધાવી આપ્યું હતું. તે તઇયાર થવાથી તેમાં એ દરેહમેહરની ૭૦ માં વરસની સાલગ્રહને દીને યાને રોજ ૧૭ મો માહા ૪ થો ૧૨૭૧ ને દીને આતશ આદરીયાનના તુરી કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

( ૫૯ ) આ દરેહમેહર અસલમાં જમશેદજી જાઈઆ નામના એક સુરતના પારસીએ પાલીઆ ફલીઆમાં બાંધેલી હતી જેને માટે તેણે પોતાને તાહાં ફરજંદ આવે તો તે બાંધવાની માનતા કરેલી હતી. તેથી તે બંધાઇ હતી. તે બીશમાર થવાથી મુંબઇવાલા શેઠ માણેકજી નવરોજી વાડીઆજીએ તથા ભાઈએ પોતાના બાવાજીના પુણને સારૂં બાંધી છે.

( ૬૦ ) એ દરેહમેહેર અસલ પાલનજી હોમાજી શેઠની બાંધેલી હતી તે સુરતની શને ૧૧૯૧ યજદેજરદીની મોટી આગમાં બલી જવાથી ઉમરૈવાલા શેઠો મેહેરજીભાઈ પટેલ તથા રતનજી છીબરાજી શુરતવાળાએ રોજ ૨૨ મો માહા ૧૨ મો સને ૧૧૯૨ માં બાંધી હતી તેબી પુરાણી થવાથી મુંબઈવાલા શેઠ પેશતનજી નશરવાંનજી બાટલીવાલાએ બંધાવીછે.

( ૬૧ ) નવશારી ખાતે અશલ કોઇ કોઇવાર બહારથી પીંડરાઓ નીકલી આવી દરોરો પાડતા હતા, ત્યારે તાંહાની વશાતી સુરત તરફ નીકલી જતી હતી– તેવી વખતે જરથોશતી ધરમ કીરીઆ કરવા ખાતર સુરતના રૂશતમપુરામાં નવશારીના મરહુમ દેશાઈ ખુરશેદજી દેમુલજીએ ઈ. સ ૧૭૭૬ માં એ જગોએ પેહલાં તો અમથા ધરમનાં કામ માટે બે તરણ હીઆલા ઝુકાવ્યા હતા પણ તે પછી એ દેશાઈ ખુરશેદજીના બેટા દેશાઈ મનચેરજી ખુરશેદજીએ આ દરેમેહર બાંધી હતી તે પુરાણી થવાથી મુંબઈવાલા મરહુમ શેઠ એદલજી દાદાભાઇ શુખીઆના છોકરાઓએ રોજ ૭ મો માહા ૨ જો સને ૧૨૩૩ને દીને નવેશરથી બંધાવી હતી. એની સાથે વળી તેઓએ એક ધરમશાલા પણ બાંધી હતી. એ મકાનનાં પાછલા બાગપર એક ઓટલો અને તેની ઉંચી દેવાલ તયાંનાં દશતુર દારાબજી ખરશેદજી દારાબજી પાલણનાએ બાંધીછે. એ દરેહમેહરનું મકાન બીશમાર હાલતમાં આવવાથી શેઠ કેકોબાદ હોરમજી રાવે પોતાના મરહુમ બાવા હોરમજી તથા મરહુમ માતાજી બાઈ માણેકબાઈનાં પુણ માટે લગભગ રૂપયા ૧૫૦૦૦ ને ખરચે બંધાવી આપેલું નવું મકાન ઈજાવી ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૨૧ મો માહા ૯ મો સને ૧૨૭૭ ને દીને કરવા પછી વળી શેઠ કેકોબાદ રાવે પોતાના મરહુમ માતાજી બાઈ માણેકબાઈના પુણ માટે મરહુમની બાજને દીને યાને રોજ ૩ જો માહા ૧૨ મો સને ૧૨૭૭ ને દીને એ દરેહમેહરમાં આતશ દાદગાહ તખતનશીન કરાવી પાંચે ગેહમાં બોય દેવાનું શરૂ કરાવ્યું હતું.

( ૬૨ ) એ દરેમેહર આગલ શેઠ શાપુરજી બચાભાઈ દોટીવાલાની બાંધેલી હતી પણ તે યજદેજરદી શને ૧૧૯૧ માં સુરત ખાતે લાગેલી મોટી આગમાં બલી ગયાથી તેમના ગમા ખેશીએ પાછી બાંધી છે. આ દરેહમેહર પાંછી બીસમાર હાલતમાં આવી પડવાથી મુંબઈવાસી બાઈ સાહેબ દીનબાઈ તે મરહુમ શેઠ નશરવાંનજી માણેકજી પીટીટના વીધવાએ પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજીના પુણ માટે તે નવેસરથી બંધાવી તેને ઈજવાની ક્રીયા રોજ ૩ જો માહ ૭ મો શેહેનશાહી સને ૧૨૬૨ ને દીને કરવામાં આવી હતી.

( ૬૩ ) આ આદરીઆંન ઘણું પુરાણું છે, તેના અસલ બાંધનારનું નામ જણાતું નથી પણ તે ગોતીના આદરીઆનને નામે ઓળખાય છે. હાલ શુધી તેના મકાનની મરામત જુદા જુદા સખી ગ્રહસ્થોએ કેટલીકવાર કીધી છે.

( ૬૪ ) એ દરેમેહેરને ફરીથી શેઠ જીવણજી જામાશજી મોશતરી–શુમારીવાલાએ યજદેજરદી સને ૧૨૭૭ માં રોજ ૯ મો માહા ૯ મા ને દીને રૂ ૧૫૦૦૦ ) ખરચીને નવેશરથી બંધાવી વધારી આપી છે.

( ૬૫ ) મુંબઇનાં શેઠ હોરમજી વાહાડીઆજીવાલાં આતશબેહરામનાં મુતવલીઓને નવસારીના ભગર સાથના મોબેદો વચ્ચે મીનાકેશો થવાથી વાહાડીઆજીવાલાઓએ પોતાને લગતા નવસારીના મોબેદોની સગવડ કાજે એક નવી દરેહમેહર નવસારીમાં બાંધી હતી-પણ નવસારીનાં ભગરીઆ મોબેદોએ ગાયકવાડીમાં ફરીઆદ માંડીને તે દરેહમેહર તાહાંથી ઉઠાવી જવાનો હોકમ મેલવવાથી–વાહાડીઆજીવાલાઓએ તે દરેમેહરનાં આતશને સુરત ખાતે બરશાનુંમવાલા મોબેદો સાથે પચી-રાઈથી લઈ જઈને ત્યાંના શેઠ દાદાભાઈ મોદીવાલાં આતશબેહરાંમનાં મકાનમાં બાંધેલી એક હલાયદી દરેમેહરના ગુંબજમાં યજદેજરદી સને ૧૨૬૯ નાં જમશેદી નોરોજને દીને પરઠયા છે.

( ૬૬ ) સુરતમાં બીબીની વાડી આગલ એટલે શેનશાહી આતશબેરાંમની નજદીક શુમારે દોઢસો વરસની પુરાણી દરેમેહર અનજુમનની બાંધેલી છે, તેનો ચોકસ દાહાડો વાર મલતો નથી. એ દરેમેહર અસલ એક મોબેદ ખુરશેદ કાવશને અશાતેક હોવાથી માતર ખશીની અગીઆરી તરીકે ઓળખાતી હતી. વચમાં મુંબઈનાં કેટલાક પરમારથી જરથોસ્તીઓની મદદથી એક ફંડ ઉભુ કરી તેમાં રૂ. ૨૨૦૦ ) ભરાયા છે, તેમાંથી જેમ તેમ એનો વહીવટ હાલમાં મોબેદ દાદાભાઈ રૂશતમજી ખશીના બીજા ટરશટીઓની સાથે મલીને ચલાવે છે. એના ફંડમાં બીજા જોઈનાં નાણાંની મદદને સારૂ સખી જરથોશતીઓને અરજ કરવામાં આવે છે.

( ૬૭ ) આ સતારાની દાદગાહની દરેહમેહરનું મકાન ઘણુજ પુરાણુ થવાથી ઇ. સને ૧૮૯૨ માં સરકાર તરફથી જમીનનો કટકો મુફત મેલવી ત્યા નવું મકાન સતારાની અંજુમને બાંધવાનો ઠરાવ કીધો હતો પણ ફંડ પુરતું નહીં હોવાથી તેમ થઈ શકયું નહીં, તેટલા સખી વજુદ બાઈ નવાજબાઈ દીનશાહજી ખાને પોતાને ખરચે એક નવું મકાન બંધાવી આપી તેના નીભાવ વગેરે માટે સારી રકમ આપી છે. એ મકાન ઈજાવી રોજ ૨૩ મો માહા ૧૦ મો સને ૧૨૮૦ ને દીને ખુલ્લું મુકી તેમાં આતશ દાદગાહ પરથવામાં આવયા છે.

( ૬૮ ) આ દરેમેહેર અસલમાં યજદેજરદી શને ૧૨૧૩ નાં રોજ ૯ મો માહા ૫ મો શેહેનશાહીને દીને શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજી તથા અનજુમન મલીને બંધાવેલી હતી. તે બીશમાર હાલતમાં આવવાથી યજદેજરદી સને ૧૨૪૮ માં રોજ ૯ મો માહા ૧૨ મો શેહેનશાહીને દીને અંજુમનને ખરચે નવેસરથી બાંધી છે.

(૬૯) દખણ હેદરાબાદ તરફ શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજીની કેટલીક દરેમેહેરો બાંધેલી છે. તેમાંની એક આએ બાલાપોરનીબી દરેમેહેર બંધાયલી હતી, પણ હાલ તે મોજુદ નથી એમ કેહવાય છે.

# જરથોસ્તીઓએ બંધાવેલા દુખમાંઓ.

## મુંબઇ મધેનાં દુખમાંઓ.

| કોણે પરઠેલાં યાને બંધાવેલાં | રોજ | માહા | ય. સને | શે. કે ક. |
|---|---|---|---|---|
| ૧–કાવશજી એદલજી બીશની … … … | ૧૨ | ૮ | ૧૨૧૩ | શેનશાહી |
| ૨–દાદાભાઇ નોશેરવાંન ( પોતાની વાડીમાં ) … … | ૧૬ | ૮ | ૧૧૬૭ | કદમી |
| (આ દોખમું ફકત દાદીશેઠના કુટુંબીઓને માટે છે.) | | | | |
| ૩–ફરામજી કાવશજી બનાજી … … … … | ૫ | ૯ | ૧૨૦૧ | ,, |
| ૪–મનચેરજી જીવણજી રેડીમની … … … … | ૩ | ૧૨ | ૧૧૫૫ | શેનશાહી |
| (આ દોખમુ પોતાનાંજ ઉપીયોગ સારૂ એવોએ બાંધ્યું હતું) | | | | |
| ૫–માણેકજી નવરોજી શેઠના… … … … | ૧૯ | ૧ | ૧૧૨૫ | ,, |
| ૬–મુંબઇની પારસી પંચાએતે બંધાવેલું … … | ૨૬ | ૭ | ૧૧૪૮ | ,, |
| ૭–મોદી હીરજીભાઇ વાછાગાંધી … … … | ૧૯ | ૧ | ૧૦૩૯ | ,, |

## દેશાવરો ખાતેનાં દુખમાંઓ.

| ઠેકાણાં. કોણે પરઠેલાં યાને બંધાવેલાં. | રોજ | માહા | ય. સને | શે. કે ક. |
|---|---|---|---|---|
| ૧–અંકલેશર–નરસંગ ધનપાલ (હાંસોટવાલા) … … | … | … | | શેનશાહી |
| ૨ ,, પેશતનજી બમનજી વાડીઆ … … | ૧૯ | ૬ | ૧૧૭૯ | ,, |
| ૩–અજમેર–અનજુમને બંધાવેલું … … … | ૨૬ | ૬ | ૧૨૫૭ | ,, |
| ૪–અબુરોડ–મોટાભાઇ ભી. કંટરાકટર ને આંજુમન મલીને… | ૧ | ૭ | ૧૨૫૮ | ,, |
| ૫–અમદનગર–અમદનગરની અનજુમને બંધાવેલું … | ૧૮ | ૬ | ૧૧૯૬ | ,, |
| ૬ ,, જરથોસ્તી અનજુમને બંધાવેલું … … | ૧૫ | ૪ | ૧૨૧૧ | ,, |
| ૭–અમદાવાદ–અમદાવાદની અનજુમને બંધાવેલું … | ૨૫ | ૮ | ૧૨૧૨ | ,, |
| ૮ ,, સર જમશેદજી જીજીભાઈ નાઇટ … … | ૨૩ | ૮ | ૧૨૧૯ | ,, |
| ૯ ,, અનજુમને બાંધેલું … … … | ૧૮ | ૬ | ૧૨૩૫ | ,, |
| ૧૦–અમરેલી–અનજુમને બાંધેલું … … … | ૩૦ | ૬ | ૧૨૨૭ | ,, |
| ૧૧–આલપાઇ–નવરોજી કાવશજી નારીએલવાલા … … | … | | … | ,, |
| ૧૨–આંકોલા–અનજુમને બાંધેલું … … … | ૩ | ૬ | ૧૨૬૪ | ,, |
| ૧૩–ઇગતપુરા–અનજુમને બાંધેલું … … … | ૧૬ | ૯ | ૧૨૫૪ | ,, |
| ૧૪–ઇંદોર–અનજુમને બાંધેલું … … … … | ૧૫ | ૬ | ૧૨૬૭ | ,, |
| ૧૫–ઉદવારા–ઉદવારાની અનજુમને બંધાવેલું … … | ૨૪ | ૭ | ૧૦૬૬ | ,, |
| ૧૬ ,, પેશતનજી ખરશેદજી મોદી … … | ૨૯ | ૭ | ૧૨૦૦ | ,, |
| ૧૭–ઉરન–જરથોસ્તી અનજુમને બંધાવેલું … … | ૨૩ | ૪ | ૧૨૭૧ | ,, |
| ૧૮–એદન–અનજુમને બાંધેલું… … … … | ૧૩ | ૧૨ | ૧૨૩૫ | ,, |
| ૧૯, ,, મેરવાનજી શોરાબજી ખરેઘાત … … | ૭ | ૭ | ૧૨૧૬ | ,, |
| ૨૦–એલાવ–અનજુમનના ઉગરાતથી … … … | ૨૭ | ૭ | ૧૨૬૮ | ,, |
| ૨૧–ઔરંગાબાદ–વીકાજી અને પેશતનજી મેરજીભાઈ… … | ૧૫ | ૪ | ૧૨૧૨ | ,, |
| ૨૨–કરંજ–દીનબાઈ તે પુંજીઆજી મનાજીના વીધવા … | ૨૪ | ૩ | ૧૧૯૮ | ,, |

| ઠેકાણાં. | કોણે પરઠેલાં યાને બંધાવેલાં. | રોજ | માહા | ય. સને | શે. કે ક. |
|---|---|---|---|---|---|
| ૨૩–કરાંચી | હોરમજી દાદાભાઇ ઘડીઆલી ... ... | ૩૦ | ૪ | ૧૨૧૭ | શેનશાહી |
| ૨૪ ,, | કરાંચીની અનજુમનને ખરચે ... ... | ૧૯ | ૯ | ૧૨૪૪ | ,, |
| ૨૫–કલકતા | નવરોજજી શોરાબજી ઉમરીગર ... ... | ૨૭ | ૪ | ૧૧૯૧ | ,, |
| ૨૬ ,, | કલકતાની જરથોસ્તી અંજુમન ... ... | ૨૧ | ૭ | ૧૨૮૧ | ,, |
| ૨૭–કલીઆણી | નવાજબાઇ તે નશરવાનજી મોદીના વીધવા... | ... | | ૧૧૬૦ | ,, |
| ૨૮ ,, | નવરોજી બાલાભાઇ કલીઆણીવાલા ... | ૧૫ | ૭ | ૧૨૫૫ | ,, |
| ૨૯–કુડીઆણું | અનજુમનને ખરચે ... ... ... | ૬ | ૩ | ૧૨૬૫ | ,, |
| ૩૦–ખંબાત | હીરજી આસા ... ... ... ... | ... | | ... | ,, |
| ૩૧ ,, | પેશતનજી ખરશેદજી મોદી ... ... | ૨૯ | ૭ | ૧૧૯૫ | ,, |
| ૩૨–ખેરગામ | મોતીબાઇ તે આ૦ બ૦જ૦ મુલાંના વીધવા ... | ૫ | ૯ | ૧૨૫૧ | ,, |
| ૩૩–ગંનદેવી | ગંદેવીની અનજુમને બંધાવેલું ... ... | ૧૯ | ૧ | ૧૦૯૪ | ,, |
| ૩૪ ,, | અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૪ | ૭ | ૧૧૫૯ | ,, |
| ૩૫ ,, | જમશેદજી નાનાભાઇ ગજદર–સપલાના ... | ૧૯ | ૭ | ૧૧૮૬ | ,, |
| ૩૬ ,, | ગંદેવીની અનજુમને બંધાવેલું ... ... | ૨૦ | ૭ | ૧૨૩૯ | ,, |
| ૩૭–ચીકલી | અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૧૩ | ૬ | ૧૨૪૨ | ,, |
| ૩૮–જાલના | અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૪ | ૮ | ૧૨૪૦ | ,, |
| ૩૯–તવરી | અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૨૯ | ૭ | ૧૨૩૩ | ,, |
| ૪૦–તારાપોર | દોરાબજી ફરદુનજી લશકરી ... ... (આ દોખમું ફાટી જવાથી પડત પડયું છે) | ... | | ... | ,, |
| ૪૧ ,, | અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૨૭ | ૬ | ૧૨૩૫ | ,, |
| ૪૨–થાંણા | કાવશજી તથા દોરાબજી રૂશતમજી પટેલ ... | ... | | ૧૧૪૯ | ,, |
| ૪૩ ,, | રૂશતમજી કાવશજી પટેલ ... ... | ૧૯ | ૭ | ૧૨૧૨ | ,, |
| ૪૪–દમણ | માણેકબાઈ તે જમશેદજી એરાંમજી લશ્કરીના વીધવા | ૧૩ | ૮ | ૧૨૦૦ | ,, |
| ૪૫–દવીએર | અનજુમનનાં ઉઘરાણાથી બાંધેલું ... ... | ૧૩ | ૪ | ૧૨૦૮ | ,, |
| ૪૬–દીવ | જાહાંગીરજી નશરવાનજી વાડીઆજી ... ... | ૧૧ | ૬ | ૧૨૦૨ | ,, |
| ૪૭–દીશા | અનજુમનનું બાંધેલું ... ... ... | ... | | ... | ,, |
| ૪૮–દેવલાલી | એરાંમજી નાનાભાઈ મીસતરી ... ... | ... | | ૧૨૪૯ | ,, |
| ૪૯ ,, | અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૧૯ | ૩ | ૧૨૭૭ | ,, |
| ૫૦–નવસારી | માંણેક ચાંગા આશા ... ... ... ... | ... | | ૯૦૦ | ,, |
| ૫૧ ,, | માણેકજી નવરોજી શેઠના ... ... | ૧૧ | ૪ | ૧૧૧૬ | ,, |
| ૫૨ ,, | હોરમજજી મનચેરજી કેરાંવાલા (ભાભા) ... | ૪ | ૬ | ૧૧૯૨ | ,, |
| ૫૩ ,, | નશરવાનજી રતનજી તાતા ... ... | ૨૦ | ૬ | ૧૨૪૭ | ,, |
| ૫૪–નારગોળ | માણેકજી નવરોજી શેઠના ... ... | ... | | ૧૧૧૫ | ,, |
| ૫૫ ,, | મનચેરજી ખરશેદજી શેઠના ... ... | ... | | ૧૧૩૬ | ,, |
| ૫૬ ,, | અનજુમનનાં ઉઘરાણાથી બાંધેલું ... ... | ૧૫ | ૯ | ૧૨૫૭ | ,, |
| ૫૭–પુણા | સોરાબજી રતનજી પટેલ ... ... ... | ૨૯ | ૭ | ૧૧૯૪ | ,, |
| ૫૮ ,, | પુણાંની અનજુમનનાં ઉઘરાણાથી બાંધેલું ... | ૩૦ | ૭ | ૧૨૦૪ | ,, |
| ૫૯–પારડી | અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૨૦ | ૯ | ૧૨૫૦ | ,, |

| ઠેકાણું. કોણે પરઠેલાં યાને બંધાવેલાં. | રોજ | માહા | ય. સને | શે. કે. ક. |
|---|---|---|---|---|
| ૬૦–અદનેરા–અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૬ | ૭ | ૧૨૬૨ | શેનશાહી |
| ૬૧–આલાપુર–વીકાજી તથા પેશતનજી મેરજીભાઇ . . ... | ૨૮ | ૭ | ૧૨૦૮ | ,, |
| ૬૨–બીલીમોરા–રૂશતમજી બમનજી બાટલીવાલાનાં ધણીઆંણી | ૬ | ૩ | ૧૧૭૧ | ,, |
| ૬૩ ,, અનજુમને બંધાવેલું ... ... ... | ૯ | ૭ | ૧૨૪૯ | ,, |
| ૬૪–ભરૂચ–પેશતનજી ભરૂચવાલા... ... ... ... | ... | | ૬૭૮ | ,, |
| ૬૫ ,, અનજુમને બંધાવેલું ... ... ... | ... | | ૧૦૨૩ | ,, |
| ૬૬ ,, અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૧૯ | ૩ | ૧૨૦૩ | ,, |
| ૬૭–ભુસાવલ–અનજુમને બંધાવેલું ... ... ... | ૨૯ | ૪ | ૧૨૫૮ | ,, |
| ૬૮–મહુવા–માંણેકજી જીજીનાં ... ... ... | ૭ | ૮ | ૧૨૦૨ | ,, |
| ૬૯ ,, અનજુમને બંધાવેલું ... ... ... | ૧૫ | ૪ | ૧૨૫૯ | ,, |
| ૭૦–મઉ–અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું ... ... | ૨૧ | ૮ | ૧૨૦૯ | ,, |
| ૭૧–માંડવી–અનજુમનને ખરચે ... ... ... | ૪ | ૪ | ૧૧૯૯ | ,, |
| ૭૨–રાજકોટ–કાવશજી દીનશાહ એડનવાલા અને અનજુ. મળીને | ૧૨ | ૪ | ૧૨૭૦ | ,, |
| ૭૩–રાંદેર–શેઠ મં. રેડીમની, હી. રેડીo, રo નાદo મલીને ... | ૨૨ | ૮ | ૧૧૫૬ | ,, |
| ૭૪ ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... ... | ૨૯ | ૬ | ૧૨૨૧ | ,, |
| ૭૫–લાનોલી–અનજુમનના ઉઘરાંણાથી બાંધેલું ... ... | ૨૦ | ૫ | ૧૨૭૨ | ,, |
| ૭૬–વરોદરા–અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... ... | ૭ | ૯ | ૧૨૧૧ | ,, |
| ૭૭–વલશાડ–વઇઆરવાલાનાં ખાનદાંનીઓએ ... ... | ... | | ૧૧૨ | ,, |
| ૭૮ ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... ... | ૧૭ | ૪ | ૧૧૪૬ | ,, |
| ૭૯ ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... ... | ૨૯ | ૬ | ૧૨૧૬ | ,, |
| ૮૦ ,, ધનજીભાઇ ભુરાભાઇના કુટુંબીઓ ... ... | ૪ | ૭ | ૧૨૭૭ | ,, |
| ૮૧–સુનધડ બ્યારા–અનજુમને બંધાવેલું ... ... | ૧૫ | ૫ | ૧૨૩૨ | ,, |
| ૮૨–સુમારી–રતનજી માણેકજી એંટી ... ... ... | ૧૬ | ૨ | ૧૧૭૩ | ,, |
| ૮૩–સુરત–ઉદના–ભગરીઆ મોબેદોને સારૂ અનજુમને બાંધેલું | ૨૬ | ૬ | ૧૨૫૩ | ,, |
| ૮૪ ,, ઉમરવાડા–નાનાબાઇ પુંજીઆજી ... ... | ... | | ૧૦૩૬ | ,, |
| ૮૫ ,, ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... | ... | | ૧૧૦૩ | ,, |
| ૮૬ ,, ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... | ૨૮ | ૮ | ૧૧૪૦ | ,, |
| ૮૭ ,, ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... | ૫ | ૫ | ૧૧૯૭ | ,, |
| ૮૮ ,, ઉમરા–અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... | ૫ | ૭ | ૧૨૦૧ | ,, |
| ૮૯ ,, ભરથાણા–અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... | ... | | ૧૦૯૫ | ,, |
| ૯૦ ,, ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... | ૮ | ૩ | ૧૧૩૪ | ,, |
| ૯૧ ,, ,, અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... | ૫ | ૫ | ૧૧૯૬ | ,, |
| ૯૨–સતારા–અનજુમનનાં ઉઘરાંણાથી બાંધેલું ... ... | ૨૦ | ૭ | ૧૨૧૬ | ,, |
| ૯૩–સોલાપુર–વીકાજી અને પેશતનજી મેહરજીભાઇ... ... | ૭ | ૫ | ૧૨૧૨ | ,, |
| ૯૪–હેદરાબાદ દખણ–વીકાજી અને પેશતનજી મેરજીભાઈ ... | ૨૦ | ૧ | ૧૨૦૯ | ,, |
| ૯૫ ,, ,, (જમીસતાંપુરની ટેકડીપર) દસ્તુર એરામજી જામાસ્પજી જામાસ્પઆશાનાની નૈયતે અંજુમનનાં ઉઘરાણાથી | ૧૯ | ૪ | ૧૨૮૫ | ,, |

# જરથોસ્તીઓએ બંધાવેલી ધરમશાળાઓ.

## મુંબઈ મધેની ધરમશાળાઓ.

| ઠેકાણાં. | કોણે બંધાવેલી | રોજ | માહા | ય. સને |
|---|---|---|---|---|
| કરેલવાડી | મેરવાનજી ફરામજી પાંડે ... ... ... ... | ૧૬ | ૬ | ૧૨૩૫ |
| ગરાંટરોડ | રૂશતમજી જમશેદજી જીજીભાઇ ... ... ... ... | ... | | ... |
| ચોપાટી | (ઇરાંણીઓ સારૂ) ખરશેદજી અરદેશર દાદીશેઠનાં બેશીઓ ... | ૧૨ | ૨ | ૧૨૨૬ |
| ,, | ,, સર કાવશજી જહાંગીર સી. એસ. આઇ. ... | ૨૮ | ૯ | ૧૨૪૧ |
| ,, | (આંધલા, લુલા જરથોસ્તી સારૂ) ફરદુનજી શોરાબજી પારખના સાહેબજાદાઓ(૧) | ૧૫ | ૭ | ૧૨૧૪ |
| ,, | ખરશેદજી કાવશજી બનાજી ... ... ... ... | ... | | ૧૨૦૪ |
| ભાયખલા | સર જમશેદજી જીજીભાઇ બારોનેટ ... ... ... | ૧૬ | ૮ | ૧૨૧૬ |
| વાંદરે | માંણેકજી જીનાભાઇ ... ... ... ... ... | ૧૦ | ૬ | ૧૨૧૮ |

## દેશાવરો ખાતેની ધરમશાળાઓ.

| | | | | |
|---|---|---|---|---|
| અંક્લેશર | મેરવાંનજી હોરમજી ફરેજર(૨) ... ... ... ... ... | ... | | ૧૨૧૮ |
| અજમેર | મનચેરશાહ નસરવાનજી રૂશતમફરામના(૩)... ... ... | ૧૭ | ૪ | ૧૨૭૧ |
| અમદનગર | પેશતનજી સોરાબજી ... ... ... ... | ૧૩ | ૪ | ૧૨૨૮ |
| અમદાવાદ | મનચેરજી સોરાબજી કરંજવાલા(૪) ... ... ... | ૨૩ | ૪ | ૧૨૧૮ |
| ,, | શોરાબજી જમશેદજી જીજીભાઇ(૫) ... ... ... | ૧૩ | ૫ | ૧૨૩૩ |
| અડાજણ | પેશતનજી સોરાબજી પુણેવાલા ... ... ... ... | ૨૦ | ૮ | ૧૨૨૯ |
| અલીબાગ | હીરાજી હોરમજી બારીઆ ... ... ... ... | ૨૦ | ૧૧ | ૧૨૪૨ |
| આંકોલા | વીકાજી પેશતનજી મેહરજી(૬) ... ... ... ... | ... | | ૧૨૦૮ |
| આમોદ | કાવશજી માણેકજી મોદી ... ... ... ... | ... | | ૧૨૪૧ |
| એડન | મેરવાનજી સોરાબજી ખરેઘાટ ... ... ... ... | ૭ | ૭ | ૧૨૧૬ |
| ઇછાપોર | પાલણજી, કાવશજી ધનજીભાઇ પાંડવાલા... ... ... | ... | | ૧૨૧૭ |
| ,, | પીરોજબાઇ તે દાદાભાઇ માણેકજી વાછાના વીધવા ... ... | ૮ | ૭ | ૧૨૪૫ |
| ઊદવાડા | રૂશતમજી જમશેદજી જીજીભાઇ ... ... ... ... | ૧૭ | ૫ | ૧૨૩૯ |
| ,, | દીનશાહ દોરાબજી મીસતરી ... ... ... ... | ૨૭ | ૪ | ૧૨૭૦ |
| ,, | સ્ટેશન આગલ-જમશેદજી શોરાબજી એંટી ... ... | ૮ | ૯ | ૧૨૭૦ |
| ,, | ,, નવરોજી માણેકજી વાહાડ્યાની ઇસ્ટેટના ટ્રસ્ટીઓ... | ૧૨ | ૧૧ | ૧૨૮૧ |
| ઓરપાડ | ખરશેદબાઇ તે એ. માણેકજી પાલનજી હોમજી કરંજીઆનાં વીધવા | ૨૫ | ૧૦ | ૧૨૬૪ |
| કચ્છ ભુજ | પેસતનજી શોરાબજીએ પોતાના પુત્ર કુવરજીની યાદગારી માટે | ૨૬ | ૧ | ૧૨૭૩ |
| કલકતા | માણેકજી રૂશતમજી બનાજીની યાદગારીમાં અંજુમનના ઉઘરાણાથી બાંધેલી ... ... ... ... ... ... | ૧૦ | ૭ | ૧૨૭૮ |
| કલીકટ | હોરમશજી બમનજી વાહડીઆ ... ... ... ... | ... | | ૧૧૯૩ |
| કુંડીઆના | સર દીનશાજી માણેકજી પીટીટ... ... ... | ૨૭ | ૧૧ | ૧૨૬૫ |

| ઠેકાણું. કોણે બંધાવેલી. | રોજ | માહ | ય. સને |
|---|---|---|---|
| ખંડાલા—સર જમશેદજી જીજીભાઇ બારોનેટ ... .... ... | | ... | ૧૨૦૮ |
| ખેરગાંમ—અનજુમનના ઉઘરાણાથી ... ... ... ... | ૧૧ | ૨ | ૧૨૫૫ |
| ગંદેવી—નવરોજી જમશેદજી વાહડીઆ ... ... ... ... | ૭ | ૯ | ૧૨૧૮ |
| જાંહાંગેરડી—પેશતનજી ખરશેદજી કામા ... ... ... ... | ૧ | ૧૨ | ૧૨૦૦ |
| દમણ—રતનબાઇ તે હોરમજી મનચેરજી કામાના વીધવા... ... ... | | ... | ૧૨૧૫ |
| દંતોરા—વસાઇ—અરદેશર દાદાભાઈ દાદીશેઠ ... ... ... ... | | ... | ૧૧૭૪ |
| દેહણું—મનચેરજી તથા બમનજી માણેકજી ભંડારા ... ... ... | | ... | ૧૧૯૮ |
| નવસારી—નોસરવાન બાગ—આ૦ નશરવાંનજી ખરશેદજી કાંગા ... ... | ૧૫ | ૮ | ૧૨૩૭ |
| ,, નવાજબાઈ તે કુંવરજી હોરમજી ભાભાના ધણીઆણી ... ... | ૧ | ૯ | ૧૨૨૫ |
| નાગપોર—બીલીમોરીયા બ્રધરસ ... ... ... ... ... | ૨૫ | ૪ | ૧૨૭૬ |
| પારડી—પેશતનજી બમનજી વાહડીઆજી ... ... ... ... | | ... | ૧૧૫૮ |
| ,, હોરમશજી ગાંડાભાઈ ... ... ... ... ... | ૧૭ | ૯ | ૧૨૫૦ |
| પાહારી—ફરાંમજી નશરવાનજી પટેલ ... ... ... ... | | ... | ૧૨૧૫ |
| પુણાં—ભવાંની પેંઠ—પેશતનજી શેરાબજી ... ... ... ... | ૨૮ | ૭ | ૧૨૨૭ |
| ,, સ્ટેશન આગળ—હોરમજી શેરાબજી તાડીવાલા ... ... ... | ૧૯ | ૧ | ૧૨૨૯ |
| ,, કાંપ—મુંબઈવાલા નવરોજી ગીશતા તથા શાપુરજી સુબેદાર ... | | ... | ૧૧૯૪ |
| પોરબંદર—જુના બોખીરાગામ—હીરજીભાઇ નવરોજી વાડયાએ પોતાના ધણી-આણી રતનબાઇની નઇયતે ... ... ... ... | ૧૬ | ૯ | ૧૨૭૭ |
| બીલીમોરા—રૂશતમજી મેરવાંનજી બીલીમોરયા ... ... ... | ૧૬ | ૧૦ | ૧૨૧૩ |
| બાગવા ગાંમ—એદલજી ફરાંમજી આલબલેશનાં શાહેબજાદા ... ... | | ... | ... |
| ભરૂચ—જમશેદ બાગ—જમશેદજી હોરમજી લાકડાંવાલાના બેશીઓ... | ૨૭ | ૬ | ૧૨૫૨ |
| ,, કોટમાં—મેરવાંનજી હોરમજી ફરેજર ... ... ... ... | ૧૯ | ૧ | ૧૨૧૩ |
| ,, કાંઠાપર—રૂશતમજી જમશેદજી જીજીભાઈ ... ... ... | | ... | ૧૨૩૫ |
| ,, બહારકોટ—મેરવાંનજી હોરમજી ફરેઝર ... ... ... | | ... | ૧૧૯૨ |
| ભાઠાં—ગાંમ—માણેકજી દોરાબજી બુચર ... ... ... ... | | ... | ૧૨૪૯ |
| બેશાંણ—આવાંબાઇ તે અવશજી બેજનજી આલબલેશનાં ધણીયાણી ... | ૨૮ | ૬ | ૧૨૫૩ |
| મઉ—ભીખાઇજી નવરોજી ખોરીની નઈઅતે ... ... ... | ૧૭ | ૨ | ૧૨૫૮ |
| મહાબલેસ્વર—ફરાંમજી નશરવાંનજી પટેલ ... ... ... ... | | ... | ૧૨૨૮ |
| ,, મેહેરા ગાંમ—ફરાંમજી નશરવાંનજી પટેલ ... ... ... | | ... | ૧૨૨૮ |
| મહુવા—માણેકવાડી—અરદેશર ભીખાજી પટેલ... ... ... ... | ૧૭ | ૨ | ૧૨૮૦ |
| માંડવી—જીલ્લા સુરત—અરદેશર ભીખાજી પટેલે પોતાના ધણીયાણી રતનબાઇના પુણ માટે ... ... ... ... ... ... | ૮ | ૫ | ૧૨૮૦ |
| રાંદેર—હોરમજજી માણેકજી માજુ ... ... ... ... | | ... | ૧૨૦૮ |
| વડોદરા કાંપ—બેરાંમજી નશરવાંનજી શીરવાઈ તથા બીજાઓ ... ... | ૨૦ | ૨ | ૧૨૩૮ |
| વલસાડ—નવરોજી પેશુતનજી કાપડીઆ ... ... ... ... | ૨૬ | ૪ | ૧૨૪૯ |
| ,, મોટાભાઈ શાપુરજી ... ... ... ... ... | ૧૬ | ૯ | ૧૨૧૯ |
| વંસાઇ—દાદાબાઇ તથા મનચેરજી પેશતનજી વાહડીઆ ... | | ... | ૧૧૦૫ |
| ,, લવજી શેરાબજી લાકડાંવાલા ... ... ... ... | ૧ | ૩ | ૧૧૫૮ |

| ઠેકાણાં. — કોણે બંધાવેલી | રોજ | માહ | ય. સને |
|---|---|---|---|
| વસઈ-ગોરબંદર-નવરોજી જમશેદજી વાહડીઆ ... ... ... | ... | ... | ૧૧૯૮ |
| સંજાણ-વીકાજી મેહેરજી ... .. ... .... | ... | ... | ... |
| શીકંદરાબાદ-એદલજી શોરાબજી ચીનાઈ... ... ... | ૧૬ | ૫ | ૧૨૫૮ |
| શીગનપોર-માંણેકજી રતનજી શીગનપોરીઆ ... ... | ૧ | ૧૨ | ૧૨૪૧ |
| સુમારી-કરારી બંદર-ફરદુનજી શોરાબજી પારખ ... ... | ... | ... | ૧૨૦૮ |
| સુરત-શાએન-ખરશેદજી ફરદુનજી પારખ ... ... | ... | ... | ... |
| ,, સ્ટેશન આગળ-ખરશેદજી ફરદુનજી પારખ... ... | ૧૩ | ૩ | ૧૨૩૪ |
| ,, ગોપીપુરે-જાંગીરજી નશરવાંનજી વાહડીઆ... ... | ૧ | ૭ | ૧૨૧૦ |
| ,, નાનપરે-કાવશજી રૂશતમજી તમનાની નઇએતે ... ... | ૨૫ | ૧૦ | ૧૧૮૮ |
| ,, ,, મેરવાંનજી હોરમજી ફરેજર ... ... ... | ૨૪ | ૧૧ | ૧૨૧૪ |
| ,, રૂસતમપરે-એદલજી દાદાભાઇ શુખીઆ [વારેશો ફરીથી](૭) | ૭ | ૨ | ૧૨૩૩ |
| ,, શયદપરે-ભીમજીભાઇ રતનજી એંટીની નઇએતે ... ... | ... | ... | ૧૧૬૮ |
| ,, શીંધીવાડ-આ૦ મનચેરજી ખુરશેદજી શેઠના... ... ... | ૬ | ૧ | ૧૧૩૧ |
| ,, આમોદ-કાવશજી માંણેકજી મોદી... ... ... ... | ... | ... | ૧૨૪૦ |
| ,, મુગલીસરા-પેસતનજી ઉકરજી શેઠનાના પુણ માટે એકઝીક્યુટરોએ | ... | ... | ૧૨૮૫ |
| સોલાપુર-કામા હાલ-હોરમજી દોરાબજી કામા-અનજુમન મલીને ... | ૩૦ | ૭ | ૧૨૫૮ |

(૧) આ ધરમશાળા પહેલવહેલી યઝદેજરદી સને ૧૨૧૪માં મરહુમ શેઠ ફરદુનજી સોરાબજી પારખના સાહેબજાદા-ઓએ બેહસતનશીન બાઈ પીરોજબાઇ તે શેઠ જમશેદજી ફરદુનજી પારખના ધણીઆણીના પુણને માટે બંધાવી પારસી પંચાયતના ટ્રસ્ટીઓના સ્વાધીનમાં આપી હતી. તે પછી સને ૧૨૩૩ મા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે પોતાને ખરચે એ ધરમશાલાની ઉપર માલ બંધાવી કેટલોક ફેરફાર કરાવી આપ્યો હતો.

(૨) આ ધરમશાળા અંકલેશરવાલા શેઠ પેસતનજી નશરવાંનજીની કંપનીએ સને ૧૨૪૩ માં ફરીથી બંધાવી છે.

(૩) આ અજમેરની ધરમશાળા શેઠ મનચેરશાહ ન૦ રૂશતમફરામનાએ નવેસરથી બંધાવીને એવણના મરહુમ બેટા ફરામરોઝની યાદમાં વરસની બાજ રોજ ૧૮ મો માહા ૧૨ મો સને ૧૨૮૦ ને દીને પડી તે દીવસે ખુલ્લી મેલી હતી.

(૪) અમદાવાદની શેઠ મ. સો. કરંજવાલાની ધરમશાલા જે અગાઉ ત્યાંની દરેહુમહેરની સાથે એક ઓરડામાં હતી તે સને ૧૭૭૫ ના સાલમાં રેલ આવવાથી પડી જવા પછી હસ્તીમાં રહી નથી.

(૫) અમદાવાદની સો. જ. છજીભાઈની નાધલી ધરમશાલા બીશમાર હાલતમાં આવવાથી તે તોડાવીને તેની જગા ઉપર સર નવરોજી પેશતનજી વકીલ સી. આઇ. ઇ. એ મોહટી કુસાદે ધરમશાલા રોજ ૮ મો માહા ૪ થો સને ૧૨૬૩ યઝદેજરદીને દીને બંધાવી ખુલ્લી મેલી છે.

(૬) આ ધરમશાળા પુરાણી થવાથી અને વશતીની જગોથી દૂર પડવાથી આંકોલાના આસીસટંટ કમીશનર દશતુરજી સાહેબ બમનજી જામાશપજી જામાશપઆશાનાએ આગેવાની લઈ લોકોનાં ઉમંગથી ફંડ એકઠું કરીને જુની ધરમશાળાનો કાત ઉખેડી લાવી વશતીની નજદીકની જગોપર રોજ ૨૫ મો માહા ૧ લો સને ૧૨૫૦ યઝદેજરદીને દીને એ ધરમશાળા નવેશરથી બાંધી છે.

(૭) આ સુરતની રૂસ્તમપરાવાલી ધરમશાલાનું મકાન બીસમાર હાલતમાં આવવાથી બાઈ જરબાઈ નવરોજી ચમારબાગવાલાએ પોતાના ખાવીંદ રૂશતમજી બેરામજી દારૂવાલાના પુણ માટે ઘટતી મરામત કરાવીને એ ધરમશાલા રોજ ૧૯ મો માહા ૯ મો શે. સને ૧૨૮૫ ય. ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

# જરથોસ્તીઓએ બંધાવેલાં જાહેર વપડાસનાં મકાનો.

## મુંબઇ મધેનાં જાહેર વપડાસનાં મકાનો.

| | રોજ | માહા | ય. સને |
|---|---|---|---|
| કરેલવાડી—હમાબાઇ માણેકજી નશરવાનજી પીટીટ વીધવા આશરમ—દીનબાઇ નશરવાનજી પીટીટે સ્થાપેલું ... ... ... ... | ૨૭ | ૪ | ૧૨૯૮ |
| કોટમાં—માણેકજી શેઠની વાડી—માણેકજી નવરોજી શેઠના... ... ... | ... | | ૧૧૫૧ |
| કોલાબા—મેરવાન બાગ—(પારસી સેનીટરીયમમાં) મેરવાનજી ફરામજી પાંડે | ૧૩ | ૩ | ૧૨૩૫ |
| ખંબાલા હીલ—ફરામજી દીનશાહ પીટીટ પારસી સેનેટરીયમ—ફરામજી દીનશાહ પીટીટની પોતાની પુંજીમાંથી ... ... . | ૧૨ | ૫ | ૧૨૭૧ |
| ખેતવાડી—ગરીબ જરથોસ્તીઓ માટે સસ્તાં ભાડાંની ચાલી—નવરોજી ધનજીભાઇ ગોલવાલાની પુંજીમાંથી ... ... ... ... | ૧૧ | ૭ | ૧૨૮૩ |
| ,, બાટલીવાલાની વાડી—શાપુરજી મનચેરજી બાટલીવાલા .. | | | |
| ,, હોરમજ બાગ—કાવશજી હોરમજી સરાફ... ... ... | ૨૬ | ૧૦ | ૧૨૪૧ |
| ,, હોરમજી પેશતનજી બાટલીવાલાની વાડી ... ... ... | ૧૯ | ૧૧ | ૧૨૩૩ |
| ગીરગામ—આલબલેશ બાગ—એદલજી ફરામજી આલબલેશનાં વારેસો ... | ૨૨ | ૧ | ૧૨૩૮ |
| તારદેવ—વાડીયા સ્ટ્રીટમાં—ગરીબ જરથોસ્તીઓ માટેની સસતાં ભાડાંની ચાલી—સોરાબજી મનચેરજી નીકલસનના બેટાઓ ... ... | ૧૨ | ૭ | ૧૨૮૫ |
| ,, વાડીયા સ્ટ્રીટમાં—ગરીબ જરથોસ્તીઓ માટેની ચાલી—દોરાબજી ડોશાભાઇ ભીમડીવાલાએ માત પીતાના પુણુ માટે ... | ... | | ૧૨૮૫ |
| ,, ગરીબ જરથોસ્તીઓના રહેઠાણોના ફંડ હસ્તકના જુદાં જુદાં મકાનો... | ... | | ... |
| ગીલડર સ્ટ્રીટ—ઉપલા ગરીબ જરથોસ્તીઓના રહેઠાણોના ફંડ હસ્તકના જુદાં જુદાં મકાનો | | | ... |
| ,, ઝોરાસ્ટ્રીયન બીલડીંગ સોસાયટી તરફથી જુદી જુદી બંધાયલી સસતાં ભાડાંની ચાલીઓ ... ... ... ... | ૧૬ | ૯ | ૧૨૭૭ |
| પરેલ—ગોલનજી હીલ—ઉપલી ઝોરાસ્ટ્રીયન બીલડીંગ સોસાયટી હસ્તકની બમનજી હોરમજી જનરલનાની જગા પર બંધાયલી ચાલીઓ. ... ... | ૧૯ | ૮ | ૧૨૮૧ |
| ધોબીતલાવ—ફરામજી કાવસજી ઇનશટીટયુટ—ફ. કા. ના કે. બેશી ને મીત્રો મળીને. | ૮ | ૬ | ૧૨૩૧ |
| ન્યુ ચરનીરોડ—કામા બાગ—પાલણજી ખરશેદજી કામા... ... ... | ૧૭ | ૯ | ૧૨૩૮ |
| પાયધોની—એલાહી બાગ—સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ ... | ૨૮ | ૫ | ૧૨૦૮ |
| બાહારકોટ—પાલનજી દોરાબજી મેહેરજીનું મકાન ... ... ... | ૧૧ | ૯ | ૧૨૧૪ |
| મોદીખાના—નસરવાનજી માણેકજી પીટીટ વીધવા આશરમ—દીનબાઇ નશરવાનજી પીટીટે સ્થાપેલું ... ... ... ... | ૬ | ૮ | ૧૨૬૧ |

## દેશાવરો ખાતેનાં જાહેર વપડાસનાં મકાનો.

| | રોજ | માહા | ય. સને |
|---|---|---|---|
| અંદેરી—અરદેશર બીખાજી પટેલે પોતાના ધણીયાણી રતનબાઇના પુણુ માટે દરેહમેહરને લગતું સર અવસરે વાપરવા બંધાવેલું મકાન... ... | ૨૩ | ૧૧ | ૧૨૮૦ |
| અમદાવાદ—સેનેટરીયમ—રૂશતમજી જેહાંગીરજી વકીલે પોતાના પીતાના પુણ માટે | ૨ | ૧૨ | ૧૨૭૫ |
| ,, જાહેર હોલ—નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઇ... ... | ૯ | ૫ | ૧૨૭૭ |
| આંકોલા—કુવર હાલ—જમશેદજી પેશતનજી દસ્તુરે માતાજી કુવરબાઇના પુણુ માટે | ૨૬ | ૩ | ૧૨૬૮ |
| અહમદનગર—ધનાપટેલ હોલ—દીનબાઇ બમનજી ધનાપટેલે પોતાના ધણી બમનજીના પુણુ માટે ... ... ... ... ... | ૨૫ | ૭ | ૧૨૮૪ |
| ઇનડોર—કુંવર હાલ—હોરમજી માણેકજી ભગગરા ... ... ... | ૨૭ | ૧૧ | ૧૨૫૨ |
| ઉતાકામન્ડ—જાલ ફીરોજ હોલ—ફીરોઝ મનચેરજી કલબવાલાએ દીકરાના પુણ માટે. | ૧ | ૬ | ૧૨૭૧ |
| ઇરન—સેનેટરીયમ—હોરમજી માણેકજી ભીવંડીવાલાએ પોતાના માતપીતાના પુણુ માટે | ૫ | ૩ | ૧૨૭૧ |

| | રોજ | માહ | ય. સને |
|---|---|---|---|
| કરાંચી—જાહાંગીર બાગ—જાહાંગીરજી જમશેદજી રાજકોટવાળાનાં વારેસો ... | ૨૬ | ૧૧ | ૧૨૫૭ |
| ,, સોરાબજી બેરામજી કંટ્રાકટરની યાદમાં કરાંચીની ઝોરાસ્ટ્રીયન કલબના કેમપાઉંડમાં બંધાયલો બંગલો ... ... ... ... | ૨૭ | ૧૧ | ૧૨૭૮ |
| ,, ખરશેદબાઇ કાતરક પારસી હોમ—કાવશજી હોરમજી કાતરકે પોતાના ધણીયાણીની યાદમાં બંધાવેલી સસતા ભાડાંની ચાલી (એ ઉપરાંત કરાંચીની પારસી પંચાયતની વાડીમાં ગુલબાઈ ન. મેહતા ચાલ તથા બીજા સખી જરથોસ્તીઓએ બંધાવેલી ચાલો છે ... ... | ૯ | ૯ | ૧૨૮૦ |
| ,, જાહાંગીર કોઠારી હોલ—પારસી ઇનસ્ટીટયુટના કંપાઉંડમાં—જાહાંગીર હોરમજી કોઠારીએ બંધાવેલો ... ... ... ... | ૨૪ | ૧૦ | ૧૨૮૫ |
| ,, રૂશતમ બેરામ ઈરાનીએ માતાજી જરબાનુની યાદમાં નસાખાનાના કંમપાઉંડમાં સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન ... | ૨૩ | ૭ | ૧૨૮૬ |
| કવેતા—બાનુ થીઓસોફીકલ હોલ ઑફ કવેટા—બરજોરજી દોરાબજી પટેલ સી. આઇ. ઇ. એ પોતાના બેટી બાનુ ગોશસ્પની યાદગારી માટે ... | | | ૧૨૮૧ |
| ખંડાલે—ગરીબ જરથોસ્તીઓને હવા ખાવા માટેના બંગલા—જાહાંગીર રૂશતમજી મોદીએ પોતાનાં માતાજી રતનબાઈનાં પુણ માટે બંધાવેલા તથા બીજા સખી જરથોસ્તીઓનાં ઉગરાટથી જાંગીર બેરામજી મરજબાંને બાંધેલા ... | | | ૧૨૬૫ |
| ખેરગામ—મોટીબાઈ હોલ—મોટીબાઈ તે બમનજી જમશેદજી મુલ્લાંના વીધવા ... | ૨૦ | ૧૨ | ૧૨૬૧ |
| જાંહબોરડી—જમશેદજી નશરવાનજી પીટીટ પારસી શેનેટરીઅમ ... ... | ૩ | ૭ | ૧૨૬૫ |
| તારાપોર—મેરજી૦ કુ૦ તારાપોરવાલાની યાદગારી માટે બંધાયલું મકાન ... | ૧૯ | ૧ | ૧૨૭૨ |
| તીથલ—(વલસાડ નજદીક)—સેનેટરીયમ—સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના બેટીઓએ (એ ઉપરાંત બીજા જુદા જુદા સખી જરથોસ્તીઓએ બંધાવેલા બલોકો છે.) ... ... ... ... | ૮ | ૮ | ૧૨૯૮ |
| દેવલાલી—ડા૦ કેખશરૂ નશરવાનજી બાહાદુરજીની યાદગારી માટે બંધાયલી શેનેટરીયમ | ૫ | ૧૨ | ૧૨૭૧ |
| ,, નશરવાનજી જમશેદજી કુપર કોનવેલેસંટ હોમ—રતનજી જમશેદજી દુબાશે પોતાના ભાઈ નશરવાનજીના પુણ માટે ... ... | ૧૦ | ૯ | ૧૨૭૩ |
| ,, સેનેટરીયમ—બાપુજી દોરાબજી દારૂવાલાએ પોતાના માતપીતાની નઈયતે | ૧૯ | ૧ | ૧૨૭૯ |
| ,, શીરીનબાઇ રૂશતમ કે. ઇરાનીએ પોતાના ભરથારની યાદમાં દખમાં આગળ બંધાવેલું સર અવશરે વાપરવાનું મકાન ... ... | ૧ | ૮ | ૧૨૮૧ |
| ,, સોડાવાટરવાલા કોનવેલેશન હોમ—બાઇમાય સોરાબજી સોડાવાટરવાલાએ પોતાના ધણી સોરાબજીના પુણ માટે ... ... | ૧૪ | ૪ | ૧૨૮૩ |
| નવસારી—સોરાબ બાગ—એરવદ કાવસજી સોરાબજી ભેદવાર ... ... | ૧૪ | ૫ | ૧૨૩૮ |
| ,, ખરશેદવારી—ખરશેદજી ટેમુલજી દેશાઇ ... ... ... | ... | | ... |
| ,, તેની પાસેની જમનશાળા—સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટ | ૨૦ | ૬ | ૧૨૨૨ |
| ,, કાઉસ બાગ—કાવશજી માણેકજી લાતાના છોકરાઓ ... ... | ૮ | ૬ | ૧૨૪૬ |
